આદિપ ૨૭૧

# ''પરિવર્તન પામતી ગુજરાતની અનુસૂચિતજનજાતિ ધોડિયા''

( વલસાડ-સુરત જિલ્લો )

: અહેવાલ લેખન :
ચંદ્રકાન્ત એસ. પટેલ

: સંપાદન :
ડૉ. ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.
૧૯૮૮.

# અનુક્રમણિકા


| પ્રકરણ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | પ્રાસ્તાવિક વસતિ- વિસ્તાર (ગામ- તાલુકા- જિલ્લો ) | ૧ |
| ૨. | ભૌતિક સંસ્કૃતિ | ૩૪ |
| ૩. | આર્થિક સંરચના | ૬૯ |
| ૪. | સામાજિક જીવનચક્ર ( સામાજિક સંરચના- રીતરિવાજો ) | ૧૧૨ |
| ૫. | ધાર્મિક જીવન | ૧૪૮ |
| ૬. | શિક્ષણ અને આરોગ્ય | ૧૫૧ |
| ૭. | સમસ્યાઓ | ૧૬૦ |
| ૮. | વિકાસનાં સૂચનો (સારાંશ) | ૧૬૩ |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| પ્રકરણ- ૧ | | | |
| ૧. | ૧.૧ | જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો. (વલસાડ) | ૫ |
| ૨. | ૧.૨ | જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો. (સુરત) | ૮ |
| ૩. | ૧.૩ | તપાસના તાલુકાઓમાં કુલ કામ કરનારા જુદા જુદા વ્યવસાયમાં. | ૧૭ |
| ૪. | ૧.૪ | તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર. ૧૯૭૧ (વલસાડ) | ૧૮-૧૯ |
| ૫. | ૧.૫ | તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર- ૧૯૭૧. (સુરત) | ૨૦ |
| ૬. | ૧.૬ | ૧૯૮૧ની વસતિ મુજબ તાલુકાઓનો જમીન વિસ્તાર. | ૨૧ |
| ૭. | ૧.૭ | ૧૯૭૧૫૮૧ના દાયકાનો વસતિ વધારો અને અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિનો (ટકામાં) | ૨૨ |
| ૮. | ૧.૮ | ૧૯૭૧ થી ૧૯૮૧ના ગાળા દરમિયાન તાલુકામાં શૈક્ષણિક સંસ્થાઓ | ૨૩ |
| ૯. | ૧.૯ | તપાસના ગામોમાં ૧૯૬૧ થી ૧૯૭૧ અને ૧૯૭૧ થી ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો. | ૩૦ |
| ૧૦. | ૧.૧૦ | જાતિવાર સાક્ષરતા (ટકામાં) | ૩૧-૩૨ |

## કોઠાની અનુક્રમણિકા


| ક્રમ | | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| પ્રકરણ- ૧ | | | |
| ૧. | ૧.૧ | જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો. (વલસાડ) | ૫ |
| ૨. | ૧.૨ | જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો. (સુરત) | ૮ |
| ૩. | ૧.૩ | તપાસના તાલુકાઓમાં કુલ કામ કરનારા જુદા જુદા વ્યવસાયમાં. | ૧૭ |
| ૪. | ૧.૪ | તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર. ૧૯૭૧ (વલસાડ) | ૧૮-૧૯ |
| ૫. | ૧.૫ | તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર- ૧૯૭૧. (સુરત) | ૨૦ |
| ૬. | ૧.૬ | ૧૯૮૧ની વસતિ મુજબ તાલુકાઓનો જમીન વિસ્તાર. | ૨૧ |
| ૭. | ૧.૭ | ૧૯૭૧-૮૧ના દાયકાનો વસતિ વધારો અને અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિનો (ટકામાં) | ૨૨ |
| ૮. | ૧.૮ | ૧૯૭૧ થી ૧૯૮૧ના ગાળા દરમિયાન તાલુકામાં શૈક્ષણિક સંસ્થાઓ | ૨૩ |
| ૯. | ૧.૯ | તપાસના ગામોમાં ૧૯૬૧ થી ૧૯૭૧ અને ૧૯૭૧ થી ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો. | ૩૦ |
| ૧૦. | ૧.૧૦ | જાતિવાર સાક્ષરતા (ટકામાં) | ૩૧-૩૨ |

| ક્રમ | | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| પ્રકરણ-૨ | | | |
| ૧૧. | ૨.૧ | ભારતમાં ધોડિયા જાતિની વસતિ વર્ષવાર | ૩૫ |
| ૧૨. | ૨.૨ | રાજ્યવાર ધોડિયા વસતિ | ૩૫ |
| ૧૩. | ૨.૩ | ગુજરાતમાં ધોડિયા જાતિની વસતિ વર્ષવાર | ૩૬ |
| ૧૪. | ૨.૪ | ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં જિલ્લાવાર ધોડિયા જાતિની વસતિ | ૩૮ |
| ૧૫. | ૨.૫ | તાલુકાવાર ધોડિયા વસતિ ૧૯૬૧-૭૧(વલસાડ) | ૩૯ |
| ૧૬. | ૨.૬ | તાલુકાવાર ધોડિયા વસતિ ૧૯૬૧-૭૧ (સુરત) | ૩૯ |
| ૧૭. | ૨.૭ | તાલુકાવાર ધોડિયા વસતિ ૧૯૬૧-૭૧(ગુજરાત) | ૪૦-૪૧ |
| ૧૮. | ૨.૮ | ૧૯૬૧ થી ૧૯૭૧ના દાયકાનો વસતિ વધારો (કુલ વસતિ, આદિવાસી વસતિ અને ધોડિયાનો) | ૪૨ |
| ૧૯. | ૨.૯ | ૧૯૬૧ થી ૧૯૭૧ અને ૧૯૭૧ થી ૧૯૮૧ના બે દાયકાનો વસતિ વધારો (કુલ વસતિ, આદિવાસી વસતિ, ધોડિયા વસતિ અને અનુસૂચિતજાતિનો) (ટકામાં) | ૪૩ |
| ૨૦. | ૨.૧૦ | મકાનોના પ્રકાર અને ઓરડાની સંખ્યા દર્શાવતો કોઠો. | ૪૮ |
| ૨૧. | ૨.૧૧ | દિવાલનો પ્રકાર અને છાપરાનોપ્રકાર | ૫૦ |
| ૨૨. | ૨.૧૨ | વાસણ સંખ્યા દર્શાવતો કોઠો. | ૫૨ |
| ૨૩. | ૨.૧૩ | ઘરવખરીના સાધનોનું પ્રમાણ કુલ અને કુટુંબદીઠ | ૫૬-૫૭ |
| ૨૪. | ૨.૧૪ | તપાસેલ કુટુંબમાં ગામવાર કુટુંબદીઠ સરેરાશ ઘરવખરીની કિંમત | ૫૮-૫૯ |
| ૨૫. | ૨.૧૫ | ઘરમાં વિજળી | ૬૦ |

| ક્રમ | | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| **પ્રકરણ-૩** | | | |
| ૨૬. | ૩.૧ | કમાનાર અને બિન કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો. | ૭૦ |
| ૨૭. | ૩.૨ | જાતિ અને વયજૂથ પ્રમાણે કુટુંબના સભ્યોનું વર્ગીકરણ | ૭૩ |
| ૨૮. | ૩.૩ | જમીનના પ્રકાર અનુ કુવા | ૭૫ |
| ૨૯. | ૩.૪ | જમીન ધારણના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ | ૭૭ |
| ૩૦. | ૩.૫ | ખેતીની આવક રૂપિયામાં(કૌંસમાં કુટુંબ સંખ્યા) | ૮૨ |
| ૩૧. | ૩.૬ | પશુપાલનની આવક (કૌંસમાં કુટુંબસંખ્યા) | ૮૬ |
| ૩૨. | ૩.૭ | કુટુંબના સભ્યોએ મજૂરીમાંથી મેળવેલી આવક. (રૂપિયામાં) (કૌંસમાં કુટુંબ સંખ્યા) | ૮૮ |
| ૩૩. | ૩.૮ | ખેતી સુધારણા | ૮૯ |
| ૩૪. | ૩.૯ | તપાસના કુટુંબોમાં આવક-જૂથ અને આવકના સ્ત્રોત દર્શાવતો કોઠો. | ૯૧ |
| ૩૫. | ૩.૧૦ | ખેતી અને પશુપાલન ખર્ચ (કૌંસમાં કુટુંબ સંખ્યા) રૂપિયામાં. | ૯૪ |
| ૩૬. | ૩.૧૧ | કુલ કુટુંબદીઠ આવક-ખર્ચ અને ચોખ્ખી આવક. | ૯૬ |
| ૩૭. | ૩.૧૨ | માસિક વપરાશી ખર્ચ દર્શાવતો કોઠો. | ૯૯ |
| ૩૮. | ૩.૧૩ | વાર્ષિક વપરાશી ખર્ચ કુટુંબદીઠ | ૧૦૧ |
| ૩૯. | ૩.૧૪ | કુલ આવક- ખર્ચ, કુટુંબદીઠ વાર્ષિક, માસિક માથાદીઠ દર્શાવતો કોઠો. | ૧૦૪ |
| ૪૦. | ૩.૧૫ | દેવા વિષયક પરિસ્થિતિ દર્શાવતો કોઠો. | ૧૦૬ |
| ૪૧. | ૩.૧૬ | આવકમાંથી બચત કરો છો દર્શાવતો કોઠો. | ૧૦૭ |
| ૪૨. | ૩.૧૭ | અસ્કયામતો સંખ્યા અને કિંમત કુટુંબદીઠ | ૧૦૯ |

| ક્રમ | | શીર્ષક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| **પ્રકરણ-૪** | | | |
| ૪૩. | ૪.૧ | કુટુંબના કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ | ૧૧૩ |
| ૪૪. | ૪.૨ | કુટુંબનો પ્રકાર દર્શાવતો કોઠો. | ૧૧૫ |
| ૪૫. | ૪.૩ | ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા | ૧૧૬ |
| ૪૬. | ૪.૪ | લગ્ન સ્થળનું અંતર દર્શાવતો કોઠો. | ૧૨૫ |
| ૪૭. | ૪.૫ | પેઢીઓ પ્રમાણે વસવાટનો સમય દર્શાવતો કોઠો | ૧૨૫ |
| ૪૮. | ૪.૬ | તપાસેલ કુટુંબમાં લગ્ન સમયની ઉંમર | ૧૩૭ |
| ૪૯. | ૪.૭ | તપાસેલ કુટુંબોમાં વૈવાહિક દરજ્જો | ૧૩૯ |
| **પ્રકરણ-૫** | | | |
| ૫૦. | ૫.૧ | ધર્મ પ્રમાણે કુટુંબ સંખ્યા | ૧૪૯ |
| **પ્રકરણ- ૬.** | | | |
| ૫૧. | ૬.૧ | કુલ વસતિમાં (ગુજરાત, આદિવાસી અને ધોડિયા) સાક્ષરતાની ટકાવારી (૧૯૬૧-૧૯૭૧) | ૧૫૧ |
| ૫૨. | ૬.૨ | શિક્ષણ વિષયક પરિસ્થિતિ. | ૧૫૩ |
| ૫૩. | ૬.૩ | તપાસના કુટુંબોમાં શિક્ષણ દર્શાવતો કોઠો. | ૧૫૪ |
| ૫૪. | ૬.૪ | આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધી માહિતી દર્શાવતો કોઠો. | ૧૫૬ |
| ૫૫. | ૬.૫ | તપાસના ચારેય ગામની સમગ્ર પરિસ્થિતિ દર્શાવતો કોઠો. | ૧૫૯ |

# આધાર ગ્રંથો


૧. ગુજરાતના આદિવાસીઓ, સંપાદક- વિમલ શાહ
ગૂજરાત વિદ્યાપીઠ- અમદાવાદ . ૧૯૬૬

૨. ગુજરાતના આદિવાસીઓ- મુસ્તાઅલી મસવી, ૧૯૮૨

૩. પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો,
કાકડવેલ (વલસાડ જિલ્લો) ભીખાભાઈ પટેલ, ૧૯૮૧.

4. Census of India 1961 Vol.I. India Part II-A
(ii) Union Primary Census Abstracts.

5. Census of India 1971 Vol.I India Part II-A
(ii) Union Primary Census Abstracts.

6. Census of India 1961 Vol.V Gujarat Part VA
Tables on Scheduled Castes and Scheduled Tribes.

7. District Census Hand Book, 1971 (All districts)
Part X-CI & Part X-CII.

# પ્રકરણ- ૧

## પ્રાસ્તાવિક

આદિવાસી કેન્દ્ર તરફથી આદિવાસી જાતિઓમાં અનેકવિધ પરિબળો દ્વારા જે પરિવર્તનો આવી રહ્યા છે તેને તપાસવા આ પહેલાં પરિવર્તન પામતા ગુજરાતના આદિવાસી ગામોના અભ્યાસો હાથ ધરવામાં આવ્યા હતા. તે રીતે ૧૯૮૬ના વર્ષમાં કેન્દ્ર દ્વારા પરિવર્તન પામતા વસાવા ભીલોનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. તેજ રીતે ૧૯૮૭-૮૮ના વર્ષ માટે પણ કેન્દ્ર દ્વારા ધોડિયાઓમાં સામાજિક-સાંસ્કૃતિક પરિવર્તન માટે કેન્દ્રના નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ અભ્યાસ હાથ ધરૂવામાં આવ્યો હતો. જેમાં ધોડિયા પટેલોમાં આધુનિક પરિબળો દ્વારા આવેલું આર્થિક- સામાજિક, ભૌતિક પરિવર્તનને ખ્યાલમાં રાખીને તપાસમાં જ્યાં તેઓની વસતિ સવિશેષ પ્રમાણમાં પથરાયેલી છે એવા દક્ષિણ ગુજરાતના વલસાડ-સુરત જિલ્લાના અનુક્રમે વલસાડ, ચીખલી, ધરમપુર અને મહુવા તાલુકાના કુલ ચાર ગામોના ૨૦૦ જેટલાં કુટુંબોને આવરી લેવામાં આવ્યા હતા.

તપાસમાં આવરી લેવામાં આવેલા કુટુંબોમાં જમીન વિહોણા, ઓછી જમીન ધરાવતા અને ગામમાં વધારે જમીન ધરાવતા એમ ત્રણ પ્રકારના કુટુંબો હતા.

તપાસના મહુવામાંથી કરચેલીયા, ચીખલીમાંથી કાકડવેલ, વલસાડમાંથી ચણવઈ અને ધરમપુરમાંથી મેધવાળ ગામોને આવરી લીધા હતા. તપાસમાં લીધેલા ગામોની પસંદગી પણ એજ રીતે જંગલ વિસ્તારના મધ્યમમાં આવેલા જ્યાં જંગલની અસરો વર્તાય છે તેવા અન્યની સરહદે આવેલા ગામો જ્યાં પ્રદેશ પ્રદેશની અસરો અને બીજા પરિબળો દ્વારા જોવા મળતી અસરોવાળા અને એકથી વધુ જાતિઓ ધરાવતા અને સપાટ ઝાડી વિનાના નદી કિનારાવાળા ગામોની અસરોવાળા ગામોને આવરી લેવામાં આવ્યા હતા. તપાસના બધા ગામોમાં ધોડિયા જાતિની વસતિ તો છે જ પણ સાથે સાથે બીજી જાતિની વસતિ પણ વસે છે.

તપાસના સમગ્ર ગામોમાં વસતા ધોડિયાઓમાં જુદા જુદા અનેકવિધ પરિબળોએ તેમનામાં પરિવર્તન લાવવાનો એક યા બીજી રીતના પ્રયત્નો કર્યા છે. જેમ કે શિક્ષણની વધતી જતી સુવિધાઓ, ધાર્મિક પ્રવૃત્તિઓ, રાજકારણની રાજકીય પ્રવૃત્તિઓ, રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલા વિકાસ ઘટકો અને તેની પ્રવૃત્તિઓ, દૂધ મંડળીઓ, નજીકની શહેરી અસરો, સિંચાઈ યોજનાઓ વગેરે ઉપરાંત છેલ્લા કેટલાય વર્ષોથી જંગલ કામદાર સહકારી મંડળીઓની પ્રવૃત્તિ વગેરેથી ધોડિયા લોકોમાં જે જાગૃતિ આવી છે જે પરિવર્તનની ધરખમ પ્રક્રિયાઓ શરૂ થઈ છે, બીજી રીતે એમનામાં જે સમસ્યાઓ નવીન પરિબળો દ્વારા ઊભી થઈ છે વગેરે તપાસમાં આવરી લેવાનો પ્રયાસ કર્યો છે.

ક્ષેત્રકાર્ય દરમિયાન આર્થિક, સામાજિક સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમાં મુલાકાત સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ અને ૨૦૦ જેટલા કુટુંબોની વ્યક્તિગત મુલાકાત લઈ કૌટુંબિક અને આર્થિક-સાંસ્કૃતિક માહિતી એકત્ર કરવા માટે અનુસૂચિઓ ભરવામાં આવી હતી. આ પ્રવિધિ દ્વારા ભૌતિકજીવન, આવક ખર્ચ, દેવા વિષયક વિગતો પ્રાપ્ત કરવામાં આવી હતી.

તપાસના સમગ્ર ગામોના સરપંચ, પટેલો, તલાટી ઉપરાંત ગામના સ્થાનિક સરકારી કર્મચારીઓ, શાળાના શિક્ષકો અને ગામોની અન્ય સ્થાનિક વ્યક્તિઓની મુલાકાતો લેવામાં આવી હતી અને તેમના દ્વારા સ્થાનિક પ્રશ્નો અને પરિવર્તનો માટેની માહિતી એકઠી કરવામાં આવી હતી.

## વલસાડ જિલ્લો

## વિસ્તાર અને વસતિ

**વિસ્તાર :-**

ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતમાં આવેલો વલસાડ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ત્રીજું સ્થાન ધરાવે છે. જિલ્લાના પૂર્વ, દક્ષિણના પહાડી વિસ્તાર સિવાય મધ્ય ઉત્તર અને પૂર્વનો વલસાડ જિલ્લાનો વિસ્તાર રસાળ જમીનવાળો હોવાથી ખેતીવાડી ક્ષેત્રે અગ્ર સ્થાને છે. કેટલાક ઔદ્યોગિક એકમો અતુલ, વાપી વગેરે થતાં જિલ્લાનો વિકાસ સતત થતો રહ્યો છે.

વલસાડ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો કુલ ૫૨૪૪-૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાનો આ આખો વિસ્તાર ૭૨° - ૪૫' અને ૭૩° - ૩૦૬ ઉત્તર અક્ષાંસ અને ૨૦° ૫' અને ૨૧° -૦' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ જિલ્લાની ઉત્તરે સુરત, પૂર્વમાં ડાંગ, દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્ય અને દાદરાનગર હવેલીના વિસ્તારો અને પશ્ચિમમાં ખંભાતનો અખાતનો સમુદ્ર આવેલો છે. આખો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

(૧) પૂર્વના ચીખલી, વાંસદા અને દક્ષિણનો ધરમપુર તાલુકો ડુંગરાળ સહ્યાદ્રિ અને સાતપુડા પહાડની ટેકરીઓના જંગલનો વિસ્તાર.

(૨) ઉત્તર, પશ્ચિમ, મધ્યના વલસાડ, ચીખલી, ગણદેવી, નવસારી વગેરે સિંચાઈ હેઠળના રસાળ ફળદ્રુપ વિસ્તારો.

જિલ્લામાં વાંસદા, ધરમપુર, ચીખલી, ઉંમરગામ તાલુકાના વિસ્તારો ડુંગરાળ જંગલોવાળા છે. જિલ્લામાં અંબિકા, પૂર્ણા, પાર અને દમણગંગા જેવી નદીઓ વહે છે. વલસાડ, કોલક, કાલઈ, બીલીમોરા, ઉંમરસાડી, ઉંમરગામ, મરોલી બંદર આવેલા છે.

<u>વસતિ :-</u>

ગુજરાત રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓમાંથી ૮ જિલ્લા આદિવાસી વસતિ ધરાવે છે. આ આઠ જિલ્લાઓમાં આદિવાસીની વસતિ સંખ્યાની દ્રષ્ટિએ વલસાડ ગુજરાતમાં મોખરાનું સ્થાન ધરાવે છે.

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિ ૩૪૦૮૫૭૯૯ની છે. જેમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિની વસતિ અનુક્રમે ૭.૧૫ ટકા અને ૧૪.૨૨ ટકાની છે. જ્યારે વલસાડ જિલ્લાની કુલ વસતિ ૧૭૭૪૧૩૬ની છે. જેમાં અનુસૂચિતજાતિ અને અનુસૂચિતજનજાતિની વસતિ અનુક્રમે ૩.૧૦ ટકા અને ૫૪.૫૯ ટકા છે. જિલ્લામાં બે એક દાયકાઓથી ઔદ્યોગિક રીતે ખૂબ જ સારો વિકાસ થવા પામ્યો છે. પરિણામે વસતિમાં સતત વધારો થતો રહ્યો છે. આંકડાની રીતે જોઈએ તો રાજ્યનો દશકાનો વસતિ વધારો ૨૭.૬૭ ટકા છે. જે વલસાડ જિલ્લાનો દસકાનો વસતિ વધારો ૨૪.૧૭ ટકાનો રહ્યો છે. રાજ્યમાં વસતિની ગીચતા દર ચો. કિલોમીટરે ૧૭૪ વ્યક્તિ છે. ૧૯૭૧ પ્રમાણે જિલ્લાનો વસતિ ગીચતા દર ચો.કિ.મીટરે ૨૭૩ વ્યક્તિનો હતો, જે વલસાડ જિલ્લામાં વસતિ ગીચતા દર ચો.કિ.મીટરે ૩૩૮નો ૧૯૮૧ પ્રમાણે થયો હતો. એટલે સમગ્ર જિલ્લો તેની સમૃદ્ધિને કારણે આ વસતિ ભારણ હેઠળ છે.

વલસાડ જિલ્લામાં મુખ્ય અનુસૂચિતજનજાતિની વસતિમાં ધોડિયા જાતિ અગ્રસ્થાને છે. સાથે સાથે દૂબળા, કૌકણા, વારલી, નાયક-નાયકડા, કોલચા, કોટવાળિયા, ગામીત, ચૌધરી, ભીલ, પણ વસવાટ કરે છે. જેમાં દૂબળા, કૌકણા, વારલી, લાખ કરતાં વિશેષ વસતિ ધરાવતી જાતિઓ છે.

વલસાડ જિલ્લાની ૧૯૭૧ અને ૧૯૮૧ની કુલ વસતિ અને કુલ આદિવાસી વસતિ દાયકા દરમિયાન વધવા પામી હતી. જે નીચે મુજબ નોંધાઈ હતી.

## જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧- ૧૯૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો :- ૧.૧

| ક્રમ | તાલુકો | ૧૯૭૧ કુલ વસતિ | ૧૯૭૧ આદિવાસી વસતિ | ૧૯૮૧ કુલ વસતિ | ૧૯૮૧ આદિવાસી વસતિ |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૨૩૦૮૪ | ૮૭૯૯૭ | ૨૭૮૦૩૩ | ૧૦૮૭૨૦ |
| ૨ | પારડી | ૧૬૨૪૬૫ | ૯૫૦૫૯ | ૨૦૫૫૩૮ | ૧૧૬૨૨૧ |
| ૩ | ઉંમરગામ | ૧૧૬૮૬૬ | ૬૩૮૮૪ | ૧૪૩૭૨૮ | ૭૯૪૨૫ |
| ૪ | ગણદેવી | ૧૫૯૪૮૩ | ૪૪૭૨૭ | ૧૯૦૦૪૯ | ૫૬૫૭૦ |
| ૫ | નવસારી | ૨૭૬૪૨૫ | ૭૭૧૪૧ | ૩૫૯૭૯૭ | ૧૦૫૬૬૮ |
| ૬ | ચીખલી | ૧૭૬૦૮૯ | ૧૧૯૬૯૬ | ૨૧૪૧૨૮ | ૧૪૭૮૯૪ |
| ૭ | વાંસદા | ૧૨૦૬૧૯ | ૧૦૮૫૪૮ | ૧૪૫૭૬૧ | ૧૩૧૨૭૬ |
| ૮ | ધરમપુર | ૧૯૩૭૧૧ | ૧૭૯૧૮૧ | ૨૩૭૦૭૩ | ૨૨૨૭૪૪ |
| ૯ | કુલ | ૧૪૨૮૭૪૨ | ૭૭૬૨૩૩ | ૧૭૭૪૧૩૬ | ૯૬૮૫૧૮ |

શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો જિલ્લામાં ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ૩૭.૫૦ ટકા અક્ષરજ્ઞાન પામેલા હતા. જે ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ૪૬.૯૫ ટકાનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ થવા પામ્યું હતું. એટલે અક્ષરજ્ઞાનનો ટકાવારીનો આંક ઉંચો જોવા મળ્યો હતો.

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરનારાઓની ટકાવારી જોઈએ તો કુલ કામ કરનારા ૩૬.૩૮ ટકા હતા. જેમાં ખેડૂતો ૩૬.૧૮ ટકા, ખેતમજૂરો ૨૪.૯૫ ટકા, ગૃહઉદ્યોગો કરનારા ૨.૦૫ ટકા અને ૩૬.૮૨ ટકા અન્ય કામ કરનારાઓ હતા. જિલ્લાના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતી સિવાય ખેતમજૂરી, પશુપાલન અને અન્ય નાના મોટા ઉદ્યોગો, નોકરીઓ, ગૃહઉદ્યોગોમાંથી પૂરક રોજગારી મેળવે છે.

# સુરત જિલ્લો

## વિસ્તાર અને વસતિ

**વિસ્તાર :-**

ગુજરાત રાજ્યના ૧૯ જિલ્લાઓમાં દક્ષિણ ગુજરાતમાં આવેલા સુરત જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ૧૩મું સ્થાન ધરાવે છે. કેટલાય વર્ષોથી અનેકવિધ ઔદ્યોગિક ક્રાંતિઓ, સિંચાઈ યોજનાઓને લઈને સતત વિકાસ પામતો જોવા મળે છે.

સુરત જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ જોઈએ તો જિલ્લો કુલ ૭૬૫૭ ચો. કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. જિલ્લાનો આ આખો વિસ્તાર ૨૧°. ૦' અને ૨૧°. ૨૩' ઉત્તરઅક્ષાંશ અને ૭૨°. ૩૮' અને ૭૪°.૨૩' પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે. આ જિલ્લાની ઉત્તરે ભરુચ, દક્ષિણે વલસાડ-ડાંગ, પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યનો ધૂળિયા જિલ્લો અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે. આખો જિલ્લો બે વિરોધાભાસી પરિસ્થિતિ વચ્ચે વહેંચાયેલો છે.

૧. પૂર્વના નિઝર, સોનગઢ, વ્યારા, ઉચ્છલ તાલુકાઓ ડુંગરાળ સહયાદ્રિ અને સાતપુડા પહાડની ટેકરીઓનો વિસ્તાર

૨. દક્ષિણ, ઉત્તર અને પૂર્વનો સપાટ રસાળ ફળદ્રુપ વાડીઓનો વિસ્તાર.

આ જિલ્લામાં પહાડો અને નદીઓમાં સહયાદ્રિ અને સાપુડાના પહાડોની ટેકરીઓ આવેલી છે. નદીઓમાં કીમ, તાપી આવેલી છે.

**વસતિ :-**

ગુજરાત રાજ્યના કુલ ૧૯ જિલ્લાઓમાંથી ૮ જિલ્લા આદિવાસી વસતિ ધરાવે છે. આ ૮ જિલ્લાઓમાં આદિવાસી વસતિની દૃષ્ટિએ સુરત જિલ્લામાં સૌથી વિશેષ આદિવાસી વસતિ વસે છે.

૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ગુજરાત રાજ્યની કુલ વસતિ ૩૪,૦૮૫,૭૯૯ની છે. જેમાં અનુસૂચિત જાતિની વસતિ ૭.૧૫ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૧૪.૨૨ની છે. ~~જ્યારે~~ જ્યારે સુરત જિલ્લાની

કુલ વસતિ ૨૪૯૩૨૧૧ની છે. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિતજનજાતિની વસતિ અનુક્રમે ૩.૬૮ ટકા અને ૪૧.૬૪ ટકા છે. જિલ્લામાં છેલ્લા કેટલાય વર્ષોથી ઔદ્યોગિક વિકાસની પ્રક્રિયા ચાલુ રહી છે. આંકડાની રીતે જોઈએ તો રાજ્યનો દશકાનો વસતિ વધારો ૨૭.૬૭ ટકા છે. જે સુરત જિલ્લાનો દશકાનો વસતિ વધારો ૩૯.૫૩ ટકાનો નોંધાયો છે. રાજ્યમાં વસતિની ગીચતા દર ચોરસ કિલોમીટરે ૧૭૪ ની છે જે ૧૯૭૧ પ્રમાણે વસતિ ગીચતા દર ચો. કિલોમીટરે ૨૩૧ વ્યક્તિનો હતો. જે સુરત જિલ્લામાં દર ચોરસ કિલોમીટરે ૩૨૬ની ૧૯૮૧ પ્રમાણેનો થવા પામ્યો હતો. એટલે જિલ્લામાં અનેકવિધ ઉદ્યોગોને કારણે વસતિ ગીચતા ભારે જોવા મળે છે.

સુરત જિલ્લામાં મુખ્ય અનુસૂચિત જનજાતિઓમાં વસતિ દૃષ્ટિએ ગામીત જાતિ અગ્રસ્થાને છે પરંતુ બીજી રીતે જોઈએ તો જિલ્લામાં ચૌધરી, દૂબળા, ભીલ, ધોડિયાઓ સારું એવું સ્થાન ધરાવે છે. આ ઉપરાંત જિલ્લામાં કોંકણા, નાયક, કોલ્ચા, કોટવાડિયા, કાથોડી, રાઠવા, ધાનકા, વારલી, પટેલીયા, પારધી, પોમલા, બાવચા, ગોંડ-રાજગોંડ જેવી જાતિઓનો સમાવેશ થાય છે.

સુરત જિલ્લાની ૧૯૭૧ અને ૧૯૮૧ની કુલ વસતિ અને કુલ આદિવાસી વસતિ દાયકા દરમિયાન વધવા પામી હતી જે નીચે મુજબ નોંધાઈ હતી.

જિલ્લાની તાલુકાવાર ૧૯૭૧-૧૯૮૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિ દર્શાવતો કોઠો :- ૧.૨

| ક્રમ તાલુકો | ૧૯૮૧ કુલ વસતિ | ૧૯૮૧ આદિવાસી વસતિ | ૧૯૭૧ કુલ વસતિ | ૧૯૭૧ આદિવાસી વસતિ |
|---|---|---|---|---|
| ૧. ચોર્યાસી | ૧૦૮૭૪૮૨ | ૯૬૬૮૧ | ૬૪૫૮૨૭ | ૭૨૭૯૧ |
| ૨. ઓલપાડ | ૧૩૪૦૪૮ | ૩૯૪૫૪ | ૯૮૪૦૭ | ૨૨૭૯૪ |
| ૩. કામરેજ | ૧૦૮૩૦૭ | ૪૯૨૭૫ | ૮૧૭૭૭ | ૩૨૩૬૯ |
| ૪. માંગરોલ | ૧૬૨૧૧૩ | ૧૦૭૭૬૪ | ૧૨૮૯૦૪ | ૮૫૧૨૨ |
| ૫. માંડવી | ૧૩૭૭૨૮ | ૧૦૬૩૫૮ | ૧૧૯૧૬૮ | ૯૦૯૪૪ |
| ૬. સોનગઢ | ૧૪૬૨૨૭ | ૧૧૯૭૮૨ | ૧૩૫૦૯૫ | ૯૮૪૨૯ |
| ૭. ઉચ્છલ | ૫૨૬૯૨ | ૫૧૩૪૨ | ૪૪૯૪૦ | ૪૩૩૪૪ |
| ૮. નિઝર | ૮૦૬૮૩ | ૬૦૪૫૧ | ૭૧૯૩૨ | ૫૪૪૧૬ |
| ૯. વ્યારા | ૧૮૨ ૦૭૮ | ૧૬૦૭૬૪ | ૧૫૩૫૩૬ | ૧૩૬૨૯૭ |
| ૧૦. વાલોડ | ૬૬૨૯૧ | ૪૮૩૯૧ | ૫૧૯૯૯ | ૩૭૯૩૩ |
| ૧૧. બારડોલી | ૧૫૫૨૭૪ | ૮૦૨૧૦ | ૧૨૦૧૨૦ | ૬૨૫૭૩ |
| ૧૨. મહુવા | ૧૦૪૨૪૧ | ૮૩૮૩૨ | ૮૨૦૪૯ | ૬૫૯૮૦ |
| ૧૩. પલસાણા | ૭૬૦૪૮ | ૩૩૮૯૬ | ૫૩૧૭૦ | ૨૪૬૯૦ |
| ૧૪. કુલ | ૨૪૯૩૨૧૧ | ૧૦૩૮૨૦૦ | ૧૭૮૬૯૨૪ | ૮૨૭૬૮૨ |

શિક્ષણની દૃષ્ટિએ જોઈએ તો ૧૯૬૧ પ્રમાણે જિલ્લામાં ૩૪.૩૫ ટકા અને ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ૩૯.૩૮ ટકા અક્ષરજ્ઞાન પામેલા હતા. જે ૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે ૪૬.૭૩ ટકાનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ થવા પામ્યું હતું.

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે જિલ્લામાં કામ કરનારાઓની ટકાવારી જોઈએ તો કુલ કામ કરનારા ૩૯.૬૬ ટકા હતા જેમાં ૨૩.૫૧ ટકા ખેડૂતો, ૨૮.૩૦ ટકા ખેતમજૂરો, ૨.૯૬ ટકા ગૃહઉદ્યોગો કરનારા અને ૪૫.૨૩ ટકા અન્ય કામ કરનારાઓ હતા. જિલ્લાના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. ખેતી સિવાય ખેતમજૂરી, પશુપાલન અને અન્ય નાનામોટા ધંધાઓમાંથી પૂરક રોજગારી મેળવે છે.

**વલસાડ તાલુકો :-**

તાલુકાની પૂર્વમાં ધરમપુર અને ચીખલી તાલુકા, પશ્ચિમે ખંભાતનો અખાત, ઉત્તરે ગણદેવી તાલુકો અને દક્ષિણે પારડી-ધરમપુર તાલુકાઓની સરહદો છે. તાલુકાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ કિ.મી. અને ઉત્તર દક્ષિણ પહોળાઈ          કિ.મી. છે. તાલુકાના વિસ્તારનું કુલ ભૌગોલિક ક્ષેત્રફળ ૪૬૬૦૫-૭૯ ચો. કિ.મી. છે. આખો વિસ્તાર ૭૨°-૨૭' ૧૩'-૩૦° ઉત્તર અક્ષાંશ અને ૨૦°-૫' ૭૩°૨૧'-૦ પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. તાલુકાનો થોડો વિસ્તાર ઉંચાનીચા નદીના કોતરોવાળો છે. બાકી રસાળ કાળી ગોરાડું માટીનો વિસ્તાર જોવા મળે છે.

**વરસાદ અને સિંચાઈ :-**

આ આખો વિસ્તારમાં વરસાદ ખૂબ પડે છે. તાલુકાનો સરાસરી વરસાદ ૧૫૦૦ થી ૨૨૦૦ મિ.મી. છે. એટલે કે લગભગ ૮૦ થી ૧૦૦ ઈંચ જેટલો સરાસરી વરસાદ પડે છે. સમગ્ર તાલુકામાં છેલ્લા કેટલાય વર્ષોથી સિંચાઈના સાધનો નહેર, કૂવા, થવાથી ખેતીવાડી ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થવા પામ્યો છે. તેને કારણે સમગ્ર વિસ્તારની કાયાપલટ થઈ છે. કેટલાક લોકો ખાનગી કૂવાઓથી એન્જીન કે મોટર ધ્વારા પણ સિંચાઈ કરે છે. તાલુકાના કુલ ૪૬૬૦૫-૭૯ ચો. કિ.મી. બિન સિંચિત અને ૩૮૭૩.૦૦ ચો. કિ.મી. સિંચિત વિસ્તાર છે. બાકીનો જમીન વિસ્તાર કોઠા-નંબર ૧.૬ માં દર્શાવ્યા પ્રમાણે તાલુકામાં છે.

વલસાડ તાલુકાનો આખો વિસ્તાર ગોરાળુ અને ચીકણી કાળી માટીનો રસાળ પ્રદેશ હોવાને કારણે જંગલ વિસ્તાર ન હોવાથી વસતિ ગીચતા જોવા મળે છે. તાલુકામાં ધોડિયા, દૂબળા, નાયક-નાયકડાની મુખ્ય આદિવાસી વસતિ છે. તેમાં ધોડિયા જાતિ વસતિની દૃષ્ટિએ અગ્ર સ્થાને છે. એ સિવાય કોંકણા-કુનબી, કોલચા, વાટલી, કોટવાળિયા ચૌધરી, ગામીત જેવી આદિવાસી, જાતિઓ પણ વસતિ સંખ્યાની રીતે ઓછી સંખ્યામાં વસે છે. તાલુકાની જાતિવાર વસતિ ૧૯૭૧ પ્રમાણે કોઠા-નંબર ૧.૭ માં દર્શાવ્યા પ્રમાણે જોવાથી ખ્યાલ આવશે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૨૨૩૦૮૪ની કુલ વસતિ હતી ત્યારે

વસતિ ગીચતાનો દર ચો. કિ. ૪૩૮નો હતો જે ૧૯૮૧ની વસતિ મુજબ તાલુકાની ૨૭૮૦૩૩ની વસતિ થવા પામી હતી. એટલે વસતિ ગીચતાનો દર ચો. કિ. ૫૫૬નો થવા પામ્યો હતો. એટલે દાયકા દરમિયાન ૨૪.૬૩ ટકાનો વસતિ વધારો નોંધાયો હતો. તાલુકામાં ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૩.૨૮ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૩૯.૪૪ ટકા હતી. જે ૧૯૮૧ની વસતિ મુજબ અનુક્રમે ૩.૩૬ ટકા અને ૩૯.૧૦ ટકા થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૪૬૬૦૫.૭૯ ચો. કિ.મી છે. જેમાં ૩૪૫૪૨.૭૦ ચો. કિ.મી. ખેડાણ હેઠળ, ૨૫૪ ચો. કિ.મી. જંગલ વિસ્તાર, ૪૭૯૭.૧૬ ચો. કિ.મી. ખરાબાનો વિસ્તાર, ૬૫૧૫.૧૬ ચો. કિ.મી. બિનખેતીલાયક વિસ્તાર આવેલા છે. તાલુકાની કાળી અને ગોરાળુ જમીનમાં મુખ્યત્વે ડાંગર, જુવાર અને કઠોળના પાકો થાય છે. તેથી વિસ્તારના લોકો મુખ્ય ખોરાક ભાત અને જુવારના રોટલાનો છે.

૧૯૬૧ની વસતિ મુજબ સમગ્ર તાલુકાનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૩૯.૮૬ ટકા હતું. જે ૧૯૭૧ની વસતિ મુજબ વધીને ૪૭.૧૭ ટકાનું થયું હતું. જે ૧૯૮૧ની વસતિ મુજબ વધીને ૪૭.૧૭ ટકાનું થયું હતું. જે ૧૯૮૧ની વસતિ મુજબ વધીને ૫૨.૦૬ ટકાનું થવા પામ્યું હતું. આમ તાલુકાના કુલ અક્ષરજ્ઞાનમાં સતત બે દાયકા સુધી વિકાસ થયો છે. જે તાલુકાની સમૃધ્ધિ દર્શાવે છે.

<u>ચીખલી તાલુકો</u> :-

તાલુકાની પૂર્વમાં વાંસદા તાલુકો, પશ્ચિમે ગણદેવી-વલસાડ તાલુકો, ઉત્તરે મહુવા અને દક્ષિણે ધરમપુર તાલુકાની હદો છે. તાલુકાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ          કિ.મી. અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ          કિ.મી. ની છે. તાલુકાના વિસ્તારનું કુલ ભૌગોલિક ક્ષેત્રફળ ૫૭૩૪૨.૩૬ ચો. કિ.મી. છે. આખો વિસ્તાર ૭૨°-૪૭ ઉત્તર અક્ષાંશ અને ૨૦°-૫' પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. સમગ્ર વિસ્તારમાં ઉંચાનીચા આવેલા છે.

તાલુકાના પૂર્વભાગમાં ડુંગરાળ કોતરો-પથ્થરોવાળી ગોરાળુ અને કાળી કોપવાળી જમીનનો વિસ્તાર છે.બાકી ગોરાળુ રસાળ જમીનનો વિસ્તાર છે. તાલુકાનો કુલ જમીન વિસ્તાર ૧૯૮૧ પ્રમાણે ૫૭૭૩૪૨.૩૬ એકરનો છે. બાકીનો વિસ્તાર જે જુદા જુદા ઉપયોગ હેઠળ લેવાયેલો છે જે કોઠા - નંબર ૧.૬ ઉપરથી જોઇ શકાય છે.

<u>વરસાદ અને સિંચાઇ</u> :-

આ વિસ્તારમાં પણ વરસાદ અનિયમિત છે પણ વરસાદ વધુ પડે છે. તાલુકાનો સરાસરી વરસાદ ૧૮૦૦ થી ૨૨૦૦ મિ.મી. છે. એટલે કે ૭૫ થી ૮૦ ઇંચ જેટલો સરાસરી વરસાદ પડે છે. આ વિસ્તારમાં ક્યારેક ટૂંકાગાળામાં વરસાદ પડી જાય છે. એટલે વરસાદના દિવસો વધારે હોવા છતાં નુકશાન થાય છે. છેલ્લા કેટલાય વર્ષોથી સિંચાઇની નહેરો, તળાવો, કૂવાઓ થવાથી સગવડો વધી છે. છતાં વરસાદ આધારિત ખેતીનો વિસ્તાર ઘણો છે એટલે તો તાલુકાના કુલ ૫૭૭૩૪૨.૩૬ ચો. કિ.મી.ના વિસ્તારમાં ૬૨૧૩ ચો. કિ.મી. સિંચિત છે અને ૪૩૫૩૮.૮૪ ચો. કિ.મી.નો વિસ્તાર બિન સિંચિત છે. આ સિંચિત વિસ્તાર નહેર, તળાવ, કુવા ધ્વારા સરકારી અને ખાનગી રીતે થાય છે.

~~મગુરા~~ તાલુકાનો આખો વિસ્તાર ઉંચાનીચા ટેકરા, કોતરોથી ભરપુર છે. કેટલોક વિસ્તાર સપાટ રસાળ જમીનનો બનેલો છે. તાલુકાના પૂર્વના થોડા વિસ્તાર સિવાય જંગલ લગભગ નાશ પામ્યું છે. તાલુકામાં ધોડિયા, દૂબળા, કોંકણા, કુનબી, નાયક-નાયકડા, કોલચા અને વારલી આદિવાસી જાતિઓની વસતિનો વસવાટ છે. તાલુકાની જાતિવાર વસતિ ૧૯૭૧ પ્રમાણે કોઠા નં. ૧.૭ માં દર્શાવ્યા પ્રમાણે છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૧૭૬૦૮૯ની કુલ વસતિ હતી ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૩૦૬નો હતો જે ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૨૧૪૧૨૮ની વસતિ થવા પામી હતી ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૩૭૩નો થવા પામ્યો હતો. એટલે દાયકા દરમિયાન ૨૧.૬૦ ટકાનો વસતિ વધારો નોંધાયો હતો.

૧૯૭૧ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૨.૬૩ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૬૭.૯૭ ટકા હતી. જે ૧૯૮૧ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૨.૭૬ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૬૯.૦૭ ટકાની થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૫૭૩૪૨.૩૬ ચો.કિ.મી.નો ૧૯૮૧ની ગણતરી મુજબ છે. જેમાં ખેડાણ હેઠળ ૪૩૫૩૮.૮૪ ચો. કિ.મી. બિનસિંચિત અને ૬૨૧૩ ચો. કિ.મી. સિંચિત વિસ્તાર છે. ૧૨૦૩ ચોરસ કિ.મી. જંગલ વિસ્તાર, ૧૯૯૫-૬૧ ખેડાણ લાયક ખરાબાનો વિસ્તાર અને ૪૪૯૧.૯૧ ચો. કિ.મી. ખેડાણ લાયક નહીં તેવો વિસ્તાર છે. તાલુકામાં મુખ્યત્વે ડાંગર, જુવાર અને કઠોળના મુખ્ય પાકો થાય છે. એટલે આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક પણ ભાત અને જુવારના રોટલા છે.

૧૯૬૧ની વસતિ ગણતરી મુજબ સમગ્ર તાલુકાનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૨૯.૬૬ ટકા હતું જે ૧૯૭૧ની વસતિ મુજબ ૩૪.૬૦ ટકા થયું હતું જે ૧૯૮૧ની વસતિ મુજબ વધીને ૪૬.૨૩ ટકા સુધી થયું હતું .આમ બંને દાયકાઓ દરમિયાન અક્ષરજ્ઞાનમાં હંમેશાં ઉત્તરોત્તર વધારો નોંધાયો છે.

૧૯૮૧ની વસતિ ગણતરી પ્રમાણે તાલુકામાં કામ કરનારાઓની ટકાવારી અને જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા લોકોનું પ્રમાણ કોઠા-નંબર ૧.૩ માં દર્શાવ્યા પ્રમાણે હતું.

<u>મહુવા તાલુકો</u> :-

તાલુકાની પૂર્વમાં વ્યારા તાલુકો, પશ્ચિમે નવસારી તાલુકો, ઉત્તરે બારડોલી-વાલોડ તાલુકાની હદો અને દક્ષિણે ચીખલી-વાંસદા તાલુકાની હદો છે. તાલુકાની પૂર્વ પશ્ચિમ લંબાઈ          કિ.મી. અને ઉત્તર દક્ષિણ પહોળાઈ          કિ.મી. ની છે. તાલુકાના વિસ્તારનું કુલ ભૌગોલિક ક્ષેત્રફળ ૩૫૪.૩ ચો. કિ.મી. છે. આખો વિસ્તાર ૨૧° ૨૩'' ઉત્તર અક્ષાંશ અને ૭૪° ૨૩'' પશ્ચિમ રેખાંશ વચ્ચે આવેલો છે. સમગ્ર વિસ્તારમાં ઊંચીનીચી કોતરો આવેલા છે.

તાલુકામાં રસાળ ગોરાળું કાંપવાળી તેમજ રેતાળ પથ્થરવાળી જમીન જોવા મળે છે. તાલુકાનો કુલ જમીન વિસ્તાર ૧૯૮૧ પ્રમાણે ૩૫૪૦૧.૦૪ એકર છે. બાકીનો વિસ્તાર જે જુદા જુદા ઉપયોગ હેઠળ લેવાયેલો છે જે કોઠા નંબર ૧-૬ ઉપરથી જોઈ શકાય છે.

<u>વરસાદ અને સિંચાઈ :-</u>

આ વિસ્તારમાં પણ વરસાદ અનિયમિત પડે છે. તાલુકાનો સરાસરી વરસાદ ૧૨૦૦ થી ૨૦૦૦ મિ.મી. છે. એટલે કે ૬૦ થી ૭૦ ઈંચ જેટલો સરાસરી વરસાદ પડે છે. ક્યારેક ટૂંકાગાળામાં વધુ વરસાદ પડી જવાથી નુકશાન કરે છે. છેલ્લા કેટલાક વર્ષોથી સિંચાઈના સાધનો વધ્યા છે. થોડા વર્ષોથી સિંચાઈની નહેરો, તળાવો, કુવાઓની સગવડો વધી છે છતાં વરસાદ આધારિત ખેતીનો વિસ્તાર ઘણો છે. તાલુકાના કુલ ૩૫૪૦૧ એકરમાં ૩૦૪૬૭ એકર જમીન વિસ્તાર ખેડાણ હેઠળ છે. જેમાં ૫૩૭૫ એકર જમીન વિસ્તાર સિંચાઈ હેઠળ છે. આ સિંચાઈ નહેર, અને કુવા ધ્વારા સરકારી અને ખાનગી રીતે થાય છે.

૧૯૮૧ના વર્ષ આખરે તાલુકામાં ૬૮ કુવાઓ, ૮ તળાવો, ૨૧ નદીઓ, ૩૨ કેનાલો ધ્વારા આ સિંચાઈ અને પીવાના પાણીની સુવિધાઓ જોવા મળે છે. કેટલેક ઠેકાણે કુવાઓ, તળાવો અને નાના કોતરો ઉપર ઓઈલ એન્જીન કે મોટરો મૂકીને સિંચાઈ થતી જોવા મળે છે.

મહુવા તાલુકાનો આખો વિસ્તાર ઉંચાનીચા ટેકરા અને કોતરોથી ભરપુર છે. આજે જંગલ લગભગ નાશ પામ્યું છે. તાલુકામાં ધોડિયા, ચૌધરી, દૂબળા, નાયક-નાયકડા, કોલચા અને ગામીત જાતિઓની વસતિ વસે છે. તાલુકાની જાતિવાર વસતિ ૧૯૭૧ પ્રમાણે કોઠા નંબર ૨-૪ માં દર્શાવી છે. ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૮૨૦૪૯ની કુલ વસતિ હતી, ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ.મી. ૨૩૧નો હતો જે ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ તાલુકાની ૧૦૪૨૪૧ની વસતિ થવા પામી હતી ત્યારે વસતિ ગીચતાનો દર ચો.કિ. ૨૯૪નો થવા પામ્યો હતો. એટલે દાયકા દરમિયાન ૨૭.૦૫ ટકાનો વસતિ વધારો નોંધાયો હતો.

૧૯૭૧ની ગણતરી મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૨.૧૦ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૮૦.૪૨ ટકા હતી. જે ૧૯૮૧ની વસતિ મુજબ અનુસૂચિત જાતિની વસતિ ૨.૨૨ ટકા અને અનુસૂચિત જનજાતિની વસતિ ૮૨.૪૨ ટકા થવા પામી હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૫૪૦૧.૦૪ ચો.કિ.મી. નો ૧૯૮૧ની વસતિ મુજબ છે. જેમાં ખેડાણ હેઠળ ૪૦૪૬૭ એકર છે. જેમાં ૨૧૧૭ જંગલ વિસ્તાર, ૫૩૭૫ સિંચિત વિસ્તાર, ૨૧૮૬૨.૫૫ બિન-સિંચિત વિસ્તાર, ૩૨૨૯.૪૦ ખેડાણલાયક વિસ્તાર, ૨૮૧૭.૦૯ બિન ખેતીલાયક જમીનનો વિસ્તાર છે. તાલુકાની જમીન કાળી કાંપવાળી છે. ડાંગર, શેરડી, જુવાર, કઠોળના પાકો તાલુકામાં મુખ્યત્વે થાય છે. તાલુકાના લોકોનો ખોરાક ભાત અને જુવારના રોટલા છે.

૧૯૮૧ની વસતિ ગણતરીમાં તાલુકામાં કામ કરનારાઓની ટકાવારી અને જુદા જુદા વ્યવસાયોમાં રોકાયેલા લોકોનું પ્રમાણ જોવા મળ્યું હતું તે કોઠા નંબર ૨-૩ માં દર્શાવ્યા પ્રમાણે છે. આમ કુલ વસતિમાંથી ૪૭.૫૪ ટકા વસતિ ઉપરોક્ત જુદા જુદા ધંધામાં રોકાયેલી હતી.

૧૯૬૧ની વસતિ મુજબ સમગ્ર તાલુકાનું અક્ષરજ્ઞાનનું પ્રમાણ ૩૧.૯૦ ટકા હતું. જે ૧૯૭૧ની વસતિ મુજબ ૩૮.૦૮ ટકા થયું હતું. જે ૧૯૮૧ની વસતિ મુજબ વધીને ૪૫.૦૭ ટકા સુધી થયું હતું. આમ અક્ષરજ્ઞાનનો તાલુકાનો આંક વધતો ગયો છે.

<u>ધરમપુર તાલુકો</u> :-

ધરમપુર તાલુકાની પૂર્વમાં મહારાષ્ટ્ર રાજ્યની હદ, પશ્ચિમમાં વલસાડ-પારડી તાલુકાઓની હદો, ઉત્તરમાં ચીખલી-વાંસદા તાલુકાની હદો અને દક્ષિણમાં દાદરાનગરહવેલી અને મહારાષ્ટ્ર રાજ્યની હદો અડીને આવેલી છે. તાલુકાના વિસ્તારનો કુલ ભૌગોલિક

વિસ્તાર ૧૬૩૪૩૧.૫૨ ચો. કિ.મી.નો છે. ધરમપુર તાલુકો ગુજરાત રાજ્યમાં મોટામાં મોટો તાલુકો છે. તેમાં ૨૩૭ ગામોનો સમાવેશ થાય છે. તાલુકાનું મુખ્ય મથક ધરમપુર તાલુકાની હદે આવેલું હોઈ તાલુકાના દક્ષિણ અને અગ્નિ દિશાનાં ગામોથી લગભગ ૯૦ થી ૧૦૦ કિ.મી. દૂર પડે છે. આથી તાલુકાના મુખ્ય મથકે સહેલાઈથી પહોંચી શકાતું નથી.

૧૯૭૧ પ્રમાણે તાલુકાની કુલ વસતિ ૧૯૩૭૧૧ની હતી ત્યારે વસતિ ગીચતા દર ચો. કિ.મીટરે ૧૧૭નો હતો. ૧૯૮૧માં તાલુકાની કુલ વસતિ ૨૩૭૦૭૩ની થવા પામી ત્યારે વસતિ ગીચતા દર ચોરસ કિ.મીટરે ૧૪૩નો થવા પામ્યો હતો. આમ ૧૯૭૧થી ૧૯૮૧ના દાયકાનો વસતિ વધારો ૨૨.૩૮ ટકાનો નોંધાયો હતો. તાલુકામાં ૧૯૭૧ પ્રમાણે અનુસૂચિતની વસતિ ૦.૬૩ ટકા અને અનુસૂચિતજનજાતિની ૯૨.૯૬ ટકાની વસતિ હતી જે ૧૯૮૧ની ગણતરી પ્રમાણે અનુસૂચિત જાતિ ૦.૫૭ ટકા અને અનુસૂચિતજનજાતિની ૯૩.૯૬ ટકાની વસતિ હતી. ૧૯૬૧ની ગણતરી પ્રમાણે તાલુકાનું કુલ અક્ષરજ્ઞાન ૧૦.૨૮ ટકા હતું જે વધીને ૧૯૭૧ની ગણતરી પ્રમાણે ૧૨.૩૭ ટકા થવા પામ્યું હતું. જે ૧૯૮૧ની ગણતરી પ્રમાણે વધીને ૧૯.૭૦ ટકા થવા પામ્યું હતું.

આમ ઉપરની વસતિ ગણતરી પ્રમાણે તાલુકામાં મહદઅંશે આદિવાસીઓની વસતિ વિશેષ વસે છે. જેમાં મુખ્યત્વે કરીને કુંકણા, વારલી, ધોડિયા અને નાયકાની વસતિ છે. તાલુકાની જાતિવાર વસતિ ૧૯૭૧ પ્રમાણે કોઠા નં. ૨-૩ માં દર્શાવ્યા પ્રમાણે હતી.

તાલુકાનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૬૩૪૩૧.૫૨ ચોરસ કિ.મી.નો છે. જેમાં ૭૦૫૩૨.૯૯ ચો. કિ.મી.નો જંગલ વિસ્તાર હેઠળ, ૫૫૮૨૮ ચો. કિ.મી. બિનસિંચિત, ૭૨૬.૦૦ ચો. કિ.મી. સિંચિત વિસ્તાર હેઠળ, ૧૨૨૫૮.૩૨ ચો. કિ.મી.ની ખેડાણ લાયક ખરાબાનો વિસ્તાર, ૨૪૦૮૫.૮૫ ચો. કિ.મી. બિનખેતીલાયક વિસ્તાર હેઠળ આવેલા છે. આમ જોઈએ તો તાલુકાનો વિસ્તાર ડુંગરાળ છે જેમાં થોડો ભાગ તલાટ વિસ્તાર છે. તાલુકાના ઉત્તર ભાગમાં તાન અને

પાન નદીઓ વહે છે. જે બે મળી ઔરંગા બને છે. મધ્યમાં કોલક નદી વહે છે. દક્ષિણે દમણગંગા નદી વહે છે જે દક્ષિણના થોડા ભાગને અસર પહોંચાડે છે. તાલુકાના વિસ્તારમાં સામાન્ય રીતે ૮૦ થી ૧૨૦ ઈંચ જેટલો વરસાદ પડે છે. પરંતુ વિસ્તાર ડુંગરાળ હોઈ પાણી રહેતું નથી. આથી તાલુકામાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી તાલુકાની પ્રગતિ રુંધાય છે. ધરમપુર તાલુકો ડુંગરાળ અને પછાત હોવાથી પ્રગતિ સાધી શક્યો નહોતો. આથી તાલુકાની પ્રગતિને વેગ આપવા માટે સરકારશ્રીએ ૧૯૫૭થી બહુલક્ષી વિકાસ ઘટક યોજના નાના પાંઢા શરૂ કરાવ્યો. એ રીતે ધરમપુર રાષ્ટ્રીય વિસ્તાર સેવા ઘટકમાંથી નાની વહિયાળ છૂટો પડયો. એજ રીતે આદિ વિકાસ ઘટક આંબા જંગલને છૂટો પડાવ્યો. ૧૯૬૪માં આદિવાસી ઘટક તરીકે વિસ્તારને ફેરવવામાં આવ્યો હતો પરંતુ ધરમપુર તાલુકાની પરિસ્થિતિ જ જુદી હોઈ તેનો વિકાસ રુંધાય છે. તેથી ધરમપુર તાલુકામાં વાહન-વ્યવહાર ક્ષેત્રે પ્રગતિ ઓછી છે જેને કારણે વિકાસ યોજનાનો ધાર્યો લાભ ન થાય તેમજ વાહનવ્યવહારનો અભાવ, શિક્ષકોના રહેઠાણના પ્રશ્નો, લોકોની ગરીબીને કારણે શિક્ષણ ઓછું થયું છે. ખેતીક્ષેત્રે પાણીની અસર વર્તાય છે. ધરમપુર તાલુકામાં મુખ્યત્વે ડાંગર, જુવાર, નાગલી, ખરસાણીના મુખ્ય પાક છે જેથી આ વિસ્તારના લોકોનો મુખ્ય ખોરાક ભાત અને જુવાર-નાગલીના રોટલાનો છે.

તાલુકાની કામ કરતી વસતિનું ધંધાકીય રીતે વર્ગીકરણ જોઈએ તો કુલ વસતિમાંથી કામ કરનાર ૪૦.૮૮ ટકા લોકો છે. જેમાં ૬૮૨૩૭ પુરુષો અને ૨૮૬૮૭ સ્ત્રીઓ છે.

તપાસમાં લીધેલા તાલુકાઓમાં કુલ કામ કરનારા જુદા જુદા [illegible]

| ક્રમ | વિગત | મહુવા કુલ સંખ્યા | મહુવા ટકા | ચીખલી કુલ સંખ્યા | ચીખલી ટકા | વલસાડ કુલ સંખ્યા | વલસાડ ટકા | ધરમપુર કુલ સંખ્યા | ધરમપુર ટકા |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેતી | ૧૭૯૪૬ | ૩૬.૨૨ | ૩૮૧૦૬ | ૩૮.૩૧ | ૧૯૮૩૩ | ૧૮.૬૮ | ૭૨૧૩૯ | ૫૭.૮૨ |
| ૨ | ખેતમજૂરી | ૨૦૫૫૬ | ૪૧.૪૮ | ૨૪૪૯૦ | ૨૪.૬૨ | ૧૯૫૪૧ | ૧૮.૪૧ | ૧૭૩૨૧ | ૧૩.૮૮ |
| ૩ | ઉત્પાદન પ્રક્રિયા સમારકામ, ગૃહઉદ્યોગો | ૭૧૮ | ૧.૪૫ | ૧૯૫૧ | ૧.૯૬ | ૨૩૪૧ | ૨.૨૧ | ૬૭૧ | ૦.૫૪ |
| ૪ | અન્ય કારીગરી અન્ય સેવાઓ | ૮૫૮૪ | ૧૭.૩૨ | ૧૬૨૧૦ | ૧૬.૩૦ | ૪૮૬૭૦ | ૪૫.૮૪ | ૬૭૯૩ | ૫.૪૪ |
| ૫ | બાકીના ગૃહઉદ્યોગો સિવાય, ખનીજબાંધકામ | ૧૭૪૯ | ૩.૫૩ | ૧૮૭૧૦ | ૧૮.૮૧ | ૧૫૭૭૯ | ૧૪.૮૬ | ૨૭૮૪૮ | ૨૨.૩૨ |
| ૬ | કામ કરનારા કુલ | ૪૯૫૫૩ | ૧૦૦.૦૦ | ૯૯૪૬૭ | ૧૦૦.૦૦ | ૧૦૬૧૬૪ | ૧૦૦.૦૦ | ૧૨૪૭૭૨ | ૧૦૦.૦૦ |
| ૭ | કામ નહિ કરનારા | ૫૪૬૮૮ | ૫૨.૪૬ | ૧૮૭૧૦ | ૧૫.૮૩ | ૧૦૬૧૬૪ | ૫૦.૪૦ | ૧૨૪૭૭૨ | ૫૦.૦૦ |

## તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર ([illegible])

| ક્રમ | જાતિનું નામ | વલસાડ | પારડી | ઉમરગામ | ગણદેવી | નવસારી | ચીખલી | વાંસદા | ધરમપુર | કુલ વસતિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધોડિયા | ૪૯૪૨૪ | ૫૯૬૧૧ | ૧૪૨૦૦ | ૯૬૭૫ | ૬૪૨૭ | ૭૭૮૫૭ | ૩૬૨૯૫ | ૩૬૬૦૩ | ૨૯૦૦૯૨ |
| ૨ | દૂબળા | ૧૮૮૪૪ | ૧૯૦૮૮ | ૧૬૭૦૮ | ૨૪૦૮૬ | ૫૬૦૬૫ | ૧૬૫૭૧ | ૧૦૩૬ | ૧૦૮૧ | ૧૫૩૪૭૯ |
| ૩ | નાયક-નાયકડા | ૧૪૮૪૪ | ૧૪૫૫૬ | ૪૬ | ૭૯૬૧ | ૧૦૧૫૯ | ૭૭૭૧ | ૩૮૯૬ | ૫૭૯૬ | ૬૫૦૨૯ |
| ૪ | કોંકણા-કુનબી | ૩૧૧૫ | ૨૦૧ | ૪૩ | ૧૫૭૭ | ૧૨૨૭ | ૧૪૦૬૯ | ૪૬૨૦૨ | ૫૭૮૫૧ | ૧૨૪૨૮૫ |
| ૫ | કોલચા,ઢોરકોની | ૫૪૫ | ૪૯ | ૩૭ | ૫૬૨ | ૨૪૪ | ૨૩૪૨ | ૩૫૫૧ | ૯૬૧૭ | ૧૬૯૪૭ |
| ૬ | વારલી | ૩૪૮ | ૧૧૭૩ | ૩૨૭૫૭ | ૬૧ | ૯૯ | ૮૨૫ | ૯૫૭૧ | ૬૮૧૪૧ | ૧૧૨૯૭૫ |
| ૭ | કોટવાળિયા | ૪૪૨ | ૭૨ | ૩ | ૨૭૮ | ૧૮૮ | ૮૮ | ૧૨૪૫ | ૭ | ૨૩૩૩ |
| ૮ | ભીલ | ૪૭ | ૨૯ | ૬ | ૩૮ | ૭૧૮ | ૧૯ | ૭૫૮ | ૧ | ૧૬૧૬ |
| ૯ | ચૌધરી | ૫૫ | ૮૮ | ૨ | ૧૦૬ | ૭૨૭ | ૪૩ | ૧૧૧૯ | ૩૮ | ૨૧૭૮ |
| ૧૦ | ગોંડ,રાજગોંડ | ૧૦ | ૧ | – | ૧ | – | – | – | – | ૧૨ |
| ૧૧ | બરડા | ૧૦ | ૧૪ | – | – | – | ૨ | – | – | ૨૬ |
| ૧૨ | ગામીત | ૩૮ | ૧૩ | ૯ | ૭૫ | ૩૭૨ | ૩૦ | ૪૭૫૦ | ૧૦ | ૫૨૯૭ |

(પાછળ ચાલુ છે.)

(આગળના પાનનું ચાલુ)

| ક્રમ | જાતિનું નામ | વલસાડ | પારડી | ઉમરગામ | ગણદેવી | નવસારી | ચીખલી | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | ધાનકા | - | - | ૧ | - | - | ૧ | - | - | [illegible] |
| ૧૪ | પટેલીયા | - | ૧ | - | ૧૦૭ | - | - | - | - | ૧૦૮ |
| ૧૫ | બાવચા | - | - | - | ૪ | - | - | - | ૩ | ૭ |
| ૧૬ | કાથોડી | - | - | - | - | - | ૫ | - | ૧ | ૬ |
| ૧૭ | પારધી (કચ્છ સિવાય) | - | - | - | ૯૦ | - | ૯ | - | - | ૯૯ |
| ૧૮ | પોમલા | - | - | - | - | ૧૧ | - | ૧ | - | ૧૨ |
| ૧૯ | રાઠવા | - | - | - | - | - | ૪૨ | - | - | ૪૨ |
| ૨૦ | બિન વર્ગીકૃત | ૨૫૭ | ૧૫૩ | ૭૨ | ૧૦૬ | ૯૦૪ | ૨૨ | ૧૨૪ | ૩૨ | ૧૬૭૦ |
| ૨૧ | કુલ | ૮૭૯૭૯ | ૯૫૦૫૯ | ૬૩૮૮૪ | ૪૪૭૨૭ | ૭૭૧૪૧ | ૧૧૯૬૬૬ | ૧૦૮૫૪૮ | ૧૭૯૧૮૧ | ૭૭૬૨૧૫ |

ક્રેડ઼ે. ૧.૫

## તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર(૧૯૭૧)સુરત

| ક્રમ | જાતિનું નામ | ચોર્યાસી | ઓલપાડ | કામરેજ | માંગરોળ | માંડવી |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગામીત | ૧૭૮૫ | ૧૨૦૮ | ૩૨૩૩ | ૨૯૫૨૦ | ૧૬૨૧૦ |
| ૨ | ચૌધરી | ૨૨૭૪ | ૩૩૬ | ૭૫૬ | ૧૭૦૮૬ | ૫૭૧૮૦ |
| ૩ | દૂબળા | ૪૬૦૩૧ | ૧૯૭૦૭ | ૨૩૦૩૨ | ૩૮૬૮ | ૭૫૦૫ |
| ૪ | ભીલ | ૧૮૪૬ | ૧૦૬૩ | ૨૬૮૭ | ૩૩૩૪૦ | ૮૦૯૯ |
| ૫ | ધોડિયા | ૧૨૯૩૫ | ૧૭૩ | ૯૯૩ | ૧૪૩ | ૨૦૩ |
| ૬ | કોંકણા | ૯૩૪ | ૫ | ૨૮૬ | ૬૨ | ૩૫ |
| ૭ | નાયક-નાયકાં | ૪૬૭૮ | ૧૨૦ | ૧૦૩૪ | ૧૧૪ | ૨૭૬ |
| ૮ | કોટવાળિયા | ૨૫૧ | ૨૦ | - | ૩૩૩ | ૧૩૦૫ |
| ૯ | કોલ્ચા-ઢોર કોળી | ૪૦૮ | - | ૯૪ | ૫૧ | ૪૦ |
| ૧૦ | કાથોડી | - | - | - | ૩૫૭ | - |
| ૧૧ | રાઠવા | ૧૧૮ | - | - | ૭ | ૨૧ |
| ૧૨ | પારધી(કચ્છ સિવાય) | ૪૦ | ૧૮ | ૩ | ૧૦૬ | - |
| ૧૩ | પટેલીયા | ૧૯૪ | ૧૩ | - | ૧ | - |
| ૧૪ | ધાતકા | - | - | ૯ | ૩૪ | ૨૪ |
| ૧૫ | વારલી | ૪૩ | - | - | - | - |
| ૧૬ | ગોંડ-રાજગોંડ | ૫ | - | - | - | ૩ |
| ૧૭ | પોમલા | ૫૦ | - | - | - | - |
| ૧૮ | બાવચા | ૨૪ | - | - | - | - |
| ૧૯ | બરડા | - | - | - | ૩ | ૨ |
| ૨૦ | બિન-વર્ગીસ | ૧૧૭૫ | ૧૩૧ | ૧૪૫ | ૧૦૧ | ૧૯ |
| ૨૧ | કુલ | ૭૨૭૯૧ | ૨૨૭૯૪ | ૩૨૩૬૯ | ૮૫૧૨૨ | ૯૮૪૨૯ |

(પાછળ ચાલુ)

## તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર (૧૯૭૧) સુરત

| ક્રમ | જાતિનું નામ | સોનગઢ | ઉચ્છલ | નિઝર | વ્યારા | વાલોડ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ગામીત | ૭૩૧૧૬ | ૩૦૧૩૮ | ૧૦૫૩૩ | ૫૭૦૪૫ | ૬૫૫૫ |
| ૨ | ચૌધરી | ૮૬૧૮ | ૨૨૬ | ૨૧૩૭ | ૪૨૦૭૬ | ૧૬૭૭૬ |
| ૩ | દૂબળા | ૩૩૪ | ૧૧૩ | ૪ | ૧૭૯૯ | ૮૫૧૬ |
| ૪ | ભીલ | ૯૨૩૬ | ૯૯૪૭ | ૪૨૪૦૬ | ૪૧૭૨ | ૧૮૧ |
| ૫ | ધોડિયા | ૭૩૭ | ૪૧૨ | ૫૨ | ૮૧૪૬ | ૨૨૧૩ |
| ૬ | કોંકણા | ૧૭૦૩ | ૬૩૦ | ૧૪૩ | ૭૮૦૨ | ૨૦૪૨ |
| ૭ | નાયક-નાયકા | ૧૨૦ | ૩૪૬ | ૭૫૦ | ૮૫૫ | ૯૮૯ |
| ૮ | કોટવાળિયા | ૨૦૪૦ | ૬૪૪ | ૪ | ૨૯૧૨ | ૫૧૫ |
| ૯ | કોલચા-ઢોર કોળી | ૧૩ | – | ૯૦ | ૧ | – |
| ૧૦ | કાથોડી | ૨૨ | ૧૫૧ | ૮૬૬ | ૨૪૪ | – |
| ૧૧ | રાઠવા | ૪ | ૫ | – | – | – |
| ૧૨ | પારધી(કચ્છ સિવાય) | ૧૩ | – | – | ૨૯ | – |
| ૧૩ | પટેલીયા | – | – | – | ૧ | – |
| ૧૪ | ધાનકા | ૧૧ | – | ૫૩ | ૨૭ | – |
| ૧૫ | વારલી | ૭૭ | ૧૬ | – | ૩૦ | ૭ |
| ૧૬ | ગોંડ-રાજગોંડ | – | – | – | – | ૬૦ |
| ૧૭ | પોમલા | – | – | – | – | – |
| ૧૮ | બાવચા | – | – | – | – | – |
| ૧૯ | બરડા | – | – | – | – | – |
| ૨૦ | બિન-વર્ગીસ | ૨૨૫૬ | ૧ | – | ૫ | ૭૯ |
| ૨૧ | કુલ | ૯૮૪૨૯ | ૪૩૩૪૪ | ૫૪૪૧૬ | ૧૩૬૨૯૭ | ૩૭૯૩૩ |

(પાછળ ચાલુ)

## તાલુકાવાર જિલ્લાની કુલ આદિવાસી વસતિ જાતિવાર(૧૯૭૧) સુરત

| ક્રમ | જાતિનું નામ | બારડોલી | મહુવા | પલસાણા | કુલ વસતિ |
|---|---|---|---|---|---|
| ૧ | ગામીત | ૧૬૪૧ | ૮૯૩ | ૪૦૦ | ૨૩૨૬૭૭ |
| ૨ | ચૌધરી | ૧૫૭૬૨ | ૯૩૭૬ | ૧૦૧૫ | ૧૮૦૬૧૫ |
| ૩ | દૂબળા | ૩૯૪૩૦ | ૭૭૮૯ | ૨૦૯૮૪ | ૧૭૯૧૧૨ |
| ૪ | ભીલ | ૧૯૩૮ | ૮૯ | ૫૦૮ | ૧૧૫૫૧૨ |
| ૫ | ધોડિયા | ૧૦૨૧ | ૩૮૭૨૩ | ૪૮૦ | ૬૬૨૩૧ |
| ૬ | કૌંકણા | ૬૪૫ | ૬૪૫ | ૨૫૧ | ૧૭૧૮૩ |
| ૭ | નાયક-નાયકા | ૧૫૦૮ | ૫૮૨૫ | ૬૦૧ | ૧૭૬૧૬ |
| ૮ | કોટવાળિયા | ૧૩૧ | ૩૨૦ | ૧૦ | ૮૪૮૮ |
| ૯ | કોલચા-ઢોર કોળી | ૧૬૧ | ૨૨૦૦ | ૧૯ | ૩૦૭૭ |
| ૧૦ | કાથોડી | ૧૨ | - | - | ૧૬૫૨ |
| ૧૧ | રાઠવા | ૮૭ | ૯૭ | - | ૩૩૮ |
| ૧૨ | પારધી(કચ્છ સિવાય) | - | ૯ | - | ૨૧૮ |
| ૧૩ | પટેલીયા | ૧૪ | - | ૧૦૯ | ૩૩૨ |
| ૧૪ | ધાતકા | ૧૯ | - | - | ૧૭૭ |
| ૧૫ | વારલી | - | - | - | ૧૭૩ |
| ૧૬ | ગોંડ-રાજગોંડ | ૨ | - | - | ૭૦ |
| ૧૭ | પોમલા | ૮ | - | - | ૫૮ |
| ૧૮ | બાવચા | - | - | - | ૨૪ |
| ૧૯ | બરડા | - | - | - | ૨ |
| ૨૦ | બિન-વર્ગીસ | ૧૯૪ | ૧૧ | ૧૩ | ૪૧૨૭ |
| ૨૧ | કુલ | ૬૨૫૭૩ | ૬૫૯૮૦ | ૨૪૬૯૦ | ૮૨૭૬૮૨ |

## ૧૯૮૧ની વસ્તિ મુજબ તાલુકાઓની જમીન વિસ્તાર

| ક્રમ | તાલુકો | ભૌગોલિક કુલ વિસ્તાર ચો. કિ.મી. | ચો. ખેડાણ હેઠળ | બિન ખેતી હેઠળ | કાયમી ગૌચર જમીનો | જંગલ વિસ્તાર |
|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | ૪૬૬૦૫.૭૯ | ૩૪૫૪૨.૭૦ | ૬૫૧૫.૧૬ | ૪૭૯૭.૧૬ | ૨૫૪.૦૦ |
| ૨. | ચીખલી | ૫૭૩૪૨.૩૬ | ૪૯૭૫૧.૮૪ | ૪૪૯૧.૬૧ | ૧૮૯૫.૬૧ | ૧૨૦૩.૦૦ |
| ૩. | ધરમપુર | ૧૧૩૪૩૧.૫૨ | ૫૬૫૫૪.૩૬ | ૨૪૦૮૫.૮૫ | ૧૨૭૨૫૮.૩૨ | ૭૦૫૩૨.૯૯ |
| ૪. | મહુવા | ૩૫૪૦૧.૦૦ | ૩૦૪૬૭.૦૦ | ૩૨૨૯.૪૦ | ૨૮૧૭.૦૯ | ૨૧૧૭.૦૦ |

પ્રાપ્તિસ્થાન :- વલસાડ-સુરત જિલ્લાઓના સેન્સસ ૧૯૮૧.

## ૧૯૭૧ થી ૧૯૮૧ના દાયકાનો વસતિ વધારો અને અનુસૂચિત જાતિ : અનુસૂચિત જનજાતિ (ટકામાં) ૨.૭

| ક્રમ | તાલુકો | કુલ વસતિ | | દાયકાનો વસતિ વધારો | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૧ | ૧૯૮૧ | | અનુસૂચિત જાતિ | અનુસૂચિતજનજાતિ | અનુસૂચિત જાતિ | અનુસૂચિત જનજાતિ |
| ૧. | વલસાડ | ૨૨૩૦૮૪ | ૨૭૮૦૩૩ | ૨૪.૬૩ | ૩.૨૮ | ૩૯.૪૪ | ૩.૩૬ | ૩૯.૧૦ |
| ૨. | ચીખલી | ૧૭૬૦૮૯ | ૨૧૪૧૨૮ | ૨૧.૬૦ | ૨.૬૩ | ૬૭.૯૭ | ૨.૭૬ | ૬૯.૦૭ |
| ૩. | ધરમપુર | ૧૯૩૭૧૧ | ૨૩૭૦૭૩ | ૨૨.૫૫ | ૦.૬૩ | ૯૨.૮૩ | ૦.૫૭ | ૯૩.૯૬ |
| ૪. | મહુવા | ૮૨૦૪૯ | ૧૦૪૨૪૧ | ૨૭.૦૫ | ૨.૧૦ | ૮૦.૪૨ | ૨.૨૨ | ૮૨.૪૨ |

## ૧૯૭૧ થી ૧૯૮૧ના ગાળા દરમિયાન તાલુકામાં શૈક્ષણિક સંસ્થાઓ

| ક્રમ | તાલુકો | પ્રાથમિક શાળા | | માધ્યમિક શાળા | | ઉચ્ચતર માધ્યમિક | | ઉચ્ચ શિક્ષણ | | અન્ય પ્રૌઢ શિક્ષણ | | ઔદ્યોગિક કે તાલીમ શા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૭૧ | ૧૯૮૧ | ૧૯૭૧ | ૧૯૮૧ |
| ૧. | વલસાડ | ૧૨૯ | ૧૬૮ | ૧૮ | ૨૧ | ૨ | ૨ | ૧ | ૧ | ૨ | ૧૧૬ | ૩ | ૧ |
| ૨. | ચીખલી | ૧૨૪ | ૨૨૮ | ૧૪ | ૨૧ | – | ૬ | ૧ | ૧ | ૧ | ૧૯૬ | ૭ | ૧૧ |
| ૩. | ધરમપુર | ૨૧૧ | ૨૬૨ | ૬ | ૭ | – | ૨ | – | ૧ | ૧૩ | ૯૮<br>અન્ય ૫ | ૬ | ૪ |
| ૪. | મહુવા | | ૧૦૪ | | ૭ | | ૨ | | – | – | – | – | – |

ગામનો પરિચય : (મેઘવાળ)

મેઘવાળ ગામ તાલુકાના મુખ્ય મથક ધરમપુરથી દક્ષિણ-પશ્ચિમે ૭૫ કિ.મી.ને અંતરે આવેલું છે. ગામ પર જવા માટે નજીકના કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસથી સવારે ૯ વાગે માત્ર એક ટાઈમ બસની સુવિધા શિયાળે ઉનાળે છે. ચોમાસે નજીકના ગામ મસાર સુધી પગપાળા ચાલીને જવું પડે છે. તાલુકા મથક ધરમપુરથી આ ગામ જવા સીધી કોઈ બસની સુવિધા નથી. તાલુકા મથકેથી ખૂબ જ ઉંડાણના વિસ્તારમાં ગામ વસેલું છે.

ગામનો કુલ વિસ્તાર ત્રણ ચોરસ માઈલનો છે. મેઘવાળ ગામ કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસથી ૧૦ કિ.મી.ને અંતરે આવેલું છે. ગામની સરહદે ઉત્તરે મસાર, દક્ષિણે પીંપપાડા, પશ્ચિમે લુવેરી અને પૂર્વમાં કુડાચ ગામ આવેલું છે. દાયકા-બેદાયકા પહેલાં ગામની આજુબાજુ ગીચ જંગલ હતું. પરંતુ હાલમાં જંગલ સાફ થઈ ગયું છે. ગામની દક્ષિણે દમણગંગા નદી વહે છે. જેનો ઉપયોગ ખાડીપાડા ફળિયાના અને બીજા લોકો ખેતીની સિંચાઈ માટેના ઉપયોગમાં લે છે. દમણગંગા નહેરના પાણીનો લાભ જોઈએ તેટલો ગામની ખેતીને મળતો નથી.

ગામની નજીકનું રેલ્વે સ્ટેશન વાપી ૩૦ કિ.મી. દૂર છે. પોલીસ સ્ટેશન મોટા પોંઢા ૧૫ કિ.મી. દૂર આવેલું છે. ગામની સૌથી નજીક સેલવાસ ૧૦ કિ.મી. અને વાપી ૩૦ કિ.મી. દૂર છે. ગામના લોકો ખેત ઉત્પાદન- વેચાણ અને જરૂરિયાતો આ નજીકના સેલવાસથી કરે છે. ગામમાં સસ્તા અનાજની દુકાન છે. ગામમાં લોકો દૈનિક જરૂરિયાતો ગામની બે દુકાનોએથી કરે છે. ગામમાં ટપાલની વ્યવસ્થા છે. ગામમાં ધિરાણ મંડળી છે. કોઈપણ જાતનું દવાખાનું ગામમાં નથી. તે માટે નજીક સેલવાસ જવું પડે છે.

ગામમાં આંગણવાડી, ૧ થી ૫ ધોરણની શાળા છે. આગળ અભ્યાસ માટે દમણ, વલસાડમાં કોલેજ જવું પડે. કેટલાક સેલવાસ પણ જાય છે.

ગામમાં પીવાના પાણી માટે ૧૦ કુવા છે. જેમાં બે કુવા સરકારી અને આઠ ખાનગી છે. આ કુવાઓનો સિંચાઈ માટે ઉપયોગ થઈ શકે તેમ નથી. ગામમાં ધોડિયા ઉપરાંત કૌંકણા અને વારલી જાતિની વસતિ વસે છે. ધોડિયાઓ પાસે જમીન મિલકત વધુ છે. કેટલાક કુંકણા કુટુંબો પણ જમીન સારી એવી ધરાવે છે. વારલી લોકોની સ્થિતિ વધુ સારી જોવા મળતી નથી.

ગામની અન્ય સુવિધાઓમાં બે ખાનગી ઘંટી ઓઈલ એન્જીનથી બે ધોડિયા પટેલો ચલાવે છે. ગામમાં લાઈટ માટેની લાઈનો નંખાઈ ગઈ છે પરંતુ હજુ કનેકશન મળ્યું નથી. માત્ર ફીટીંગ થયેલું જોવા મળે છે. હાલમાં ગામ ગૃપ પંચાયત હેઠળ છે. જેમાં મેઘવાળ, ફતેપુર, અપરણા, વારલી જંગલ એમ ચાર ગામોનો સમાવેશ થાય છે. તલાટી છેક વલસાડ રહે છે. ૧૦ કે ૧૫ દિવસે એકાદ વખત આવે છે.

<u>ગામનો પરિચય : (કાકડવેલ)</u>

કાકડવેલ ગામ તાલુકાના મુખ્ય મથક ચીખલીથી ઉત્તર પશ્ચિમે ૧૪ માઈલ દૂર આવેલું છે. (૨૮ કિ.મી.) ગામ પર જવા માટે બસની સગવડ ઉનાળે-શિયાળે ઉપલબ્ધ છે. ચીખલીથી સુખાબારી જતી બસ કાકડવેલ ગામમાં થઈને પસાર થાય છે. પરંતુ ચોમાસાના સમય દરમિયાન બસ વ્યવહાર બંધ થઈ જાય છે. બસ ચીખલીથી વેલણપુર સુધી અથવા ચીખલીથી ફળવેલ સુધી જાય છે. વેલણપુરથી ચાલીને ૨૦ કિ.મી. અને ફળવેલથી ૯ કિ.મી. પગપાળા ચાલીને કાકડવેલ જવું પડે છે.

ગામનો કુલ વિસ્તાર દોઢ ચો.માઈલનો છે. કાકડવેલ ગામ વાંસદા તાલુકાની સરહદે આવેલું છે. આ ગામથી વાંસદા ૮ કિ.મી. દૂર છે. ગામની સરહદે ઉત્તરમાં આરવણી, દક્ષિણે માંડવખડક, પૂર્વમાં સુખાબારી (વાંસદા તાલુકાનું) અને પશ્ચિમે વેલણપુર ગામ આવેલું છે. પહેલાં એટલે બે દાયકા પહેલાં ગામની આજુબાજુ ગીચ જંગલ હતું, પરંતુ હાલમાં જંગલ સાફ કરી નાખવામાં આવ્યું છે. ગામની દક્ષિણે અડધા માઈલને અંતરે કાકડવેલ-માંડવખડક વચ્ચે 'ખરેરા' નદી પસાર થાય છે.

આ ઉપરાંત ગામની ઉત્તર-પશ્ચિમે બે ઝરણાં વહે છે. જેનો ઉપયોગ ગામ લોકો ન્હાવા-ધોવા માટે કરે છે. આજુબાજુના ખેતરવાળા આ પાણીથી શિયાળે પડીની ખેતી કરે છે. જેની ઉપર એન્જીન મૂકે છે. ગામને કાકરાપાડા નહેરાના પાણીનો લાભ સિંચાઈ માટે મળ્યો નથી.

ગામની નજીકનું રેલ્વે સ્ટેશન બિલીમોરા ૨૦ માઈલ દૂર છે. પોલીસ સ્ટેશન ૧૪ માઈલ દૂર ચીખલીમાં આવેલું છે. ગામની સૌથી નજીક શહેર વાંસદા ૮ કિ.મી. દૂર છે. બીજુ ચીખલી ૨૮ કિ.મી. દૂર છે. ગામના લોકો ખેત ઉત્પાદન વેચાણ અને જરૂરિયાતો આ બંને જગ્યાએથી કરે છે. ગામમાં સહકારી મંડળી પણ છે. દૈનિક જરૂરિયાતો ગામની દુકાનેથી ખરીદે છે. ગામમાં ટપાલની વ્યવસ્થા છે. ગામમાં છ દુકાનો ૧૯૮૭માં હતી. ગામમાં દર શનિવારે હાટ ભરાય છે. હાટમાંય પણ લોકો પોતાની જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદે છે. હાટમાં ધોડિયાઓ વેપાર કે દુકાનમાં અગ્રસ્થાને હોય છે. બધો જ વ્યવહાર નાણાંમાં થતો લગભગ જોવા મળે છે. ગામમાં સહકારી મંડળી, ધિરાણ મંડળી છે. ગામમાં પશુ દવાખાનું નથી તે માટે ફળવેલ ખાતે પણ જવું પડે છે.

ગામમાં પ્રાથમિક શાળા ૧ થી ૭ છે. બાકી આગળના શિક્ષણ માટે સુખાબારી બાળકો જાય કે સીરવણ અથવા ફળવેલ જતા જોવા મળે છે. ઉચ્ચ શિક્ષણ માટે તો ચીખલી જવું પડે છે.

ગામમાં પીવાના પાણીના પાકા કુવા છે. ૧૫ જેટલા કુવાઓ પિયત માટેના છે. બાકીના ૧૦ બીજા છે. જે મોટેભાગે સ્વતંત્ર માલિકીના છે. ગામમાં કોલચા આદિઓની વસતિ છે. ધોડિયા તેમને અસ્પૃશ્ય માને છે. કૂવે પાણી ભરવા દેતા નથી.

હાલમાં ગામમાં સ્વતંત્ર પંચાયત કામ કરે છે. તેનો સરપંચ ધોડિયા પટેલ છે. ગામમાં ઓઈલ એન્જીન અને ઈલેક્ટ્રીક મોટરથી ચાલતી અનાજ દળવાની ત્રણ ઘંટી છે. ચોખા કાઢવાની મીલ પણ ગામમાં છે. માત્ર દવાખાના સિવાય સગવડો ગામમાં જોવા મળે છે.

<u>ગામનો પરિચય : (ચણવઈ)</u>

ચણવઈ ગામ વલસાડ જિલ્લાના વલસાડ તાલુકામાં આવેલું છે. વલસાડથી દક્ષિણ પૂર્વમાં ૫ કિ.મી.ને અંતરે વસેલું છે. ગામ પર જવા માટે દિવસમાં ચારથી પાંચ જેટલા બસના સમય છે. ગામ વલસાડ વાપી જતા હાઈવેથી ત્રણ કિ.મી. દૂર છે. એટલે હાઈવેથી ઉતરીને ત્રણ કિ.મી. ચાલીને જવું પડે છે. આમ છતાં ચણવઈ ગામ બે ભાગમાં વહેંચાયેલું છે. (૧) મોટા ચણવઈ (૨) નાની ચણવઈ. બંને જુદા જુદા છ જેટલા ફળિયાઓમાં વહેંચાયેલા છે. (૧) બાવન ફળિયું (૨) પારસી ફળિયું (૩) અટાર ફળિયું (૪) દૂબળા ફળિયું (૫) ભરવાડ ફળિયું અને (૬) કોળી ફળિયું. ગામમાં આ બધા ફળિયાઓમાં જવા ડામરની પાકી સડક છે. આ બધા ગામના ફળિયાઓમાં વસવાટ જોઈએ તો આા વિલ, ધોડિયા, દૂબળા, કોળી, ભરવાડ અને પારસીઓની વસતિ છે. ગામથી નજીકનું રેલ્વે સ્ટેશન વલસાડ છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ૯૩૧.૬૮ એ. ગૂં. છે. કુલ કુટુંબો ૮૭૧ અને કુલ વસતિ ૪૯૪૫ છે. ગામમાં આદિવાસી અને બિનઆદિવાસોની વસતિ છે. ગામમાં અનુસૂચિત જાતિની વસતિ પણ છે. ગામની સરહદે ઉત્તરમાં પારનેર, દક્ષિણમાં બીનવાડા, પૂર્વમાં અંજલાવ, પાથરા, પશ્ચિમમાં અતુલ ગામો આવેલા છે. ગામની દક્ષિણે પાર નદી વહે છે. જેનો ઉપયોગ ખેતીની સિંચાઈ માટે * નહેર ધ્વારા કરાય છે. ગામના લોકો ખેત ઉત્પાદનનું વેચાણ અને જીવન-જરૂરિયાતોની ચીજવસ્તુઓ નજીકના શહેર વલસાડથી કરે છે. ગામમાં લોકો દૈનિક જરૂરિયાતો ગામની ઢોડયા પટેલની દુકાનેથી જ કરે છે. ગામમાં તાર-ટપાલની સુવિધા છે. ગામમાં દૂધ સહકારી મંડળી, ધિરાણ મંડળી, સસ્તા અનાજની દુકાન, તબિબિ કેન્દ્ર- પશુ દવાખાના સહિત સુવિધાઓ છે. ગામમાં વિજળીની સુવિધા તેમજ પીવાના પાણીના કુવાની સુવિધાઓ પ્રાપ્ત છે. ગામમાં આંગણવાડી ૧ થી ૫ ધોરણની શાળા છે. આગળ અભ્યાસ માટે મોટી ચણવઈ તેમજ નજીકના વલસાડ શહેરમાં જવું પડે છે. ગામમાં ૧૯૮૧ની વસતિ મુજબ ૪૯૪૫માંથી ૧૫૫૯ પુરુષો અને ૯૭૮ સ્ત્રીઓ મળીને ૨૫૩૮ની સંખ્યા અક્ષરજ્ઞાન ધરાવતી હતી.

ગામમાં અનાવિલ, પારસી, ધોડિયા, દૂબળા, ભરવાડ, કોળી અને હરિજનોમાં સૌથી અગ્રસ્થાને સામાજિક આર્થિક રીતે અનાવિલો જોવા મળે છે. તે પછી ધોડિયા પટેલ ગામમાં આર્થિક-સામાજિક રીતે સ્થાન ધરાવતા જોવા મળે છે.

ગામનો પરિચય : (કરચેલીઆ)

કરચેલીઆ ગામ તાલુકાના મુખ્ય મથક મહુવાથી દક્ષિણે ૭ કિ.મી.ને અંતરે આવેલું તાલુકાનું સૌથી મોટું ગામ છે. ગામ પર જવા માટે ડામરની પાકી સડક છે, જેને કારણે બારેમાસ બસવ્યવહાર ચાલું રહે છે. ગામ સુરત, ચીખલી, મહુવા, નવસારી વગેરે તથા મોટા સ્થળોથી બસ વ્યવહારથી સંકળાયેલું છે એટલે જવા આવવા માટે ખૂબ સરળતાથી બસ વ્યવહાર છે. ગામ મોટું હોવાથી ઘણા બધા ફળિયાઓમાં વહેંચાયેલું છે. ગામથી નજીકનું રેલ્વે સ્ટેશન બારડોલી ૨૦ કિ.મી.ને અંતરે છે.

ગામનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧૯૮૧ની વસતિ ગણતરી મુજબ ૭૦૯.૦૯ એ. ગૂ. છે. તેમાં કુલ ૭૦૬ કુટુંબોમાં ૩૭૦૩ની વસતિ વસવાટ કરે છે. જેમાં બિનઆદિવાસીઓ માત્ર વેપાર કરનાર જોવા મળે. બાકી ગામમાં મહદઅંશે અનુસૂચિતજનજાતિની વસતિ ૧૮૩૬ની છે. જેમાં ધોડિયા જાતિની વસતિ સવિશેષ જોવા મળે છે. એ સિવાય ચૌધરી અને દૂબળાઓની વસતિ વસવાટ કરે છે. ગામમાં અનુસૂચિતજાતિની ૧૨૭ ની વસતિ છે.

ગામની સરહદે ઉત્તરમાં નળધરા, દક્ષિણમાં કહાડીયા, પૂર્વમાં વાડી અને પશ્ચિમમાં વાંસકૂઈ ગામો આવેલા છે. ગામની પૂર્વમાં (વહેળો) ઝરણું વહે છે. જેનો ઉપયોગ ગામ લોકો ન્હાવા-ધોવા અને ઢોરો માટે કરે છે. કેટલાક ખેડૂતો પોતાના ખેતરોમાં પણ ઓઈલ એન્જીન મૂકી સિંચાઈ કરે છે.

ગામના લોકો પોતાની ખેતપેદાશો કરચેલીઆ- મહુવા વગેરે જગ્યાઓએ વેચે છે. કેટલાક બારડોલી પણ વેચે છે. જીવનજરૂરતો કરચેલીઆ,

વગેરે સ્થળોએથી ખરીદે છે. સમગ્ર તાલુકાનું મોટામાં મોટું ગામ ...ગ્રામપંચાયત, તાર-ટપાલ, બજાર, આરોગ્ય કેન્દ્રો (પશુ દવાખાનું, ...જી દવાખાના), વિજળી, ધિરાણ મંડળી, દૂધ ઉત્પાદક મંડળી, ... મંડળી, બેંકો, પોલીસ સ્ટેશન, વગેરે તમામ જાતની સુવિધાઓ છે.

ગામમાં આંગણવાડી, ૧ થી ૫ ધોરણની શાળા, ૭ થી ૧૨ ...ધોરણોની શિક્ષણની સગવડ અને આશ્રમશાળાની સુવિધાઓ છે. આગળ અભ્યાસ ...માટે બારડોલી કે ચીખલી જવું પડે છે. ગામમાં ૧૯૮૧ વસતિ ગણતરી ...મુજબ ૩૭૭૩ની વસતિમાં ૧૨૩૪ પુરુષો અને ૮૯૮ સ્ત્રીઓની સંખ્યા ...મહત્વનું સ્થાન ધરાવતી હતી.

-: ૩૦:૧ :-

કોઠો – ૨.૭

## તપાસના ગામોમાં ૧૯૬૧થી ૧૯૭૧ અને ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો

| ક્રમ વિગત | કરચેલીઆ | | | | | |
|---|---|---|---|---|---|---|
| વર્ષ | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
| ૧ જમીનનું ક્ષેત્રફળ | ૭૩૧- ૩૮ | | ૭૮૭૪.૦૨ | | ૭૦૯.૦૯ | |
| ૨ કુટુંબ સંખ્યા | ૬૪૧ | | ૧૨૫૩ | | ૭૦૬ | |
| ૩ કુલ વસતિ | ૩૫૮૯ | | ૭૨૨૪ | | ૩૭૦૩ | |
| ૪ પુરુષ - સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૫ સંખ્યા | ૧૮૪૨ | ૧૭૪૭ | ૩૬૨૯ | ૩૫૯૫ | ૧૯૦૧ | ૧૮૦૨ |
| ૬ અનુસૂચિત જાતિ | ૧૮ | ૨૫ | ૫૩ | ૪૯ | ૬૨ | ૬૫ |
| ૭ અનુસૂચિતજનજાતિ | ૧૦૩૭ | ૯૫૫ | ૨૫૪૩ | ૨૬૪૦ | ૯૪૨ | ૮૯૪ |
| ૮ અક્ષરજ્ઞાન | ૯૮૮ | ૫૧૯ | ૧૮૬૩ | ૧૦૮૪ | ૧૨૩૪ | ૮૯૮ |
| ૯ કામ કરનારા | ૯૭૯ | ૫૯૯ | ૧૯૭૧ | ૬૭૪ | ૯૬૩ | ૩૭૯ |
| ૧૦ કામ નહિ કરનાર | ૮૬૩ | ૧૧૪૮ | ૧૬૫૮ | ૨૯૨૧ | ૧૪૨૦ | ૨૬૫ |
| ૧૧ પ્રાથમિક માધ્યમિક | હા | હા | હા | હા | હા | હા |
| અન્ય | હા | | હા | | હા | |
| ૧૨ તબીબી કેન્દ્ર ૧ \| ૩ બાળ કલ્યાણ ૨ \| ૪ | - | | - | | ૧- ૨- ૩ ૪ | |
| ૧૩ વિજળી | હા | | હા | | હા | |
| ૧૪ કુવા - નદી ૧- ૨ | ૧- ૨ | | ૧-૨ | | ૧-૨ | |
| ૧૫ ટપાલ-તાર હા X | હા | | હા | X | હા | X |
| ૧૬ વાહનવ્યવહાર પાકો કાચો + ૦ | + | ૦ | + | ૦ | + | ૦ |
| ૧૭ બિન પિયત | | | ૭૦૮૨ | | ૪૧ | |
| ૧૮ પિયત | | | ૧૭૮ | | ૪૦૦ | |
| ૧૯ બિનખેડાણ | | | ૪૬૮ | | ૧૧૮.૦૯ | |
| ૨૦ ગૌચર | | | ૨૩૪ | | ૩૫૦ | |
| ૨૧ જંગલ | | | – | | – | |

(પાછળ ચાલુ)

## તપાસના ગામોમાં ૧૯૬૧થી ૧૯૭૧ અને ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો ફૂ.૭

| ક્રમ | વિગત | કાકડવેલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વર્ષ | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
| ૧ | જમીનનું ક્ષેત્રફળ | ૯૪૧.૦૧ | | ૯૪૧ | | ૩૮૦.૮૨ | |
| ૨ | કુટુંબ સંખ્યા | ૧૫૫ | | ૨૦૪ | | ૫૦૫ | |
| ૩ | કુલ વસતિ | ૧૦૧૧ | | ૧૨૭૫ | | ૧૫૦૮ | |
| ૪ | પુરુષ – સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૫ | સંખ્યા | ૫૧૦ | ૫૦૧ | ૬૩૨ | ૬૪૩ | ૭૪૫ | ૭૬૩ |
| ૬ | અનુસૂચિત જાતિ | – | – | – | – | – | – |
| ૭ | અનુસૂચિતજનજાતિ | ૫૦૧ | ૪૯૦ | ૬૧૯ | ૬૨૮ | ૭૨૨ | ૭૪૫ |
| ૮ | અક્ષરજ્ઞાન | ૧૦૯ | ૨૨૫ | ૨૦૯ | ૫૨ | ૩૮૦ | ૨૧૭ |
| ૯ | કામ કરનારા | ૨૭૩ | ૨૭૧ | ૩૬૭ | ૩૭૬ | ૪૧૨ | ૪૧૪ |
| ૧૦ | કામ નહિ કરનાર | ૨૩૭ | ૨૩૦ | ૨૬૫ | ૨૬૭ | ૩૨૬ | ૩૦૧ |
| ૧૧ | પ્રાથમિક માધ્યમિક | હા | – | હા | ના | હા | ના |
| | અન્ય | – | | – | | | |
| ૧૨ | તબીબી કેન્દ્ર ૧\|૩ બાળ કલ્યાણ ૨\|૪ | – | | – | | ૧ | |
| ૧૩ | વિજળી | ના | | ના | | હા | |
| ૧૪ | કુવા–નદી ૧ – ૨ | ૨ | | ૨ | | ૧ – ૨ | |
| ૧૫ | ટપાલ–તાર હા X | હા | | હા | | હા | |
| ૧૬ | વાહનવ્યવહાર પાકો કાચો + ૦ | ૦ | | ૦ | | ૦ | |
| ૧૭ | બિન પિયત | | | ૮૫૧ | | ૩૩૭ | |
| ૧૮ | પિયત | | | ૨૬ | | ૩૦ | |
| ૧૯ | બિનખેડાણ | | | ૧૯ | | ૨૦ | |
| ૨૦ | ગૌચર | | | ૪૫ | | ૨ | |
| ૨૧ | જંગલ | | | – | | – | |

(પાછળ ચાલુ)

## તપાસના ગામોમાં ૧૯૬૧થી ૧૯૭૧ અને ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો ૧.૯

| ક્રમ | વિગત | ચણવઈ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વર્ષ | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
| ૧ | જમીનનું ક્ષેત્રફળ | ૨૨૨૭.૨૧ | | ૨૩૦૧.૩૪ | | ૯૩૧.૬૮ | |
| ૨ | કુટુંબ સંખ્યા | ૫૦૫ | | ૬૧૬ | | ૮૭૧ | |
| ૩ | કુલ વસતિ | ૨૬૮૪ | | ૩૭૧૮ | | ૪૯૪૫ | |
| ૪ | પુરુષ – સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૫ | સંખ્યા | ૧૩૩૮ | ૧૩૪૬ | ૧૮૫૪ | ૧૮૬૪ | ૨૪૪૨ | ૨૫૦૩ |
| ૬ | અનુસૂચિત જાતિ | ૯ | ૨૨ | ૪૨ | ૪૬ | ૬૦ | ૬૧ |
| ૭ | અનુસૂચિતજનજાતિ | ૧૦૩૭ | ૧૦૩૫ | ૧૩૬૦ | ૧૩૭૮ | ૧૬૮૬ | ૧૭૩૯ |
| ૮ | અક્ષરજ્ઞાન | ૪૮૦ | ૧૯૦ | ૭૧૪ | ૩૧૬ | ૧૫૫૯ | ૯૭૮ |
| ૯ | કામ કરનારા | ૬૯૮ | ૪૪૩ | ૯૯૫ | ૨૩૫ | ૧૩૫૮ | ૪૫૪ |
| ૧૦ | કામ નહિ કરનાર | ૬૪૦ | ૯૦૩ | ૮૫૯ | ૧૬૨૯ | ૧૦૭૬ | ૧૮૮૪ |
| ૧૧ | પ્રાથમિક માધ્યમિક | હા | – | હા | – | હા | હા |
| | અન્ય | – | | – | | | |
| ૧૨ | તબીબી કેન્દ્ર ૧\|૩ બાળ કલ્યાણ ૨\|૪ | ૧ – ૨ | | ૧ – ૨ | | ૧ – ૨ | |
| ૧૩ | વિજળી | – | | હા | | હા | |
| ૧૪ | કુવા–નદી ૧ – ૨ | – | | – | | ૧ | |
| ૧૫ | ટપાલ–તાર હા X | હા | | હા | | હા | X |
| ૧૬ | વાહનવ્યવહાર પાકો કાચો + o | o | | o | | + | o |
| ૧૭ | બિન પિયત | | | | | ૧૯૦૯ | ૫૬૯ |
| ૧૮ | પિયત | | | | | ૪૧ | ૪૬૬ |
| ૧૯ | બિનખેડાણ | | | | | ૩૧૦ | ૯૭.૬૮ |
| ૨૦ | ગૌચર | | | | | ૪૧ | ૪ |
| ૨૧ | જંગલ | | | | | – | – |

(પાછળ ચાલુ)

## તપાસના ગામોમાં ૧૯૬૧થી ૧૯૭૧ અને ૧૯૮૧ના બે દાયકાઓમાં નોંધાયેલ આંકડાકીય ફેરફારો ૧.૭

| ક્રમ | વિગત | મેઘવાળ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | વર્ષ | ૧૯૬૧ | | ૧૯૭૧ | | ૧૯૮૧ | |
| ૧ | જમીનનું ક્ષેત્રફળ | ૧૭૮૭.૩૨ | | ૧૬૦૨.૩૧ | | ૬૪૮.૬૨ | |
| ૨ | કુટુંબ સંખ્યા | ૧૫૫ | | ૧૯૩ | | ૨૫૬ | |
| ૩ | કુલ વસતિ | ૧૦૩૨ | | ૧૨૨૪ | | ૧૫૭૭ | |
| ૪ | પુરુષ - સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૫ | સંખ્યા | ૫૧૭ | ૫૧૫ | ૬૩૫ | ૫૮૯ | ૭૯૫ | ૭૮૨ |
| ૬ | અનુસૂચિત જાતિ | – | – | – | – | – | – |
| ૭ | અનુસૂચિતજનજાતિ | ૫૧૬ | ૫૧૩ | ૬૩૫ | ૫૮૯ | ૭૯૫ | ૭૮૨ |
| ૮ | અક્ષરજ્ઞાન | ૨૭ | – | ૮૪ | ૭ | ૯૯ | ૧૬ |
| ૯ | કામ કરનારા | ૨૭૨ | ૧૨૨ | ૩૫૮ | ૭ | ૪૩૮ | – |
| ૧૦ | કામ નહિ કરનાર | ૨૪૫ | ૩૯૩ | ૨૭૭ | ૫૮૨ | ૩૫૭ | ૩૫૬ |
| ૧૧ | પ્રાથમિક-માધ્યમિક | હા | – | હા | – | હા | – |
| | અન્ય | – | | – | | – | |
| ૧૨ | તબીબી કેન્દ્ર ૧ \| ૩<br>બાળ કલ્યાણ ૨ \| ૪ | – | | – | | – | |
| ૧૩ | વિજળી | – | | – | | – | |
| ૧૪ | કુવા-નદી<br>૧ - ૨ | ૨ | | ૨ | | ૧ - ૨ | |
| ૧૫ | ટપાલ- તાર<br>હા X | ના | | ના | | હા | |
| ૧૬ | વાહનવ્યવહાર<br>પાકો કાચો<br>+ ૦ | ૦ | | ૦ | | ૦ | |
| ૧૭ | બિન પિયત | | | ૧૦૨૧ | | ૪૬૧ | |
| ૧૮ | પિયત | | | – | | – | |
| ૧૯ | બિનખેડાણ | | | ૭ | | ૨ | |
| ૨૦ | ગૌચર | X | | ૧૭૨ | | ૨૨ | |
| ૨૧ | જંગલ | | | ૪૦૩ | | ૧૬૩ | |

## જાતિવાર સાક્ષરતા ( ટકામાં ) ૨.૯

| ક્રમ | વિસ્તાર-ગામ | ૧૯૬૧ પુરુષો | ૧૯૬૧ સ્ત્રી | ૧૯૬૧ કુલ | ૧૯૭૧ પુરુષો | ૧૯૭૧ સ્ત્રી | ૧૯૭૧ કુલ | ૧૯૮૧ પુરુષો | ૧૯૮૧ સ્ત્રી | ૧૯૮૧ કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ૪૧.૧૩ | ૧૯.૧૦ | ૩૦.૪૫ | ૪૬.૧૧ | ૨૪.૭૫ | ૩૫.૭૯ | ૫૪.૪૪ | ૩૨.૩૦ | ૪૩.૭૦ |
| ૨ | સુરત | | | | ૪૭.૯૯ | ૩૦.૩૧ | ૩૯.૩૯ | ૫૪.૯૯ | ૩૭.૭૮ | ૪૬.૭૩ |
| ૩ | વલસાડ | ૪૪.૩૬ | ૨૪.૨૬ | ૩૪.૩૫ | ૪૬.૪૪ | ૨૮.૬૮ | ૧૪.૩૨ | ૫૫.૭૪ | ૩૭.૯૯ | ૪૬.૯૫ |
| ૪ | આદિવાસી | ૧૯.૦૬ | ૪.૦૯ | ૧૧.૬૯ | ૨૧.૮૩ | ૬.૧૫ | ૧૪.૧૨ | ૩૦.૪૧ | ૧૧.૬૪ | ૨૧.૧૫ |
| ૫ | મહુવા | ૪૩.૦૦ | ૨૦.૮૫ | ૩૧.૯૦ | ૪૮.૧૫ | ૨૮.૦૮ | ૩૮.૦૮ | ૫૪.૨૧ | ૩૫.૮૧ | ૪૫.૦૭ |
| ૬ | ચીખલી | ૪૦.૪૮ | ૧૯.૨૬ | ૨૯.૬૬ | ૪૪.૩૧ | ૨૫.૧૪ | ૩૪.૬૦ | ૫૫.૭૨ | ૩૭.૦૩ | ૪૬.૨૩ |
| ૭ | વલસાડ | ૫૨.૭૪ | ૨૭.૦૦ | ૨૯.૮૬ | ૫૭.૫૨ | ૩૬.૫૮ | ૪૭.૧૭ | ૫૪.૨૭ | ૪૯.૭૮ | ૫૨.૦૬ |
| ૮ | ધરમપુર | ૧૫.૮૬ | ૪.૪૯ | ૧૦.૨૮ | ૧૭.૮૫ | ૬.૭૩ | ૧૨.૩૭ | ૨૬.૩૨ | ૧૩.૦૨ | ૧૯.૭૦ |

નોંધ :-(ઉપરોક્ત કોઠો પાછળ ચાલુ છે.)

આગળના પાન ઉપરનો કોઠો ચાલુ છે-

| ક્રમ | વિસ્તાર-ગામ | ૧૯૬૧ | | | ૧૯૭૧ | | | [illegible] | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | સ્ત્રી | કુલ | પુરુષો | [illegible] | [illegible] |
| ૯ | કરચેલીઆ | ૫૩.૬૪ | ૨૭.૭૧ | ૪૧.૯૯ | ૫૧.૩૪ | ૩૦.૧૫ | ૪૦.૭૯ | ૬૪.૯૧ | ૪૯.૮૩ | ૫૭.૫૭ |
| ૧૦ | કાકડવેલ | ૨૧.૩૭ | ૪.૯૯ | ૧૩.૨૫ | ૩૨.૦૭ | ૮.૦૯ | ૨૦.૪૭ | ૫૧.૦૧ | ૨૮.૪૪ | ૩૯.૫૯ |
| ૧૧ | ચણવઈ | ૩૫.૮૭ | ૧૪.૧૨ | ૨૪.૯૬ | ૩૮.૫૧ | ૧૬.૯૫ | ૨૭.૭૦ | ૬૩.૭૬ | ૩૯.૦૭ | ૫૧.૨૬ |
| ૧૨ | મેધવાળ | ૫.૨૨ | – | ૨.૬૨ | ૧૩.૨૩ | ૧.૧૯ | ૭.૪૩ | ૧૨.૪૫ | ૨.૦૫ | ૭.૨૬ |
| ૧૩ | ધોડિયાજાતિ | ૩૭.૦૨ | ૧૦.૮૫ | ૨૩.૯૪ | ૪૩.૪૫ | ૧૮.૯૦ | ૩૧.૯૪ | – | – | – |
| ૧૪ | આ.દિ.અક્ષરજ્ઞાન વલસાડ | – | – | – | ૨૭.૧૦ | ૯.૯૩ | ૧૮.૫૫ | ૩૭.૫૧ | ૧૮.૭૮ | ૨૮.૧૫ |
| ૧૫ | આ.દિ. સુરત | ૨૨.૦૯ | ૫.૦૯ | ૧૪.૧૨ | ૨૫.૧૫ | ૮.૮૭ | ૧૭.૧૦ | ૨૩.૩૫ | ૧૫.૪૦ | ૨૩.૬૪ |

તપાસ હેઠળના વલસાડ જિલ્લાના ત્રણ (૧) કાકડવેલ-ચીખલી તાલુકો (૨) ચણવઈ- વલસાડ તાલુકો (૩) મેઘવાળ-ધરમપુર તાલુકો અને સુરત જિલ્લાનું એક કરચેલીઆ મહુવા તાલુકાનું એમ ચારેય ગામોનો છેલ્લા ૧૯૬૧- ૧૯૭૧ અને ૧૯૮૧ના વર્ષોના વસતિ ગણતરી અહેવાલ પ્રમાણે આંકડાકીય માહિતી અને પ્રાથમિક સુવિધાઓમાં જે ફેરફારો જોવા મળ્યા હતા તે કોઠા નં. ૧-૭માં દર્શાવ્યા પ્રમાણે વર્ષવાર વિગતવાર નોંધાયા હતા. આ ફેરફારો નોંધાયા હતા જેમાં ઘણી જગ્યાએ જમીનનું ક્ષેત્રફળ, કુટુંબ સંખ્યા કે કુલ વસતિમાં જે વધારો કે ઘટાડો નોંધાયો છે જેમાં મુખ્યત્વે કરચેલીઆ ગામમાં જમીનમાં, કુટુંબ સંખ્યામાં અને વસતિમાં જે ઘટાડો નોંધાયો છે એ ગામમાંથી અમુક કળિયા ઓછા થવાથી નોંધાયો છે અને જમીનમાં બીજા ગામોમાં જમીન ક્ષેત્રફળ ૧૯૮૧માં હેકટરમાં હોવાથી એ ઘટાડો જોવા મળે છે. એ સિવાય જોઈએ તો તપાસના કરચેલીઆ અને ચણવઈ ગામોમાં અનુસૂચિત જાતિનો વસવાટ છે. બાકીના કાકડવેલ-મેઘવાળ ગામોમાં માત્ર આદિવાસી જાતિની જ વસતિ જોવા મળે છે. એ સિવાય જાતિવાર સંખ્યા, કામ કરનારા, કામ નહિ કરનારા અને અક્ષરજ્ઞાન ધરાવનારની પણ જાતિવાર સંખ્યા કોઠામાં આપવામાં આવી છે. ઉપરાંત શૈક્ષણિક સુવિધાઓ, આરોગ્ય વિષયક માહિતી, વિજળી, કુવા, ટપાલ-તાર, વાહન-વ્યવહાર અને જમીન વિષયક માહિતી આપવામાં આવી છે. જેની વિગતો આપવામાં માત્ર ૧૯૬૧ની ગણતરીની અપ્રાપ્ય હોઈ થોડી નોંધાઈ નથી.

એ રીતે કોઠા ૨.૧૦માં ૧૯૬૧, ૧૯૭૧ અને ૧૯૮૧માં સ્ત્રી-પુરુષવાર કુલ કેટલો સાક્ષરતા આંક (ટકામાં) ગુજરાત, વલસાડ, સુરત, ગુજરાતના કુલ આદિવાસીઓમાં, તપાસના મહુવા, વલસાડ, ધરમપુર, ચીખલી તાલુકાઓમાં અને કરચેલીઆ, કાકડવેલ, ચણવઈ, મેઘવાળ ગામોમાં ઉપરાંત વલસાડ-સુરત જિલ્લાના આદિવાસીઓમાં અને ધોડિયા જાતિનો સમગ્ર ગુજરાતમાં નોંધાયા પામ્યો છે તે આપ્યો છે.

## ભૌતિક સંસ્કૃતિ - ૨

**ઐતિહાસિક ભૂમિકા :-**

કરચેલીયા, કાકડવેલ, ચણવઈ અને મેઘવાળ એ તપાસના બધા ગામોમાં ધોડિયા જાતિ મુખ્ય વસતિ તરીકે વસવાટ કરે છે. પરંતુ તેઓ ગામમાં ક્યાંથી આવીને વસ્યા તે અંગે કોઈ ચોકકસ માહિતી મળતી નથી. ઉપરાંત ગામમાં તેઓનું કયું કુટુંબ આવીને વસ્યું તે વિશે કોઈ સ્પષ્ટ માહિતી મળતી નથી.

ધોડિયા જાતિના નામ વિશે ચોકકસ કહેવું મુશ્કેલ છે. આમ છતાં કેટલાક તર્કો ધોડિયા જાતિ વિષે કરવામાં આવે છે. એક એવો મત છે કે ભીલી બોલીમાં છાપરાને ''ધુન્ડા'' કહે છે અને તેમાં રહેનાર ''ધુન્ડિયા'' અથવા ''ધોડિયા'' કહેવાયા. બીજો એવો પણ મત છે કે ''ધૂર'' એટલે ''ધૂસરી'' આ જાતિનો મુખ્ય ધંધો ખેતીનો છે એટલે તેમને ધુંસરીનો ઉપયોગ કરવો પડે છે. તે ઉપરથી ''ધૂર-ધૂરિયા-ધોડિયા'' કહેવાયા. ધોડિયા જાતિનું મૂળ યાદવોમાં પણ છે તેવું કેટલાક માને છે.

ધોડિયા જાતિ વિષે બીજો એક એવો મત છે કે મુસલમાનોના આક્રમણથી બચવા રજપૂતો જંગલો કે પહાડોમાં નાસી ગયા હતા. તેમના બે વડવાઓ ધનસિંહ અને રૂપસિંહ નામના રાજાએ નાયક જાતિની ''જમની'' નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા તેમાંથી આ પ્રજા ઉત્પન્ન થઈ તે ધોડિયા નામે ઓળખાઈ. ધના-રૂપા માલેગાંવ ધૂળિયાના હતા. એટલે ત્યાંની પ્રજા તેના જ વડવાઓના મૂળ વતન ધૂળિયા પરથી કાળક્રમે ધોડિયા કહેવાયા.

**વસતિ :-**

ગુજરાતમાં આદિવાસીઓની વસતિ મુખ્યત્વે આઠ જિલ્લાઓમાં આવેલી છે. રાજયમાં મુખ્યત્વે તેમની વસતિ દક્ષિણ ગુજરાતમાં અને પંચમહાલ જિલ્લામાં આવેલી છે. સંખ્યાની દૃષ્ટિએ આદિવાસીની સૌથી વધુ વસતિ સુરત જિલ્લામાં આવેલી છે. તે પછી સંખ્યા દૃષ્ટિએ વલસાડ પંચમહાલ, ભરુચ, વડોદરા, સાબરકાંઠા, ડાંગ, બનાસકાંઠા તેમજ કચ્છ છે.

ધોડિયા જાતિની વસતિ માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં ભારતના બીજા રાજ્યોમાં પણ પથરાયેલી છે. જેમાં મહારાષ્ટ્ર, દાદરાનગરહવેલી અને ગુજરાતનો સમાવેશ થાય છે. ભારતમાં તેમની વસતિ વર્ષાવાર જોઈએ તો ૧૯૩૧, ૧૯૪૧, ૧૯૬૧ અને ૧૯૭૧ના આંકડાઓ પ્રાપ્ય છે. જે કોઠા નં. ૨.૧ ઉપરથી જાણી શકાય છે.

ભારતમાં ધોડિયા જાતિની વસતિ વર્ષાવાર -૨.૧

| ક્રમ વર્ષ | ૧૯૩૧ | ૧૯૪૧ | ૧૯૬૧ | ૧૯૭૧ |
|---|---|---|---|---|
| ૧. | ૧૬૪૫૬૮ | ૧૪૪૮૭૦ | ૨૯૫૭૧૧ | ૩૭૮૯૭૯ |

ધોડિયા જાતિની ભારતના ત્રણ રાજ્યમાં વસતિ જોવા મળે છે. જેમાંથી ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ ગણતરી મુજબ તેમની રાજ્યવાર વસતિ નીચેના કોઠા ઉપરથી જાણી શકાય છે.

રાજ્યવાર ધોડિયા વસતિ . ૨.૨

| ક્રમ | રાજ્યનું નામ | વસતિ ૧૯૬૧ | વસતિ ૧૯૭૧ |
|---|---|---|---|
| ૧. | ગુજરાત | ૨૭૫૭૮૭ | ૩૫૮૭૭૩ |
| ૨. | મહારાષ્ટ્ર | ૧૨૦૩૭ | ૯૯૩૬ |
| ૩. | દાદરા અને નગર હવેલી | ૭૮૮૭ | ૧૦૨૭૦ |
| ૪. | કુલ | ૨૯૫૭૧૧ | ૩૭૮૯૭૯ |

આમ ધોડિયાઓની રાજ્યવાર વસતિમાં ૧૯૬૧ અને ૧૯૭૧ ની વસતિ મુજબ સૌથી વિશેષ ગુજરાત રાજ્યમાં જોવા મળે છે. મહારાષ્ટ્ર અને દાદરાનગર હવેલીના વિસ્તારોમાં પણ તેમની વસતિ પથરાયેલી છે. જે કોઠા નંબર ૨.૨ ઉપરથી જોઈ શકાય છે.

ગુજરાતમાં ધોડિયા જાતિની વસતિ વર્ષવાર ૨.૩

| [illegible] | વર્ષ | વસતિ |
|---|---|---|
| ૧ | ૧૮૯૧ | ૬૦૦૦૦ |
| ૨ | ૧૯૦૧ | ૧૦૨૪૭૯ |
| ૩ | ૧૯૨૧ | ૭૪૯૯૫ |
| ૪ | ૧૯૩૧ | ૮૨૮૦૬ |
| ૫ | ૧૯૪૧ | ૧૫૫૩૪૫ |
| ૬ | ૧૯૫૧ | ૨૦૯૪૮૦ |
| ૭ | ૧૯૬૧ | ૨૭૫૭૮૭ |
| ૮ | ૧૯૭૧ | ૩૫૮૭૮૩ |
| ૯ | ૧૯૮૧ | ૪૪૮૪૬૬ |

ધોડિયા જાતિની ગુજરાતમાં સૌથી વધુ વસતિ વલસાડ-સુરત જિલ્લાના ગ્રામ્ય-શહેરી વિસ્તારમાં સૌથી વધુ જોવા મળે છે. ધોડિયા જાતિની વસતિ ૧૯૭૧ની ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યમાં કુલ આદિવાસી વસતિમાં ૯.૬૧ ટકાની છે. ગુજરાતની આદિવાસી જાતિઓમાં ભીલ, દૂબળા પછી વસતિની દૃષ્ટિએ ત્રીજા નંબરે છે. ગુજરાતમાં જિલ્લાવાર ધોડિયા વસતિ ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ મુજબ કોઠા નંબર ૨.૪ પ્રમાણે જોવા મળે છે.

આ ઉપરાંત ગુજરાતના વલસાડ-સુરત જિલ્લાના વલસાડ, પારડી, ધરમપુર, ચીખલી, વાંસદા અને મહુવા, ચોર્યાસી તાલુકાઓમાં સૌથી વિશેષ પ્રમાણમાં પથરાયેલી જોવા મળે છે. એ સિવાય ગુજરાત રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં પણ તેમની વસતિ પથરાયેલી છે. ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ મુજબ કોઠા નંબર ૨.૭ માં દર્શાવ્યા પ્રમાણે છે.

[illegible] ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં [illegible] ધોડિયા જાતિની વસતિ નીચે મુજબ હતી. ૨.૪

| | જિલ્લો | ૧૯૬૧ | ૧૯૭૧ | |
|---|---|---|---|---|
| [illegible] | સુરત | ૨૭૪૮૩૨ | ૬૬૨૩૧ | |
| [illegible] | ડાંગ | ૫૮૩ | ૧૩૮૬ | |
| [illegible] | વડોદરા | ૧૬૮ | ૫૩૨ | |
| [illegible] | ભરુચ | ૮૮ | ૨૮૯ | |
| ૫ | પંચમહાલ | ૮ | ૬૮ | |
| ૬ | વલસાડ | – | ૨૯૦૦૯૨ | |
| ૭ | ખેડા | ૪ | ૩ | |
| ૮ | અમદાવાદ | ૭૬ | ૯૮ | |
| ૯ | કચ્છ | ૨૨ | ૧૯ | |
| ૧૦ | મહેસાણા | – | ૫૫ | |
| ૧૧ | સાબરકાંઠા | ૪ | – | |
| ૧૨ | બનાસકાંઠા | ૨ | – | |
| ૧૩ | કુલ | ૨૭૫૭૮૭ | ૩૫૮૭૭૩ | ૩૦.૦૯૮ટકાનો વસતિ વધારો |

ગુજરાત રાજ્યમાં ધોડિયા જાતિની સૌથી વધુ વસતિ વલસાડ જિલ્લામાં છે. બીજો નંબર સુરત જિલ્લાનો આવે છે. ગુજરાત રાજ્યમાં ધોડિયાઓની વસતિ કુલ ૧૨ જિલ્લાનાં કુલ ૪૮ તાલુકાઓમાં ઓછે-વત્તે અંશે પથરાયેલી છે. તેમાંય વલસાડના ૬ અને સુરતના ૨ તાલુકાઓમાં તેમની વસતિ સવિશેષ જોવા મળે છે. ગુજરાતમાં વલસાડ જિલ્લાના ચીખલી તાલુકામાં સૌથી વધારે ૭૭૮૫૭ની તેમની વસતિ ૧૯૭૧ પ્રમાણે છે જ્યારે બીજા નંબરે સુરત જિલ્લાના મહુવા તાલુકામાં તેમની સૌથી વધુ વસતિ ૩૮૭૨૩ની ૧૯૭૧ની વસતિ પ્રમાણે છે. આ બંને જિલ્લાઓમાં ૧૯૬૧ અને ૧૯૭૧ની વસતિ મુજબ તાલુકાવાર વસતિ નીચે મુજબ જોવા મળે છે.

: તાલુકાવાર વસતિ ૧૯૬૧- ૧૯૭૧ (વલસાડ જિલ્લો): ૨.૫

| | તાલુકો | ૧૯૬૧ | ૧૯૭૧ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૩૨૦૬૧ | ૪૯૪૨૪ |
| ૨ | પારડી | ૪૨૭૬૯ | ૫૯૬૧૧ |
| ૩ | ઉંમરગામ | ૧૧૦૦૨ | ૧૪૨૦૦ |
| ૪ | ગણદેવી | ૫૭૭૫ | ૯૬૭૫ |
| ૫ | નવસારી | ૨૮૭૫ | ૬૩૨૭ |
| ૬ | ચીખલી | ૬૦૩૩૧ | ૭૭૮૫૭ |
| ૭ | વાંસદા | ૨૭૯૦૮ | ૩૬૨૯૫ |
| ૮ | ધરમપુર | ૨૬૫૩૭ | ૩૬૬૦૩ |
| ૯ | કુલ | ૨૦૯૨૭૯ | ૨૯૦૦૯૨ |

: તાલુકાવાર વસતિ ૧૯૬૧- ૧૯૭૧ (સુરત જિલ્લો) : ૨.૬

| ક્રમ | તાલુકો | ૧૯૬૧ | ૧૯૭૧ |
|---|---|---|---|
| ૧ | ચોર્યાસી | ૪૭૯૭ | ૧૨૯૩૫ |
| ૨ | કામરેજ | [illegible] | ૯૯૩ |
| ૩ | ઓલપાડ | ૧૩૮ | ૧૭૩ |
| ૪ | માંગરોળ | ૬૪ | ૧૪૩ |
| ૫ | માંડવી | ૨૭ | ૨૦૩ |
| ૬ | સોનગઢ | ૨૯૩ | ૭૩૭ |
| ૭ | ઉચ્છલ | ૨૪૫ | ૪૧૨ |
| ૮ | નિઝર | ૧ | ૫૨ |
| ૯ | વ્યારા | ૫૩૪૭ | ૧૪૬ |
| ૧૦ | વાલોડ | ૧૮૭૫ | ૨૨૧૩ |
| ૧૧ | બારડોલી | ૩૮૭ | ૧૦૨૧ |
| ૧૨ | મહુવા | ૩૦૧૧૨ | ૩૮૭૨૩ |
| ૧૩ | પલસાણા | ૨૭૦ | ૪૮૦ |
| ૧૪ | કુલ | ૪૪૧૫૩ | ૬૬૨૩૧ |

ગુજરાતના જુદા જુદા જિલ્લાના તાલુકાઓમાં પણ ધોડિયા વસતિ ૧૯૬૧ અને ૧૯૭૧ના વર્ષોમાં નોંધાઈ છે.

## ધોડિયા જાતિ ૧૯૬૧- ૧૯૭૧ની વસતિ ૨.૭

| તાલુકો | ૧૯૬૧ કુલ વસતિ | ૧૯૭૧ કુલ વસતિ | જિલ્લામાં કુલ ૧૯૬૧ | જિલ્લામાં કુલ ૧૯૭૧ |
|---|---|---|---|---|
| ૧ ચીખલી | ૬૦૩૩૧ | ૭૭૮૫૭ | સુરત-વલસાડ | વલસાડ |
| ૨ ધરમપુર | ૨૬૫૩૭ | ૩૬૬૦૩ | " | " |
| ૩ વલસાડ | ૩૨૦૮૨ | ૪૮૪૨૮ | " | " |
| ૪ પારડી | ૪૨૭૬૯ | ૫૯૬૧૧ | " | " |
| ૫ ઉમરગામ | ૧૧૦૦૨ | ૧૪૨૦૦ | " | " |
| ૬ ગણદેવી | ૫૭૭૫ | ૯૬૭૫ | " | " |
| ૭ નવસારી | ૨૮૭૫ | ૬૪૨૭ | " | " |
| ૮ વાંસદા | ૨૭૯૦૮ | ૩૬૨૯૫ | " | ૨૯૭૭૯૨ |
| ૯ ચોર્યાસી | ૪૭૯૭ | ૧૨૯૩૫ | " | સુરત |
| ૧૦ ઓલપાડ | ૧૩૮ | ૧૭૩ | " | " |
| ૧૧ કામરેજ | ૫૯૭ | ૯૯૩ | " | " |
| ૧૨ માંગરોળ | ૬૪ | ૧૪૩ | " | " |
| ૧૩ માંડવી | ૨૭ | ૨૦૬ | " | " |
| ૧૪ સોનગઢ | ૨૯૩ | ૭૩૭ | " | " |
| ૧૫ ઉચ્છલ | ૨૪૫ | ૪૧૨ | " | " |
| ૧૬ નિઝર | ૧ | ૫૨ | " | " |
| ૧૭ વ્યારા | ૫૩૪૭ | ૧૨૧૪ | " | " |
| ૧૮ વાલોડ | ૧૮૭૫ | ૨૨૧૩ | " | " |
| ૧૯ બારડોલી | ૩૮૭ | ૧૦૨૧ | " | " |
| ૨૦ પલસાણા | ૨૭૦ | ૪૮૦ | " | " |
| ૨૧ મહુવા | ૩૦૧૧૨ | ૩૮૭૨૩ | ૨૫૩૪૩૨ | ૬૬૨૩૧ |
| ૨૨ અમદાવાદ | - | ૬૮ | - | અમદાવાદ |
| ૨૩ દશક્રોઈ | - | ૧૦ | - | " |
| ૨૪ વિરમગામ | - | ૨૦ | - | ૯૮ |

[illegible]ની ધોડિયા વસતિ માત્ર ગ્રામ્ય વિસ્તારની પ્રાપ્ય છે.

| | [illegible]ી | કુલ વસતિ ૧૯૬૧ | કુલ વસતિ ૧૯૭૧ | જિલ્લામાં કુલ ૧૯૬૧ | જિલ્લામાં કુલ ૧૯૭૧ |
|---|---|---|---|---|---|
| [illegible] | [illegible] | ૧૦ | ૧૪ | ભરુચ | ભરુચ |
| [illegible] | [illegible]લેશ્વર | ૬ | ૧૬૮ | '' | '' |
| [illegible] | [illegible]રોટ | – | ૧૨ | '' | '' |
| [illegible] | [illegible]જરા | – | ૨ | '' | '' |
| [illegible] | [illegible]મોદ | – | ૩૮ | '' | '' |
| [illegible] | ઝઘડિયા | – | ૭ | '' | '' |
| ૩૧ | રાજપીપળા | ૨ | ૨૯ | '' | '' |
| ૩૨ | ડેડીયાપાડા | – | ૩ | '' | '' |
| ૩૩ | સાગબારા | ૧ | ૨ | '' | '' |
| ૩૪ | વાલિયા | ૬ | ૧૪ | ૨૫ | ૨૮૯ |
| ૩૫ | ગોધરા<br>ઝાલોદ | –<br>૩ | ૬૬ | પંચમહાલ | પંચમહાલ |
| ૩૬ | દેવગઢબારિયા | – | ૨ | ૩ | ૬૮ |
| ૩૭ | નડિયાદ | – | ૩ | – | ૩ |
| ૩૮ | વડોદરા | – | ૯૩ | વડોદરા | વડોદરા |
| ૩૯ | કરજણ | – | ૧ | '' | '' |
| ૪૦ | પાદરા | ૨૩ | ૩૫ | '' | '' |
| ૪૧ | સાવલી | ૫૬ | ૩૯૫ | '' | '' |
| ૪૨ | વાઘોડિયા | – | ૪ | '' | '' |
| ૪૩ | ડભોઇ | – | ૪ | ૭૯ | ૫૩૨ |
| ૪૪ | ડાંગ | ૫૮૩ | ૧૩૮૬ | ૫૮૩ | ૧૩૮૬ |
| ૪૫ | ખેરાલુ | – | ૪૯ | મહેસાણા | મહેસાણા |
| ૪૬ | કલોલ | – | ૬ | – | ૫૫ |
| ૪૭ | મુન્દ્રા | – | ૧૮ | કચ્છ | કચ્છ |
| ૪૮ | માંડવી | ૧૮ | ૧ | '' | '' |
| ૪૯ | અબડાસા | ૨ | – | ૨૦ | ૧૯ |
| ૫૦ | ભીલોડા | ૩ | – | ૩ | – |
| ૫૧ | કુલ | ૨૫૪૧૪૫ | ૩૫૮૭૩૬ | ૨૫૪૧૪૫ | ૩૫૮૭૩૬ |

## ૧૯૬૧ થી ૧૯૭૧ના દાયકા દરમિયાનો વસતિ [illegible]

| ક્રમ | વિગત | ૧૯૬૧ કુલવસતિ | ૧૯૭૧ કુલ વસતિ | ૧૯૬૧થી૭૧ના દાયકાનો વધારો (ટકામાં) | ૧૯૬૧ કુલ આદિવાસી વસતિ | ૧૯૭૧ કુલ આદિવા. વસતિ | ૧૯૬૧થી૭૧ના દાયકાનો વધારો ટકામાં | [illegible] ધોડિયા વસતિ | [illegible] ધોડિયા વસતિ | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | ૨૦૬૩૩૫૦ | ૨૬૬૯૭૪૭૫ | ૨૯.૩૯ | ૨૭૫૪૪૪૬ | ૩૭૩૪૪૨૨ | ૩૫.૫૭ | ૨૭૫૭૮૭ | ૩૫૮૭૭૩ | ૩૦.[illegible] |
| ૨ | વલસાડ | ૧૧૩૭૮૦૧ | ૧૪૨૮૭૪૨ | ૨૫.૫૭ | ૫૯૬૮૧૫ | ૭૭૬૨૧૫ | ૩૦.૦૬ | ૨૭૪૮૩૨ | ૨૯૦૦૯૨ | ૫.૫૫ |
| ૩ | સુરત | ૧૩૧૩૮૨૩ | ૧૭૮૬૯૨૪ | ૩૬.૦૧ | ૬૨૮૧૪૪ | ૮૨૭૬૮૨ | ૩૧.૭૭ | ૪૪૨૫૩ | ૬૬૨૩૧ | ૫૦.૦૦ |
| ૪ | મહુવા | ૬૫૫૩૩ | ૮૨૦૪૯ | ૨૫.૨૦ | ૫૦૯૯૩ | ૬૫૯૮૦ | ૨૯.૩૯ | ૩૦૧૧૨ | ૩૮૭૨૩ | ૨૮.૬૦ |
| ૫ | ચીખલી | ૧૩૯૯૮૬ | ૧૭૬૦૮૯ | ૨૫.૭૯ | ૯૨૨૬૭ | ૧૧૯૬૯૬ | ૨૯.૭૩ | ૬૦૩૩૧ | ૭૭૮૫૭ | ૨૯.૦૫ |
| ૬ | વલસાડ | ૧૬૯૮૯૯ | ૨૨૩૦૮૪ | ૩૧.૩૦ | ૬૪૬૨૬ | ૮૭૯૯૭ | ૩૬.૧૬ | ૩૨૦૮૨ | ૪૯૪૨૪ | ૫૪.૦૬ |
| ૭ | ધરમપુર | ૧૫૨૬૬૯ | ૧૯૩૭૧૧ | ૨૬.૮૮ | ૧૩૬૫૩૪ | ૧૭૯૧૮૧ | ૩૧.૨૪ | ૨૬૫૩૭ | ૩૬૬૦૩ | ૩૭.૯૩ |

: ૧૯૬૧ થી ૧૯૭૧ અને ૧૯૭૧ થી ૧૯૮૧નો વસ્તિ વધારો :

| ક્રમ | વિગત | કુલ વસતિમાં | | કુલ આદિવાસી વસતિમાં | | ધોડિયાજાતિમાં વસતિ વધારો | | અનુસૂચિતજાતિમાં વ[illegible] | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૯૬૧થી ૭૧ | ૧૯૭૧થી૮૧ | ૧૯૬૧થી૭૧ | ૧૯૭૧થી ૮૧ | ૧૯૬૧થી ૭૧ | ૧૯૭૧થી ૧૯૮૧ | ૧૯૬૧થી ૭૧ | ૧૯૭૧થી ૮૧ |
| ૧ | ગુજરાત | ૨૯.૩૯ | ૨૭.૬૭ | ૩૫.૫૭ | ૨૯.૮૩ | ૩૦.૦૯ | ૨૪.૯૯ | ૩૫.૭૪ | ૩૧.૩૮ |
| ૨ | વલસાડ | ૨૫.૫૭ | ૨૪.૧૭ | ૩૦.૦૬ | ૨૪.૭૭ | ૨૯.૬૫ | - | ૨૬.૪૫ | ૨૮.૦૨ |
| ૩ | સુરત | ૩૬.૦૧ | ૩૯.૫૩ | ૩૧.૭૬ | ૨૫.૪૩ | - | - | - | ૪૩.૭૮ |
| ૪ | વલસાડ તાલુકો | ૩૧.૩૦ | ૨૪.૬૩ | ૩૬.૧૪ | ૨૩.૫૭ | ૫૪.૦૬ | - | ૨૭.૨૯ | ૨૭.૫૪ |
| ૫ | ચીખલી | ૨૫.૭૯ | ૨૧.૬૦ | ૨૯.૭૩ | ૨૩.૫૬ | ૨૯.૦૫ | - | ૧૨.૬૧ | ૨૭.૬૭ |
| ૬ | ધરમપુર | ૨૬.૪૨ | ૨૨.૮૩ | ૩૧.૨૪ | ૨૪.૩૧ | ૩૭.૯૩ | - | ૪૪.૬૭ | ૧૦.૨૪ |
| ૭ | મહુવા | ૨૫.૨૦ | ૨૭.૦૫ | ૨૯.૩૯ | ૨૭.૦૬ | ૨૮.૬૦ | - | ૭.૦૯ | ૩૪.૬૧ |

''૧૯૮૧ના ધોડિયા જાતિના આંકડા અપ્રાપ્ય છે.''

આમ ભારતના જુદા જુદા રાજ્યો, ગુજરાતના જુદા જુદા જિલ્લાઓ અને તાલુકાઓમાં ધોડિયાની વસતિ પથરાયેલી છે. જુદા જુદા ત્રણે રાજ્યમાં તેમની વસતિમાં ૧૯૩૧, ૧૯૪૧, ૧૯૬૧ અને ૧૯૭૧ માં તેમનો વસતિ વધારો નોંધાયો છે. તેવી જ રીતે ગુજરાત રાજ્યમાં ૧૯૬૧ અને ૧૯૭૧ના દાયકા દરમિયાન ૩૦.૦૯ ટકાનો વસતિ વધારો નોંધાયો છે. તેજ રીતે ૧૯૭૧થી ૧૯૮૧ના દાયકાનો વસતિ વધારો તેમની અંદાજિત વસતિ પ્રમાણે ૨૪.૯૯ ટકાનો નોંધાયો છે.

આમ જોઈએ તો ધોડિયા જાતિની વસતિ જ્યાં આદિવાસી વસતિ વધુ છે એવા વલસાડ-સુરતના આદિવાસી વસતિ ધરાવતા વિસ્તારોમાં પણ તેમની વસતિમાં સારો એવો વસતિ વધારો નોંધાયો છે. તપાસના વલસાડ સુરત જિલ્લાઓમાં અને તે જિલ્લાના મહુવા , ચીખલી, વલસાડ, ધરમપુર તાલુકાઓમાં મહદઅંશે કુલ વસતિ અને કુલ આદિવાસી વસતિની સરખામણીમાં ધોડિયા જાતિની વસતિમાં સારો એવો વસતિ વધારો નોંધાયો છે. જે કોઠા નં. ૨.૮માં જોવાથી વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાશે. કે કુલ વસતિની ટકાવારી અને કુલ આદિવાસી વસતિની ટકાવારીની સરખામણીમાં રાજ્ય કે જિલ્લા કે તાલુકાઓમાં ૧૯૬૧ અને ૧૯૭૧ની ગણતરી પ્રમાણે તેમની વસતિની ટકાવારી મહદઅંશે વધારે જોવા મળે છે.

આમ ગુજરાત રાજ્યમાં ૧૯૬૧થી ૧૯૭૧ અને ૧૯૭૩થી ૧૯૮૧ ના બે દાયકાઓ દરમિયાન ગુજરાત રાજ્યની વસતિ કુલ આદિવાસી વસતિ ધોડિયા જાતિની વસતિ અને અનુસૂચિત જાતિની વસતિમાં જે વધારો ઘટાડો નોંધાયો હતો તે કોઠા નં. ૨.૭માં દર્શાવ્યા પ્રમાણે ટકામાં વિગતવાર જોવાથી ખ્યાલ આવશે.

## પ્રકરણ - ૨

### ભૌતિક સંસ્કૃતિ

ધોડિયા જાતિમાં છેલ્લા કેટલાક વર્ષોથી પરિવર્તનની પ્રક્રિયા ધીમી ગતિએ કે કોઇ કોઇ પાસાઓમાં ઝડપથી પરિવર્તન મંદ મંદ ગતિથી થતું પરિવર્તન જોવા મળે છે. ધોડિયા જાતિની આ પરિવર્તનની પ્રક્રિયા અનેકવિધ પરિબળો ધ્વારા થતી જોવા મળે છે. મહદઅંશે પરિવર્તનની આ પ્રક્રિયા બાહ્ય પરિબળો ધ્વારા થતી જોવા મળે છે. આ પરિબળો ધ્વારા એક યા બીજી રીતે એમનામાં પરિવર્તન લાવવાનો પ્રયત્ન કર્યો છે. જેમ કે શિક્ષણ વધતી જતી સુવિધાઓ, જુદા જુદા ધર્મોની પ્રવૃત્તિઓ, તેમનામાં શરૂ થયેલી સુધારાવાદીઓની અંદર બહારની અસરો એમની સાથેનો અન્ય સંસ્કૃતિઓ સાથેનો સંપર્ક, પંચાયતી રાજ્યની પ્રવૃત્તિઓ, શહેરીકરણની સાથે સાથે ઉભા થયેલા નવા ઔધોગિકરણની અસરો, રાજ્ય સરકાર ધ્વારા હાથ ધરવામાં આવેલા તેમના વિકાસ કાર્યક્રમો, નવી સિંચાઇ યોજનાઓ, કેટલાક વર્ષોથી તેમનામાં નવી જોવા મળતી જંગલ સહકારી મંડળીઓ અને તેની પ્રવૃત્તિઓ વગેરે જેવા પરિબળોએ તેમનામાં પરિવર્તન લાવવા માટેનો મહત્વનો ભાગ ભજવે છે. આ ધીમા છતાં મકકમ ગતિના પરિવર્તનોએ તેમનામાં નવી ચેતના જાગૃતિ લાવવાનું ખુબ જ મહત્વનું કામ કર્યું છે. આ નવીન પરિબળો ધ્વારા પરિવર્તનની સાથે સાથે કેટલીક સમસ્યાઓ પણ ઉભી થઇ છે. કેટલીક નવીન પરિબળોનો વિરોધ પણ જાગ્યો છે. કેટલાક ઠેકાણે આ નવીન પરિવર્તનના પરિબળોની અસરો ઓછી હોઇ પરિવર્તનની ગતિ ધીમી કે નામ પૂરતી ચાલતી જોવા મળે તેમ છતાં આ નવીન પરિબળો ધ્વારા પરિવર્તનના સારા ખરાબ બંને પ્રકારના પરિણામો તેમનામાં જોવા મળે છે. તેમનામાં તેનાથી ફાયદો થયો છે. સાથે સાથે કેટલાક દુષણો પણ પેઠેલા જોવા મળે છે.

[illegible] :-

ઘોડિયાના ઘર સામાન્ય રીતે કાચા અને એક માળના જ હોય છે. ઘર સાગ કે ખેરના લાકડાથી બાંધવામાં આવે છે. રસાઠી વાંસની અથવા તો સાગની હોય છે. ભીંત વાંસ છાણમાટી, માટી, ઈંટ સિમેન્ટની હોય છે. ઘર ઉપર છાજ વિલાયતી નળિયા, ઘાસ (શેરડી, ડાંગર, રાઢ), પતરા, ઘાબુ વગેરે જોવા મળે છે. ઘર નીચેનું તળિયું કાચા મકાનોમાં કાચું જ હોય છે. પાકામાં સિમેન્ટ કે પથ્થરથી બનાવેલું હોય છે. ઘરો છૂટાછવાયા ઝૂમખામાં, કયાંક હરોળમાં નજીક નજીકમાં વસેલા જોવા મળે છે.

ઘર બાંધવા માટેનો કાચોમાલ જયાં ઓછુંવત્તુ જંગલ બચવા પામ્યું છે ત્યાંથી જંગલ ખાતાને પૂછ્યા વિના લઈ આવે છે. એટલે કેટલાક જંગલ ખાતામાંથી પણ મેળવે છે. જયાં જંગલ નથી ત્યાં વેચાતું લાવે છે. આમ ઘર બાંધવા માટેની સામગ્રી મહદઅંશે જંગલમાંથી મળી રહે છે કે વેચાતી લે છે. ઘર બાંધવા નજીકના સગાસંબંધીઓ કે કુટુંબીઓ એકબીજાને મદદ કરે છે. કેટલાક ગામના કે બહાર ગામના સુથારની મદદ લે છે. ઘર બાંધતા સામાન્ય ધાર્મિક વિધિ કરે છે. નવુ ઘર મહદઅંશે લગ્ન થતાં દીકરો જુદો થાય કે ભાઈ જુદો થાય ત્યારે બનાવી લે છે. તેમાં મા, બાપ, ભાઈઓ મદદ કરે છે.

ઘોડિયાના ઘરની આગળ પાછળ કેટલાક ઘરોને બારણું હોય છે. ઘરને બારી, પાકુ મકાન હોય તો જ જોવા મળે છે. ઘરની આગળ ખુલ્લો વાડો હોય છે. જેમાં માંડવો કે શાકભાજી કરે છે. માંડવા ઉપર ઉનાળે-શિયાળે ઘાસ કે ઝાડપાનના ડાખરા મૂકી રાખે છે. ઘરની બહાર ઓસરીમાં લાકડાની પાટ, પાટલી કે હિંચકો હોય છે જેથી બેસવા ઉઠવામાં મુશ્કેલી ન પડે. કેટલાક માટીનો ઓટલો બનાવી રાખે છે. પશુ બાંધવાની છાપરી ઘરની બાજુમાં જ અડોઅડ હોય છે. કેટલાક ઘર હોય છે એટલે ઢોર પણ ઘરમાં જ બાંધે છે. જેમાં ઘરમાં વાંસની ગૂંથેલી દિવાલ બનાવી દે એટલે બે ભાગ થતાં

[illegible]દા ખંડ પડી જાય છે. કેટલાક ઘરોમાં લાકડાનો માળી બનાવેલો [illegible] છે. જેમાં મહદઅંશે ખેતીવાડીના સાધનો, અનાજ અને કેટલીક [illegible]રીની ચીજવસ્તુઓ મૂકે છે.

ઘરમાં ખૂણાવાળી જગ્યાએ ખેતીવાડીના નાના ઓજારો કુહાડી, પાવડો, કોદાળી કે અન્ય મૂકી રાખે છે. મોટા સાધન ઘરની બહાર કે બાજુમાં મૂકે છે. ખૂણામાં અનાજની કોઠીઓ મૂકે છે. એક ખૂણે ચૂલો રાખે છે. ચૂલાવાળા ખૂણે કથરોટ, ક્લેડું, હાંડલી, ચાટવો, તાવડી, થાળી, વાટકા અને બાજુમાં ઘંટી હોય છે. ઘરમાં વચ્ચે સૂવા માટે હોય છે. કેટલાક નીચે સૂવે તો કેટલાક ખાટલામાં સૂવે છે. મરધા હૈ રાખવા વાંસની ટોપલીઓ ટીંગાડેલી જોવા મળે છે. કપડાં મૂકવા પેટી, ચીમની, ફાણસ વગેરે જેવા સાધનો ઘરવખરીમાં જોવા મળે છે. કેટલાક પાસે બેટરી, ટોપલા-ટોપલી, વાજિંત્ર, ખાટલા જેવા સાધનો હોય છે.

તપાસના ચાર ગામના કુલ ૨૦૦ જેટલા આવરી લીધેલા કુટુંબોના ઘરોની રચના, ઘરવખરી અને અન્ય પરિસ્થિતિ જે જોવા મળી હતી તે નીચે મુજબ હતી. તપાસમાં આવરી લીધેલા બધા જ કુટુંબોને પોતાની માલિકીનું ઘર જોવા મળ્યું હતું. તપાસના કુટુંબોમાંથી ૧૬૩ (૮૧.૫૦ ટકા) કાચા અને ૩૭ (૧૮.૫૦) ટકા પાકા ઘરોમાં વસવાટ કરતા જાણવા મળ્યા હતા. એટલે કે મોટાભાગના કુટુંબોને હજુ કાચા મકાનોમાં વસવાટ કરવો પડે છે. તપાસના કુટુંબો-માંથી સામાન્ય રીતે એક, બે, ત્રણ અને ચાર ઓરડાવાળા ઘરો જોવા મળ્યા હતા. જે તપાસના ચાર ગામના ૨૦૦ કુટુંબોમાંથી એક ઓરડા-વાળા ૩૧ (૧૫.૫૦ ટકા) અને ચાર ઓરડાવાળા માત્ર ૧૩ (૬.૫૦ ટકા) ઘરો જોવા મળ્યા હતા. ચાર ઓરડાવાળા ઘરો તપાસના કરચેલીઆ, ૯, મેઘવાળ ૩ અને ચણવઈમાંથી એક કુટુંબને જોવા મળ્યું હતું. તપાસના કુટુંબોમાંથી બે ખંડના ઘરોની સંખ્યા સૌથી વિશેષ જોવા મળી હતી. જ્યારે એક ઓરડો અને ત્રણ ઓરડા ધરાવતા ઘરોની સંખ્યા લગભગ સરખી જોવા મળી હતી.

: મકાનનો પ્રકાર અને ઓરડાની સંખ્યા દર્શાવતી [illegible]

| ક્રમ | ગામ | કાચુ | પાકુ | કુલ | ૧ ઓરડો | ૨ ઓરડા | ૩ ઓરડા | ૪ ઓરડા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કરચેલીયા | ૩૮<br>૭૬.૦૦ | ૧૨<br>૨૪.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ | ૬<br>૧૨.૦૦ | ૨૫<br>૫૦.૦૦ | ૧૦<br>૨૦.૦૦ | ૯<br>૧૮.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ |
| ૨. | કાકવેલ | ૪૮<br>૯૬.૦૦ | ૨<br>૪.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ | ૧૩<br>૨૬.૦૦ | ૩૦<br>૬૦.૦૦ | ૭<br>૧૪.૦૦ | –<br>– | ૫૦<br>૧૦૦.૦૦ |
| ૩. | ચણવઈ | ૩૯<br>૭૮.૦૦ | ૧૧<br>૨૨.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ | ૧૨<br>૨૪.૦૦ | ૩૨<br>૬૪.૦૦ | ૫<br>૧૦.૦૦ | ૧<br>૨.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ |
| ૪. | મેઘવાળ | ૩૮<br>૭૬.૦૦ | ૧૨<br>૨૪.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ | ૧૪<br>૨૮.૦૦ | ૨૪<br>૪૮.૦૦ | ૯<br>૧૮.૦૦ | ૩<br>૬.૦૦ | ૫૦<br>૧૦૦.૦૦ |
| ૫. | કુલ | ૧૬૩<br>૮૧.૫૦ | ૩૭<br>૧૮.૫૦ | ૨૦૦<br>૧૦૦.૦૦ | ૪૫<br>૨૨.૫૦ | ૧૧૧<br>૫૫.૫૦ | ૩૧<br>૧૫.૫૦ | ૧૩<br>૬.૫૦ | ૨૦૦<br>૧૦૦.૦૦ |

આમ તપાસના કુટુંબમાંથી કાચા મકાનોમાં વસવાટ કરતાં [illegible] વિશેષ જોવા મળ્યા હતા. જે કુટુંબોને પાકા મકાન હતા કુટુંબોને જમીન મિલ્કત કે નોકરી કરતા સભ્યોનો વિશેષ લાભ હતો. મેઘવાળ તપાસના ગામમાં ખેતી સાથે પરદેશ જવાથી આર્થિક લાભ વિશેષ થવાથી આવા પાકા મકાનો જાણવા મળ્યા હતા. એજ રીતે ઓરડાની વિશેષ સંખ્યા જાણવા મળી હતી. તે ગામમાં પણ ખેતી સાથે નોકરી કે પરદેશ જવાના કારણે હતી. આમ ખેતી નોકરી કે પરદેશ જવાને કારણે તેમના ઘરોને રચના કે લંબાઈ પહોળાઈમાં પણ પરિવર્તન જોવા મળ્યું હતું. બાકીના કેટલાક ઘરો પરંપરાગત રીતે બંધાયેલા કાચી હાલતવાળા, લીંપણવાળા જાણવા મળ્યા હતા. પાકા જાણવા મળેલા મકાનોની બાંધણીમાં આજે નજીકના શહેરોની અસરો જોવા મળે છે. તપાસના કુટુંબોમાંથી મકાનો પ્રકાર અને જોવા મળેલ ઓરડાઓની સંખ્યા કોઠા નં. ૨-૧૦ જોવાથી કુલ અને ગામવાર જાણવા મળશે.

તપાસના કુટુંબમાંથી વ્યકિતગત ધોરણે જે કુટુંબોએ આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરી શકયા છે તેવા ઘરો પાકા કે વધુ ઓરડાવાળા જોવા મળ્યા હતા. અને જે કુટુંબો આજે પણ આર્થિક રીતે કંગાળ જોવા મળ્યા હતા તેમના ઘરો પરંપરાગત રીતે કાચા અને ઓછા ઓરડાવાળા ક્ષેત્રકાર્ય દરમિયાન જાણવા મળ્યા હતા. કેટલાક ઘરો આજે નજીક-માંથી જંગલ સાફ થઈ જવાથી ફરીથી સમાવી શકયા ન હોય તેવા જોવા મળે છે. એટલે આર્થિક સ્થિતિ સાથે સ્થાનિક પરિસ્થિતિની પણ ઘરો ઉપર અસર છે.

દીવાલો અને છાપરા[illegible]

| ક્રમ | ગામ | વાંસ છાણ માટી | માટી | ઈંટ સિમેન્ટ | કુલ | ડાંભર, કેરડી અને ઘાસ | [illegible] | નળિયા | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | કરચેલીઆ | ૩૫ | ૧ | ૧૪ | ૫૦ | ૧૬ | ૨ | ૨૭ | ૫ | ૫૦ |
| | | ૭૦.૦૦ | ૨.૦૦ | ૨૮.૦૦ | ૧૦૦.૦૦ | ૩૨.૦૦ | ૪.૦૦ | ૫૪.૦૦ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૨. | કાકડવેલ | ૪૩ | ૬ | ૧ | ૫૦ | ૧૩ | - | ૩૭ | - | ૫૦ |
| | | ૮૬.૦૦ | ૧૨.૦૦ | ૨.૦૦ | ૧૦૦.૦૦ | ૨૬.૦૦ | | ૭૪.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૩. | ચણવઈ | ૩૫ | - | ૧૫ | ૫૦ | - | - | ૪૫ | ૫ | ૫૦ |
| | | ૭૦.૦૦ | | ૩૦.૦૦ | ૧૦૦.૦૦ | | | ૯૦.૦૦ | ૧૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪. | મેંધવાળ | ૩૮ | - | ૧૨ | ૫૦ | - | - | ૫૦ | - | ૫૦ |
| | | ૭૬.૦૦ | | ૨૪.૦૦ | ૧૦૦.૦૦ | | | ૧૦૦.૦૦ | | ૧૦૦.૦૦ |
| ૫. | કુલ | ૧૫૧ | ૭ | ૪૨ | ૨૦૦ | ૨૯ | ૨ | ૧૫૯ | ૧૦ | ૨૦૦ |
| ૬. | ટકા | ૭૫.૫૦ | ૩.૫૦ | ૨૧.૦૦ | ૧૦૦.૦૦ | ૧૪.૫૦ | ૧.૦૦ | ૭૯.૫૦ | ૫.૦૦ | ૧૦૦.૦૦ |

ધોડિયા લોકો પોતાના ઘરોની છાજ માટે અને દિવાલ માટે આજે પરિસ્થિતિ બદલાતાં જુદા જુદા પ્રકારે તેને બનાવતા જોવા મળે છે. તપાસના ચારેય ગામમાંથી દિવાલનો પ્રકાર અને છાજનો પ્રકાર જાણવા મળ્યા હતા. તે કોઠા નં. ૨-૨૨માં દર્શાવ્યા પ્રમાણે હતા. તપાસના કુલે ચાર ગામમાંથી ૨૦૦ કુટુંબોમાંથી ૧૫૧ (૭૫.૫૦ ટકા) ઘરોને વાંસ છાણમાટીની દિવાલ, ૪૨ (૨૧.૦૦ ટકા) ઘરોને માટીની દિવાલ જોવા મળી હતી. જે કુટુંબો પાસે થોડી વધુ જમીન છે અને જેના સભ્યો નોકરી કે પરદેશમાંથી થોડી વધુ આર્થિક રીતે સધ્ધરતા પ્રાપ્ત કરી શક્યા છે તેમના ઘરો પાકા છે જેની દિવાલો ઈંટ સિમેન્ટની મહદઅંશે જોવા મળી હતી.

તપાસના કુટુંબોમાંથી ઘર ઉપર વિલાયતી નળિયા, (ડાંગર, શેરડી,રાઢ) ઘાસ, પતરા વગેરેનો ઉપયોગ છાજ માટે થતો જોવા મળ્યો હતો. તપાસના ચણવઈ અને કરચેલીઆના ૧૦ કુટુંબના ઘરો ધાબાવાળા જાણવા મળ્યા હતા. બાકીના ૧૫૯ (૭૯.૦૦ ટકા) કુટુંબોના ઘરોને વિલાયતી નળિયાનું છાજ, ૨૯ (૧૪.૫૦ ટકા) કુટુંબોને (ડાંગર, શેરડી,રાઢ) ઘાસનું છાજ, ૨ (૧.૦૦ ટકા) કુટુંબોને પતરાના છાજવાળા ઘરો જોવા મળ્યા હતા. આમ તપાસના કુટુંબોમાંથી ઘરોના છાજ જે પહેલાં માત્ર ઘાસ હતું અને આજે વિલાયતી નળિયા, પતરા અને જે કુટુંબોના સભ્યો નોકરીમાં જોડાયા છે તે વળી ધાબાવાળા પાકા છાજ ધરાવે છે. ઘરના છાજમાં તપાસના મેંધવાળમાં સમગ્ર કુટુંબોના ઘરો વિલાયતી નળિયા વાપરતા જાણવા મળ્યા હતા. એજ રીતે ચણવઈ ગામના કુટુંબોમાંથી વિલાયતી નળિયા, ધાબાવાળા ઘરો જાણવા મળ્યા હતા. આમ ઘાસ, પતરાનું છાજ બંને ગામમાંથી જાણવા મળ્યું નથી. સમગ્ર તપાસના ગામોના કુટુંબોમાંથી ઘરના છાજની વિગતો કોઠા નંબર ૨-૨૨માં જોવાથી વધુ વિગતે ખ્યાલ આવશે. આમ ઘાસને બદલે દેશી નળિયા કે ધાબાવાળા મકાનો બનાવતા થયા છે. એકાદ બે કુટુંબો પતરાનું છાજ ઢાંકતા જાણવા મળ્યા. જો કે તેની પાછળ આર્થિક સ્થિતિ મહદઅંશે ભાગ

[illegible] જોવા મળી હતી. સામાજિક રીતે મોભો પણ ઘાબુ કે [illegible]ના મકાનો દર્શાવે છે જે ઘાસના છાજવાળા મકાનો વાળા [illegible]ઓનો જાણવા મળતો નથી. એટલે કેટલીકવાર ખર્ચ કરીને [illegible]વાળું ઘર કરે છે.

ધોડિયા લોકો ઘરની સાથે પશુઓને બાંધવા માટેની છાપરી [illegible] છે. કેટલાક છાપરીને બદલે રહેઠાણના ઘરમાં વાંસની દિવાલ [illegible]ની વંડ પાડી સાથે જ ઢોર બાંધે છે પરંતુ આજે જે નવીન ધાબાવાળા [illegible] દિવાલોવાળા ઘરો બાંધ્યા છે તેનાથી થોડે દૂર કોઢ કે છાપરી [illegible]વતા જોવા મળે છે.

ધોડિયા લોકો ઘર બાંધણી માટે પહેલાં છૂટથી જંગલમાંથી લાકડા લઈ આવતા હતા. આજે ઘણી જગ્યાએ જંગલ બિલકુલ કપાઈ ગયું છે. ઘણી જગ્યાએ ઓછું થઈ જવા પામ્યું છે. તેથી લાકડાની તીવ્ર તંગી વર્તાતી જાય છે. આ ઉપરાંત જંગલ અંગેના કડક કાયદાઓને કારણે પણ તેમનામાં મુશ્કેલી ઊભી થયેલી છે. આ બધી રીતે લાકડા માંઘા બન્યા. મળવા મુશ્કેલ બન્યા હોવાથી ઘર બાંધવાની લાકડાની જરૂરિયાતની ભારે મુશ્કેલીઓ તેઓ આજે અનુભવે છે એટલે આજે જે કુટુંબોની આર્થિક સ્થિતિ અતિ નબળી છે તેવા કુટુંબોના કોઈ સભ્યને જુદા ઘર બનાવવું હોય તો ઘર નાનું, નીચું અને ઓછા ખર્ચે બનાવે છે. આવા કેટલાક નબળી સ્થિતિના કુટુંબો પાસે છાજ માટેના નળિયાના પૈસા ન હોવાથી મહદઅંશે ઘાસ-પાનનું છાજ ઢાંકીને બનાવીને ચલાવે છે. પહેલાં ઘર જાતે સગા-સંબંધીઓ મળીને બનાવી લેતા હતા. આજે નજીકમાંથી કે ગામમાંથી સુથારને બોલાવી તેની મદદ લે છે. શરૂમાં દેશી નળિયા કે ઘાસથી ચલાવતા હતા. આજે વિલાયતી નળિયા કે મહદઅંશે બહારથી વેચાતા લાવીને ઘર ઉપર છાજ તરીકે ઢાંકે છે. આમ જંગલ સાફ થવાથી, શહેર નજીક હોવાથી તેમના ઘરના છાજમાં બનાવટમાં, દિવાલોમાં પરિવર્તન જોઈ શકાય છે. આજે ઘર બાંધણીમાં ખર્ચ બમણો થતો જોવા મળે છે. તેમ તેમના કહેવાથી જાણવા મળે છે.

[illegible]ના સાધનો :-

ધોડિયા લોકો પાસે કેટલાક ઘરવખરીના સાધનોની અછત [illegible] છે. કે જેઓ હજુ દૂર દૂર જંગલ નજીકના કે જંગલ વિસ્તારમાં [illegible] છે. જે લોકો શિક્ષણ મેળવી શક્યા છે કે બાહય સંપર્કમાં આવ્યા [illegible]ઓ પરંપરાગત ઘરવખરી ઉપરાંત બીજા ઘરવખરીના સાધનો કે [illegible]ોખના સાધનો રાખતા જોવા મળે છે. તપાસના કુટુંબોમાં ઘર- [illegible]ના સાધનોમાં વાસણોની સંખ્યા જુદી જુદી ધાતુની જાણવા મળી [illegible]. જેમાં એલ્યુમિનિયમ, સ્ટીલ, પિત્તળ, કાચ, માટી અન્ય (તાંબા) [illegible] કે લાકડાના વાસણો જોવા મળ્યા હતા. જેમાં પરંપરાગત રીતે માટી કે લાકડાના વાસણોની જગ્યાએ આજે બાહય સંપર્કને કારણે સ્ટીલ, એલ્યુમિનિયમ, પિત્તળના વાસણોની વપરાશ વધતી જાણવા મળે છે. જે તપાસના કુટુંબોમાંથી વાસણ સંખ્યા જાણવા મળી એ હતી તે પરથી જોઈ શકાય છે. તેમનામાં આ વાસણો આજે શહેરી સંપર્ક, હાટ મેળાના વેપારીઓ અને જે શિક્ષણ પામ્યા છે તેવા ધોડિયા કુટુંબોમાં આ નવીન ધાતુઓ આર્થિક સ્થિતિ સુધરતા વાપરતા થયા છે. તપાસમાં લીધેલા કુટુંબોમાંથી તપાસના ચાર કુટુંબોના ઘરવખરીના વાસણો જોવા મળ્યા હતા તે નીચે મુજબ હતા. ૨-૧૨

| ક્રમ | ગામ નામ | કરચેલીઆ દલભાઈ ધનાભાઈ ગરાસીયા | કાકડવેલ વજીરભાઈ શામજીભાઈ પટેલ | ચણવઈ છગનભાઈ દેવાભાઈ પટેલ | મેધવાળ મણીયાભાઈ નવલભાઈ પટેલ |
|---|---|---|---|---|---|
| ૧ | માટી | ૩ | ૫ | ૧ | ૧ |
| ૨ | એલ્યુમિનિયમ | ૨૫ | ૭ | ૫ | ૫ |
| ૩ | સ્ટીલ | ૨૫ | ૩ | ૧૫ | ૪ |
| ૪ | પિત્તળ | ૩૦ | ૫ | ૩ | ૩ |
| ૫ | કાચ | ૫ | - | ૫ | - |
| ૬ | અન્ય (તાંબા-લાકડાના) | ૨ | ૪ | - | ૧ |
| | કુલ | ૯૦ | ૨૪ | ૨૯ | ૧૪ |

નોંધ:- વાસણ સંખ્યા દર્શાવતા કોઠામાં કુટુંબના વ્યક્તિના નામ બદલ્યા છે.

તપાસના કરચેલીઆમાંથી વાસણ સંખ્યા અને બીજી જીવન જરૂરિયાત કે મોજશોખની ચીજવસ્તુઓ તપાસતા કાકડવેલ, ચણવઈ, મેઘવાળ ગામો કરતાં સૌથી વધુ સંખ્યામાં જાણવા મળી હતી. જે તે ગામના કુટુંબોની ભૌતિક વિકાસની સાક્ષી પૂરે છે. કરચેલીઆ ગામની સમૃધ્ધ ખેતી તે ગામના કુટુંબોમાંથી શિક્ષિતોની સંખ્યા આ સમૃધ્ધિ માટે આગળ પડતો ભાગ ભજવે છે. તપાસના મેઘવાળ ગામમાં સૌથી ઓછી ઘરવખરીની ચીજવસ્તુઓ જાણવા મળી હતી. તે દર્શાવે છે કે તે શહેરી વિસ્તારથી તો દૂર છે ઉપરાંત શિક્ષણની દ્રષ્ટિએ પણ બાકીના ત્રણે ગામો કરતાં ઓછી સગવડો ધરાવતું ગામ છે. જે લોકો પાસે ઘરવખરીના સાધનો મોજશોખના સાધનો છે તેઓની ખેતીવાડી મહદઅંશે સમૃધ્ધ છે કે નોકરી કરતા સભ્યોની સંખ્યા તેવા કુટુંબો ધરાવે છે. બાકીના કેટલાક કુટુંબો પાસે મોજશોખની ચીજવસ્તુઓ કે ઘરવખરી ચીજવસ્તુઓ નહીંવત કે જોવા મળી નહોતી. આવા કુટુંબો આર્થિક પરિસ્થિતિ કંગાળ હોવાને કારણે મોજશોખના સાધનો વસાવી શકયા નહોતા. ઘરવખરી પણ આવા કેટલાક કુટુંબો પાસે પૂરતી જોવા મળી નહોતી. આ લોકો કેટલાક સાધનો બીજા પડોશી કુટુંબો પાસેથી માગીને ચલાવી લેતા જાણવા મળ્યા હતા. તપાસના ચારેય ગામમાંથી કરચેલીઆમાંથી કુટુંબદીઠ સરેરાશ ૭૦ ઘરવખરીના સાધનો સૌથી વિશેષ જાણવા મળ્યા હતા. બાકીના ત્રણેય ગામમાંથી કુટુંબદીઠ સરેરાશ ૩૯,૩૮ કે ૩૫ ઘરવખરીના સાધનો જાણવા મળ્યા હતા. આમ ચારેય તપાસના ગામોના કુટુંબોની ઘરવખરીના સાધનો ગામવાર સાધનવાર કોઠા નંબર ૩.૧૩ માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યા હતા. જે વિગતવાર જોવાથી ખ્યાલ આવશે.

તપાસના કુટુંબોમાંથી નોકરી કરતા કુટુંબોમાંથી સાયકલ, મોટર સાયકલ, રેડિયો, ઘડિયાળ, પંખા, ટી.વી., ટેબલ, ખુરશી, સ્ટીલના કબાટ જેવા મોજશોખના કે જરૂરિયાતના સાધનો જોવા મળ્યા હતા જે શિક્ષણ નથી પામ્યાં કે ઓછું મેળવી શકયા છે અને નોકરી કરતા નહોતા તેવા પાસે આવા સાધનો ભાગ્યે જોવા મળ્યા હતા.

---

## પરવખરીના [illegible]

| ક્રમ | વિગત | કરચેલીઆ | કાકડવેલ | ચણવઈ | મેધવાળ | કુલ | [illegible] |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સાયકલ | ૨૭ | ૧૬ | ૫૨ | ૧૦ | ૧૦૫ | ૨.[illegible] |
| ૨ | મોટર સાયકલ | ૭ | ૩ | ૫ | – | ૧૫ | ૦.૩૦ |
| ૩ | રેડિયો | ૧૧ | ૫ | ૩૪ | ૧૩ | ૬૩ | ૧.૨૬ |
| ૪ | સીલીંગફેન | ૧૫ | – | ૧૦ | ૫ | ૨૫ | ૦.૫૦ |
| ૫ | ટયુબ-બલ્બ | ૨૬ | ૭૨ | ૬૬ | – | ૧૭૪ | ૩.૪૮ |
| ૬ | ઈસ્ત્રી સંચો | ૭ | ૧ | ૯ | – | ૧૭ | ૦.૩૪ |
| ૭ | ઘડિયાળ | ૫૨ | ૧૯ | ૫૩ | ૨૨ | ૧૪૬ | ૨.૯૨ |
| ૮ | એલાર્મ | ૪ | ૫ | ૮ | – | ૧૨ | ૦.૨૪ |
| ૯ | લાઈટર | ૫ | – | – | – | ૫ | ૦.૧૦ |
| ૧૦ | ટી.વી. | ૧ | – | – | – | ૧ | ૦.૦૨ |
| ૧૧ | ટેબલ | ૨૦ | ૧૯ | ૩૨ | ૧૨ | ૮૩ | ૧.૬૬ |
| ૧૨ | ખુરશી | ૫૨ | ૧૪ | ૬૮ | ૪૩ | ૧૭૭ | ૩.૫૪ |
| ૧૩ | ખાટલા | ૪૦ | ૧૫૦ | ૧૨૭ | ૧૫૯ | ૪૭૬ | ૯.૫૨ |

(પાછળ ચાલુ છે.)

| ક્રમ | વિગત | કસ્બેવીમાં | કાકડવડ | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | બાંકડા-પાટલી | ૨૭ | ૩૦ | ૨૧ | ૨૯ | ૧૦૭ | ૨.૧૪ |
| ૧૫ | આરામ ખુરશી | ૧૬ | ૧ | ૨૦ | ૧૧ | ૪૮ | ૦.૯૬ |
| ૧૬ | કબાટ | ૩૬ | ૧૩ | ૨૯ | ૧૪ | ૯૨ | ૧.૮૪ |
| ૧૭ | માટી | ૨૩૨ | ૨૨૨ | ૭૩ | ૭૩ | ૬૦૦ | ૧૨.૦૦ |
| ૧૮ | એલ્યુમિનિયમ | ૭૮૪ | ૩૫૫ | ૧૯૧ | ૨૮૯ | ૧૬૧૯ | ૩૨.૩૮ |
| ૧૯ | સ્ટીલ | ૯૧૧ | ૨૩૧ | ૪૩૮ | ૩૧૧ | ૧૮૯૧ | ૩૭.૮૨ |
| ૨૦ | પિત્તળ | ૬૬૮ | ૩૪૯ | ૨૨૧ | ૨૫૬ | ૧૪૯૪ | ૨૯.૮૮ |
| ૨૧ | કાચ | ૧૮૧ | ૧૪ | ૨૦૪ | ૮૫ | ૪૮૪ | ૯.૩૮ |
| ૨૨ | અન્ય | ૧૫૮ | ૧૬૧ | ૬ | ૬૬ | ૩૯૧ | ૭.૮૨ |
| ૨૩ | પ્રાયમસ | ૧૪ | ૨ | ૩૩ | ૭ | ૫૬ | ૧.૧૨ |
| ૨૪ | પેટી | ૪૨ | ૧૪ | ૫૧ | ૧૫ | ૧૨૨ | ૨.૪૪ |
| ૨૫ | બેટરી | ૭ | – | ૧૬ | ૧૦ | ૩૩ | ૦.૬૬ |
| ૨૬ | ઘંટી | ૧૮ | ૩૨ | ૧૨ | ૩૮ | ૧૦૦ | ૨.૦૦ |

(પાછળ ચાલુ છે.)

| ક્રમ | વિગત | કરચેલીઆ | કાકડવેલ | ચરણવાઈ | મેઘવાળ | કુલ | [illegible] |
|---|---|---|---|---|---|---|---|
| ૨૭ | ટોપલા-ટોપલી | ૧૩૧ | ૧૪૮ | ૬૫ | ૧૭૪ | ૫૧૮ | ૧૦.૩૬ |
| ૨૮ | ફાનસ-ચીમની | ૪૮ | ૫૭ | ૫૮ | ૬૯ | ૨૩૨ | ૪.૬૪ |
| ૨૯ | વાજિંત્ર | ૯ | – | – | ૨૧ | ૩૦ | ૦.૬૦ |
| ૩૦ | જાળ | – | – | – | ૨૨ | ૨૨ | ૦.૪૪ |
| ૩૧ | પાટલી | – | ૪૬ | ૬ | ૪૯ | ૧૦૧ | ૨.૦૨ |
| ૩૨ | કુલ | ૩૫૪૯ | ૧૯૮૪ | ૧૯૦૮ | ૧૭૯૮ | ૯૨૩૯ | ૪૬.૧૯ |
| ૩૩ | કુટુંબદીઠ | ૭૦ | ૩૯ | ૩૮ | ૩૫ | | ૪૬.૧૯ |

## તપાસેલ કુટુંબોમાં ગામવાર કુટુંબદીઠ સરેરાશ ઘરવખરીની [illegible]

| ક્રમ | વિગત કુટુંબો | કરચેલીઆ ૫૦ | કાકડવેલ ૫૦ | ચણવઈ ૫૦ | મેઘવાળ ૫૦ | કુલ ૨૦૦ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાયકલ | ૧૯૨ | ૮૯ | ૩૭૬ | ૬૯ | ૧૮૧ |
| ૨ | મોટર સાયકલ | ૧૦૨૦ | ૨૬૦ | ૭૮૦ | – | ૫૧૬ |
| ૩ | રેડિયો | ૧૨૦ | ૩૧ | ૩૦૪ | ૧૧૪ | ૧૪૨ |
| ૪ | પંખો | ૧૧૪ | – | ૯૪ | – | ૫૨ |
| ૫ | ટ્યુબ ઈસ્ત્રી, બલ્બ | ૨૮૯ | ૮ | ૫૧ | – | ૨૪ |
| ૬ | ઘડિયાળ | ૩૧૮ | ૬૧ | ૩૧૦ | ૧૨૭ | ૨૧૧ |
| ૭ | સંચો – ટેપ | – | ૧૪ | ૨૩ | – | ૯ |
| ૮ | ટેબલ | ૨૪ | ૨૨ | ૫૩ | ૧૪ | ૨૮ |
| ૯ | ખુરશી | ૪૯ | ૧૩ | ૬૧ | ૩૯ | ૪૧ |
| ૧૦ | પાટલા | ૧૩૨ | ૧૪૨ | ૮૮ | ૧૦૩ | ૧૧૬ |
| ૧૧ | બાંકડા | ૩૧ | ૬ | ૨૪ | ૨૪ | ૨૧ |
| ૧૨ | પાટલી | – | ૧૯ | ૫ | ૧૪ | ૯ |
| ૧૩ | આરામ ખુરશી | ૧૮ | ૮ | ૨૬ | ૧૩ | ૧૪ |
| ૧૪ | કબાટ | ૨૪૬ | ૧૦૯ | ૨૦૭ | ૮૪ | ૧૬૧ |

(પાછળ ચાલુ)

| ક્રમ | વિગત<br>કુટુંબો | [illegible]<br>૫૦ | [illegible]<br>[illegible] | [illegible] | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|
| ૧૫ | માટી | ૨૩ | ૨૧ | ૭ | ૭ | [illegible] |
| ૧૬ | એલ્યુમિનિયમ | ૧૯૦ | ૮૨ | ૩૬ | ૬૬ | ૯૩ |
| ૧૭ | સ્ટીલ | ૨૮૮ | ૬૫ | ૧૨૯ | ૧૦૫ | ૧૪૭ |
| ૧૮ | પિત્તળ | ૧૧ | ૧૨૯ | ૧૦૨ | ૧૨૦ | ૯૦ |
| ૧૯ | કાચ | ૨૭ | ૨ | ૧૩ | ૫ | ૧૨ |
| ૨૦ | તાંબા અન્ય | ૪૨/૩૪ | ૫૫ | ૧ | ૧૯ | ૩૮ |
| ૨૧ | પ્રાયમસ | ૧૧૧ | ૨ | ૨૯ | ૯ | ૩૭ |
| ૨૨ | પેટી | ૬૦ | ૧૧ | ૪૮ | ૧૧ | ૩૩ |
| ૨૩ | બેટરી | ૬ | – | ૬ | ૩ | ૩ |
| ૨૪ | ઘંટી | ૧૦૦ | ૨૧ | ૮ | ૨૪ | ૩૮ |
| ૨૫ | ટોપલા-ટોપલી | ૧૬ | ૧૭ | ૭ | ૨૨ | ૧૫ |
| ૨૬ | ફાનસ-ચીમની | ૭ | ૯ | ૮ | ૧૦/૧૦ | ૧૧ |
| ૨૭ | વાજિંત્ર-જાળ | ૬૭ | – | – | ૯ | ૧૯ |
| ૨૮ | લાઈટર | ૩ | – | – | – | ૦.૯૨ |
| ૨૯ | ટી.વી. | ૨૪૦ | – | – | – | ૬૦ |
| ૩૦ | કુલ | ૩૫૩૫ | ૧૨૩૦ | ૨૮૦૫ | ૧૧૫૧ | ૨૧૮૦ |

## ઘરમાં વિજળી ૨.૧૫

| ગામ | હા | ના | કુલ |
|---|---|---|---|
| કરચેલીયા | ૨૪ | ૨૬ | ૫૦ |
| | ૪૮.૦૦ | ૫૨.૦૦ | ૧૦૦.૦૦ |
| કાકડવેલ | ૩૮ | ૧૨ | ૫૦ |
| | ૭૬.૦૦ | ૨૪.૦૦ | ૧૦૦.૦૦ |
| ૩ ચણવઈ | ૪૧ | ૯ | ૫૦ |
| | ૮૨.૦૦ | ૧૮.૦૦ | ૧૦૦.૦૦ |
| ૪ મેઘવાળ | – | ૫૦ | ૫૦ |
| | | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૫ કુલ | ૧૦૩ | ૯૭ | ૨૦૦ |
| ૬ ટકા | ૫૧.૫ | ૪૮.૫ | ૧૦૦.૦૦ |

તપાસના ગામોમાંથી જે ગામો શહેરી વિસ્તારની નજીક છે તેવા કરચેલીયા અને ચણવઈમાં પ્રાયમસ, કપડાં માટેની પેટી, સાયકલ, ઘડિયાળ, કબાટ જેવા જીવનજરૂરિયાતના મોજશોખના સાધનોની સંખ્યા ધરાવતા કુટુંબો અને સાધનો વિશેષ જાણવા મળ્યા હતા. આ જ ગામોમાં કેટલાક પરંપરાગત ઘરવખરીના સાધનો ઓછા થતા પણ જોવા મળ્યા હતા. જેમ કે માટી કે લાકડાના વાસણોની જગ્યાએ સ્ટીલ, પિત્તળ કે ધાતુના વાસણો જોવા મળ્યા હતા. ઘંટી, ફાનસ, ચીમની, માછલા પકડવાની જાળ, નૃત્યના વાજિંત્રો વગેરેમાંના કેટલાક સાધનો જોવા જ મળ્યા નહોતા.

ઘરવખરીના સાધનોની વિગત ગામવાર, સાધન પ્રમાણે અને કુટુંબદીઠ કોઠા નંબર૨.૧૭માં દર્શાવી છે જે જોવાથી ખ્યાલ આવશે. આ સાધનોની કિંમત કુટુંબદીઠ સરેરાશ ગામ અને સાધનવાર પણ કોઠા નંબર ૨.૧૭ માં આપવામાં આવી છે.

ધોડિયા જાતિનો સ્વભાવ :-

આ જાતિના લોકો પ્રેમાળ અને લાગણી પ્રધાન છે. અતિથિ સત્કારમાં વધુ માને છે. પ્રમાણિકતા અને સાદાઈ સ્પષ્ટ જણાઈ આવે છે. એમનામાં બીજાનું ઝૂંટવી લેવું અથવા ચોરી કરી ઉપાડી જવું એ ગુણનો લેશમાત્ર અંશ જણાતો નથી.

ધોડિયા પ્રજા મહેનતુ, રમુજી સાથે સાથે આનંદપ્રિય વધુ જણાય છે. પુરુષ અને સ્ત્રીઓના ઘરમાં સમાન દરજ્જો અને સમાન હકક હોય છે.

ભાષા :-

ધોડિયાઓની આગવી બોલી છે. જેની લિપીબધ્ધ કરેલી નથી. આ બોલી વિશે સંશોધન થયેલ ન હોવાથી તે કયા કુળની છે તે કહેવું મુશ્કેલ છે. ધોડિયા બોલીના કેટલાક શબ્દો આ પ્રમાણે છે.

| ક્રમ | ગુજરાતી | ધોડિયા બોલી |
|---|---|---|
| ૧ | માથુ | ડોયો, માથા |
| ૨ | મો | છોબડું |
| ૩ | કપાળ | નીડાળ |
| ૪ | વાળ | બાલ |
| ૫ | આંખ | ડોળા |
| ૬ | પેટ | બો[illegible]ો |
| ૭ | હાથ | સાથ |
| ૮ | પીઠ | બડો- બડા |
| ૯ | અંગુઠો | આંગઠો |
| ૧૦ | હથેલી | હાથેરી |
| ૧૧ | ખભા | ખોંભા |
| ૧૨ | કમર | કડ |
| ૧૩ | છાતી | ઠાઠી |
| ૧૪ | ગળુ | ગળા |
| ૧૫ | ઈંડા | હાળવાં |

| | ગુજરાતી | ઘોડિયા બોલી |
|---|---|---|
| [illegible] | મરચાં | મીચીલા |
| [illegible] | શાક | હાખના |
| [illegible] | બળદ | બેલો |
| [illegible] | ભેંસો | ભેહબે |
| [illegible] | ગાય | ડોબી |
| ૨૧ | વાછરડો | વાછીડો |
| ૨૨ | ઢોર | ડોબા |
| ૨૩ | વર | નવરો |
| ૨૪ | વધૂ | નવરી |
| ૨૫ | પત્ની | ડોહાડી |
| ૨૬ | પતિ | માંટીડો |
| ૨૭ | મા | આયા- આઈ |
| ૨૮ | પિતા | બાહ |
| ૨૯ | દાદા | ગઢો બાહ-બાલો |
| ૩૦ | દાદી | ગઢીઆઈ |
| ૩૧ | બેન | બહેન |
| ૩૨ | ભાઈ | ભાઓ |
| ૩૩ | બનેવી | ભાવડ |
| ૩૪ | સાસુ | હાહું |
| ૩૫ | સસરા | હહરો |
| ૩૬ | માની મોટી બહેન | વડાઈ |
| ૩૭ | માની નાની બહેન | કાધી |
| ૩૮ | બાપનો મોટો ભાઈ | વડાવો |
| ૩૯ | દિયર | દેરુ, દુહો |
| ૪૧ | ખાંડણીયો | ઉબરો |
| ૪૨ | વાસણ | બાહણે |
| ૪૩ | છે | આહે |
| ૪૪ | નથી | નાઈ આહે |

| | ગુજરાતી | ધોડિયા બોલી |
|---|---|---|
| | થાળી | ખુમચા |
| | તારું નામ | તુમણા નામકા |
| | અહીં આવ | ઈધે આવા |
| | બેસો | બેહો |
| | જાળ | જાવા |
| | સ્ત્રીની ઈન્દ્રી | નાળ |
| | પુરુષની ઈન્દ્રી | આડવો |
| ૫૨ | છોકરા | પોહો |
| ૫૩ | છોકરી | પોહી |
| ૫૪ | છોકરા-છોકરી | લોયા-લોયી |

આમ ધોડિયા લોકોની બોલી લીપીબધ્ધ નથી. માત્ર બોલીના સ્વરૂપે વ્યવહાર તેમની વચ્ચે જોવા મળે છે. તેમની બોલી ધોડિયા બોલી તરીકે ઓળખી શકાય કારણ કે ધોડિયા લોકો તેમનો અંદરોઅંદરનો વ્યવહાર તેમની ધોડિયા બોલીથી કરે છે. તેમની બોલીમાં જે લોકો મહારાષ્ટ્ર નજીકના પ્રદેશ પાસે છે તેમાં મરાઠીના ઘણા શબ્દો વપરાતા જોવા મળે છે. જે આ વિસ્તારની શિક્ષણની શાળાઓ-આશ્રમશાળાઓને કારણે નવી પેઢીમાં સારી એવી પકડ જોવા મળે છે. કેટલાક બાહય સંપર્કને કારણે પણ તેમનામાં ગુજરાતીના શબ્દોનો વપરાશ વધવા પામ્યો છે. વહોરા, વેપારીઓ, શિક્ષકો, જંગલ ખાતાના કર્મચારીઓ, તલાટીઓ વગેરેના વસવાટને કારણે પણ ગુજરાતી શબ્દોનો વપરાશ ખુબ જ વધવા પામ્યો છે, તેમ છતાં તેમના અંદરોઅંદરના વ્યવહારો ધોડિયા બોલીમાં કરે છે. તેઓ ગુજરાતી સારી એવી સમજે છે. કેટલાક બોલે પણ છે. ઊંડાણમાં હજું બાહય સંપર્ક-શિક્ષણની અસર ઓછી હોઈ ગુજરાતી બોલવામાં મુશ્કેલી પડે છે.

<u>ખોરાક-પીણાં</u> :-

ખોરાકમાં જુવાર, ડાંગર, કોદરાનો રોટલો કે ભડકુ બનાવીને ખાય છે. ચણા, અડદ, મગ, વાલ વગેરેનો દાળ-શાકમાં

ઉપયોગ કરે છે. ચોખાનો ભાત અને રોટલા બંનેમાં ઉપયોગ કરે છે. સવારે ચોખા કે કોદરાનું ભડકુ, બપોરે ચોખા કે જુવારના રોટલા દાળભાત વગેરે સાથે કઠોળ કે વાડાના શાકભાજી હોય છે. જંગલ-વિસ્તારના ઉંડાણના વિસ્તારમાં અનાજની તંગીમાં કંદમૂળ અને જંગલની ભાજીઓ અડદની દાળ સાથે બાફી વગારીને ખાય છે.

શાકાહારી ખોરાક ઉપરાંત મરઘા, બકરા, સસલા, તેતર વગેરેનું માંસ પણ ખાય છે. નદી-વહેળામાંથી માછલાં પકડીને પણ ખાવાના ઉપયોગમાં લે છે. કેટલાક કુટુંબો આજે પરિસ્થિતિ બદલાતાં પ્રમાણ ભોજન લેતા થયા છે. ચોખા-જુવાર, ઘઉંના રોટલા રોટલી ઉપરાંત ઘણા કુટુંબો નિયમિત બપોરે ભાત, દાળ, શાક, બનાવે છે. ઉત્સવ તહેવારોમાં પુરી, દૂધપાક, ભજિયાં, પાતરા, શીખંડ વગેરે પણ ખાતા થયા છે. માંસાહાર શિક્ષણ અને ધાર્મિકતાને કારણે ઘટતો ગયો છે. કેટલાકે દારુ-માંસાહાર તદન બંધ કર્યો છે. ધાર્મિકતા અને શિક્ષણે તેમનામાંથી દારુના વ્યસનને દૂર ખસેડયું છે. તેમનામાં આર્યસમાજ, મોક્ષામાર્ગ અને સનાતન જેવા ધર્મના પંથોએ આ ખાણીપીણીમાં ભારે પરિવર્તન આણ્યું છે. તેઓ ઘઉં-બાજરીનો ઉપયોગ કરતા થયા છે. કેટલાક હનુમાન, રામ, કૃષ્ણ, અંબામાતા, કારકામાતા, જલારામ જેવા દેવ-દેવીઓને પૂજતા થયા છે. જેની અસરો પણ ખાણપાણમાં થયેલી છે. બીડી તમાકુનું પ્રમાણ પણ શિક્ષિતોમાં ઓછું જોવા મળે છે. તાડી પણ તેમનામાં પીવાય છે. પરંતુ આજે ધાર્મિક પંથે અને શિક્ષણની અસરને કારણે તાડ કપાઈ જવાથી તે પ્રમાણ પણ ઓછું થવા પામ્યું છે. અત્યારે કેટલાકને ઘરે તાડીને બદલે આ પીવાય છે.

<u>પહેરવેશ અને ઘરેણાં</u> :-

ધોડિયા લોકોનું વ્યક્તિત્વ જેટલું બોલીમાં છે તેટલું જ પોશાકમાં સંકાયેલું મળે છે. ખૂબ જ સાદો પોશાક તેમનો હોય છે.

પહેલાં ત્રણ ચાર વર્ષ સુધી બાળક અર્ધનગ્ન અવસ્થામાં જ

પહેરે છે. છ-સાત વર્ષ સુધી ચડ્ડી-ખમીસ પહેરાવે આજે બાળક અઢવા ડિયું થાય એટલે ચડ્ડી-ખમીસ પહેરાવે. આજે બાળક અઠવા ડિયાનું થાય એટલે ચડ્ડી, ઝભલાં, ફ્રોક વગેરે જેવા કપડાં પહેરાવવા શરૂ કરી દે છે. કેટલાક ચાર-પાંચ વર્ષ ચડ્ડી-જર્સી, બાબાસુટ પહેરાવતા પણ થયા છે. જેઓ શિક્ષિત છે અને શહેરમાં નોકરી કરે છે. તેમના કુટુંબોમાં વિશેષ આ પોશાક પરિવર્તન છે.

પુરુષો :-

પુરુષોમાં પણ સાદો સરળ પોશાક છે. ધોતી, બંડી, ખમીસ અને માથે ટોપી કે ફાળિયું બાંધે છે. જો કે આજે યુવાનો પાયજામો, પેન્ટ-શર્ટ, ખમીસ પહેરે છે. મોટી ઉંમરના ધોતી પહેરે છે. તેમ છતાં આજે ટોપી-બંડી ઓછા દેખાય છે.

સ્ત્રીઓ :-

હાથસાળના કાળાં લૂંગડાં (સાડલા-સાડી) ચણા ચોકડા, ચાર ગોટી ખજૂર કોર વગેરે પહેરતી. તેઓ આખો કે અડધો કચ્છ મારે છે. ચોળી સાડી પહેરતી કેટલીક કાપડું પહેરતી.

આજે ઘણી ખરી સ્ત્રીઓ કચ્છ વાળીને આખા લૂંગડાં પહેરે છે. શિક્ષિત છોકરીઓ અને મોટી ઉંમરની સ્ત્રીઓ સાડી ગોળ-છૂટી પહેરે છે. ફેશનવાળાં બ્લાઉઝ નાની છોકરીઓ સ્કર્ટ, ફ્રોક કે સાડી કબજો પહેરે છે. કેટલીક આજે પંજાબી કે મીડી જેવા કપડાં શહેર નજીકના વિસ્તારોમાં પહેરતી જોવા મળે છે.

જો કે વૃધ્ધોએ જે શિક્ષિત નથી તેમને જૂનો પોશાક ધોતી-ખમીસ-ફાળિયું-ટોપી રાખ્યા છે. સ્ત્રીઓ અડધું લૂંગડું કે માથે કપડું ઓઢે છે.

પોશાકની બાબતમાં અબાલવૃધ્ધ સૌમાં પરિવર્તન છે જ તેમાં કેળવણી અને શહેરી સંપર્ક તેમજ ભદ્ર સમાજનો સંપર્ક વિશેષ ભાગ ભજવે છે. આ પોશાક પરિવર્તન યુવાન પેઢીમાં સવિશેષ જોવા મળે છે.

આઉ નાના બાળકોમાં ખાસ ઘરેણાં પહેરાવતા નહોતા. હવે કેટલાક બાળકને કેડે ચાંદીની સાંકડી-બાળકીને પગે ચાંદીના ઝાંઝર કે સાંકળા પહેરાવે છે. વૃધ્ધ પુરુષો કાનમાં સોનાની કડીઓ, હાથે બાજુમાં ચાંદીનું કડુ ને કમરે સાંકળી પહેરે છે. યુવાન પુરુષો ઘરેણાં પહેરતા નથી પરંતુ જે શિક્ષિત કે આર્થિક રીતે સ્થિતિપાત્ર છે તેવા કુટુંબના પુરુષો સોનાની વીંટી અને ગળામાં કંદોરો પહેરે છે. સ્ત્રીઓ ઘરેણાં સવિશેષ પહેરે છે. કાનમાં કુંડળ જેને વિલ્લા કહે છે. નાકમાં જડ, ગળામાં ગાંઠો-ચાંદીની સાંકળ, હાથે ચૂડીઓ કડું કે વાળા પગમાં ચાંદીના કલ્લા પહેરતી, આજે શિક્ષિત સ્ત્રીઓ કાનમાં ફૂલ કે રીંગ, નાકમાં જડ, હાથમાં પહોંચી, હાથે પ્લાસ્ટીક કે સોનાની બંગડીઓ, પગમાં સાંકડા, ચાંદીના પાતળા ઝાંઝર પહેરતી જોવા મળે છે. ભણતી છોકરીઓ કાંડા ઘડિયાળ, રબ્બર પ્લાસ્ટીકની બંગડીઓ, ચાંદી-સોનાની વીંટીઓ હાથની આંગળીએ પહેરે છે. વિધવા સ્ત્રીઓ રબ્બર કે પિત્તળની એકકે બંગડી સિવાય બીજું કંઈ પહેરતી નથી. ધોડિયા લોકોની ભૌતિક સંસ્કૃતિ જીવન પ્રણાલીમાં આતરિક કરતાં બાહ્ય પરિબળોએ પરિવર્તન લાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો છે જે તેમના ઘરોની બાંધણીમાં, ઘરવખરીના સાધનોમાં થયેલા ફેરફારોમાં કે વધારા ઉપરથી કે જીવન જરૂરિયાત ઉપરાંત મોજશોખના વધેલા સાધનો ઉપરથી જાણી શકાય છે.

આ ઉપરાંત ધોડિયા લોકોની રહેણીકરણીમાં તેમનો સ્વભાવ, ભાષા કે બોલી, ખોરાક-પીણાં, પહેરવેશ-ઘરેણાં વગેરેમાં અદભૂત પરિવર્તન છેલ્લા કેટલાક વર્ષોની તેમનામાં ચાલતી પરિવર્તનની પ્રક્રિયા-થી જોવા મળે છે. તેમની ભાષા-બોલીમાં, ખોરાક-પીણાંમાં, પહેરવેશ કે ઘરેણાંમાં પહેલાં માત્ર હાટ મેળાથી કંઈક પરિવર્તન થતું આજે નજીકના શહેરોનો પ્રભાવ, બસ સુવિધાઓ, શિક્ષણની નવી સ્થિતિએ વગેરેએ ભારે પરિવર્તન કર્યું છે.

<u>ધાર્મિક સાધનો</u> :-

ધાર્મિક સાધનોમાં પોલકી, મંજીરા, હાર્મોનિયમ, તુર જેવા સાધનો જોવા મળે છે. તેમના ઉપર હિંદુ ધર્મ અને મોક્ષામાર્ગી, આર્ય સમાજ ધર્મોની ને પંથોની અસર છે.

<u>શિકારના સાધનો</u> :-

શિકારના સાધનોમાં તેમની પાસે માછલી પકડવાની જાળ, ગિલોલ પક્ષીઓ મારવા માટેની, શિકાર કરવા માટે કુહાળીનો ઉપયોગ પણ કરે છે. અત્યારે કેટલેક ઠેકાણે વાંસની માંડીને બદલે જાળ વપરાતી જોવા મળે છે. ઉંડાણમાં હજુ માંડી વપરાય છે.

<u>આત્મ નિર્ભરતા</u> :-

ધોડિયા લોકો પોતાનું જીવન બને ત્યાં સુધી ઓછામાં ઓછી ચીજવસ્તુઓ ધ્વારા ચલાવીને લઈને ગોઠવતા જોવા મળે છે. બને ત્યાં સુધી સ્થાનિક પરિસ્થિતિમાંથી ઉપલબ્ધ થતી કુદરતી ચીજવસ્તુઓ મેળવીને ચલાવે છે. કેટલીક જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ જાતે બનાવીને જીવન સરળ બનાવે છે. ઘરવખરીની ચીજવસ્તુઓ વાંસની કોઠીમાં, માછલાં પકડવાની જાળ, ઘરનું સમારકામ, ખેતીના સાધનો, વગેરે ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર મેળવી તેનો ઉપયોગ કરતા જોવા મળે છે. છતાં કેટલાક કુટુંબો આજે સ્થાનિક પરિસ્થિતિ બદલાતાં શહેરીકરણની અસર થતાં, શિક્ષણ મેળવવાને કારણે કેટલીય ઘરવખરીની ચીજવસ્તુઓ વેચાતી લેતા થયા છે. ટોપલા-ટોપલી, ખેતીના સાધનો ઘર ઉપરના નળિયા વગેરે વેચાતા લઈને ઉપયોગ કરતા થયા છે. બસની સુવિધા વધવાથી જે માઈલો સુધી ચાલીને જતા હતા તે બસનો ઉપયોગ કરતા થયા છે. ગાડુ-બળદ બાજુએ રહેવા પામ્યા છે. હાટને બદલે શહેરમાં જતા તેનાથી વિશેષ થયા છે. આ બાહય સંપર્કથી ઘણી ચીજવસ્તુઓ તેમના સુધી પહોંચી છે. તેનાથી તેમની આત્મનિર્ભરતાને ઠેસ પહોંચી છે. જંગલ સાફ થવાથી પણ તેમની આત્મ નિર્ભરતાને અસર થવા પામી છે. ઘર માટે કે ખેતીના સાધનો માટે લાકડા ખરીદવા પડે છે.

**આતિથ્ય સત્કાર :-**

આતિથ્ય સત્કાર માનથી બોલાવીને રામ રામ કરીને કરે છે. બેસવા સાદડી કે ખાટલો આપે છે. દારુ, પાણી, બીડી, ચા પીવડાવે છે. બહારનો કોઇ જાય તો સત્કારી ખાટલો કે સાદડી પાથરી બેસાડે છે. દારુ કે ચા પૂછીને પાય છે., ખવડાવે છે. સાધનો વધ્યા એટલે શિક્ષિત ઘરો કે આર્થિક સધ્ધર કુટુંબોમાં ખુરશી કે હિંચકે બેસાડી ચા પાણી પીવડાવે છે તે પણ ખાવાપીવાનું પૂછે છે.

-૦-૦-૦

# પ્ર ક ર ણ - ૩

## આ ર્થિક — સંરચના

ધોડિયા જાતિની સમગ્ર આર્થિક માળખાનો આધાર અહીંની સ્થાનિક પરિસ્થિતિને આધારે જોવા મળતા વ્યવસાયોને આધારે જોવા મળે છે. જેમ જેમ સમય જાય છે તેમ તેમ અહીંની સ્થાનિક પરિસ્થિતિ બદલાતી જાય છે. જેની સાથે તેમની આર્થિક પરિસ્થિતિ માટે જવાબદાર પરિબળો ક્યાંક બદલાવાને કારણે આર્થિક પરિસ્થિતિ બદલાયેલી જોવા મળે છે. તેમની આર્થિક પરિસ્થિતિનો આધાર ખેતી, મજૂરી (ખેતી મજૂરી, જંગલ મજૂરી, છૂટક મજૂરી) પશુપાલન, જંગલ પેદાશો, અને નોકરી જેવા વ્યવસાયો જોવા મળે છે. બધા જ કુટુંબો પાસે જમીન હોતી નથી. આજે ખેતમજૂરી, છૂટક મજૂરી કરનારો એક વર્ગ તેમનામાં ઊભો થયો છે. તેમાં પણ સ્થાનિક પરિસ્થિતિ બદલાતાં પ્રશ્નો ઊભા થયા છે.

આર્થિક જીવન માળખું ગોઠવવા માટે તેઓ અનેકવિધ વ્યવસાયો કરે છે. આ અનેકવિધ જુદા જુદા નાના મોટા વ્યવસાયોમાં કામ કરનાર કરતાં તેના ઉપર નભનારની સભ્ય સંખ્યામાં બાળકો-વૃધ્ધોની સંખ્યા વિશેષ જોવા મળી હતી. કામ કરનાર પુરુષ વર્ગને સ્ત્રી ધ્વારા નાના મોટા દરેક કામોમાં સહકાર મળે છે. તપાસના ચાર ગામના કુલ ૨૦૦ કુટુંબોમાંથી કુલ ૧૦૫૪ની કુલ સભ્ય સંખ્યામાંથી ~~૪૭૮~~ ૫૭૬ પુરુષો અને ૪૭૮ સ્ત્રીઓની સભ્ય સંખ્યામાંથી ૨૦૮ (૯૮.૫૮ ટકા) પુરુષો અને ૩ (૧.૪૨ ટકા) સ્ત્રીઓ કુટુંબમાં કામ કરનાર વર્ગમાં જાણવા મળ્યા હતા. જેમાં મુખ્ય કામ કરનાર વર્ગને મદદ કરનાર ૧૬૯ (૩૮.૬૭ ટકા) પુરુષો અને ૨૬૮ (૬૧.૩૩ ટકા) સ્ત્રીઓ જાણવા મળી હતી જ્યારે ૧૯૯ (૪૯.૦૧ ટકા) પુરુષો અને ૨૦૭ (૫૦.૬૯૯ ટકા) સ્ત્રીઓ (જેમાં નાના બાળકો અને વૃધ્ધોની સંખ્યા) કુટુંબમાં મુખ્ય સૂત્રધારને આધીન જોવા મળ્યા હતા. જો કે આ આધારિતો વૃધ્ધો અને બાળકો ઘરના બીજા નાના નાના કામોમાં મદદરૂપ થાય છે. તેઓ બાળકો રમાડવા, ઢોર ચરાવવા, જંગલ ગૌણપેદાશો એકઠી કરવી કે સરખી કરવી, દુકાનેથી ચીજવસ્તુઓ લઈ આવવી, ઘર સાચવવું, ~~xxx~~ પાક સાચવવો વગેરે કરે છે. સ્ત્રીઓ પુરુષને ખેતીકામ, ઘરકામ બંનેમાં

સહકાર આપે છે. પુરુષ ઘરની સંપૂર્ણ આર્થિક જવાબદારી સંભાળે છે. તે આર્થિક લેવડ દેવડ, ખેતી કામમાં ખેડવું, નિંદવું અને સામાજિક રીતે થતા વ્યવહારો કરવા વગેરે સંભાળે છે. આમ તેમનામાં સ્ત્રી-પુરુષ બાળકો વગેરેમાં નિશ્ચિત શ્રમવિભાજન જોવા મળે છે. ધોડિયા લોકો પોતાના આર્થિક જીવન માળખાને ગોઠવવા માટે કોઈ એક વ્યવસાયને આધાર બનાવતા નથી. તેઓ ખેતી, નોકરી, ખેતમજૂરી, જંગલ આધારિત મજૂરી, પશુપાલન, મરઘાં પાલન, છૂટક મજૂરી, વગેરે જેવા વ્યવસાયો કરી લઈને પોતાનો જીવન નિર્વાહ કરે છે.

: કમાનાર અને બિન કમાનારની સંખ્યા દર્શાવતો કોઠો : ૩.૨

| ક્રમ | ગામ-કુટુંબ | વિગત | પુરુષ | સ્ત્રી | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | કમાનાર | ૫૭ | ૨ | ૫૯ | ૨૨.૫૨ |
| | ૫૦ | મદદકરનાર | ૩૯ | ૫૨ | ૯૧ | ૩૪.૭૩ |
| | | બિનકમાનાર | ૪૬ | ૬૬ | ૧૧૨ | ૪૨.૭૫ |
| ૨ | કાકડવેલ | કમાનાર | ૫૨ | - | ૫૨ | ૨૨.૩૨ |
| | | મદદકરનાર | ૪૨ | ૬૯ | ૧૧૧ | ૪૭.૬૪ |
| | | બિનકમાનાર | ૩૫ | ૩૫ | ૭૦ | ૩૦.૦૪ |
| ૩ | ચણવઈ | કમાનાર | ૪૮ | ૧ | ૪૯ | ૧૯.૨૨ |
| | | મદદકરનાર | ૩૪ | ૫૬ | ૯૦ | ૩૫.૨૯ |
| | | બિનકમાનાર | ૬૬ | ૫૦ | ૧૧૬ | ૪૫.૪૯ |
| ૪ | મેઘવાળ | કમાનાર | ૫૧ | - | ૫૧ | ૧૬.૭૮ |
| | | મદદકરનાર | ૫૪ | ૯૧ | ૧૪૫ | ૪૭.૭૦ |
| | | બિનકમાનાર | ૫૨ | ૫૬ | ૧૦૮ | ૩૫.૫૨ |
| ૫ | કુલ કમાનાર | | ૨૦૮<br>૯૮.૫૮ | ૩<br>૧.૪૨ | ૨૧૧ | ૨૦.૦૨ |
| ૬ | કુલ મદદ કરનાર | | ૧૬૯<br>૩૮.૬૭ | ૨૬૮<br>૬૧.૩૩ | ૪૩૬ | ૪૧.૪૬ |
| ૭ | કુલ બિન કમાનાર | | ૧૯૯<br>૪૯.૦૧ | ૨૦૭<br>૫૦.૯૯ | ૪૦૬ | ૩૮.૫૨ |
| ૮ | કુલ કુટુંબ કુલ | | ૫૭૬<br>૫૪.૬૫ | ૪૭૮<br>૪૫.૩૫ | ૧૦૫૪<br>૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

આ ઉપરાંત તપાસના ચારેય ગામના કુટુંબોમાંથી કામ કરનાર, મદદ કરનાર અને બિન કમાનાર આધારિતની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. તે કોઠા નંબર ૩-૧માં જોવાથી વિગતે ખ્યાલ આવશે. જેમાં ગામવાર જાતિ પ્રમાણેની સભ્ય સંખ્યા દર્શાવી છે. બધા જ ગામોમાં લગભગ કામ કરનારને બિન XXXX કમાનાર આધારિતો વિશેષ પોષવા પડે છે. જેમાં બાળકો અને વૃધ્ધ સ્ત્રીપુરુષની સભ્ય સંખ્યા જ વિશેષ જોવા મળે છે. એ જ રીતે મદદ કરનાર સ્ત્રી-પુરુષોની સભ્ય સંખ્યા પણ કમાનાર કરતાં દરેક ગામમાં વિશેષ જાણવા મળી હતી. કુલ ૧૦૫૪ની સભ્ય સંખ્યામાંથી ૨૧૧ (૨૦.૦૨ ટકા) સભ્યો જ કમાનાર જાણવા મળ્યા હતા. જેમાં પુરુષની સંખ્યા જ વિશેષ હતી. મદદ કરનાર ૪૩૬ (૪૧.૪૬ ટકા)ની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. જ્યારે ૪૦૬ (૩૮.૫૨ ટકા)ની સભ્ય સંખ્યા તો કમાનાર ઉપર સંપૂર્ણપણે આધાર રાખીને જીવન નિર્વાહ કરતી જાણવા મળી હતી.

ધોડિયા લોકોમાં શ્રમ વિભાજન જોવા મળે છે. તે તપાસના કુલ ચાર ગામોના આવરી લીધેલા આ કુટુંબોમાંથી ગામ પ્રમાણે પુરુષ-સ્ત્રી પ્રમાણેની સભ્ય સંખ્યામાંથી કામ કરનાર અને તેને કામમાં મદદરૂપ થનાર અને તેઓ ઉપર માત્ર આધાર રાખનારની સભ્ય સંખ્યા હતી. જેમાં કુટુંબમાં મુખ્ય કામ કરનારને મદદ કરનાર પુરુષોની સભ્ય સંખ્યા કરતાં સ્ત્રી મદદ કરનાર સભ્યોની સંખ્યા વિશેષ જોવા મળી હતી.

ધોડિયા લોકોમાં મુખ્ય વ્યવસાય ખેતીનો છે. એટલે ખેતીક્ષેત્રે જે કંઈ ઉથલપાથલો થાય છે તેની અસરો તેમના ઉપર થયા વિના રહેતી નથી. ખેતીમાં બારેમાસ એક યા બીજા કામોમાં તેઓ રોકાયેલા રહે છે. જ્યારે ખેતીના કામો ન હોય તેવા વખતે જંગલો પેદાશો કે મજૂરી મળતી હોય તો તેમાં રોકાયેલા રહે છે. જંગલ વિસ્તારના ગામોમાં ખેતી ઉપરાંત જંગલ મજૂરી અને ખેતમજૂરી સિવાય જંગલ ગૌણ પેદાશો માત્ર એકત્રિત કરી શકે છે. એ સિવાય બીજો કોઈ વ્યવસાય કરી શકતા નથી. જ્યાં કેટલાય વર્ષોથી જંગલ સાફ થઈ ગયું છે ત્યાં આજે આ મજૂરીના કામો આજે મળતા નથી. ત્યાં આજે આ માત્ર ખેતી કે ખેતમજૂરી સિવાય અન્ય વ્યવસાય રહેવા પામ્યા નથી. ત્યાં આજે અતુલ, વાપી, વલસાડ જ્યાં નજીકના

ઔદ્યોગિક એકમોવાળા વિસ્તાર છે ત્યાં બીજી મજૂરીએ જાય છે. બાકીના સમયમાં સ્થળાંતરી મજૂરીએ જાય અથવા બેકારી ભોગવે છે.

તપાસના ચારેય ગામમાંથી માત્ર મેઘવાળમાંથી જમીન વિહોણા કુટુંબો જાણવા મળ્યા નહોતા. તેમ છતાં બધા જ ગામોમાંથી ઓછી જમીન ધરાવતા કુટુંબોની સંખ્યા વિશેષ જણાઈ હતી. જે જમીનમાંથી પાકતા પાકોમાંથી માંડ માંડ જીવતા હતા પરંતુ આવા કુટુંબો બીજાની જમીન ભાડે ખેડી કે ખેતમજૂરી કરીને કે પશુપાલન કે જંગલ મજૂરી કરી જીવન જીવતા જાણવા મળ્યા હતા.

જાતિ અને વયજૂથ પ્રમાણે કુટુંબના સભ્યોનું [illegible]

| ક્રમ | ગામ | પુરુષો | સ્ત્રી | કુલ | ૬થી નીચે પુ | સ્ત્રી | ૭ થી ૧૪ પુ | સ્ત્રી | ૧૫ થી ૨૫ પુ | સ્ત્રી | ૨૬ થી ૩૫ પુ | સ્ત્રી | ૩૬ થી [illegible] પુ. | સ્ત્રી | [illegible] પુ | સ્ત્રી | [illegible] | [illegible] |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૧૪૨<br>૫૪.૨૦ | ૧૨૦<br>૪૫.૮૦ | ૨૬૨<br>૧૦૦.૦૦ | ૧૨ | ૧૦ | ૨૬ | ૨૩ | ૩૭ | ૨૬ | ૨૯ | ૨૭ | ૩૫ | ૩૩ | ૩ | ૧ | ૧૪૨ | ૧૨૦ |
| ૨ | કાકડવેલ | ૧૨૯<br>૫૫.૩૬ | ૧૦૪<br>૪૪.૬૪ | ૨૩૩<br>૧૦૦.૦૦ | ૫ | ૧૧ | ૧૯ | ૧૦ | ૪૫ | ૨૬ | ૧૯ | ૨૪ | ૩૮ | ૩૫ | ૧ | – | ૧૨૯ | ૧૦૪ |
| ૩ | ચણવઈ | ૧૪૮<br>૫૮.૦૪ | ૧૦૭<br>૪૧.૯૬ | ૨૫૫<br>૧૦૦.૦૦ | ૧૩ | ૫ | ૨૭ | ૧૭ | ૫૩ | ૨૮ | ૨૦ | ૧૮ | ૩૪ | ૩૩ | ૩ | ૫ | ૧૪૮ | ૧૦૭ |
| ૪ | મેંધવાળ | ૧૫૭<br>૫૧.૬૪ | ૧૪૭<br>૪૮.૩૬ | ૩૦૪<br>૧૦૦.૦૦ | ૧૦ | ૧૮ | ૪૫ | ૩૨ | ૪૫ | ૪૨ | ૧૫ | ૧૧ | ૩૭ | ૩૭ | ૫ | ૭ | ૧૫૭ | ૧૪૭ |
| ૫ | કુલ | ૫૭૬<br>૫૪.૬૫ | ૪૭૮<br>૪૫.૩૫ | ૧૦૫૪<br>૧૦૦.૦૦ | ૪૦<br>૬.૯૪ | ૪૪<br>૯.૯૪ | ૧૧૭<br>૨૦.૩૨, | ૮૨<br>૧૭.૨૫, | ૧૮૦<br>૩૧.૨૫, | ૧૨૨<br>૨૫.૫૩, | ૮૩<br>૧૪.૪૧, | ૮૦<br>૧૬.૭૩, | ૧૪૪<br>૨૫.૦૧, | ૧૩૮<br>૨૮.૯૭, | ૧૨<br>૨.૦૮, | ૧૩<br>૨.૭૧, | ૫૭૬<br>૧૦૦% | ૪૭૮<br>૧૦૦% |

તપાસેલ ચારેય ગામના કુટુંબોમાંથી કુલ ૧૦૫૪ની સભ્ય ...ી ૫૭૬ (૫૪.૬૫ ટકા) પુરુષો અને ૪૭૮ (૪૫.૩૫ ટકા) ...ની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. જેમાં સ્ત્રીઓ કરતાં ...ોની સભ્ય સંખ્યા વિશેષ હતી. તે જ પ્રમાણે તપાસેલ ચારેય ... કોઠા નંબર૩-૨માં દર્શાવ્યા પ્રમાણે જોતાં બધા જ ગામોમાં ...ોની સભ્ય સંખ્યા સ્ત્રીઓની સભ્ય સંખ્યા કરતાં વિશેષ જાણવા ... હતી. તે પ્રમાણે તપાસેલ ચારેય ગામના કુટુંબોમાંથી કુલ સભ્ય ...ામાંથી વયજૂથ પ્રમાણેના વર્ગીકરણમાં પણ સ્ત્રીઓની સભ્ય સંખ્યા ...તાં પુરુષોની સભ્ય સંખ્યા દરેક વયજૂથના જૂથમાં વધારે જાણવા ... હતી.

તપાસમાં ૬ વર્ષથી નીચેના બાળકોની સભ્ય સંખ્યા તપાસના ...ોમાં હયાત વૃધ્ધોની સભ્ય સંખ્યા કરતાં વિશેષ જોવા મળી હતી ...જે વૃધ્ધો ૬૦થી ઉપરની વય ધરાવે છે. સૌથી વધુ સભ્ય સંખ્યા ૧૫ ...થી ૨૫ વર્ષની વયજૂથમાં આવતા યુવાન છોકરા છોકરીઓની જાણવા મળી હતી. જેમાં ૧૫થી ૨૫ના વયજૂથમાં ૧૮૦ (૩૧.૨૫ ટકા) પુરુષો અને ૧૨૨ (૨૫.૫૩ ટકા) સ્ત્રીઓ જોવા મળી હતી. ૨૬ થી ૩૫ વર્ષની વયજૂથમાં જે સભ્ય સંખ્યા જાણવા મળી હતી જેમાં લગ્ન થયા પછી કુટુંબની જવાબદારી સ્વીકારી છે એવા યુવાન છોકરા છોકરીઓની હતી જેમાં ૨૬ થી ૩૫ વર્ષની વયજૂથમાં ૮૩ (૧૪.૪૧ ટકા) પુરુષો અને ૮૦ (૧૬.૭૩ ટકા) સ્ત્રીઓ જ જોવા મળે છે. જે મહદઅંશે ઘરનું સુકાન સંભાળે છે એવી ૩૬ થી ૬૦ ની વયજૂથમાં ૧૪૪ (૨૫.૦૦ ટકા) પુરુષો અને ૧૩૮ (૨૮.૯૭ ટકા) સ્ત્રીઓ જાણવા મળી હતી. જેમાં કેટલાક આધારિતની સભ્ય સંખ્યા પણ જાણવા મળી હતી. વૃધ્ધોની સભ્ય સંખ્યા ઓછી જાણવા મળી હતી. એટલે તપાસ કુટુંબોમાં કમાનારને સૌથી વધારે ભાર નાના બાળકોની સભ્ય સંખ્યાનો વહન કરવાનો જોવા મળ્યો હતો. વૃધ્ધોની સભ્ય સંખ્યામાં વિધુર-વિધવા પુરુષ-સ્ત્રીઓની સભ્ય સંખ્યા માંડ હતી. એવી સભ્ય સંખ્યાને જીવાડવાનો થોડા કુટુંબોનો પ્રશ્ન જાણવા મળ્યો હતો.

## જમીનના પ્રકાર અને કુવા ૩.૩

| ક્રમ | ગામ | જમીન હા | જમીન ના | પિયત | બિન પિયત | જમીનની કિંમત કુલ અને કુટુંબદીઠ | કુવો પાકો | કુવો કાચો | ઈલેકટ્રીક મોટર | એન્જિન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૩૮ | ૧૨ | ૩૪ | ૪ | ૬૯૬૦૦૦ (૧૮૩૧૫) | ૫ | – | ૪ | – |
| ૨ | કાકડવેલ | ૪૫ | ૫ | ૧૬ | ૨૯ | ૭૦૪૦૦૦ (૧૫૬૪૪) | ૧૦ | ૧૭ | ૧ | ૩ |
| ૩ | ચણવઈ | ૪૬ | ૪ | ૩ | ૪૩ | ૪૪૨૦૦૦ (૯૬૦૮) | ૨ | ૪ | – | – |
| ૪ | મેઘવાળ | ૫૦ | – | ૫ | ૪૫ | ૬૫૪૦૦૦ (૧૩૦૮૦) | ૩ | ૨ | – | – |
| ૫ | કુલ | ૧૭૯ | ૨૧ | ૫૮ ૩૨.૪૦ | ૧૨૧ ૬૭.૬૦ | ૨૪૯૬૦૦૦ | ૨૦ | ૨૩ | ૫ | ૩ |
| | | ૮૯.૫૦ | ૧૦.૫૦ | ૧૭૯ | | ૧૩૭૯૦ | ૧૦.૦૦ | ૧૧.૫૦ | ૨.૫૦ | ૧.૫૦ |

તપાસના ચારેય ગામના કુલ કુટુંબોમાંથી ૧૭૯ (૮૯.૫ ટકા) કુટુંબો જમીન ધરાવતા હતા. માત્ર ૨૧ (૧૦.૫ ટકા) કુટુંબો પાસે જમીન નહોતી. જેમાં ૫૮ (૩૪.૪૦ ટકા) કુટુંબોએ પિયતની સગવડ હોવાથી સિંચાઈ કરેલી જણાય છે હતી. જયારે ૧૨૧ (૬૭.૬૦ ટકા) કુટુંબોને આવી સિંચાઈ કરવાનો લાભ મળ્યો નહોતો કે પરિસ્થિતિને કારણે કરી નહોતી. જમીન ધરાવતા ૧૭૯ કુટુંબો પાસેથી કુટુંબદીઠ ૧૩૭૯૦ રૂપિયાની કિંમતની સરેરાશ મિલકત જાણવા મળી હતી. સૌથી વધુ જમીનની કિંમત તપાસના કાકડવેલના કુટુંબોની જમીનમાંથી જણાઈ હતી અને સૌથી ઓછી ચણવઈ ગામના કુટુંબોની જણાઈ હતી. જો કે ચણવઈ ગામના કુટુંબો પાસેથી ઘણા ઓછા એકર ગૂંઠા જમીન તપાસમાં જોવા મળી હતી. આમ તપાસના ચારેય ગામમાંથી જમીન ધરાવતા અને જમીન વિહોણા કુટુંબોની વિગતો અને જમીનની કિંમતની માહિતી કોઠા નંબર ૩.૩ માં દર્શાવ્યા પ્રમાણે ગામવાર જણાઈ હતી.

તપાસના કુટુંબોમાંથી કુવા-કાચા, પાકા, ઈલેકટ્રીક મોટર અને એન્જિનની માહિતી જાણવા મળી હતી. જેમાં ૨૦ પાકા કુવા અને ૨૩ કાચા કુવાની સંખ્યા જાણવા મળી હતી. ઈલેકટ્રીક મોટર તો કરચેલીયા અને કાકડવેલ ગામોથી માત્ર ૫ની સંખ્યામાં જાણવા મળી હતી. એન્જિન માત્ર કાકવેલ ગામમાંથી જાણવા મળ્યા હતા. એટલે આટલા બધા તપાસના કુટુંબોમાંથી સિંચાઈના સાધનો ખુબ જ ઓછા પ્રમાણમાં જણાયા હતા. ચણવઈ, કરચેલીઆ ગામના કેટલાક કુટુંબો નહેરની સિંચાઈનો લાભ મેળવી શકયા હતા. આમ પિયત કુટુંબોની સંખ્યા ઓછી આ બધાને લીધે છે. કુવાની સિંચાઈનો લાભ જે કુટુંબો આર્થિક રીતે સધ્ધર છે તેમની જમીનને જ મળે છે. જેઓ શિક્ષિત પણ છે તે પણ છેલ્લા એકાદ દાયકાથી આ પરિવર્તન થવાથી લાભ મેળવી શકયા છે.

જમીન ધારણના કદ પ્રમાણે નમૂનાના કુટુંબોનું વર્ગીકરણ ૩.૪

| ક્રમ | જમીન ધારણનું કદ (એકર) | કુટુંબ સંખ્યા | કરચેલીયા ધારણકરેલ જમીન | કુટુંબદીઠ જમીન | કાકડવેલ કુટુંબ સંખ્યા | ધારણકરેલ જમીન | કુટુંબદીઠ જમીન | ચણવઈ કુટુંબ સંખ્યા | ધારણ જમીન | કુટુંબદીઠ જમીન | મેઘવાળ કુટુંબ સંખ્યા | ધારણ જમીન | કુટુંબદીઠ જમીન | કુલ કુટુંબ સંખ્યા | ધારણ જમીન | કુટુંબદીઠ જમીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૨.૫ | ૧૭<br>૩૪.૦૦ | ૨૪.૨૬ | ૧.૧૮ | ૨૨<br>૪૪.૦૦ | ૩૩.૦૦ | ૧.૫ | ૩૫<br>૭૦.૦૦ | ૪૫.૧ | ૧.૧૧ | ૨૦<br>૪૦.૦૦ | ૩૧.૨ | ૧.૨૨ | ૯૪<br>૪૭.૦ | ૧૩૩.૨૯ | ૧.૧૭ |
| ૨ | ૨.૫થી ૫.૦ | ૧૧<br>૨૨.૦૦ | ૪૦.૧ | ૩.૨૬ | ૧૨<br>૨૪.૦૦ | ૩૮.૦૦ | ૩.૭ | ૮<br>૧૬.૦૦ | ૩૦.૫ | ૩.૩૧ | ૨૦<br>૪૦.૦૦ | ૭૭.૦ | ૩.૩૪ | ૫૧<br>૨૫.૫ | ૧૮૫.૦૬ | ૩.૨૫ |
| ૩ | ૫.૦થી ૭.૫ | ૪<br>૮.૦૦ | ૨૮.૦ | ૭.૦૦ | ૫<br>૧૦.૦૦ | ૩૫.૦૦ | ૭.૦૦ | ૨<br>૪.૦૦ | ૧૨.૦ | ૬.૦૦ | ૩<br>૬.૦૦ | ૨૧.૦ | ૭.૦૦ | ૧૪<br>૭.૦ | ૯૬.૦૦ | ૬.૩૪ |
| ૪ | ૭.૫થી ૧૦.૦ | ૫<br>૧૦.૦૦ | ૪૫.૦૦ | ૯.૦૦ | ૬<br>૧૨.૦૦ | ૫૭.૦૦ | ૯.૨૦ | ૧<br>૨.૦૦ | ૮ | ૮ | ૩<br>૬.૦૦ | ૨૯ | ૯.૨૭ | ૧૫<br>૭.૫ | ૧૩૯ | ૯.૧૧ |
| ૫ | ૧૦.૦થી ૧૫.૦ | | | | | | | | | | ૪<br>૮.૦૦ | ૫૯ | ૧૪.૩૦ | ૪<br>૨.૦૦ | ૫૯ | ૧૪.૩૦ |
| ૬ | ૧૫.૦થી વધુ | ૧ | ૧૮.૦૦ | ૧૮.૦૦ | - | - | - | - | - | - | - | - | - | ૧<br>૦.૫ | ૧૮ | ૧૮ |
| ૭ | જમીન વિહોણા | ૧૨<br>૨૪.૦૦ | - | - | ૫<br>૧૦.૦૦ | - | - | ૪<br>૮.૦૦ | - | - | - | - | - | ૨૧<br>૧૦.૫ | - | - |
| ૮ | કુલ | ૫૦<br>૧૦૦.૦૦ | ૧૫૫.૨૭ | ૩.૦૫ | ૫૦<br>૧૦૦.૦૦ | ૧૬૩.૦૦ | ૩.૧૦ | ૫૦<br>૧૦૦.૦૦ | ૯૫.૬ | ૧.૨૬ | ૫૦<br>૧૦૦.૦૦ | ૨૧૭.૨ | ૪.૧૪ | ૨૦૦<br>૧૦૦.૦૦ | ૬૩૦.૨૫ | ૩.૯૦ |
| ૯ | કુટુંબદીઠ સરેરાશ | | ૫.૨૪ | | | ૫.૦૧ | | ૬.૦૮ | | | ૫.૨૭ | | | | | |

તપાસમાં આવરી લીધેલા કુટુંબોમાંથી જાણવા મળ્યા મુજબ વયજૂથ પ્રમાણે જે સભ્ય સંખ્યા જોવા મળી હતી તેમાં કુટુંબના કેટલાક સભ્યો ખેતીની જમીનના નાના ટુકડાઓ ઉપર જ નભતા પિતા સાથે જ રહેતા જોવા મળ્યા હતા. જેઓ ખેતમજૂરી સાથે કરતા અને શ્રમના બીજા કામો પણ કરતા જાણવા મળ્યા હતા. એટલે વયજૂથ પ્રમાણે જાણવા મળેલી સભ્ય સંખ્યામાં નાના બાળકોની સભ્ય સંખ્યા વિશેષ હતી. જેઓ કમાનાર ઉપર જ મહદઅંશે આધારિત જોવા મળે છે. એટલે આ સભ્ય સંખ્યા જંગલ કપાવાથી અને ખેતીની જમીનના ટૂકડા થવાથી વધારે બોજો બને તેમ શક્યતાઓ રહેલી છે.

આમ તપાસના કુટુંબોમાંથી જમીનવાળા અને જમીન વિહોણા કુટુંબો જાણવા મળ્યા હતા. જેમાં ૧૭૯ (૮૯.૫ ટકા) કુટુંબો જમીન-વાળા અને ૨૧ (૧૦.૫ ટકા) જમીન વિહોણા કુટુંબો હતા. કુલ ૧૭૯ જેટલા ખાતેદારોના નામે ૬૩૦.૩૫ એકર ગૂંઠા જેટલી જમીન જાણવા મળી હતી. એટલે કે કુટુંબદીઠ ૩-૯૦ એકર ગૂંઠા જેટલી જમીન જાણવા મળી હતી જે જમીનના કદ પ્રમાણે નીચે પ્રમાણે હતી જે કોઠા નં.૩/૪ માં પણ દર્શાવી છે.

તપાસના ૨૦૦ કુટુંબોમાંથી ૨૧ (૧૦.૫ ટકા) કુટુંબો પાસે બિલકુલ જમીન નહોતી. તપાસમાં ૯૪ (૪૭.૦૦ ટકા) કુટુંબો પાસે ૧ થી ૨.૫ એકર-ગૂંઠા જમીન ધરાવતા જાણવા મળ્યા હતા. જેઓ એકર- ગૂંઠાની દૃષ્ટિએ ઓછી જમીન ધારણ કરતા હતા. કુટુંબોની રીતે સૌથી વધુ કુટુંબો ૧ થી ૨.૫ના એકર- ગૂંઠાવાળી જમીન ધરાવતા જણાયા હતા. ૪ (૨.૦૦ ટકા) કુટુંબો સરેરાશ ૧૦ થી ૧૫ એકરની કુટુંબદીઠ સરેરાશમાં અને ૧ (૦.૫ ટકા) કુટુંબ ૧૫ થી વધુ એકર જમીન ધરાવતું જાણવા મળ્યું હતું. જે ઓછા કુટુંબો વધુ એકર- ગૂંઠા જમીન ધરાવતા જાણવા મળ્યા હતા. ૫૧ (૨૫.૫ ટકા) કુટુંબો કુટુંબદીઠ સરેરાશ ૨.૫ થી ૫ એકર- ગૂંઠા, ૧૪ (૭.૦૦ ટકા) કુટુંબો ૫ થી ૭.૫ એકર- ગૂંઠા અને ૧૫ ( ૭.૫ ટકા) કુટુંબો ૭.૫ થી ૧૦ એકર-ગૂંઠા

જમીન ધરાવતા જાણવા મળ્યા હતા. આમ સૌથી વધુ કુટુંબો કુટુંબદીઠ સરેરાશ ખુબ ઓછી જમીન ધરાવતા જણાયા હતા અને ઓછા કુટુંબો પાસે વધુ એકર- ગૂંઠા જમીન મિલકત જાણવા મળી હતી. આ કુટુંબદીઠ જમીન ધારકતા ગામવાર એકર- ગૂંઠામાં જોઈએ તો પણ આ કુલ કુટુંબોની કુટુંબદીઠ જમીન ધારકતા મુજબ જ સરેરાશ જમીન મિલકત લગભગ જોવા મળે છે. જે કોઠા નંબર ૩.૪ જોવાથી ગામવાર, કુટુંબદીઠ સરેરાશ જમીન કેટલી ધારણ કરી છે તે વિગત જાણવા મળશે. જેમાં કુટુંબવાર ધારણ કરેલી જમીન અને કુટુંબદીઠ કેટલી થાય તે વિગતે આપેલું છે.

તપાસના કુટુંબોમાંથી તપાસના મેઘવાળ ગામના કુટુંબો પાસેથી સૌથી વધુ જમીન મિલકત ૨૧૭- ૨ એકર ગૂંઠા જાણવા મળી હતી પણ સાથે સાથે તે તપાસના ૫૦ કુટુંબોમાંથી કુટુંબકદ પણ સૌથી વધુ ૬.૦૮નું જાણવા મળ્યું હતું. સૌથી ઓછી જમીન તપાસના શહેર નજીકના ચણવઈ ગામની જાણવા મળી હતી. તપાસના ૫૦ કુટુંબોમાંથી ૯૫.૬ એકર-ગૂંઠા જમીન જણાઈ હતી જેની કુટુંબદીઠ જમીન માત્ર ૧.૨૬ એકર- ગૂંઠાની સૌથી ઓછી જણાઈ હતી પરંતુ કુટુંબદીઠ આ કુટુંબોમાંથી ૫.૦૧નું જાણવા મળ્યું હતું જે આટલી ઓછી જમીન ઉપર ભારણ હતું પરંતુ નહેર યોજના અને નજીકના અતુલ- વાપીના ઔદ્યોગિક એકમને કારણે ઘણા નોકરી કરતા હોવાથી આ જમીન ઉપર ભારણ હળવું જાણવા મળે છે. ઉપરાંત શિક્ષિતો- ની સંખ્યા પણ વિશેષ હોવાથી આ કુટુંબકદનું ભારણ વધારે બોજારૂપ જોવા મળતું નથી જે તપાસના બાકીના ગામોમાં જોવા જાણવા મળ્યું હતું. આમ કુટુંબદીઠ સરેરાશ ધારણ કરેલી જમીન, કુટુંબદીઠ કદ વગેરેના આંકડા કોઠા નં.૩.૪ જોવાથી વિગતે તપાસના ગામોમાંથી જોવાથી ખ્યાલ આવશે.

આમ ઉપરના આંકડાની દૃષ્ટિએ જોઈએ તો નાના ખેડૂતોની સંખ્યા વધારે હતી. કેટલાક પાસે જમીન નહોતી તો કેટલાક પાસે જીવન નિર્વાહ માટે પૂરતી જમીન પણ નહોતી. તપાસના ગામોમાંથી મોટા ખેડૂતો જોવા મળ્યા હતા. જેમની પાસે તપાસના કુટુંબોની કુલ જમીનમાં વધારે જમીન જાણવા મળી હતી. જો કે એવા કુટુંબો ખુબ જ

ઓછા જણાયા હતા. ~~xx xxxx~~ કેટલાક કુટુંબો જંગલ હેઠળની જમીન ખેડતા હતા. જંગલની જમીન પેટ પૂરતું ન મળવાથી ન મળવાથી છૂપી રીતે ખેડતા હતા. આ જમીન ફળદ્રુપતાની દૃષ્ટિએ નીચી હોવાથી, જંગલના ડુંગરાળ, પથ્થરવાળી જમીન હોવાથી પ્રમાણમાં ખૂબ જ ઓછો પાકનો ઉતાર આપે છે. નાની નાની ક્યારીઓ થવાથી જમીન ધોવાણ ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

તપાસના ચણવઈ, કાકડવેલ અને કરચેલીઆમાં કેટલાક ખેડૂતોને સિંચાઈની સગવડ થવા પામી છે કે ઊભી કરી છે. કેટલાકને એ શક્ય નથી. તપાસના મેઘવાળમાં માત્ર ચોમાસે થતા પાકો ઉપર જ આધાર રાખવો પડે છે. ચોમાસુ પાકોમાં શેરડી, ડાંગર, કોદરા, કપાસ છે જે મુખ્ય પાકો તરીકે છે. બાકીના અડદ, મગ, તુવેર, વાલ, શાકભાજી શિયાળુ પાકોમાં લેતા જોવા મળે છે. આ પાકોમાં કપાસનો પાક છેલ્લા કેટલાક વર્ષોથી ઉગાડતા થયા છે. સિંચાઈની સગવડ થવાથી તુવેર, શાકભાજી પણ હવે તેઓ ઉગાડતા થયા છે. કેટલાક ડાંગરની નવી જાતો કરીને પાક લેતા જોવા મળ્યા હતા. જ્યાં સિંચાઈની વ્યવસ્થા થઈ છે એવા કરચેલીઆ, ચણવઈ જેવા ગામોમાં કેટલાક કુટુંબો શિયાળું પાકો, શાકભાજી અને શેરડી, કપાસ જેવા પાકો પકવતા પણ જાણવા મળ્યા હતા. જેને કારણે તેમની આર્થિક સ્થિતિમાં સારો એવો સુધારો નોંધાયેલો જાણવા મળે છે.

તપાસના ગામોમાંથી ૨૦૦ કુટુંબોમાંથી ૧૭૯ જેટલા કુટુંબો જમીન ધરાવતા હતા. જેમાંથી સરેરાશ ૪૨૦૩ રૂપિયાની કુટુંબદીઠ અનાજ અને બીજા પાકોની ઉપજ જોવા મળી હતી. જે તપાસના કરચેલીઆ ગામના જમીન ધરાવતા ૩૮ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ સૌથી વધુ ૮૦૨૪ રૂપિયાની ઉપજ અને સૌથી ઓછી તપાસના ચણવઈ ગામના જમીન ધરાવતા ૪૬ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૨૦૦૮ રૂ.ની ઉપજ જણાઈ હતી. એ સિવાયના બાકીના તપાસના બે ગામોમાંથી મેઘવાળના તપાસના બધા જ કુટુંબોની એટલે કે ૫૦ કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ખેતીની આવક ૩૬૨૫ રૂપિયાની અને કાકડવેલના તપાસનાં ૪૫

કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ આવક ૩૧૫૫ રૂપિયાની ઉપજ જાણવા મળી હતી. આમ ઓછી કુટુંબો જમીન ધરાવતા હોવા છતાં કસ્યેલીઆના કેટલાક સમુધ્ધ ખેડૂતોને કારણે, સિંચાઇની સગવડને કારણે અને શિક્ષણનું પ્રમાણ તપાસના ચારેય ગામો કરતાં સારું હોવાને કારણે ઉપજ કુટુંબ-દીઠ સરેરાશ સૌથી સારી જાણવા મળી હતી. જે ચણવઈના ખુબ જ નજીકના ઔધોગિક એકમ અતુલ પાસેના કુટુંબોમાંથી જમીન ઓછી હોવાને કારણે ખેતીની આવક સૌથી ઓછી કુટુંબદીઠ સરેરાશ જાણવા મળી હતી કારણ કે જમીન ટૂકડાઓમાં વહેંચાઇ ગયેલી કે નહીંવત ધરાવતા હતા અને જમીન વિહોણા કુટુંબો પણ વિશેષ જાણવા મળ્યા હતા.

## ખેતીની આવક રૂપિયામાં (કૌંસમાં કુટુંબ સંખ્યા) ૩.૯

| ક્રમ | ગામ અને કુટુંબ સંખ્યા | જમીન ધરાવતા કુટુંબો | xxxxxx શેરડી | ડાંગર | અડદ | મગ | તુવેર | સીંગ | નાગલી | વાલ | કેરી | ઘાસ | શાકભાજી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીયા ૫૦ | ૩૮ | ૨૭૫૦૦૦ (૩૭) | ૧૦૨૪૦૦ (૩૬) | ૭૫૦૦ (૨૩) | – | ૭૨૫૦ (૧૬) | ૭૬૫૦ (૧૧) | – | – | – | ૧૪૦૦ (૧૦) | – | ૪૦૧૨૦૦ (૮૦૨૪) |
| ૨ | કાકડવેલ ૫૦ | ૪૫ | – | ૬૧૧૦૦ (૪૫) | ૬૧૫૦ (૪૨) | ૫૩૫૦ | ૮૮૫૦ (૩૬) | – | ૬૦૦ (૮) | ૨૯૦૦ (૧૦) | – | ૨૮૯૦૦ (૪૫) | ૧૦૯૦૦ (૨૫) | ૧૫૭૭૫૦ (૩૧૫૫) |
| ૩ | ચણવઈ ૫૦ | ૪૬ | – | ૫૪૩૦૦ (૪૬) | ૮૬૦૦ (૩૪) | ૨૦૦ (૨) | – | – | – | – | ૩૬૩૦૦ (૩૮) | ૧૦૦૦ (૮) | – | ૧૦૦૪૦૦ (૨૦૦૮) |
| ૪ | મેઘવાળ ૫૦ | ૫૦ | ૧૫૫૫૦ (૪૨) | ૮૧૦૦૦ (૫૦) | ૫૦૫૦ (૩૦) | – | ૩૦૭૫૦ (૪૭) | – | ૧૦૦૫૦ (૪૦) | ૬૭૫૦ (૩૮) | – | ૩૨૧૨૦ (૩૦) | – | ૧૮૧૨૭૦ (૩૬૨૫) |
| ૫ | કુલ ૨૦૦ | ૧૭૯ | ૨૭૫૦૦૦ ૧૫૫૫૦ | ૩૨૮૮૦૦ | ૩૦૩૦૦ | ૫૫૫૦ | ૪૬૮૫૦ | ૭૬૫૦ | ૧૦૬૫૦ | ૯૬૫૦ | ૩૬૩૦૦ | ૬૩૪૨૦ | ૧૦૯૦૦ | ૮૪૦૬૨૦ |
| ૬ | ટકા | ૮૯.૫૦ | ૩૨.૭૧ ૧.૮૫ | ૩૯.૧૧ | ૩.૬૦ | ૦.૬૬ | ૫.૫૭ | ૦.૯૧ | ૧.૨૭ | ૧.૧૫ | ૪.૩૨ | ૭.૫૪ | ૧.૩૦ | ૧૦૦.૦૦ |

ખેતીના પાકોમાં અનાજ અને બીજા રોકડીયા પાકોમાંથી કુટુંબદીઠ આવક તપાસના ચારેય ગામોમાંથી ડાંગરની ૩૯.૧૧ ટકાની સૌથી વિશેષ જાણવા મળી હતી. એ સિવાય તુવેરની ૫.૫૭ ટકા, અડદ ૩.૬૦ ટકા અને ઘાસ ૭.૫૪ ટકાની કુટુંબદીઠ આવક જાણવા મળી હતી જે તપાસના ચારેય ગામોમાંથી જણાઈ હતી. રોકડીયા પાકોમાંથી સૌથી વધુ આવક તપાસના કરચેલીયા ગામમાંથી ૩૨.૭૧ ટકાની જાણવા મળી હતી. એજ રીતે અનાજમાં જુવારના પાકની આવક માત્ર મેઘવાળ ગામના તપાસના કુટુંબોમાંથી ૧.૮૫ ટકાની જાણવા મળી હતી. શાકભાજીની ૧.૩૦ ટકાની કુટુંબદીઠ આવક માત્ર તપાસના કાકડવેલ ગામના કુટુંબોમાંથી જણાઈ હતી. એજ રીતે કેરીની ૪.૩૨ ટકાની કુટુંબદીઠ આવક તપાસના ચણવઈના ખેતી ધરાવતા ૪૬ કુટુંબોમાંથી, ૩૮ કુટુંબોમાંથી નોંધાઈ હતી. કરચેલીઆ, ચણવઈ તથા નજીકના શહેરની અસરો હેઠળના કુટુંબોથી નાગલીના પાકની અપેક્ષા રખાય તેમ નથી. આમ તપાસના ચારેય ગામના ખેતી ધરાવતા જુદા જુદા કુટુંબોમાંથી જુદા જુદા પાકો પ્રમાણે કુટુંબદીઠ કેટલા કુટુંબો જુદા જુદા પાકોની આવક ધરાવે છે તે કોઠા નંબર ૩.૪ જોતાં વિગતે ખ્યાલ આવશે.

આમ તપાસના ચારેય ગામના જમીન ધરાવતા કુટુંબોની કુલ આવક, કુટુંબદીઠ આવક અને પાકવાર કુટુંબદીઠ કયો પાકની કેટલા ટકા ઉપજ આવી તે વિગતો કોઠા૩.૪માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યું હતું. ક્યા ગામના ખેતી ધરાવતા કેટલાં કુટુંબોએ કેટલા રૂપિયાની ઉપજ પેદા કરી તેની વિગતો પણ કુટુંબવાર તેમાં દર્શાવી છે. જેમાં નવીન પાકો શેરડી, સીંગ, શાકભાજી અમુક ગામના અમુક કુટુંબો જ પકવતા જાણવા મળ્યા હતા. જેમને સિંચાઈની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે કે આર્થિક રીતે સધ્ધર થવા પામ્યા છે. આમ તપાસના ગામો જુદા જુદા વિસ્તારના હોઈ કેટલાક પાકોની ઉત્પાદનની ક્ષમતા ઓછી કે વધારે જોવા મળી હતી. કે કેટલાક ગામોમાં પરિસ્થિતિ બદલાતાં પાક કાંતો ઓછા કરતા થયા છે કે પાકની બદલીને કારણે અમુક પોકોનું ઉત્પાદન ઓછું જોવા મળ્યું હતું. જંગલ નજીકના ગામોમાં

ખેતીના પાકોમાં અનાજ અને બીજા રોકડીયા પાકોમાંથી કુટુંબદીઠ આવક તપાસના ચારેય ગામોમાંથી ડાંગરની ૩૯.૧૧ ટકાની સૌથી વિશેષ જાણવા મળી હતી. એ સિવાય તુવેરની ૫.૫૭ ટકા, અડદ ૩.૬૦ ટકા અને ઘાસ ૭.૫૪ ટકાની કુટુંબદીઠ આવક જાણવા મળી હતી જે તપાસના ચારેય ગામોમાંથી જણાઇ હતી. રોકડીયા પાકોમાંથી સૌથી વધુ આવક તપાસના કરચેલીયા ગામમાંથી ૩૨.૭૧ ટકાની જાણવા મળી હતી. એજ રીતે અનાજમાં જુવારના પાકની આવક માત્ર મેધવાળ ગામના તપાસના કુટુંબોમાંથી ૧.૮૫ ટકાની જાણવા મળી હતી. શાકભાજીની ૧.૩૦ ટકાની કુટુંબદીઠ આવક માત્ર તપાસના કાકડવેલ ગામના કુટુંબોમાંથી જણાઇ હતી. એજ રીતે કેરીની ૪.૩૨ ટકાની કુટુંબદીઠ આવક તપાસના ચણવઈના ખેતી ધરાવતા ૪૬ કુટુંબોમાંથી, ૩૮ કુટુંબોમાંથી નોંધાઇ હતી. કરચેલીઆ, ચણવઈ તથા નજીકના શહેરની અસરો હેઠળના કુટુંબોથી નાગલીના પાકની અપેક્ષા રખાય તેમ નથી. આમ તપાસના ચારેય ગામના ખેતી ધરાવતા જુદા જુદા કુટુંબોમાંથી જુદા જુદા પાકો પ્રમાણે કુટુંબદીઠ કેટલા કુટુંબો જુદા જુદા પાકોની આવક ધરાવે છે તે કોઠા નંબર ૩.૫ જોતાં વિગતે ખ્યાલ આવશે.

આમ તપાસના ચારેય ગામના જમીન ધરાવતા કુટુંબોની કુલ આવક, કુટુંબદીઠ આવક અને પાકવાર કુટુંબદીઠ કયો પાકની કેટલા ટકા ઉપજ આવી તે વિગતો કોઠા૩.૫માં દર્શાવ્યા પ્રમાણે જાણવા મળ્યું હતું. ક્યા ગામના ખેતી ધરાવતા કેટલાં કુટુંબોએ કેટલા રૂપિયાની ઉપજ પેદા કરી તેની વિગતો પણ કુટુંબવાર તેમાં દર્શાવી છે. જેમાં નવીન પાકો શેરડી, સીંગ, શાકભાજી અમુક ગામના અમુક કુટુંબો જ પકવતા જાણવા મળ્યા હતા. જેમને સિંચાઈની સુવિધાઓ પ્રાપ્ત થઈ છે કે આર્થિક રીતે સધ્ધર થવા પામ્યા છે. આમ તપાસના ગામો જુદા જુદા વિસ્તારના હોઈ કેટલાક પાકોની ઉત્પાદનની ક્ષમતા ઓછી કે વધારે જોવા મળી હતી. કે કેટલાક ગામોમાં પરિસ્થિતિ બદલાતાં પાક કાંતો ઓછા કરતા થયા છે કે પાકની બદલીને કારણે અમુક પોકોનું ઉત્પાદન ઓછું જોવા મળ્યું હતું. જંગલ નજીકના ગામોમાં

પાકમાં ખાસ ઝાઝું પરિવર્તન જોવા મળ્યું નહોતું. કોઈ જગ્યાએ પાક સિંચાઈની વ્યવસ્થા કે તેના ઓજારો બદલાયેલા જોવા મળ્યા હતા. જે તપાસના ચણવઈ અને કરચેલીઆ ગામોના શહેર નજીકમાં ખાસ જાણવા મળ્યું હતું.

તપાસના જમીન ધરાવતા કુટુંબો વચ્ચે વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ૪૦૨૩ રૂપિયાની આવક જોઈએ તો ખુબ જ ઓછી કહેવાય જે માસિક જોઈએ તો માંડ ૩૩૫ રૂપિયા જ થાય. માથાદીઠ માત્ર ખેતીવાડી આવક ૬૭ રૂપિયાની જોઈએ તો તેમનો જીવનનિર્વાહ આજે શક્ય નથી કારણ કે બધા જ કુટુંબોને વાર્ષિક, માસિક આવક ઉપર બતાવી તે થતી નથી. અને જે માથાદીઠ બતાવી તે પણ થતી નથી. એ જે લાંબી જમીન ધરાવે છે તેવા થોડા કુટુંબોને જ આ આવક થતી જાણવા મળે છે. એટલે આ જમીન ઉપર તેમના કુટુંબનું ભરણપોષણ કરવું શક્ય તો નથી જ કારણ કે ઘણા કુટુંબો ખેતીમાં પરિવર્તન કરી શક્યા નથી કારણ કે તે તેમને માટે શક્ય નથી. એટલે જમીનના નાના ટુકડાઓ ઉપર ભારણ વધે છે. તેઓ માંડ થોડું પકવે છે અને જમીન પણ બધે જ જોઈએ તેટલી ફળદ્રુપ નથી એટલે પણ પાક ઓછો ઉતરે છે એટલે તેઓ બીજા વ્યવસાયો પણ કરે છે.

તપાસના સમગ્ર ગામોમાંથી કુલ કુટુંબોમાંથી ૧૬૨ જેટલા કુટુંબોમાંથી પશુપાલન અને મરઘા ઉછેરની પેદાશોની જે આવક જાણવા મળી હતી તે કોઠા નંબર ૩.૬ જોઈએ તો દૂધ અને દૂધની બનાવટોની ૧૩૨ જેટલા કુટુંબોમાંથી એટલે કે(૬૨.૦૦ ટકા) કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૨૦૫ રૂપિયા જાણવા મળી હતી. નાના પશુઓના વેચાણ વગેરેમાંથી ૨ (૧.૦૦ ટકા) કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૧૭૫ રૂપિયાની જાણવા મળી હતી. આમ પશુપાલનના ગૌણ વ્યવસાયમાંથી કુલ ૧૬૨ (૮૧.૦૦ ટકા) કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૭૭૮ રૂપિયાની કુલ આવક થતી જાણવા મળી હતી.

તપાસના ચારેય ગામના કુટુંબોમાંથી પશુપાલન અને મરઘાં ઉછેર દરેકે દરેક કુટુંબ કરતા જોવા જાણવા મળ્યા નહોતા જે કોઠા નંબર ૩.૬

જોતાં ખ્યાલ આવશે કે પશુપાલનમાંથી દૂધ અને તેની બનાવટ કરતા ગામવાર કુટુંબોમાં મેઘવાળના ૪૬ કુટુંબો અને કરચેલીઆના ૪૧ કુટુંબો તેમાંથી આવક પ્રાપ્ત કરતા જણાયા હતા જ્યારે તપાસના ચણવઈમાંથી માત્ર ૧૨ કુટુંબો અને કાકડવેલમાંથી ૩૩ કુટુંબો આ પશુપાલનના વ્યવસાય-માંથી આવક પ્રાપ્તિ કરતા જણાયા હતા. એજ રીતે તેમાંથી મળતા ખાતરમાંથી પણ બધા જ કુટુંબો આવક પ્રાપ્તિ કરતા નહોતા. અને પશુપાલન ઉપરાંત મરઘા પાલનમાંથી પણ બધા જ કુટુંબો આવક પ્રાપ્તિ કરતા જણાયા નહોતા. તેમાંય શહેર નજીકના શિક્ષણ પામેલાં કે નોકરી કરતા કુટુંબોમાં મરઘાં પાલન ખૂબ જ ઓછું કરતા જાણવા મળ્યા હતા. માત્ર તપાસના મેઘવાળમાંથી પશુપાલન કરતા સૌથી વધુ કુટુંબ જાણવા મળ્યા હતા. તપાસના જંગલ નજીકના ગામો કે જે ઉંડાણ-વાળા વિસ્તારમાં છે ત્યાં પશુપાલન કરીને ખેતી સાથે પૂરક આવક મેળવતા થયા છે. જેમાંના કેટલાય દૂધ ઉત્પાદક મંડળીઓ થવાથી આ પશુપાલનના વ્યવસાય તરફ વળ્યા જાણવા મળેલા. જંગલ લગભગ સાફ થઈ જવાથી જંગલકામ, ગૌણ પેદાશો વગેરેની આવક જાણવા મળી નહોતી. એટલે આજે ખેતી મજૂરી અને નજીકના વિસ્તારોમાં સ્થળાંતરી મજૂરી તરફ આજે જતા જાણવા મળ્યા હતા. કેટલાક ઉચ્ચક છૂટક નોકરી અતુલ, વાપી, સેલવાસ, વલસાડમાં કરતા જાણવા મળ્યા હતા. બેત્રણ કિસ્સામાં હિરા ઘસવા અને દૂબઈના કમાણીવાળા બે ત્રણ કુટુંબો મેઘવાળ ગામમાંથી જાણવા મળ્યા હતા. કેટલાક કુટુંબો ખેતમજૂરી, પશુપાલન કે મળે તે છૂટક મજૂરી કરીને જીવન વિતાવતા જાણવા મળ્યા હતા જે કેટલાક કુટુંબોમાંથી મજૂરીમાંથી આવક મેળવી હતી તે નીચે મુજબ જાણવા મળી હતી.

પશુપાલનની આવક (કૌંસમાં કુટુંબ સંખ્યા) રૂપિયામાં ૩.૬

| ક્રમ | ગામ અને કુટુંબ સંખ્યા | | દૂધ-ઘી | નાના પશુ | ખાતર | મરઘા પાલન | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૫૦ | ૭૩૪૫૦ (૪૧) | ૩૦૦ (૧) | ૯૯૦૦ (૩૮) | ૫૫૦ (૧૦) | ૮૪૨૦૦ (૪૧) | ૧૬૮૪ |
| ૨ | કાકડવેલ | ૫૦ | ૩૨૬૫૦ (૩૩) | - | ૧૧૦૦૦ (૪૧) | ૩૫૦ (૭) | ૪૪૦૦૦ (૪૧) | ૮૮૦ |
| ૩ | ચણવઈ | ૫૦ | ૨૩૦૦ (૧૨) | - | ૩૭૫૦ (૩૨) | ૭૫૦ (૧૦) | ૬૮૦૦ (૩૨) | ૧૩૬ |
| ૪ | મેઘવાળ | ૫૦ | ૧૦૪૭૫ (૪૬) | ૫૦ (૧) | ૮૦૨૫ (૪૮) | ૨૨૪૫ (૪૮) | ૨૦૭૯૫ (૪૮) | ૪૧૫ |
| ૫ | કુલ | ૨૦૦ | ૧૧૮૮૭૫ (૧૩૨) ૬૬.૦૦ | ૩૫૦ (૨) ૧.૦૦ | ૩૨૬૭૫ (૧૫૯) ૭૯.૫૦ | ૩૮૯૫ (૭૫) ૩૭.૫૦ | ૧૫૫૭૯૫ (૧૬૨) ૮૧.૦૦ | ૭૭૮ |
| ૬ | કુટુંબદીઠ | | ૯૦૦ | ૧૭૫ | ૨૦૫ | ૫૧ | | |
| ૭ | ટકા | | ૭૬.૩૦ | ૦.૨૨ | ૨૦.૯૭ | ૨.૫૦ | ૧૦૦.૦૦ | |

પહેલાં મહદઅંશે જંગલ મજૂરી (લાકડા કાપવા, વેચવા, જંગલના કૂપમાં લાકડા કાપવાનું કામ કરવું) કે ખેતમજૂરી નજીકમાં કરતા હતા. હવે જંગલ સાફ થઈ જવાથી એ મજૂરી મળતી નથી એટલે નજીકના ઔદ્યોગિક કારખાના કે શેરડીના ખેતરોમાં કે નજીકના ગામોમાં ખેતમજૂરી કરે છે. કેટલાક નજીકના વલસાડ, સુરત, વાપી, અતુલ, ચીખલી જેવા શહેરી, અર્ધ શહેરી વિસ્તારોમાં બાંધકામ કે ખોદકામ મજૂરી પણ કરે છે. કારખાનામાં છૂટક રોજિંદી મજૂરીએ પણ જાય છે. કેટલાક કેનાલ ઉપર ઉચ્ચક મજૂરીએ જાય છે. આમ જંગલ સાફ થઈ જતાં દૂરના વિસ્તારોમાં સ્થળાંતરી મજૂરી કરવા જતા પણ જોવા મળે છે. આમ તપાસના કુટુંબોમાંથી જુદી જુદી જગ્યાએથી જે મજૂરીની આવક મેળવી હતી તે નીચે મુજબ જાણવા મળી હતી.

તપાસના ચારેય ગામના કુલ ૨૦૦ કુટુંબમાંથી કુલ કુટુંબદીઠ સરેરાશ ૯૩૧ રૂપિયાની આવક કરતા જાણવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ મજૂરીની સરેરાશ આવક તપાસના કરચેલીઆ ગામના જુદી જુદી મજૂરી કરતા કુટુંબોની ૧૬૯૮ રૂપિયાની અને સૌથી ઓછી ચણવઈ ગામના શહેર નજીક અને અતુલ ઔદ્યોગિક વિસ્તાર નજીકના વસતા કુટુંબોની કુટુંબદીઠ સરેરાશ ૩૫૧ રૂપિયાની જાણવા મળી હતી. એ સિવાય તપાસના કાકવેલ અને મેધવાળ ગામના કુટુંબોમાં કુટુંબદીઠ સરેરાશ અનુક્રમે ૧૦૬૦ રૂપિયા અને ૬૧૮ રૂપિયાની મજૂરીની આવક જાણવા મળી હતી. આમ ચારેય ગામના કુટુંબોમાંથી કુલ કુટુંબદીઠ સરેરાશ આવક મજૂરીની જાણવા મળી હતી. જેમાં શહેરથી દૂર કે જંગલથી નજીકમાં પણ આ મજૂરી કરનારની આવક ઓછીવત્તી જોવા મળી હતી. જેમાં પુરુષોની સરેરાશ આવક સૌથી વધુ ૪૯૮ રૂપિયાની અને સ્ત્રીઓની સરેરાશ ૩૪૫ રૂપિયાની મજૂરીની આવક જણાઈ હતી. માત્ર બાળકોની સરેરાશ આવક ૮૮ રૂપિયાની સૌથી ઓછી જણાઈ હતી. જે કોઠા નંબર ૩.૭ જોવાથી વિગતે ખ્યાલ આવશે કે કયા ગામમાંથી કેટલા સ્ત્રી-પુરુષ અને બાળકોએ કેટલા કુટુંબોમાંથી આ મજૂરીની આવક પ્રાપ્તિ કરી હતી.

કુટુંબના સભ્યોએ મજૂરીમાંથી મેળવેલી આવક (કૌંસમાં કુટુંબ સંખ્યા) ૩.૭

| ક્રમ | ગામ | પુરુષ | સ્ત્રી | પુ.બાળક | કુલ | કુટુંબદીઠ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૪૬૭૦૦ (૩૫) | ૨૮૩૧૫ (૩૪) | ૯૯૦૦ (૨) | ૮૪૯૧૫ | ૧૬૯૮ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩૨૪૦૦ (૩૩) | ૨૦૬૦૦ (૩૨) | | ૫૩૦૦૦ | ૧૦૬૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૫૫૫૦ (૧૩) | ૪૯૦૦ (૧૮) | ૭૧૦૦ (૧૧) | ૧૭૫૫૦ | ૩૫૧ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૧૫૦૫૦ (૪૦) | ૧૫૨૫૦ (૪૦) | ૬૦૦ (૨) | ૩૦૯૦૦ | ૬૧૮ |
| ૫ | કુલ ૨૦૦ | ૯૯૭૦૦ (૧૨૧) ૬૦.૫૦ | ૬૯૦૬૫ (૧૨૪) ૬૨.૦૦ | ૧૭૬૦૦ (૧૫) ૭.૫૦ | ૧૮૬૩૭૫ (૨૦૦) | ૯૩૧ |
| ૬ | કુટુંબદીઠ | ૪૯૮ | ૩૪૫ | ૮૮ | ૯૩૧ | |

આમ તપાસના કુટુંબોમાંથી ખેતી, નોકરી, ખેતમજૂરી, પશુપાલન અને બીજી છૂટક મજૂરી ઉપરાંત કેટલાક અન્ય એવી જંગલમજૂરી, બાંધકામ મજૂરી, ઔદ્યોગિક વિસ્તાર નજીક છૂટક મજૂરી કરતા જોવા મળ્યા હતા. ખેતીની જમીન ૧૭૯ (૮૯.૫૦ ટકા) કુટુંબો ધરાવતા હતા પરંતુ આ ૧૭૯ ખાતેદારોમાંથી બધા જ કુટુંબો પાસે કુટુંબના સભ્યોને પોષણ આપી શકે એટલી જમીન નથી. બધા જ પાસે ખેતીના સાધનો પૂરતા નથી. બધા જ કુટુંબો પશુપાલન કરી શકતા નથી. બિયારણ, દવા, ખાતર પણ બધાં જ કુટુંબો વાપરી શકતા નથી. છાણિયાં ખાતરથી કેટલાક કુટુંબો ચલાવી લેતા જોવા મળે છે. તપાસના કુટુંબોમાંથી ખેતી સુધારણા માટે બિયારણ, ખાતર, ખેતી ઓજારો, જંતુનાશક દવાઓ અને નવી ખેતપદ્ધતિ અપનાવી હતી તે નીચે મુજબ જાણવા મળી હતી જે કોઠા નંબર ૩.૮ જોતાં ખ્યાલ આવશે.

## ખેતી સુધારણા ૩.૮

| ક્રમ | ગામ | કુલ કુટુંબ | સુધારેલ બિયારણ | રાસાયણિક ખાતર | કંપોજ ખાતર | ખેતી ઓજારો | જંતુનાશક દવાઓ | નવી ખેત પધ્ધતિ | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૫૦ | ૩૬ | ૨૯ | ૧૩ | ૩ | ૨૭ | ૨૪ | ૧૩૨ | ૩૦.૧૪ |
| ૨ | કાકડવેલ | ૫૦ | ૪૬ | - | ૪૬ | - | - | - | ૯૨ | ૨૧.૦૦ |
| ૩ | ચણવઈ | ૫૦ | ૪૬ | - | ૪૬ | - | - | - | ૯૨ | ૨૧.૦૦ |
| ૪ | મેધવાળ | ૫૦ | ૪૭ | ૨૫ | ૫૦ | - | - | - | ૧૨૨ | ૨૭.૮૬ |
| ૫ | કુલ | ૨૦૦ | ૧૭૫ | ૫૪ | ૧૫૫ | ૩ | ૨૭ | ૨૪ | ૪૩૮ | ૧૦૦.૦૦ |
| ૬ | કુલ ટકા | XXXXX | ૩૯.૯૬ | ૩૫.૩૯ | ૧૨.૦૦ | ૦.૬૮ | ૬.૦૦ | ૫.૪૭ | ૧૦૦.૦૦ | |

ખેત સુધારણા માટે સૌથી વધુ કરસેલીઆ ગામના ૧૩૨ (૩૦.૧૪ ટકા) કુટુંબોએ જુદા જુદા આશયથી પ્રગતિ સાધી હતી. બાકીના તપાસના કાકડવેલ, ચણવઈ, મેઘવાળ ગામના કુટુંબોમાંથી માત્ર સુધારેલ બિયારણ, કંપોઝ ખાતર અને મેઘવાળમાંથી રાસાયણિક ખાતરનો ઉપયોગ ખેતીમાં કર્યો જાણવા મળ્યું હતું. એ પણ કેટલાક મોટા ખેડૂતોએ મહદઅંશે કર્યો હતો. મેઘવાળમાં સેલવાસ નજીક હોવાથી ઉપયોગ વધુ થતો હતો. આમ ખેતી સુધારણા પાછળ ખુબ જ ઓછા કુટુંબો ધ્યાન આપ્યું હોય તેવું જણાયું હતું. તેની પાછળ ઓછી જમીન અને જૂની પરંપરાગત પધ્ધતિઓની પકડ જણાવાયું હતું અને કેટલીક જગ્યાએ આર્થિક સ્થિતિ કારણભૂત જણાઈ હતી તો કેટલીક જગ્યાએ મોટા ખેડૂતો નાના ખેડૂતો પાસેથી ખરીદી લેતા જાણવા મળ્યા હતા.

આગળ દર્શાવ્યું તેમ તપાસના કુટુંબોમાં જે જુદા જુદા વ્યવસાયો ધ્વારા આવક થતી હતી તેમાં સૌથી વધુ આવક ખેતી અને પશુપાલનના વ્યવસાયો ધ્વારા થતી જણાઈ હતી. તે પછી ખેતમજૂરી, છૂટકમજૂરી અને નોકરી જેવા આવકના સ્ત્રોત કેટલાક કુટુંબોમાંથી જાણવા મળ્યા હતા. જે કોઠા નંબર ૩.૭ જોતાં વિગતે ખ્યાલ આવશે કે ક્યા સ્ત્રોતો ધ્વારા કેટલા કુટુંબો આવક પ્રાપ્તિ કરતા હતા.

તપાસના કુટુંબોમાંથી આવકજૂથ પ્રમાણેના કુટુંબોની સંખ્યા જોઈએ તો ૨૪૦૧ થી ૩૬૦૦ની આવક ધરાવતા સૌથી વધુ ૪૧ (૨૦.૫૦ ટકા) કુટુંબો અને ૧૦૦૦૦ થી ઉપરની આવક ધરાવતા ૪૦ (૨૦.૦૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. ૩૬૦૦ થી ૪૮૦૦ની આવકજૂથમાં અને ૭૨૦૧ થી ૧૦૦૦૦ સુધીના આવકજૂથમાં અનુક્રમે ૨૫ (૧૨.૫૦ ટકા) અને ૨૬ (૧૩.૦૦ ટકા) કુટુંબો સૌથી ઓછા જાણવા મળ્યા હતા. ઓછી આવકજૂથમાં જે કુટુંબો જાણવા મળ્યા હતા જેમાં જે કુટુંબો પાસે ઓછી જમીન, ઓછું શિક્ષણ અને તે કુટુંબોમાં નોકરીનું પ્રમાણ પણ નહોતું એટલે વપરાશ નહોતી જેનો વપરાશ આજે વધેલો જોવા મળે છે.

## તપાસના કુટુંબોમાં આવક જૂથ અને આવકના સ્ત્રોત દર્શાવતો કોઠો : ૩.૯

### આવક જૂથ

| ક્રમ | ગામ | ૨૪૦૦ | ૨૪૦૧થી ૩૬૦૦ | ૩૬૦૧થી ૪૮૦૦ | ૪૮૦૧થી ૭૨૦૦ | ૭૨૦૧થી ૧૦૦૦૦ | ૧૦૦૦૧થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૨ | ૧૦ | ૪ | ૭ | ૧૦ | ૧૭ | ૫૦ |
| ૨ | કાકડવેલ | ૫ | ૧૦ | ૧૨ | ૧૧ | ૪ | ૮ | ૫૦ |
| ૩ | ચણવઈ | ૧૪ | ૫ | ૧ | ૧૩ | ૫ | ૧૨ | ૫૦ |
| ૪ | મેધવાળ | ૯ | ૧૬ | ૮ | ૭ | ૭ | ૩ | ૫૦ |
| ૫ | કુલ | ૩૦ | ૪૧ | ૨૫ | ૩૮ | ૨૬ | ૪૦ | ૫૦ |
| ૬ | ટકા | ૧૫.૦૦ | ૨૦.૫૦ | ૧૨.૫૦ | ૧૯.૦૦ | ૧૩.૦૦ | ૨૦.૦૦ | ૧૦૦% |

### આવકના સ્ત્રોત

| ક્રમ | ગામ | ખેતી | ખેતમજૂરી | છૂટકમજૂરી | પશુપાલન | નોકરી |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૩૮ | ૩૫ | ૬ | ૪૩ | ૧૨ |
| ૨ | કાકડવેલ | ૪૫ | ૩૪ | ૭ | ૪૪ | ૫ |
| ૩ | ચણવઈ | ૪૬ | ૨૧ | ૧૦ | ૩૩ | ૧૮ |
| ૪ | મેધવાળ | ૫૦ | ૪૦ | ૪૮ | ૪૯ | ૧ |
| ૫ | કુલ | ૧૭૯ | ૧૩૦ | ૭૧ | ૧૬૯ | ૩૬ |

ખેતીમાં મજૂરી ઘરેથી અને રોકડેથી કરેલી જાણવા મળી હતી જે પહેલાં માત્ર ઘરેથી મજૂરી કરતા હતા આજે ઘણા શિક્ષિત થવાથી અને ઘણાને વધારે જમીન હોવાથી મજૂરીએ માણસો બોલાવે છે. જેમાં તપાસના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૧૮૭ રૂપિયાની (૧૭.૩૭ ટકા) કુટુંબો મજૂરી પાછળ ઘરના સભ્યોથી બચાવતા હતા. જયારે કુટુંબદીઠ સરેરાશ ૬૬૪ રૂપિયાની માત્ર (૧૯.૩૧ ટકા) કુટુંબો રોકડેથી મજૂરી ચૂકવતા જણાયા હતા. એટલે મજૂરીએ બોલાવી ખેતી પાછળ ખર્ચ કરતા પણ કુટુંબો જોવા મળ્યા હતા જે વર્ષો પૂર્વે ખુબ જ ઓછા ખર્ચ જાત મજૂરી કરી ખેતી કરતા હતા.

તપાસના કુટુંબોમાં સિંચાઈની સગવડ માત્ર તપાસના કરચેલીઆ ગામના કુટુંબોમાં વિશેષ લાભકર્તા જાણવા મળી હતી. બાકીના તપાસના ગામોમાંથી માંડ એકાદ કુટુંબ લાભ લેતું હતું. સિંચાઈમાં ઘરના કુવા મશીનથી ૮૬૮ રૂપિયાની કુટુંબદીઠ સરેરાશ (૮.૩૮ ટકા) કુટુંબો સિંચાઈ કરતા જણાયા હતા પરંતુ કરચેલીઆમાંથી કુટુંબદીઠ સરેરાશ ૩૩૭ રૂ.ની (૮.૮૮ ટકા) કુટુંબો સિંચાઈની સગવડ મેળવતા જણાયા હતા.

ખેતીના બાકીના ખર્ચાઓમાં જોઈએ તો જમીન મહેસુલ ૧૭૯ (૮૯.૫૦ ટકા) કુટુંબો કુટુંબદીઠ સરેરાશ ૫૫ રૂપિયા, ઘાસચારો ઘરનો (૩૩.૮૯ ટકા) કુટુંબો કુટુંબદીઠ સરેરાશ ૨૪૬ રૂપિયાનો અને રોકડેથી (૧૩.૩૨ ટકા) કુટુંબો કુટુંબદીઠ સરેરાશ ૭૪૦ રૂપિયાનો વાપરતા જણાયા હતા. હળ ભાડા ખર્ચ ઘરનો (૧૨.૧૩ ટકા) કુટુંબો ૨૭૭ રૂપિયાનો, રોકડેથી (૮.૦૬ ટકા) કુટુંબો ૩૨૦ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ વપરાતા જાણવા મળ્યા હતા.

આમ કુલ (૫૭.૭૪ ટકા) કુટુંબો ઘરેથી કુલ ૫૭૦ રૂપિયાનો ખર્ચાઓ અને (૪૨.૨૬ ટકા) કુટુંબો ૪૧૭ રૂપિયાના ખર્ચાઓ કુટુંબદીઠ સરેરાશ એ કુટુંબોની આવક ધોરણ નીચા આવક જૂથમાં જોવા મળે. બાકીના જે કુટુંબો ૭૨૦૦થી ઉપર કે ૧૦૦૦૦થી ઉપરના આવકજૂથમાં જાણવા મળ્યા હતા. તેમાં ખેતીની સધ્ધરતા સાથે નોકરી અને શિક્ષણની સારી એવા સ્ત્રોતો જાણવા મળ્યા હતા. આ આવકજૂથ

કુટુંબવાર કોઠા નંબર ૩.૭ જોતા વિગતે ખ્યાલ આવશે કે ક્યા આવક-જૂથમાં ક્યા ગામના કેટલા કુટુંબો હતા. ટૂંકમાં વધુ જમીન ધરાવતા અને નોકરી કરતા સભ્યવાળા કુટુંબોની આવક વિશેષ જાણવા મળી હતી. ખેતી અને પશુપાલન ખર્ચાઓમાં ખેતીમાં વપરાતા બિયારણ, ખાતરો, જંતુનાશક દવાઓ, સિંચાઈ ખર્ચા, જમીન મહેસુલ, ઘાસચારો અને હળભાડા ખર્ચ જોવા મળે છે. જેમાં તપાસના વિસ્તારમાં બિયારણ મોટેભાગે આગળના વર્ષમાંથી પાક્યું હોય તેમાંથી વાપરે છે. છતાં ઘરવપરાશ કે પ્રસંગોપાત બિયારણ રાખેલું વપરાઈ જાય ત્યારે ઉછીનું કે વેચાતું લઈને તેનો ઉપયોગ કરે છે. તપાસના કુલ કુટુંબોમાંથી ખેતી કરતા કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૪૪ રૂપિયાનું બિયારણ ઘરમાંથી અને ૫૮ રૂપિયાનું બિયારણ રોકડેથી ખરીદીને ઉપયોગમાં લેતા જાણવા મળ્યા હતા.

તપાસના કુટુંબોમાંથી છાણિયું અને રાસાયણિક ખાતર વાપરતા જાણવા મળેલા કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૧૩૯ રૂપિયાનું ઘરનું (૨૧.૨૭ ટકા) જેટલા કુટુંબો છાણિયું ખાતર અને ૩૮૩ રૂપિયાનું (૧.૩૮ ટકા) કુટુંબો છાણિયું ખાતર વાપરતા જણાયા મળેલા જ્યારે રાસાયણિક ખાતર કુટુંબદીઠ સરેરાશ ૨૬૨ રૂપિયાનું (૨૦.૭૭ ટકા) કુટુંબોમાં વપરાયેલું જાણવા મળ્યું હતું. જેમ જેમ પરિસ્થિતિ બદલાઈ છે તેમ તેમ દેશી છાણિયું ખાતર કરતાં રાસાયણિક ખાતરનો વપરાશ વધુ થતો જોવા મળે છે. જે વર્ષો પહેલાં જોવા મળતો નહોતો. જંતુનાશક દવાઓ કુટુંબદીઠ સરેરાશ ૧૬૦ રૂપિયાની (૭.૧૧ ટકા) કુટુંબોમાં વપરાતી જાણવા મળી હતી જે વર્ષો પહેલાં નામ માત્ર કરતા જાણવા મળ્યા હતા.

કોઠો – ૩.૧૦

## ખેતી અને પશુપાલન ખર્ચ : (કૌંસમાં કુટુંબ સંખ્યા) રૂપિયામાં

| ક્રમ | ગામ | બિયારણ | | છાણિયું ખાતર | | રાસાયણિક ખાતર | જંતુનાશક દવા |
|---|---|---|---|---|---|---|---|
| | | ઘર | રોકડ | ઘર | રોકડ | રોકડ | રોકડ |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૨૪૪૫ (૩૭) | ૪૪૦૫ (૩૬) | ૭૨૫૦ (૪૯) | ૧૦૦૦ (૬) | ૧૪૯૫૦ (૨૮) | ૪૩૨૫ (૨૬) |
| ૨ | કાકડવેલ ૫૦ | ૨૨૭૦ (૪૫) | ૩૧૬૦ (૪૫) | ૭૧૯૦ (૪૪) | – – | ૬૩૦ (૯) | – – |
| ૩ | ચણવઈ ૫૦ | ૧૧૭૦ (૪૩) | ૮૧૦ (૩૮) | ૩૭૬૦ (૩૨) | ૫૦ (૧) | ૧૨૬૫ (૨૩) | ૨૫૫ (૩) |
| ૪ | મેધવાળ ૫૦ | ૧૭૮૦ (૫૦) | ૧૪૧૦ (૪૮) | ૬૦૪૫ (૫૦) | ૧૦૦ (૧) | ૪૮૦ (૭) | ૧૩૫૦ (૫) |
| ૫ | કુલ ૨૦૦ | ૭૬૬૫ (૧૭૫) | ૯૬૮૫ (૧૬૭) | ૨૪૨૪૫ (૧૭૫) | ૧૧૫૦ (૩) | ૧૭૩૨૫ (૭૬) | ૫૯૩૦ (૩૭) |
| ૬ | ટકા | ૬.૭૨ | ૧૧.૬૧ | ૨૧.૨૭ | ૧.૩૮ | ૨૦.૭૭ | ૭.૧૧ |
| ૭ | કુટુંબદીઠ | ૪૪ | ૫૮ | ૧૩૯ | ૩૮૩ | ૨૬૨ | ૧૬૦ |

| ક્રમ | ગામ | મજૂરી | | સિંચાઈ | | જમીન મહેસુલ | ઘાસચારો | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ઘર | રોકડ | ઘર | રોકડ | રોકડ | ઘર | રોકડ |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૮૯૦૦ (૩૭) | ૧૩૮૦૦ (૧૧) | ૯૧૫૦ (૮) | ૭૪૦૫ (૨૨) | ૨૩૪૫ (૩૮) | ૧૦૬૫૦ (૩૭) | ૮૭૦૦ (૧૦) |
| ૨ | કાકડવેલ ૫૦ | ૭૯૪૫ (૪૫) | ૨૪૦૦ (૧૧) | ૨૦૦ (૧) | – – | ૨૪૬૦ (૪૫) | ૧૧૫૦૦ (૪૪) | ૨૩૫૫ (૪) |
| ૩ | ચણવઈ ૫૦ | ૪૦૦ (૪) | ૪૦૦ (૩) | ૧૫૦ (૧) | – – | ૨૭૬૬ (૪૬) | ૪૭૫૦ (૨૬) | ૫૦ (૧) |
| ૪ | મેધવાળ ૫૦ | ૨૫૫૦ (૨૦) | – – | ૫૦ (૧) | – – | ૨૨૬૦ (૫૦) | ૧૧૭૨૫ (૫૦) | – – |
| ૫ | કુલ ૨૦૦ | ૧૯૭૯૫ (૧૦૬) | ૧૬૬૦૦ (૨૫) | ૯૫૫૦ (૧૧) | ૭૪૦૫ (૨૨) | ૯૮૩૧ (૧૭૯) | ૩૮૬૨૫ (૧૫૭) | ૧૧૧૦૫ (૧૫) |
| ૬ | ટકા | ૧૬.૩૭ | ૧૯.૯૧ | ૮.૩૮ | ૮.૮૮ | ૧૧.૭૯ | ૩૩.૮૯ | ૧૩.૩૨ |
| ૭ | કુટુંબદીઠ | ૧૮૭ | ૬૬૪ | ૮૬૮ | ૩૩૭ | ૫૫ | ૨૪૬ | ૭૪૦ |

## ખેતી અને પશુપાલન ખર્ચ : (કૌંસમાં કુટુંબ સંખ્યા) રૂપિયામાં

| ક્રમ | ગામ | હળભાડા ખર્ચ | | કુલ | | કુલ ખેતી ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | ઘર | રોકડે | ઘર | રોકડે | ઘર અને રોકડે |
| ૧ | કરચેલીઆ | ૭૭૨૫ | ૫૦૫૦ | ૪૬૧૨૦ | ૬૧૯૮૦ | ૧૦૮૧૦૦ |
| | ૫૦ | (૨૦) | (૧૧) | | | (૨૧૬૨) |
| ૨ | કાકડવેલ | ૨૬૭૫ | ૧૧૭૫ | ૩૧૭૮૦ | ૯૭૨૦ | ૪૧૫૦૦ |
| | ૫૦ | (૧૪) | (૭) | | | (૮૩૦) |
| ૩ | ચણવઈ | ૩૩૫૦ | ૫૦૦ | ૧૩૫૮૦ | ૬૦૯૬ | ૧૯૬૭૬ |
| | ૫૦ | (૨૬) | (૪) | | | (૩૯૩) |
| ૪ | મેઘવાળ | ૩૩૫ | - | ૨૨૪૮૫ | ૫૬૦૦ | ૨૮૦૯૫ |
| | ૫૦ | (૨) | - | | | (૫૬૧) |
| ૫ | કુલ | ૧૪૦૮૫ | ૬૭૨૫ | ૧૧૩૯૬૫ | ૮૩૩૯૬ | ૧૯૭૩૬૧ |
| | ૨૦૦ | (૬૨) | (૨૧) | | | (૯૮૬) |
| ૬ | ટકા | ૧૨.૩૬ | ૮.૦૬ | ૫૭.૭૪ | ૪૨.૨૬ | ૧૦૦.૦૦ |
| ૭ | કુટુંબદીઠ | ૨૭૭ | ૩૨૦ | ૫૭૦ | ૪૧૭ | |

આમ ખેતી અને પશુપાલનમાં ઘરમાંથી અને રોકડેથી જે ખર્ચાઓ થતા જાણવા મળ્યા હતા જેમાં સુધારેલ બિયારણ, રાસાયણિક ખાતર, સિંચાઈ, ઘાસચારો, હળભાડાના ખર્ચાઓ વર્ષો પહેલાં ખુબ ઓછા થતા હતા જે આજે ઘણા ખેડૂતો આ નવીન પ્રકારની ખેત પધ્ધતિઓ અપનાવવા સાથે વાપરતા થયેલા જાણવા મળે છે. શહેરી ઔદ્યોગિક વિસ્તાર નજીકના ગામોમાં આ ખર્ચાઓ વિશેષ થતા જોવા મળ્યા હતા. આ ખેતી-પશુપાલન નો કુલ કુટુંબદીઠ ખર્ચ સરેરાશ ૯૮૬ રૂપિયાનો તપાસના કુટુંબોમાંથી થયેલો જાણવા મળ્યો હતો. જે સૌથી વધુ તપાસના કુટુંબોમાં કરચેલીઆ ગામના કુટુંબોમાંથી ૨૧૬૨ રૂપિયાનો અને સૌથી ઓછો તપાસના ચણવઈ ગામના કુટુંબોમાંથી ૩૯૩ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ થતો જાણવા મળ્યો હતો. જો કે તપાસના ચણવઈ ગામના કુટુંબો પાસેથી જમીન પણ ખૂબ ઓછા એકર-ગૂંઠા ધારણ કરેલી જણાઈ હતી.

ખેતીના બીજા ખર્ચાઓમાં નાના ઓજારો અને પશુઓના થતા જાણવા મળ્યા હતા. ખુબ ઉંડાણના ગામોમાં આજે પણ આ નાના ઓજારો હજુ જાતે બનાવી લેતા જણાયા હતા છતાં કેટલાક ઓજારો નહીંવત ખેડૂતો ખરીદીને વાપરતા આજે જાણવા મળ્યા હતા. તપાસના જંગલ વિસ્તારના ગામોના કુટુંબોના અભ્યાસ ઉપરથી જોઈ શકાય છે કે ખેતી પધ્ધતિઓ ઓજારોમાં ખાસ પરિવર્તન જોવા મળતું નથી. પરંતુ જ્યાં થોડા લાભો મળ્યા છે ત્યાં બિયારણ, ખાતર, સિંચાઈ કરીને વધુ પાક પકવતા કેટલાક ખેડૂતો જાણવા મળ્યા હતા. કેટલાક જાણકારીના અભાવે અને આર્થિક સ્થિતિના અભાવે આવા કેટલાક ફાયદા મેળવી શક્યા નહોતા.

તપાસના જમીન વિહોણા કુટુંબોની આર્થિક સ્થિતિ નબળી જોવા મળી હતી. તેઓ ખેતમજૂરી, છૂટકમજૂરી કે પશુપાલન ઉપર જ નિભાવ કરતા જાણવા મળ્યા હતા. તેઓમાં આજે પણ દારુ-તાડી-બીડી વગેરે વ્યસનો જોવા મળે છે. જે કેટલાક ઓછી જમીન ધરાવતા કુટુંબોમાં પણ આવા વ્યસનો અને સામાજિક-ધાર્મિક ખર્ચાઓ વિશેષ કરતા જણાયા હતા.

કોઠો - ૩.૨૨

## કુલ કુટુંબદીઠ આવક- ખર્ચ અને ચોખ્ખી આવક

| ક્રમ | ગામ કુટુંબ | ખેતીઆવક | ખેતીખર્ચ | ચોખ્ખી આવક | પશુપાલન આવક | પશુપાલન ખર્ચ | ચોખ્ખી આવક |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૮૦૨૪ | ૨૧૬૨ | ૫૮૬૨ | ૧૬૮૪ | ૬૦૮ | ૧૦૭૫ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩૧૫૫ | ૮૩૦ | ૨૩૨૫ | ૮૮૦ | ૧૭૨ | ૭૦૮ |
| ૩ | ચણવઈ ૫૦ | ૨૦૦૮ | ૩૯૩ | ૧૬૧૪ | ૧૩૬ | ૧૭ | ૧૧૯ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૩૬૨૫ | ૫૬૧ | ૩૦૬૩ | ૪૧૫ | ૧૬૨ | ૨૫૩ |
| ૫ | કુલ ૨૦૦ | ૪૨૦૩ | ૯૮૬ | ૩૨૧૬ | ૭૭૮ | ૨૩૯ | ૫૩૯ |
| ૬ | ટકા | ૫૧.૬૮ | ૭૦.૦૧ | ૪૭.૮૪ | ૯.૫૮ | ૧૭.૦૨ | ૮.૦૨ |

| ક્રમ | ગામ કુટુંબ | મજૂરી આવક | મજૂરીખર્ચ | ચોખ્ખી આવક | નોકરી આવક | નોકરી ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૬૯૮ | ૯૨ | ૧૬૦૬ | ૩૫૫૪ | ૨૧૦ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૧૦૬૦ | ૨ | ૧૦૫૮ | ૧૧૦૦ | ૩૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૩૫૧ | ૧૮ | ૩૩૩ | ૪૧૨૦ | ૩૬૧ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૬૧૮ | ૧ | ૬૧૭ | ૧૦૦ | ૧૬ |
| ૫ | કુલ ૨૦૦ | ૯૩૧ | ૨૮ | ૯૦૩ | ૨૨૧૮ | ૧૫૪ |
| ૬ | ટકા | ૧૧.૪૬ | ૨.૦૦ | ૧૩.૪૪ | ૨૭.૨૮ | ૧૦.૯૬ |

## કુલ કુટુંબદીઠ આવક- ખર્ચ અને ચોખ્ખી આવક

| ક્રમ | ગામ કુટુંબ | ચોખ્ખી આવક | કુલ આવક | કુલ ખર્ચ | ચો.સૈવક | કુલમા સિક કુટુંબદીઠઆવ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૩૩૪૪ | ૧૪૯૬૦ | ૩૦૭૨ | ૧૧૮૮૭ | ૯૯૦ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૧૦૭૦ | ૬૧૯૫ | ૧૦૨૦ | ૫૧૬૧ | ૪૩૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૩૭૫૮ | ૬૬૧૫ | ૭૬૦ | ૫૮૨૪ | ૪૮૫ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૮૪ | ૪૭૫૯ | ૭૪૦ | ૪૦૧૮ | ૩૩૫ |
| ૫ | કુલ ૨૦૦ | ૨૦૬૪ | ૮૧૩૨ | ૧૪૦૯ | ૬૭૨૨ | ૫૬૦ |
| ૬ | ટકા | ૩૦.૭૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ | |

કોઠા નંબર ૩.૧૭ માં દર્શાવ્યા પ્રમાણે તપાસના કુલ ૨૦૦ કુટુંબોમાંથી ખેતી, પશુપાલન, ખેતમજૂરી, છૂટક મજૂરી, અન્ય મજૂરી, નોકરી વગેરે વ્યવસાયોની કુલ વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ૬૭૨૨ રૂપિયાની એટલે માસિક કુટુંબદીઠ ૫૬૦ રૂપિયાની આવક જાણવા મળી હતી જે તપાસના કરચેલીઆમાંથી વાર્ષિક કુટુંબદીઠ ૧૧૮૮૭ રૂપિયાની અને માસિક કુટુંબદીઠ સરેરાશ ૯૯૦ રૂપિયાની સૌથી વિશેષ જાણવા મળી હતી જ્યારે તપાસના ઉંડાણના વિસ્તારના મેઘવાળમાંથી તે વાર્ષિક કુટુંબદીઠ ૪૦૧૮ રૂપિયાની અને માસિક ૩૩૫ની કુટુંબદીઠ સરેરાશ આવક સૌથી ઓછી જાણવા મળી હતી. બાકીના તપાસના કાકડવેલ અને ચણવઈની અનુક્રમે કુટુંબદીઠ સરેરાશ ૫૧૬૧ રૂપિયા અને ૫૮૨૪ રૂપિયાની વાર્ષિક અને માસિક કુટુંબદીઠ ૪૩૦ રૂપિયા અને ૪૮૫ રૂપિયાની જાણવા મળી હતી જે બંને ગામોમાં એક શહેર નજીક અને એક જંગલ નજીક હોવા છતાં આ તફાવત નહીંવત જોવા મળ્યો હતો.

તપાસના કુટુંબોમાં ખેતી, પશુપાલન, મજૂરી અને નોકરીની આવક થતી જાણવા મળી હતી જેમાં ખેતીમાંથી ૫૧.૬૮ ટકા, પશુપાલન-માંથી ૯.૫૮ ટકા, મજૂરીમાંથી ૧૧.૪૬ ટકા અને નોકરીમાંથી ૨૭.૨૮ ટકા આવક પ્રાપ્તિ થતી જાણવા મળી હતી. જેમાં ખેતીમાં સૌથી અગ્રિમસ્થાને અને પશુપાલનમાંથી સૌથી ઓછી આવક થતી જણાઈ હતી. એજ રીતે સૌથી વધુ ખર્ચ ખેતીનો ૭૦.૦૧ ટકા થતો જાણવા મળ્યો હતો અને સૌથી ઓછો ખર્ચ મજૂરીનો માત્ર ૨.૦૦ ટકાનો થતો જાણવા મળ્યો હતો. બાકીના ખર્ચાઓમાં પશુપાલન ૧૭.૦૨ ટકા, નોકરી ૧૦.૯૬ ટકાનો સમાવેશ થતો હતો. એજ રીતે ચોખ્ખી આવક પણ ખેતીના વ્યવસાયની ૪૭.૮૪ ટકાની સૌથી વિશેષ જાણવા મળી હતી.બાકીની ચોખ્ખી આવકમાં મજૂરીમાંથી ૧૩.૪૪ ટકા અને નોકરીમાંથી ૩૦.૦૦ ટકાની થતી જાણવા મળી હતી. આમ તપાસના કુટુંબોમાંથી આવક-ખર્ચ અને ચોખ્ખી આવક જાણવા મળી હતી જે ગામવાર કુટુંબ પ્રમાણે કોઠા નંબર ૩.૨૨જોતાં વિગતવાર કયા ક્ષેત્રમાંથી કેટલી આવક અને ખર્ચ બાદ કરતાં ચોખ્ખી આવક હતી તે જોવા મળશે.

આમ આજે ખેતીનો વ્યવસાય સિંચાઇ અને નવીન પધ્ધતિઓ અને ઉપકરણો થવાથી અગ્રસ્થાને છે. છતાં નોકરીના વ્યવસાયે તેમનામાં નવી આર્થિક ચેતના અને શિક્ષણ માટેની પ્રેરણા આપી હોય એમ દેખાય છે. પશુપાલનનો વ્યવસાય માત્ર ખેતી માટે કે જરૂરી દૂધ માટે કરતા હોય તેમ જાણવા મળે છે. જંગલ આધારિત વ્યવસાયો ખતમ થઇ જવાથી તેમને આર્થિક રીતે જે ખોટ સાલી હતી તે બીજા રસ્તે સરભર થવા પામી છે. કેટલીક જગ્યાએ એ બન્યું નથી.

તપાસમાં આવરી લીધેલા સમગ્ર ૨૦૦ કુટુંબોમાંથી કુલ માસિક સરેરાશ કુટુંબદીઠ ૪૪૦ રૂપિયાનો ખર્ચ થતો જાણવા મળ્યો હતો. તપાસના કરચેલીઆમાંથી માસિક કુટુંબદીઠ સરેરાશ ૫૨૦ રૂપિયાનો સૌથી વધુ ખર્ચ અને તપાસના મેઘવાળમાંથી માસિક કુટુંબદીઠ સરેરાશ ૩૩૦ રૂપિયાનો સૌથી ઓછો ખર્ચ થતો જાણવા મળ્યો હતો. એટલે એક શહેર વિસ્તાર નજીકના વિસ્તારનું ગામ અને સિંચાઇથી સમૃધ્ધ ખેતીવાડીવાળું ગામ ઉપરાંત શિક્ષણનું જયાં પ્રમાણ વધારે હોઇ એવા કરચેલીઆનો ખર્ચ વિશેષ જણાયો હતો જયારે જંગલ વિસ્તારનું લગભગ સૂકી ખેતીવાળું ગામ મેઘવાળ દૂરના વિસ્તારમાં હોઇ તેનો માસિક ખર્ચ ઓછો જણાયો હતો. તપાસના બાકીના બંને ગામો કાકડવેલ અને ચણવઇનો આ માસિક ખર્ચાઓ લગભગ સરખા જાણવા મળ્યા હતા.

તપાસના આ બધા ગામોના કુટુંબોમાંથી ખાધાખોરાકી પાછળનો માસિક વપરાશી ખર્ચ ૨૮.૦૩ ટકા સૌથી વધુ જાણવા મળ્યો હતો. એ સિવાય દૂધ-ઘી, તેલ, કપડાં અને સામાજિક ખર્ચાઓ વિશેષ થતા જાણવા મળ્યા હતા. સૌથી ઓછા આ માસિક ખર્ચાઓમાં પગરખાં, મસાલા, બળતણ, સાબુ-તેલ, દારુ, શિક્ષણ, દવાદારૂ, ધાર્મિક વિધિઓ પાછળ થતા જાણવા મળ્યા હતા. એટલે શિક્ષણ વધવા સાથે આર્થિક સ્થિતિ ઘણા કુટુંબોની સુધરી હોઇ બીડી, તમાકુ, દારુ, ધાર્મિક વિધિઓ જેવા ખર્ચાઓ ઘટયા જાણવા મળેલા જયારે મુસાફરી, મનોરંજન, શિક્ષણ જેવા ખર્ચાઓ ઘણા કુટુંબોમાં આજે વધ્યા હોઇ એવી પરિસ્થિતિ જાણવા મળી હતી. આ રોજબરોજના માસિક વપરાશી ખર્ચાઓ કોઠા ૩.૧૨ માં દર્શાવ્યા છે જેમાં શેની પાછળ ખર્ચાઓ વિશેષ કરેલા અને શેની પાછળ ખર્ચાઓ ઘટયા છે એની ટકાવારી જોવાથી સાચો ખ્યાલ આવશે.

કોઠો – ૩.૧૨

## માસિક વપરાશી ખર્ચ

| ક્રમ | ગામ | ખાધા ખોરાકી | દૂધઘી | ચા-ખાંડ ગોળ | તેલ | માંસ ઈંડાં | શાકભાજી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૯૪૨૫ | ૨૩૬૦ | ૧૭૫૭ | ૨૩૭૦ | ૯૪૫ | ૧૦૬૫ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૬૪૬૦ | ૨૦૧૫ | ૯૪૫ | ૧૧૨૯ | ૬૧૭ | ૬૭૨ |
| ૩ | ચણવઈ ૫૦ | ૬૦૫૦ | ૧૮૬૫ | ૯૫૭ | ૧૮૭૫ | ૧૪૬૦ | ૭૯૫ |
| ૪ | મેધવાળ ૫૦ | ૨૭૮૫ | ૧૨૮૦ | ૮૦૬ | ૧૦૧૦ | ૧૩૧૦ | ૪૫૫ |
| ૫ | કુલ ૨૦૦ | ૨૪૭૨૦ | ૭૫૨૦ | ૪૪૬૫ | ૬૩૮૪ | ૪૩૩૨ | ૨૯૮૭ |
| ૬ | ટકા | ૨૮.૦૩ | ૮.૫૩ | ૫.૦૬ | ૭.૨૪ | ૪.૯૨ | ૩.૩૯ |

| ક્રમ | ગામ | મસાલા | બળતણ | સાબુતેલ | કપડાં | પગરખાં | બીડી તમાકુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૪૮૪ | ૪૭૪ | ૩૩૫ | ૧૬૯૦ | ૨૦ | ૬૯૨ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩૭૦ | ૪૨૮ | ૨૫૪ | ૧૨૫૦ | ૧૪૦ | ૪૫૫ |
| ૩ | ચણવઈ ૫૦ | ૩૯૫ | ૫૩૪ | ૩૩૪ | ૧૮૦૫ | ૧૪૫ | ૮૬૫ |
| ૪ | મેધવાળ ૫૦ | ૩૭૨ | – | ૨૬૨ | ૨૩૨૭ | ૩૫ | ૧૨૧૦ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૬૨૧ | ૧૪૩૬ | ૧૧૮૧ | ૭૦૭૨ | ૩૪૦ | ૩૨૨૨ |
| ૬ | ટકા | ૧.૬૩ | ૧.૩૪ | ૮.૦૨ | ૦.૩૯ | ૩.૬૫ | ૨.૩૭ |

## માસિક વપરાશી ખર્ચ

| ક્રમ | ગામ | દારુ | મનોરંજન | ધાર્મિકવિધિ | મુસાફરી | શિક્ષણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૪૧૯ | ૭૨૧ | ૨૧૭ | ૧૧૧૪ | ૮૭૦ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩૭૮ | ૬૮૦ | ૧૧૫૭ | ૧૦૮૪ | ૫૬૨ |
| ૩ | ચણવઈ ૫૦ | ૩૪૫ | ૯૩૨ | ૫૨૧ | ૧૩૮૪ | ૭૩૫ |
| ૪ | મેધવાળ ૫૦ | ૯૪૭ | ૪૪૦ | ૩૧૩ | ૬૭૨ | ૧૭૭ |
| ૫ | કુલ ૨૦૦ | ૨૦૮૯ | ૨૭૭૩ | ૨૨૦૮ | ૪૨૫૪ | ૨૩૪૪ |
| ૬ | ટકા | ૩.૧૪ | ૨.૫૦ | ૪.૯૨ | ૨.૫૭ | ૨.૨૩ |

| ક્રમ | ગામ | દવાદારુ | સામાજિક ખર્ચ | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૫૨૯ | ૪૯૦ | ૩૦ | ૨૬૦૦૭ (૫૨૦) |
| ૨ | કાકડવેલ ૫૦ | ૪૩૭ | ૨૨૦૭ | ૩૩૫ | ૨૧૫૭૫ (૪૩૧) |
| ૩ | ચણવઈ ૫૦ | ૫૭૨ | ૨૪૮૫ | ૬૦ | ૨૪૧૧૦ (૪૮૨) |
| ૪ | મેધવાળ ૫૦ | ૪૨૫ | ૧૪૨૪ | ૨૫૭ | ૧૬૫૦૭ (૩૩૦) |
| ૫ | કુલ ૨૦૦ | ૧૬૬૩ | ૬૬૦૬ | ૬૮૨ | ૮૮૧૯૯ |
| ૬ | ટકા | ૭.૪૯ | ૦.૭૭ | | ૪૪૦ |

તપાસના કુટુંબોમાં ઉપર જોયું તેમ માસિક કુટુંબદીઠ ખર્ચાઓ જીવનની અનેકવિધ જરૂરિયાતો પાછળ થતા જણાયા હતા. એજ રીતે તેમના તપાસના કુટુંબોમાં વાર્ષિક વપરાશી ખર્ચનું જે માળખું જાણવા મળ્યું તે નીચે મુજબ હતું. કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫૨૯૧ રૂપિયાનો ખર્ચ વાર્ષિક થતો જાણવા મળ્યો હતો. જેમાં સૌથી વધુ ખર્ચ તપાસના કરચેલીઆના કુટુંબોમાંથી ૬૨૪૧ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ જાણવા મળ્યો હતો અને સૌથી ઓછો ખર્ચ તપાસના મેઘવાળ ગામના કુટુંબોમાંથી ૩૯૬૧ રૂપિયાનો કુટુંબદીઠ સરેરાશ જાણવા મળ્યો હતો. તપાસના ચણવઈ, કાકડવેલ ગામના કુટુંબનો આ વાર્ષિક સરેરાશ ખર્ચ લગભગ સરખો જાણવા મળ્યો હતો. માથાદીઠ વાર્ષિક ખર્ચ જોઈએ તો કુલ કુટુંબોમાં ૧૦૦૪ રૂપિયાનો થતો જાણવા મળ્યો હતો. જેમાં તપાસના કરચેલીઆ, કાકડવેલ, ચણવઈનો આ વાર્ષિક માથાદીઠ ખર્ચ હજાર ઉપરનો જાણવા મળ્યો હતો જ્યારે મેઘવાળના કુટુંબોમાંથી વસતિ વિશેષ હોવાથી માત્ર ૬૫૨ રૂપિયાનો વાર્ષિક માથાદીઠ ખર્ચ જાણવા મળ્યો હતો.

કુ.કે. – ૩.૧૩

## વાર્ષિક વપરાશી ખર્ચ કુટુંબદીઠ

| ક્રમ | ગામ | ખાધા ખોરાકી | દૂધ-ઘી | ચા-ખાંડ ગોળ | તેલ | માંસઈંડાં | શાકભાજી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૨૨૬૨ | ૫૬૬ | ૪૨૧ | ૫૬૮ | ૨૨૬ | ૨૫૫ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૧૫૫૦ | ૪૮૩ | ૨૨૬ | ૨૭૦ | ૧૪૮ | ૧૬૧ |
| ૩ | ચણવઈ ૫૦ | ૧૪૫૨ | ૪૪૭ | ૨૨૯ | ૪૫૦ | ૩૫૦ | ૧૯૦ |
| ૪ | મેધવાળ ૫૦ | ૬૬૮ | ૩૦૭ | ૧૯૩ | ૨૪૨ | ૩૧૪ | ૧૦૯ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૪૮૩ | ૪૫૧ | ૨૬૭ | ૩૮૩ | ૨૫૯ | ૧૭૯ |
| ૬ | ટકા | ૨૮.૦૩ | ૮.૫૩ | ૫.૦૬ | ૭.૨૪ | ૪.૯૨ | ૩.૩૯ |

| ક્રમ | ગામ | મસાલા | બળતણ | સાબુ-તેલ | કપડાં | પગરખાં | બીડી તમાકુ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૧૬ | ૧૧૩ | ૮૦ | ૪૦૫ | ૪ | ૧૬૬ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૮૮ | ૧૦૨ | ૬૦ | ૩૦૦ | ૩૩ | ૧૦૯ |
| ૩ | ચણવઈ ૫૦ | ૯૪ | ૧૨૮ | ૭૯ | ૪૩૩ | ૩૪ | ૨૦૭ |
| ૪ | મેધવાળ ૫૦ | ૮૯ | – | ૬૨ | ૫૫૮ | ૮ | ૨૯૦ |
| ૫ | કુલ ૨૦૦ | ૯૭ | ૮૬ | ૭૦ | ૪૨૪ | ૨૦ | ૧૯૩ |
| ૬ | ટકા | ૧.૮૪ | ૧.૬૩ | ૦.૩૪ | ૮.૦૨ | ૦.૩૯ | ૩.૬૫ |

## વાર્ષિક વપરાશી ખર્ચ કુટુંબદીઠ

| ક્રમ | ગામ | દારુ | મનોરંજન | ધાર્મિકક્રિયા | મુસાફરી | શિક્ષણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૦૦ | ૧૭૩ | ૫૨ | ૨૬૭ | ૨૦૮ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૯૦ | ૧૬૩ | ૨૭૭ | ૨૬૦ | ૧૩૪ |
| ૩ | ચણવઈ ૫૦ | ૮૨ | ૨૨૩ | ૧૨૫ | ૩૩૨ | ૧૭૬ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૨૨૭ | ૧૦૫ | ૭૫ | ૧૬૧ | ૪૨ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૨૫ | ૧૬૬ | ૧૩૨ | ૨૫૫ | ૧૪૦ |
| ૬ | ટકા | ૨.૩૭ | ૩.૧૪ | ૨.૫૦ | ૪.૮૨ | ૨.૫૬ |

| ક્રમ | ગામ | દવાદારુ | સામાજિક ખર્ચ | અન્ય | કુલકુટુંબદીઠ | માથાદીઠ વાર્ષિકખર્ચ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૨૬ | ૧૧૭ | ૭ | ૬૨૪૧ | ૧૧૯૧ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૧૦૪ | ૫૨૯ | ૮૦ | ૫૧૭૮ | ૧૧૧૧ |
| ૩ | ચણવઈ ૫૦ | ૧૩૭ | ૫૯૬ | ૧૪ | ૫૭૮૬ | ૧૧૩૫ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૧૦૨ | ૩૪૧ | ૬૧ | ૩૯૬૧ | ૬૫૨ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૧૭ | ૩૯૬ | ૪૦ | ૫૨૯૧ | ૧૦૦૪ |
| ૬ | ટકા | ૨.૨૩ | ૭.૪૯ | ૦.૭૭ | ૧૦૦.૦૦ | |

આગળ જોયું તેમ માસિક વપરાશી ખર્ચની જેમ જ વાર્ષિક વપરાશી ખર્ચમાં ખાદ્યાખોરાકીનો ખર્ચ સૌથી વિશેષ ૨૮.૦૩ ટકા જાણવા મળ્યો હતો જ્યારે દૂધ-ઘી, કપડાં, તેલ, સામાજિક ખર્ચાઓમાં એ પછી ૭ થી ૮ ટકા સુધીના વધારે ખર્ચાઓ જાણવા મળ્યા હતા. મસાલા, બળતણ, સાબુ-તેલ, પગરખાં વગેરે પાછળ ખૂબ ઓછા ખર્ચાઓ થતા જાણવા મળ્યા હતા.

આમ અનાજ, કપડાં, તેલ, સામાજિક વિધિઓ પાછળ તેઓ વિશેષ ખર્ચાઓ કરતા જાણવા મળ્યા હતા. બાકી બળતણ, પગરખાં, શિક્ષણ, મસાલા, સાબુ પાછળના ખર્ચાઓ ઓછા કરતા જાણવા મળ્યા હતા. તપાસના કુટુંબોમાં સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબદીઠ સરેરાશ ખર્ચની વિગતો જોઈએ તો ખૂબ જ ઓછો ખર્ચ કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક માસિક માલૂમ પડયો હતો જે કોઠા નંબર ૩.૧૩ જોતાં ખ્યાલ આવશે.

ધોડિયાના કેટલાક કુટુંબો જેઓ સમૃધ્ધ ખેતી, નોકરી અને બીજા વ્યવસાયોથી આર્થિક રીતે સધ્ધર બન્યા છે તેમના કુટુંબોના જ આ વપરાશી ખર્ચાઓના આંકડાઓ મોટા દેખાય છે. બાકી હજું પણ કેટલાક કુટુંબો આ વપરાશી ખર્ચાઓ ખૂબ જ ઓછા કરીને માસ કે વર્ષ પસાર કરતા જાણવા મળ્યા હતા. આજે પણ ઉંડાણ વિસ્તારમાં સમૃધ્ધ ખેતી કે નોકરી કરનારા ખૂબ ઓછા જાણવા મળે છે. એટલે હજુ પણ ખૂબ ઓછી ખેતી, ખેતમજૂરી કે થોડી જંગલ મજૂરી કરીને જીવન વિતાવે છે. જંગલ નાશ થતાં સ્થળાંતર કરી મજૂરી પ્રાપ્ત કરી જીવનનિર્વાહ કરવાની પણ ફરજ પડે છે. કારણ કે કુદરતી આધાર પણ કેટલેક ઠેકાણે રહેવા પામ્યો નથી.

આવરી લીધેલા તપાસના કુલ ગામોના સમગ્ર ૨૦૦ કુટુંબો આગળ જોયું તેમ જુદા જુદા અનેકવિધ વ્યવસાયોમાંથી આવક પ્રાપ્તિ કરતા હતા અને તેની પાછળ કરવાનો ખર્ચ પણ કરતા હતા. આ આવક-ખર્ચને બાદ કરતાં ચોખ્ખી આવક પ્રાપ્તિ થઈ હતી જે નીચે મુજબ હતી. જેમાં વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ આવક તપાસના સમગ્ર કુટુંબોની ૬૭૨૨

રૂપિયાની જાણવા મળી હતી. જેની માસિક કુટુંબદીઠ સરેરાશ આવક ૫૬૦ રૂપિયાની થતી હતી. જે તપાસના કુટુંબોની કુટુંબકદની રીતે માથાદીઠ વાર્ષિક સરેરાશ આવક ૧૨૭૬ રૂપિયાની અને માથાદીઠ માસિક સરેરાશ ૧૦૬ રૂપિયાની થતી જાણવા મળી હતી. તપાસના ગામોની કુટુંબોની રીતે જોઈએ તો આ ચોખ્ખી આવક કુટુંબદીઠ સરેરાશ વાર્ષિક, કુટુંબદીઠ માસિક અને માથાદીઠ માસિકની આવકની રીતે સૌથી વધુ આવક કરચેલીઆ ગામના કુટુંબોની જાણવા મળી હતી અને સૌથી ઓછી આવક તપાસના ઉંડાણના જંગલ નજીકના ગામ મેઘવાળની સૌથી ઓછી જાણવા મળી હતી.

એજ રીતે આવરી લીધેલા તપાસના કુલ ગામોના સમગ્ર ૨૦૦ કુટુંબો જેમ જુદા જુદા વ્યવસાયો ધ્વારા આવક પ્રાપ્તિ કરતા હતા. જેમાં તેઓ આ વ્યવસાયો કરવા પાછળ ખર્ચાઓ કર્યા બાદ સમગ્ર વર્ષમાં માસિક ખર્ચાઓ અને વાર્ષિક વપરાશી ખર્ચાઓ જુદા જુદા ક્ષેત્રોમાં કરતા જાણવા મળ્યા હતા. આ ખર્ચાઓ થતા જાણવા મળ્યા હતા જેમાં વાર્ષિક કુટુંબદીઠ સરેરાશ ખર્ચ તપાસના સમગ્ર કુટુંબોનો ૫૨૯૧ રૂપિયાનો જાણવા મળ્યો હતો જેનો માસિક કુટુંબદીઠ ખર્ચ સરેરાશ ૪૪૧ રૂપિયાનો થતો હતો જે તપાસના કુટુંબોના કુટુંબકદની રીતે માથાદીઠ વાર્ષિક સરેરાશ ખર્ચ ૧૦૦૪ રૂપિયાનો અને માથાદીઠ માસિક સરેરાશ ૮૪ રૂપિયાનો થતો જાણવા મળ્યો હતો.

કુલ આવક- ખર્ચ, કુટુંબદીઠ વાર્ષિક- માસિક- માથાદીઠ આવક- ખર્ચ દર્શાવતો કોઠો ૩.૧૪

| ક્રમ | ગામ | કુલ ચોખ્ખી આવક | કુટુંબદીઠ આવક વાર્ષિક | કુટુંબદીઠ માસિક આવક | માથાદીઠ વાર્ષિક આવક | માથાદીઠ માસિક આવક | વપરાશી કુલખર્ચ | કુટુંબદીઠ વપરાશી ખર્ચ | કુટુંબદીઠ માસિક ખર્ચ | માથાદીઠ વાર્ષિક ખર્ચ | માથાદીઠ માસિક ખર્ચ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૫૯૪૩૮૫ | ૧૧૮૮૭ | ૯૯૦ | ૨૨૬૯ | ૧૮૯ | ૩૧૨૦૮૪ | ૬૨૪૧ | ૫૨૦ | ૧૧૯૧ | ૯૯ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૨૫૮૦૫૦ | ૫૧૬૧ | ૪૩૦ | ૧૧૦૭ | ૯૨ | ૧૫૮૯૦૦ | ૫૧૭૮ | ૪૩૧ | ૧૧૧૧ | ૯૨ |
| ૩ | ચણવઈ ૫૦ | ૨૯૧૨૨૬ | ૫૮૨૪ | ૪૮૫ | ૧૧૪૨ | ૯૫ | ૨૮૯૩૨૦ | ૫૭૮૬ | ૪૮૨ | ૧૧૩૫ | ૯૫ |
| ૪ | મેધવાળ ૫૦ | ૨૦૦૯૩૦ | ૪૦૧૮ | ૩૩૫ | ૬૬૧ | ૫૫ | ૧૯૮૦૮૪ | ૩૯૬૧ | ૩૩૦ | ૬૫૨ | ૫૪ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૩૪૪૫૯૧ | ૬૭૨૨ | ૫૬૦ | ૧૨૭૬ | ૧૦૬ | ૧૦૫૮૩૮૮ | ૫૨૯૧ | ૪૪૧ | ૧૦૦૪ | ૮૪ |

તપાસના ચારેય ગામના કુટુંબોમાંથી કરેલીઆના કુલ કુટુંબોમાંથી આ કુટુંબદીઠ સરેરાશ વપરાશી વાર્ષિક ખર્ચ, કુટુંબદીઠ માસિક ખર્ચ અને માથાદીઠ વાર્ષિક- માસિક ખર્ચાઓ સૌથી વિશેષ જાણવા મળ્યા હતા અને સૌથી ઓછા આ સમગ્ર ખર્ચાઓ તપાસના તાલુકાથી દૂર જંગલ નજીકના મેઘવાળ ગામના જાણવા મળ્યા હતા. આમ આ આવક અને ખર્ચાઓ વાર્ષિક-માસિક, કુટુંબદીઠ અને માથાદીઠ જે જાણવા મળ્યા હતા. જેમાં બધા જ કુટુંબોની આવક બતાવ્યા પ્રમાણે જાણવા મળી નહોતી કે સરેરાશે બતાવ્યા પ્રમાણેનો ખર્ચ પણ તેવા કુટુંબો કરી શકતા નહોતા એટલે થોડા આર્થિક રીતે સધ્ધર કુટુંબોને કારણે આ આવક પ્રાપ્તિ અને ખર્ચના આંકડાઓ મોટા વધારે માલૂમ પડયા હતા. બાકી વાસ્તવમાં તેમના વાર્ષિક-માસિક, કુટુંબદીઠ અને માથાદીઠ ખર્ચાઓ ખૂબ ઓછા જાણવા મળ્યા હતા. તેમાં તેમ છતાં પણ તેમની વાર્ષિક આવક અને વાર્ષિક ખર્ચાઓ કુટુંબદીઠ અને માથાદીઠ ખૂબ ઓછા જાણવા મળ્યા હતા. એજ બતાવે છે કે આ ધોડિયા જાતિમાં ખેતીવાડી કેટલાક કુટુંબોને સમૃધ્ધ છે, કેટલાક કુટુંબના સભ્યો શિક્ષણ પામીને નોકરી કરતા થયા હોવા છતાં જયાં આ પાસાઓમાં ઉંડાણમાં પ્રગતિ સધાઈ નથી તેથી આ પરિસ્થિતિ દેખાઈ આવે છે. બીજી જાતિઓ કરતાં ખેતી, શિક્ષણ, નોકરી અને કોઈને કોઈ વ્યવસાયમાં આ ધોડિયા પ્રજા પ્રગતિ કરી રહી છે છતાં કેટલાક કુટુંબો વિકાસ પામવા સાથે કેટલાક પાછળ પણ રહી ગયેલા જાણવા મળે છે.

આ ઉપરની પરિસ્થિતિ બતાવી એ કારણે જ ધોડિયા લોકોમાં કેટલાકને દેવું કરવાની ફરજ પડે છે. કેટલાક બચત કરે છે જયારે કેટલાકને દેવું કરવું પડે છે જેમાં દેવાની પરિસ્થિતિ અને બચતની પરિસ્થિતિ જાણવા મળી હતી તે નીચે મુજબ જાણવા મળી હતી.

## : દેવા વિષયક પરિસ્થિતિ દર્શાવતો કોઠો : ૩.૧૫

| ક્રમ | ગામ | દેવાદાર છો હા | ના | દેવું કરવાના કારણો: ખાધા ખોરાકી | તહેવાર ઉજવણી | લગ્ન પ્રસંગ | મૃત્યુ પ્રસંગ માંદગી | જાણવા મળ્યા નથી | બેકારી | અન્ય ઘર, પશુ કુવો મશીન | કરજ કોની પાસેથી લીધું: શાહુકાર | વેપારી | સહકારી મંડળી | મિત્રો | સગા સંબંધી | બેંક | લીધું નથી કે જવાબ નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૩૩ | ૧૭ | ૨૦ | ૧ | ૪ | – | ૧૧ | ૫ | ૯ | ૪ | ૧૬ | ૬ | ૬ | ૬ | ૪ | ૮ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩૪ | ૧૬ | – | – | ૬ | ૨ | ૧૮ | – | ૨૪ | ૧૪ | ૨ | ૧ | ૧ | ૪ | ૧૪ | ૧૪ |
| ૩ | ચણવઈ ૫૦ | ૨૭ | ૨૩ | ૮ | – | ૯ | ૮ | ૧૬ | ૧ | ૮ | ૨ | ૧૧ | ૪ | ૧ | ૬ | ૧ | ૨૫ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૨૪ | ૨૬ | ૧૦ | – | ૬ | ૭ | ૧૭ | – | ૧૦ | ૮ | ૧૬ | – | ૬ | ૮ | – | ૧૨ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૧૮ | ૮૨ | ૩૮ | ૧ | ૨૫ | ૧૭ | ૬૨ | ૬ | ૫૧ | ૨૮ | ૪૫ | ૧૧ | ૧૪ | ૨૪ | ૧૯ | ૫૯ |
| ૬ | ટકા | ૫૯.૦૦ | ૪૧% | ૧૯% | ૦.૫૦ | ૧૨.૫૦ | ૮.૫૦ | ૩૧.૦૦ | ૩.૦૦ | ૨૫.૫૦ | ૧૪% | ૨૨.૫૦ | ૫.૫૦ | ૭.૦૦ | ૧૨.૦૦ | ૯.૫૦ | ૨૯.૫૦ |

: આવકમાંથી બચત કરો છો : ૩-૨૯

| ક્રમ | ગામ | બચત હા | બચત ના | વૃધ્ધાવસ્થા માટે | બાળકોના લગ્નમાટે | બાળકોના શિક્ષણમાટે | મિલકત માટે | કુટુંબ માટે | બચત નથી | વિમો છે. હા | વિમો છે. ના |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૩ | ૩૭ | ૫ | ૨ | ૨ | - | ૪ | ૩૭ | ૪ | ૪૬ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩ | ૪૭ | - | - | - | - | ૩ | ૪૭ | ૨ | ૪૮ |
| ૩ | ચણવઈ ૫૦ | ૮ | ૪૨ | - | ૪ | - | - | ૩ | ૪૩ | ૧૭ | ૩૩ |
| ૪ | મેઘવાળ ૫૦ | - | ૫૦ | - | - | - | - | - | ૫૦ | ૧ | ૪૯ |
| ૫ | કુલ ૨૦૦ | ૨૪ | ૧૭૬ | ૫ | ૬ | ૨ | - | ૧૦ | ૧૭૭ | ૨૪ | ૧૭૬ |
| ૬ | ટકા | ૧૨.૦૦ | ૮૮.૦૦ | ૨.૫૦ | ૩.૦૦ | ૧.૦૦ | - | ૫.૦૦ | ૮૮.૫૦ | ૧૨.૦૦ | ૮૮.૦૦ |

તપાસના કુટુંબોમાંથી ખેતીની જમીન ધરાવતા અને જમીન-વિહોણા કે નોકરી કરતા કુટુંબો સહિત દેવાદાર કુટુંબો જોવા મળ્યા હતા. આવરી લીધેલા ચારેય ગામના ૨૦૦ કુટુંબોમાંથી ૧૧૮ (૫૯.૦૦ ટકા) કુટુંબો ઓછાવત્તા દેવાવાળા જાણવા મળ્યા હતા. જેમાં ૮૨ (૪૧.૦૦ ટકા) કુટુંબો દેવામુક્ત જણાયા હતા. આ દેવાવાળા કુટુંબો-માંથી ક્યા હેતુસર દેવું કર્યું હતું એ જાણવા મળ્યું હતું જેમાં અસ્કયામતો પાછળ (ઘર, કૂવો, પશુ, મશીન) સૌથી વધુ (૨૫.૫૦ ટકા) કુટુંબોએ દેવું કરેલું જાણવા મળ્યું હતું. એ પછી ખાધાખોરાકી પાછળ ૩૮(૧૯.૦૦ ટકા) કુટુંબોએ, લગ્ન પ્રસંગ પાછળ ૨૫ (૧૨.૫૦ ટકા) કુટુંબોએ, માંદગી અને મૃત્યુ પ્રસંગ પાછળ ૧૭ (૮.૫૦ ટકા) કુટુંબોએ દેવું કરેલું જાણવા મળ્યું હતું. સૌથી ઓછું દેવું તહેવાર ઉજવણી અને બેકારી ભોગવતા કુટુંબોનું જણાયું હતું. ૬૨ (૩૧.૦૦ ટકા) કુટુંબોનું દેવું જાણવા મળ્યું નહોતું જેમાં કેટલાક દેવું નહોતું તેમ જણાવ્યું હતું.

આ જાણવા મળેલા દેવાદાર કુટુંબોમાંથી સૌથી વધુ દેવું વેપારી પાસેથી લીધેલા ૪૫ (૨૨.૫૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. શાહુકાર પાસે ૨૮ (૧૪.૦૦ ટકા) કુટુંબો અને સગાસંબંધી પાસેથી ૨૪ (૧૨.૦૦ ટકા) કુટુંબોએ દેવું કરેલું જાણવા મળ્યું હતું. સૌથી ઓછું દેવું બેંકનું ૧૯ (૯.૫૦ ટકા) કુટુંબોએ, મિત્રોનું ૧૪ (૭.૦૦ ટકા) કુટુંબોએ, સહકારી મંડળીનું ૧૧ (૫.૫૦ ટકા) કુટુંબોએ કરેલું જણાયું હતું. ૫૯ (૨૯.૫૦ ટકા) કુટુંબોએ દેવું કર્યું નહોતું કે જવાબ આપ્યો નહતો એવા જાણવા મળ્યા હતા.

આ દેવાદાર કુટુંબો ગામવાર કેટલા છે અને દેવું કરવાના કારણોવાળા કુટુંબો ગામવાર કયા હેતુસર દેવું કરતા જણાયા હતા અને કરજ કોની પાસેથી કેટલા કુટુંબોએ ગામ મુજબ લીધું હતું એ સમગ્ર માહિતી વિગત કોઠા નંબર ૩.૧૫ દર્શાવ્યા પ્રમાણે જાણવા મળી હતી.

## અસ્કયામતો સંખ્યા અને કિંમત કુટુંબદીઠ ૩.૧૭

| ક્રમ | ગામ અને કુલ કુટુંબ | જમીન | જમીનની કિંમત | ઝાડ | ઝાડની કિંમત | પશુ | પશુ કિંમત | ખેતી સાધન | ખેતીસાધન કિંમત | ઘરવખરી | ઘરવખરી કિંમત | કુવા એ. મો. | કુલ કિંમત |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ ૫૦ | ૩.૦૯ | ૧૩૯૨૦ | ૧૭૩ | ૧૬૫૯ | ૩ | ૪૧૩૫ | ૧૧ | ૨૨૮૪ | ૭૦ | ૩૫૩૫ | ૯ | ૨૫૫૩૪ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૩.૨૬ | ૧૪૦૮૦ | ૧૫ | ૧૦૫૫ | ૫ | ૪૫૯૮ | ૯ | ૫૭૪ | ૩૯ | ૧૨૩૦ | ૩૧ | ૨૧૫૩૭ |
| ૩ | ચણવઈ ૫૦ | ૧.૯૧ | ૮૮૪૦ | ૧૩ | ૧૫૩૨ | ૬ | ૧૫૮૮ | ૭ | ૬૯૯ | ૩૮ | ૨૮૦૫ | ૬ | ૧૫૪૬૬ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૪.૩૪ | ૧૩૦૮૦ | ૧૩ | ૧૦૬૩ | ૧૩ | ૫૦૭૨ | ૧૦ | ૮૮૪ | ૩૫ | ૧૧૫૧ | ૫ | ૨૧૨૫૨ |
| ૫ | કુલ ૨૦૦ | ૩.૧૫ | ૧૨૪૮૦ | ૫૩ | ૧૩૨૭ | ૭ | ૩૮૪૮ | ૯ | ૧૧૧૦ | ૪૬ | ૨૧૮૦ | ૫૧ | ૨૦૯૪૭ |

તપાસના કુટુંબોમાંથી આવકમાંથી બચત કરતા થોડા કુટુંબો જાણવા મળ્યા હતા. જેમને વિમા દ્વારા કે બીજી રીતે બચત કરી છે એ જણાવ્યું હતું. જેમાં કુલ કુટુંબોમાંથી ૨૪ (૧૨.૦૦ ટકા) કુટુંબોએ માત્ર બચત કરેલી જણાવી હતી. જેમાં વિમાવાળા કુટુંબો જણાયા હતા. આ બચત મહદઅંશે નોકરીવાળા કુટુંબોની જાણવા મળી હતી. આ બચત તપાસના કરચેલીઆ અને ચણવઈ ગામના નોકરી કરતા કુટુંબની નોંધાઈ હતી જે કોઠા નંબર૩.૧૯જોતાં વિગતે ખ્યાલ આવશે.

તપાસેલા કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૨૦૯૪૭ રૂપિયાની કુલ અસ્કયામતો જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ અસ્કયામતો તપાસના કરચેલીઆ ગામના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૨૫૫૩૪ રૂપિયાની જાણવા મળી હતી. સૌથી ઓછી અસ્કયામતો તપાસના ચણવઈ ગામના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૧૫૪૬૬ રૂપિયાની જાણવા મળી હતી. એ સિવાયના તપાસના કાકડવેલ અને મેઘવાળમાંથી કુટુંબદીઠ સરેરાશ અનુક્રમે ૨૧૫૩૭ રૂપિયા અને ૨૧૨૫૨ રૂપિયાની અસ્કયામતો જાણવા મળી હતી.

તપાસેલ કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ અસ્કયામતો જમીનની કિંમતની જાણવા મળી હતી. એ સિવાયની જાણવા મળેલી અસ્કયામતોમાં જોઈએ તો કુટુંબદીઠ સરેરાશમાં ઘરવખરીની ૨૧૮૦ રૂપિયાની, વૃક્ષોની ૧૩૨૭ રૂપિયાની, પશુઓની ૩૮૪૮ રૂપિયાની અને ખેતીના સાધનોની ૧૧૧૦ રૂપિયાની હતી. મુખ્ય વ્યવસાય ખેતી હોવાથી આ અસ્કયામતો ખેતીના વ્યવસાયની સૌથી વિશેષ જાણવા મળી હતી. એ સિવાય ખેતી સાથે સંકળાયેલા ખેતીના સાધન, પશુઓ, વૃક્ષોની અસ્કયામતો ઓછી જાણવા મળી હતી. ઘરવખરીની અસ્કયામતો ખૂબ ઓછી જણાઈ હતી. એટલે અસ્કયામતોની કુટુંબદીઠ સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો પણ ખૂબ ઓછી જાણવા મળી હતી. જેમાં કુટુંબદીઠ સરેરાશ જમીન ૩.૧૫ એકર- ગૂંઠા, ઝાડ કુટુંબદીઠ ૫૩ની

સંખ્યામાં અને બીજી અસ્કયામતોમાં કુટુંબદીઠ જોઈએ તો પશુઓ ભરી સંખ્યા, ખેતીના સાધન હની સંખ્યા, ઘરવખરી જડની સંખ્યામાં જોવા મળ્યા હતા. જોકે આ અસ્કયામતો દરેક કુટુંબમાં હતી એવું પણ નહોતું. કેટલાક પાસે તેનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળ્યું હતું. કેટલાક કુટુંબો પાસે જ આ અસ્કયામતના સાધનો વધારે જોવા મળ્યા હતા. ખૂબ જ ઓછી અસ્કયામતોથી મોટાભાગના કુટુંબો ધરાવતા જાણવા મળ્યા હતા. આ અસ્કયામતોની વિગતો કોઠા નંબર ૩.૧૭જોવાથી વધુ વિગતે ખ્યાલ આવશે.

-૦-૦-૦

# પ્રકરણ - ૪

## સામાજિક જીવનચક્ર

## : સામાજિક સંરચના :

### કુટુંબ વ્યવસ્થા :-

ધોડિયામાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. વડીલ પિતા ઘરનો કારભાર કરતો હોય છે. તેની સત્તા અંતિમ હોય છે. તેમનામાં મહદઅંશે સંયુક્ત કુટુંબ પ્રણાલી પ્રચલિત છે એટલે આવક મિલકત સહિયારી હોય છે. ઘરમાં કમાણી કરતા સભ્યો વડીલ પિતાને કમાણીના પૈસા આપે છે. આમ કુટુંબની કમાણી વડીલ પુરુષની પાસે રાખે છે. ખર્ચ કરવામાં પણ તેમનો નિર્ણય મહત્વનો હોય છે. ઘરના બધા વડીલ પુરુષની આજ્ઞામાં રહીને કુટુંબમાં રહે છે. યુવાન સ્ત્રીઓ પર ઘરની વડીલ સ્ત્રીની સત્તા હોય છે. સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિઓમાં ભાગ લઈ મદદ કરે છે. કુટુંબના મહત્વના નિર્ણયો પુરુષ લે છે. છતાં ધોડિયા સ્ત્રીનું સમાજજીવન અને કુટુંબજીવનમાં સ્થાન મહત્વનું જોવા મળે છે. સ્ત્રીને કેટલાક અધિકાર જોવા મળે છે. તેમનામાં છોકરીનું દહેજ અપાતું નથી. સ્ત્રી ભારરૂપ ગણાતી નથી. ધોડિયામાં તેથી પુત્ર પુત્રીનું સ્થાન એક સરખું ગણાય છે. જમીન વધારે હોય અને બીજા પુત્ર હોય ત્યારે છોકરી માટે ઘર જમાઈ લાવે છે. આ રીતે છોકરીને મિલકતમાં ભાગીદાર બનાવે છે. આજે શિક્ષણ વધવા સાથે જીવનમૂલ્યો બદલાયા છે. તેમનામાં શહેરી અસર, સ્ત્રી શિક્ષણ વધવાથી અને સંયુક્ત કુટુંબ પ્રણાલી પ્રચલિત હતી તેમાં કેન્દ્રિય કુટુંબ તરફનો ઝોક વધ્યો છે. પહેલાં મા-બાપ કે સગાસંબંધીઓ દ્વારા લગ્ન સંબંધો ગોઠવાતા હતા. આજે યુવક-યુવતીઓ જાતે જીવનસાથી પસંદ કરી લેતી જોવા મળે છે. મા-બાપ બતાવે પણ તેમને પસંદ પડે તો જ હા કે ના પાડે છે. આજે શિક્ષણ વધવાથી દબાણ કે ધાકધમકી ચલાવાતી નથી.

આજે છૂટાછેડા જેવી બાબતમાં પણ પુરુષ જેટલી સ્ત્રીને અધિકારીની માનવામાં આવે છે. ઘરજમાઇ લવાય ત્યારે સંયુકત કુટુંબમાં વધારો થાય છે. કુટુંબમાં પરણિત સંતાનો, વિધુર પિતા, વિધવા માતા જેવા સભ્યો વસે છે.

તપાસમાં આવરી લેવામાં આવેલા ચાર ગામના કુલ ૨૦૦ કુટુંબોમાંથી કુટુંબકદ મુજબ જે સભ્ય સંખ્યા જોવા મળી હતી જેમાં મેઘવાળ-ના તપાસના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૬.૦૮ની સભ્ય સંખ્યા, કરચેલીઆના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫.૨૪ની સભ્ય સંખ્યા, ચણવઈ-ના કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫.૦૧ની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. તપાસના કાકડવેલ ગામના તપાસના કુટુંબોમાંથી સૌથી ઓછી કુટુંબદીઠ સરેરાશની સંખ્યા ૪.૬૬ની જાણવા મળી હતી. તપાસના કુલ કુટુંબોમાંથી કુટુંબદીઠ સરેરાશ ૫.૨૭ની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. આમ કુટુંબની સભ્ય સંખ્યા થતી સરેરાશ જણાઇ હતી. જેમાં સૌથી વધુ ૬૧ (૩૦.૫૦ ટકા) કુટુંબો આ સભ્ય સંખ્યા ધરાવતા જાણવા મળ્યા હતા. કુટુંબની સભ્ય સંખ્યા એક, નવ, બે અને દસની ધરાવતા કુટુંબો અનુક્રમે ૧.૫૦ ટકા, ૧.૫ ટકા, ૨.૦૦ ટકા અને ૩.૦૦ ટકા જાણવા મળ્યા હતા. જે સૌથી ઓછી કુટુંબ સંખ્યા ધરાવતા કુટુંબો જણાયા હતા. આમ તપાસના કુટુંબોમાંથી કુટુંબકદ પ્રમાણે અને સભ્ય સંખ્યા પ્રમાણે જે કુટુંબો જોવા મળ્યા હતા જેમાં કેટલાક સમૃધ્ધ કુટુંબો જોવા ઉપરાંત ગરીબાઈની રેખા હેઠળના કુટુંબોમાં પણ આ ચારેય ગામમાં કુટુંબદીઠ સભ્ય સંખ્યા વિશેષ જાણવા મળી હતી. એ બતાવે છે કે કુટુંબનિયોજન કાર્યક્રમ ચાલુ હોવા છતાં વધુ સંતાનો થયા પછી જ તે અપનાવે છે એટલે આ બાબતમાં હજુ જોઇએ તેટલું પરિવર્તન જણાયું નથી જે કોઠા નંબર ૪.૯ જોતાં ખ્યાલ આવશે કે કેટલા કુટુંબો કેટલી સભ્ય સંખ્યા ધરાવતા હતા. જો કે જૂની પેઢીના કુટુંબોની સભ્ય સંખ્યા કરતાં નવી પેઢીના યુવાન કુટુંબનિયોજન અપનાવેલા કુટુંબોની સભ્ય સંખ્યા ઓછી જાણવા મળી હતી. એટલે કુટુંબકદની સંખ્યા ઓછી પણ જાણવા મળી હતી. જ્યાં શિક્ષણ, કુટુંબ નિયોજન અને જાગૃતિનું મહત્વનું પ્રદાન જાણવા મળે છે.

કુટુંબનો પ્રકાર જ.૯

| ક્રમ | ગામ | કેન્દ્રિય | સંયુકત | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | ૩૧ | ૧૯ | ૫૦ |
| ૨ | કાકડવેલ | ૩૭ | ૧૩ | ૫૦ |
| ૩ | ચણવઈ | ૩૬ | ૧૪ | ૫૦ |
| ૪ | મેધવનાળ | ૩૧ | ૧૯ | ૫૦ |
| ૫ | કુલ | ૧૩૫ | ૬૫ | ૨૦૦ |
| ૬ | ટકા | ૬૭.૫૦ | ૩૨.૫૦ | ૧૦૦.૦૦ |

તપાસના કુટુંબોમાં જોવા મળેલા કુન્દ્રીય અને સંયુકત કુટુંબો કોઠા નંબર જ.૯માં દર્શાવ્યા મુજબ જોવા મળ્યા હતા. તપાસના ધોડિયા કુટુંબમાંથી કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા વિશેષ જોવા મળી હતી. તપાસના કુલ કુટુંબમાંથી ૧૩૫ (૬૭.૫૦ ટકા) કુટુંબો કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા અને ૬૫ (૩૨.૫૦ ટકા) કુટુંબો સંયુકત પ્રકારની કુટુંબ વ્યવસ્થા ધરાવતા જોવા મળ્યા હતા. જો કે કેન્દ્રીય પ્રકારની કુટુંબ વ્યવસ્થા કુટુંબો વિશેષ જોવા મળ્યા હતા. પરંતુ તેમાંના મોટાભાગના કુટુંબોના આંતરિક વ્યવહારો જોઈએ તો સંયુકત જોવા મળે છે. પિતાથી પુત્ર લગ્ન બાદ ઝૂંપડું (ઘર) અલગ બાંધી વસે છે. પરંતુ ખેતીના કામ સાથે કરે છે. ખેતીનું અનાજ પાકે ત્યારે પિતા છોકરાઓને વહેંચી આપે છે. એટલે પિતાની હયાતી સુધી મિલકત સહિયારી હોય છે. માત્ર રહેઠાણ અને રસોડું અલગ જોવા મળે છે. છતાં શહેરીકરણ અને શિક્ષણની સંસ્થાઓ આશ્રમશાળા, શાળાઓની સુવિધાઓની આજે તેમનામાં ભારે મોટી અસર જોવા મળે છે. એસ.ટી.ની સેવાઓએ તેમનામાં બાહય સંપર્કને કારણે માતાપિતા સાથેના સંયુકત પરિવારોમાં તિરાડો પાડી છે. તપાસ દરમ્યાન પરિણિત પુત્ર-પુત્રવધુઓ આવી વિશેષ ફરિયાદો કરતા જણાયા હતા.

ધોડિયાઓમાં સામાજિક સંગઠનને ટકાવી રાખવા માટે ગોત્રને મહત્વનું ગણે છે. એમની બોલીમાં ''કુળ'' નામથી ઓળખવામાં આવે છે. તેમનામાં ગોત્રનો ઉચ્ચનીચનો ભેદભાવ જોવા મળતો નથી. પોતાના ગોત્ર સિવાય બીજા ગોત્રમાં લગ્ન થઈ શકે છે. સગોત્ર લગ્ન નિષેધ તેમનામાં જોવા મળે છે કારણ કે એક ગોત્રના બધા સગા કહેવાય એટલે તેમાં લગ્ન કરી શકાય નહીં. ગોત્રની પ્રકૃતિ આ જાતિમાં એક પક્ષીય એટલે પિતૃપક્ષાથી ગણવામાં આવે છે. ગોત્રની શરૂઆત પૂર્વજના વડીલથી કરવામાં આવી હોય છે. એ વડીલ ખાનદાન અને આબરુવાળો હોવાથી ગોત્રનો સ્થાપક માનવામાં આવે છે. ગોત્રમાં મૃત્યું પછી થતી ધાર્મિક ક્રિયામાં બધા ભેગા થાય અને મૃત્યું થયું હોય તેના ઘરવાળાને યથાશકિત ફાળો પૈસા આપે છે. [illegible] જેમાં બારમું-પરજણમાં ફરજિયાત હાજર રહેવું પડે છે. નહીં તો ગોત્રના આગેવાનો દંડ કરે છે. આ વિધિ કરવામાં ન આવે તો મૃતાત્મા ભૂત થઈ ભટકતો રહે છે. શાંતિ મળતી નથી. ભૂતપ્રેત બની હેરાન કરે છે. એવી માન્યતાઓ છે. તપાસના કુટુંબોમાંથી કેટલાક ગોત્રો જાણવા મળ્યા હતા. જે ગામવાર કુટુંબ પ્રમાણે કેટલા કુટુંબો કયા ગોત્રના હતા તે જાણી શકાશે. સૌથી વધુ કુટુંબો ગરાસીયા, બાવીસીયા, કલમી મહેતા, દેસાઈ, ભૈયા ગોત્રના જાણવા મળ્યા હતા. સૌથી ઓછા ગોત્રવાળા કુટુંબો મહેતા, કંદોરીયા, પાંચબળિયા, પ્રધાન, હાથી બહાદુર, ઠાકરીયા, અમલી ગરાસીયા, મોટાનાયક વગેરે જેવા જાણવા મળ્યા હતા. ગામ પ્રમાણે ગોત્રવાર કુટુંબ સંખ્યા કોઠા નંબર જ-૩ જોતાં વિગતે ખ્યાલ આવશે.

: ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા : જ-૩

| ક્રમ | ગોત્રનું નામ | કરચેલીઆ | કાકડવેલ | ચણવઈ | મેઘવાળ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | કેદારીયા | ૧ | ૩ | - | - | ૪ | ૨.૦૦ |
| ૨ | ભૈયા | ૧૧ | - | - | - | ૧૧ | ૫.૫૦ |
| ૩ | ગરાસીયા | ૧૧ | ૮ | - | ૩ | ૨૨ | ૧૧.૦૦ |
| ૪ | મહેતા | ૧ | - | - | - | ૧ | ૦.૫૦ |

(પાછળ ચાલુ)

| ક્રમ | ગોત્રનું નામ | કરચેલીઆ | કાકડવેલ | ચણવઈ | મેઘવાળ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૫ | કલમી મહેતા | ૨ | ૬ | ૯ | – | ૧૭ | ૮.૫૦ |
| ૬ | મા હિતીનથી | ૨૪ | – | – | – | ૨૪ | ૧૨.૦૦ |
| ૭ | દેસાઈ | – | ૭ | – | ૬ | ૧૩ | ૬.૫ |
| ૮ | રજપૂતગરાસીયા | – | ૪ | – | – | ૪ | ૨.૦૦ |
| ૯ | ગાયકવાડ | – | ૮ | – | – | ૮ | ૪.૦૦ |
| ૧૦ | પ્રધાન | – | ૧ | – | – | ૧ | ૦.૫ |
| ૧૧ | પાલખીભૈયા | – | ૩ | – | – | ૩ | ૧.૫ |
| ૧૨ | વાળવા | – | ૪ | – | – | ૪ | ૨.૦૦ |
| ૧૩ | અમલીગરાસીયા | – | ૩ | – | – | ૩ | ૧.૫ |
| ૧૪ | પાંચબળિયા | – | ૨ | – | – | ૨ | ૧.૦ |
| ૧૫ | હાથી બહાદુર | – | ૧ | – | – | ૧ | ૦.૫ |
| ૧૬ | બાવીસીયા | – | – | ૩૨ | ૩ | ૩૫ | ૧૭.૫ |
| ૧૭ | પારસીમહેતા | – | – | ૭ | – | ૭ | ૩.૫ |
| ૧૮ | ઠાકરીયા | – | – | ૨ | – | ૨ | ૧.૦ |
| ૧૯ | ભાટડા | – | – | – | ૮ | ૮ | ૪.૦ |
| ૨૦ | દળવી | – | – | – | ૮ | ૮ | ૪.૦ |
| ૨૧ | નાગોળગરાસીયા | – | – | – | ૬ | ૬ | ૩.૦૦ |
| ૨૨ | શાહકુડીયા | – | – | – | ૩ | ૩ | ૧.૫ |
| ૨૩ | મોટાભોયા | – | – | – | ૪ | ૪ | ૨.૦૦ |
| ૨૪ | મોટાનાયક | – | – | – | ૨ | ૨ | ૧.૦૦ |
| ૨૫ | બગલાનીયા | – | – | – | ૪ | ૪ | ૨.૦૦ |
| ૨૬ | પાડયામોળા | – | – | – | ૩ | ૩ | ૧.૫ |
| ૨૭ | કુલ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

આ સિવાય તપાસની ધોડિયા જાતિમાં જે ગોત્રો જોવા મળે છે તેમાં જોઈએ તો જુદા જુદા ધોડિયા કૂળોની યાદી કરીએ તો ૧૫૩ જેટલા જુદા જુદા નામો ધરાવતા જાણવા મળે છે. જે અનેકવિધ નામો ધરાવતા જણાઈ આવે છે. આ ગોત્ર વ્યવસ્થા તરફ શિક્ષિત વર્ગને ઝાઝી પંચાત હોય તેમ લાગતું નથી. ઘણા આ કૂળો જાણતા હોવા છતાં કે અજાણમાં કહેવા તૈયાર થતા નથી. માત્ર ધોડિયા પટેલ છીએ એમ જણાવે છે તેમ છતાં ઉંડાણના વિસ્તારોમાં જયાં બાહ્ય સંપર્ક ઓછો હજુ પણ છે ત્યાં આ ગોત્ર વ્યવસ્થા વિશેષ જણાઈ આવે છે.

## <u>ધોડિયા કુલ યાદી</u>

૧. અટારા
૨. નાનલા અટારા
૩. મોટલા અટારા
૪. બિલાડખાયા અટારા
૫. ઊંચ બેડિયા
૬. ઉભાર્યા ધાડયા
૭. કલમી મહેતા
૮. મહેતા
૯. કામડી
૧૦. કુંભાર, કુંભારિયા, કુંભાર્યા
૧૧. નાગલીયા કુંભાર
૧૨. કેદારિયા, કોદરિયા,
૧૩. કોંકણીયા
૧૪. નાના કોંકણીયા
૧૫. કોલા
૧૬. ખારવેડિયા, ખરવોડિયા
૧૭. ગરાસિયા, ગરાસિયા
૧૮. કલમ ખોહયા ગરાહિયા
૧૯. કલમી ગરાસીયા
૨૦. કાતા ગરાસીયા
૨૧ કાપલી ગરાસીયા
૨૨ કોંકણા ગરાસીયા
૨૩ ખાસ ગરાસીયા
૨૪ ગરવી ગરાસીયા
૨૫ ગવશ ગરાસીયા
૨૬ પીદા ગરાસીયા
૨૭ ચલમી ગરાસીયા
૨૮ ચૌધરી ગરાસીયા
૨૯ ઠાકોર ગરાસીયા, ઠાકુર
૩૦ ઢાલ તલવાર ગરાસીયા
૩૧ ઢોસ્યા ગરાસીયા
૩૨ તોબાલેખ ગરાસીયા
૩૩ વોડિયા ગરાસીયા
૩૪ નાગર ગરાસીયા
૩૫ નાગલા ગરાસીયા
૩૬ નાંગળા ગરાસીયા
૩૭ બોડકી ગરાસીયા
૩૮ બ્રાહ્મણ કાય ગરાસીયા
૩૯ માદન ગરાસીયા
૪૦ બેસી ગરાસીયા

૪૧. ભાલ ગરાસીયા
૪૨. ભેંસ ગરાસીયા
૪૩. નાનલા ગરાસીયા
૪૪. મૂળ ગરાસીયા
૪૫. નામૂળ ગરાસીયા
૪૬. બહાદૂર ગરાસીયા
૪૭. મોટા બહાદુર ગરાસીયા
૪૮. રજપૂત ગરાસીયા
૪૯. રજપૂત નાગર ગરાસીયા
૫૦. લીમ ગરાસીયા
૫૧. વડવી ગરાસીયા
૫૨. વળવી ગરાસીયા
૫૩. વાઢ ગરાસીયા
૫૪. વોહ ફોડિયા ગરાસીયા
૫૫. વેરાહી ગરાસીયા
૫૬. વેલ
૫૭. શાન
૫૮. શાહી
૫૯. શિકારી ગરાસીયા
૬૦. મુવ ગરાસીયા
૬૧. સાકું ગરાસીયા
૬૨. હુકડી ગરાસીયા
૬૩. ગાઝકવાડ
૬૪. ગોમતા
૬૫. ચટની ચોપડયા
૬૬. ચહારા
૬૭. ચોધરી
૬૮. ચૌહાણ
૬૯. છાહ ઢોળિયા
૭૦. જોઠી
૭૧. જોઠી મહેતા
૭૨. ટીછુરિયા
૭૩. ઠાકુરિયા
૭૪. મોટા ઠાકુરિયા
૭૫. ડાંગ બંડિયા
૭૬. ડાંકુળિયા
૭૭. ઠેલકર
૭૮. ડોય ફોડા
૭૯. મોટા ડોય ફોડા
૮૦. ઢળકિયા
૮૧. દળવી
૮૨. દાભડિયા
૮૩. દેહાઈ- દેસાઈ
૮૪. કાળા દેહાઈ
૮૫. ગોરા દેહાઈ
૮૬. કોલા દેહાઈ
૮૭. નાના દેહાઈ
૮૮. મોટા દેહાઈ- મોટા દેસાઈ
૮૯. નેવેરિયા દેસાઈ
૯૦. નાના નવેરિયા દેસાઈ
૯૧. બ્રાહમણીયા દેસાઈ
૯૨. ધગડિયા
૯૩. ધડકિયા
૯૪. ધન પાતળિયા
૯૫. ધન ભારડિયા
૯૬. ધન પાળ્યા
૯૭. ધનારૂપા
૯૮. ધનુધરમી (ધનભાટડી)
૯૯. ધાડિયા- ધારિયા
૧૦૦. મોટા ધાડિયા

૧૦૧. દેવલ ધારિયા
૧૦૨. બ્રાહ્મણ કાય ધાડિયા
૧૦૩. નવા યતા
૧૦૪. નાયકા
૧૦૫. નાના નાયકા-નાના નાઈક
૧૦૬. મોટા નાયકા-મોટાનાઈક
૧૦૭. સર નાઈક
૧૦૮. નાગડા
૧૦૯. નાગર
૧૧૦. નાગર બ્રાહ્મણ
૧૧૧. નાંઆયા
૧૧૨. નિનાતાડયા
૧૧૩. નેતા તાડયા-નીતા તાળિયા
૧૧૪. પટેલ
૧૧૫. પાતળિયા
૧૧૬. પાનપીઆ
૧૧૭. પાનેરીયા (પનહોડિયા)
૧૧૮. પારસી મહેતા
૧૧૯. પારાઈ મોડિયા
૧૨૦. પારખી ભોયા
૧૨૧. પાંચ બડિયા
૧૨૨. પાંચ મૂઠિયા
૧૨૩. પાંચ લડયા
૧૨૪. પ્રધાન
૧૨૫. બંગલિયા
૧૨૬. મોટા બગલિયા
૧૨૭. બહણિયા
૧૨૮. બારભાઈ
૧૨૯. બામણિયા-બ્રાહ્મણિયા
૧૩૦. છાય બામણા
૧૩૧. જોઠી બ્રાહ્મણ
૧૩૨. બામણકાચ્યા- બ્રાહ્મણકાય
૧૩૩. આ બામણયા
૧૩૪. સાવક બ્રામણ
૧૩૫. મોટા બ્રાહણિયા
૧૩૬. શાહી બ્રાહ્મણિયા
૧૩૭. બાવીહા- બાવીસા
૧૩૮. ભાર
૧૩૯. ભાટડા
૧૪૦. મોટા ભારડા
૧૪૧. ભાતડા / ભાતડયા
૧૪૨. ભુરુલ્યા
૧૪૩. નાના ભુરુલ્યા
૧૪૪. મોટા ભુરુલ્યા
૧૪૫. ભૈયા
૧૪૬. મોટા ભૈયા-વાડેલ ભૈયા
વાડલ ભોયા- વાડેલ ભોઈ
૧૪૭. ભોઈ
૧૪૮. ટાલીયા ભોઇ
૧૪૯. પાલખી ભોઇ
૧૫૦. શિકારી ભોઈ
૧૫૧. પાલખી શિકારી ભોઈ
૧૫૨. મોટા ભોઈ, વાઢેલ ભોઈ
૧૫૩. નાના ભોઈ

આમ ધોડિયા જાતિનાં સામાજિક સંગઠનમાં કુટુંબ પ્રમાણે ચાલતી ગોત્ર વ્યવસ્થા મહત્વનો ભાગ ભજવે છે. જેને કારણે ધોડિયાઓમાં જોવા મળતી કુટુંબપ્રથા મહત્વની બની રહેવા પામી છે. તેમાં કયા કયા સગા-સંબંધીઓ સાથે રહે છે તેથી તે મહત્વની બની રહી છે. ધોડિયાઓમાં બે પ્રકારના સગાઇ સંબંધોનું માળખું જોવા મળે છે. (૧) જન્મથી બનેલા લોહી આધારિત અને (૨) લગ્નથી ઉભા થયેલા સગાઇ સંબંધીઓ તપાસના કુટુંબોમાંથી તેમની કુટુંબ વ્યવસ્થામાં જોવા મળેલા સગાસંબંધીઓ-

૧. પતિપત્ની
૨. પતિ, પત્ની, અવિવાહિત બાળકો
૩. પતિ, પત્ની, ઘરજમાઇ અને તેનાં અવિવાહિત સંતાનો
૪. પતિ, પત્ની, પુત્ર, પુત્રવધૂ તેનાં બાળકો
૫. પિતા (વિધુર) અવિવાહિત પુત્ર, પુત્રીઓ
૬. માતા (વિધવા) અવિવાહિત બાળકો
૭. પતિ, પત્ની, ભાઇ બહેન
૮. વિધુર પિતા, પરણિત પુત્ર, પુત્રવધુ, અપરણિત બાળકો
૯. વિધવા માતા, પરણિત પુત્ર, પુત્રવધુ, અપરણિત બાળકો
૧૦. છૂટાછેડા લીધેલ પિતા, પરણિત પુત્ર, પુત્રવધૂ, અપરણિત બાળકો, અપરણિત પૌત્ર પૌત્રીઓ
૧૧. વિધુર પિતા, પરણિત પુત્ર-પુત્રવધૂ, તેના પરણિત પુત્ર, પુત્રવધૂ, અપરણિત પૌત્ર-પૌત્રીઓ.

૧. <u>લોહી આધારિત સગાઇ સંબંધો</u> :-

ભાઇ, બહેન, કાકા ભત્રીજા તેમજ કુટુંબીજનો તેમનાં સંતાનો જે વર્ષોથી એક બાપનો વસ્તાર હોય છે. જે એક કુળના ગણાય છે તેથી અંદરોઅંદર લગ્ન વ્યવહાર કરતા નથી.

૨. <u>લગ્ન આધારિત સગાઇ સંબંધ</u> :- જેમાં લગ્ન કરવાથી થતી સગાઇઓ હોય છે. પતિપત્ની, સાસુ, સસરા, સાળા-સાળીઓ, દીયર-ભાભી, નણંદ, જેઠ-જેઠાણી, માસા-માસી, મામા-મામી વગેરે સગાઓનું ક્ષેત્ર સગાઇ સંબંધોમાં વિકસે છે.

३. <u>એક સ્થળ પર રહેવાથી થયેલ સંબંધ</u> :-

તપાસના ગામોમાં જુદા જુદા ગોત્ર અને ધોડિયા સિવાય કુટુંબો હોય છતાં જુદા જુદા ફળિયે રહેવા છતાંય એકબીજાને પ્રસંગોપાત બોલાવે છે કે જાય છે. ગામના ઉત્સવ જેવા કે ગામના કામોમાં સાથે મળીને પ્રસંગ ઉજવે છે કે પ્રશ્ન ઉકેલે છે. જેમાં ગામ એકતા દેખાય છે. ગામના હોવાને નાતે એકબીજા સાથે સંબંધ રાખે છે. જેમાં આર્થિક સંબંધ વિશેષ હોય છે. સામાજિક પ્રસંગોએ બીજી જાતિઓના એકબીજાને ત્યાં જાય છે પરંતુ લગ્ન સંબંધો એકબીજા સાથે બાંધતા નથી. તેઓ વચ્ચે ઉંચાનીચાના ભેદો જોવા મળે છે.

સામાન્ય રીતે ધોડિયા અને ચૌધરી, ગામીત, નાયક, કુંકણા, ભીલ, હળપતિ વગેરે કરતાં પોતાને ઉંચા ગણે છે. બીજી જાતિઓ કરતાં આર્થિક- સામાજિક, શૈક્ષણિક રીતે તેઓ આગળ પડતું સ્થાન ધરાવે છે. જો કોઇ યુવક-યુવતી બીજી જાતિમાં લગ્ન સંબંધો બાંધે તો તેને સમાજમાં વિદાય લેવી પડે છે. સમાજમાં પાછા આવવા નાયકા, ભગત પાસે વિધિ કરાવવી પડે છે. છતાં સમાજમાં તેને માન મોભો મળતો નથી. તેને સંતાનો સમસ્યાઓ વધે છે. જો કે આ શિક્ષિતો બીજી ચૌધરી, ગામીત જેવી જાતિઓમાંથી કોક કિસ્સાઓમાં લગ્ન કરી લાવે છે પરંતુ તેઓ સમાજને ગણતા નથી. પહેલાં બીકના માર્યા લગ્ન કરતા વિચારતા હતા. આજે આ બનતું જોવા મળતું નથી.

આમ તેમના જન્મ આધારિત, લગ્ન આધારિત અને સ્થળ પર રહેવાથી થયેલા સંબંધોમાં કંઇ ઝાઝું પરિવર્તન જાણવા મળતું નથી પણ કેટલાક કિસ્સાઓમાં લગ્ન આધારિત સંબંધો કે સ્થળ પરના સંબંધોમાં આજે શિક્ષણ વધવા સાથે શહેરી સંપર્કને કારણે પરિવર્તન જોવા મળે છે. જેમાં બાહ્ય સંપર્કથી બીજા સવર્ણ સમાજો સાથે પણ આવા સંબંધો વધવા પામ્યા છે.

<u>ધોડિયા જાતિમાં સ્ત્રીઓનું સ્થાન</u> :-

ધોડિયાઓમાં સ્ત્રીનું સ્થાન આગળ પડતું ગણાવી શકાય. ધોડિયા સ્ત્રી છૂટથી વાતચિત કરે છે. જવાબો પણ બરાબર આપે છે.

પુરુષોની હાજરીમાં પણ તે સાથે બેસીને જવાબો આપે. આ સિવાય લગ્ન જેવી બાબતોમાં સ્ત્રી સંપૂર્ણ સ્વતંત્ર છે તે ઉપરાંત લગ્નબાદ પણ પોતાને પસંદ ન હોય કે પતિ બરાબર ન હોય અને બીજા સાથે પ્રેમ થાય તો તેના પતિને મૂકી છૂટાછેડા લઈને બીજે જઈ શકે છે. તેમજ ~~XXX~~ આજે શિક્ષણનો પ્રચાર વધારે થતો હોવાથી છોકરા-છોકરીઓ બંને કોલેજ સુધીનું શિક્ષણ લે છે અને આજે ઘણી સ્ત્રીઓ નોકરી પણ કરે છે. આ સિવાય ખેતીકામ, ઘરકામ અને સમાજના અન્ય કામોમાં પતિ સાથે રહી પૂરેપૂરી મદદ કરે છે. હાટવાડામાં જઈ સ્વતંત્ર વેચાણ કરી પૈસા મેળવી અલગ રાખી શકે છે. આ શિક્ષણ વધવાથી સ્ત્રીઓ આજે ઘરમાં, સમાજમાં સ્વતંત્ર રીતે મહત્વનું સ્થાન ધરાવતી જોવા મળે છે. તે કમાઈને ઘરમાં આર્થિક રીતે મદદ પણ કરે છે. સ્ત્રીઓ આજે જૂના રીતરિવાજોથી ઉપરવટ જઈ જૂની પુરાણી રૂઢિયો-બદીઓને અવગણે છે.

<u>સગાઈ સૂચક શબ્દો</u> :-

ધોડિયા જાતિમાં એક વચનથી જ સંબોધન કરે છે. અંદરોઅંદર પતિ-પત્ની પણ એકબીજાને ''તુકારાથી'' બોલાવે છે. છોકરા પણ વડીલ માટે ''તુ'' શબ્દ વાપરે છે. બહારથી આપણે જઈએ કે મહેમાન હોય છતાં આવા તુકારથી બોલાવે છે એટલે કે સંબંધો ગમે તે પ્રકારના હોય પરંતુ એકવચનથી જ સંબોધન કરવામાં આવે છે.

એક કરતાં વધારે વ્યક્તિઓને લાગુ પડતા શબ્દો જોઈએ તો ''ભાઓ'' પોતાના ભાઈને કે કાકાના છોકરાને માટે વાપરે છે. ~~XXX~~ તેવી રીતે બહેન માટે ''બોણી'' બેન કહે છે.

વિશિષ્ટ પ્રકારના સગાઈ સૂચક શબ્દો જોઈએ તો પિતાને ''બાહ'' માને ''આયા'' એજ રીતે હાહુ, હહરો, વડાઈ, ગાઢો બાહ, ડોકાડી, ગઢીબાઈ, એ ચોકક્સ વ્યક્તિઓ માટેના શબ્દો છે.

સગાઈ સંબંધોમાં લગ્ન દ્વારા થતા સંબંધો માટેના ચોકક્સ સ્થળો અને વિસ્તાર જોવા મળે છે. પોતાના વસવાટથી અમુક ચોકક્સ વિસ્તાર અને અંતર સુધી જ આવા સંબંધો કરે છે. ધોડિયા લોકોમાં

મામા - ફોઈના છોકરા છોકરીઓ વચ્ચે લગ્ન સંબંધો કરતા નથી. પરંતુ પોતાની જાતિમાં ગોત્ર બહિર્વિવાહ બાંધે છે એટલે કે લગ્ન વર્તુલનો વિસ્તાર કે જાતિ લગ્ન સંબંધોમાં જોવામાં આવે છે. ધોડિયા પોતાનાથી ઊતરતી જાતિમાં લગ્ન સંબંધો પસંદ કરતા નથી. પોતાના રહેઠાણના ગામમાં પણ લગ્ન સંબંધ મનમેળ થતાં થતા જોવા મળે છે. કેટલીકવાર લગ્ન સંબંધ ફરીવાર કરતાં લગ્નથી જતા સગાઈસંબંધો એક કરતાં વધુવાર બંધાતા પણ જોવા મળે છે. તપાસના ગામોમાંથી લગ્ન સ્થળનું અંતર જાણવા મળ્યું હતું જે કોઠા નંબર જોતાં ખ્યાલ આવશે.

તપાસના ગામોમાંથી લગ્ન સ્થળનું અંતર જોવા મળ્યું હતું જેમાં તપાસના કરચેલીઆના કુટુંબોને બાદ કરતાં બાકીના ત્રણે ગામોમાંથી ૨૫ (૧૦.૪૬ ટકા) કુટુંબોમાંથી ગામમાંજ લગ્ન સંબંધો થયેલા જાણવા મળ્યા હતા. એટલે કે શહેર નજીક અને શિક્ષિતો કરતાં જંગલના ઊંડાણના વિસ્તારોમાં હજુ ગામમાં જ લગ્ન સંબંધો થતા હતા. તપાસના ગામોના કુટુંબો પરથી એ ખ્યાલ આવે છે કે હજુ પણ લગ્ન સંબંધો ખૂબ દૂરના અંતરે તેઓ કરતા નથી. જે તપાસના ૯૭ (૪૦.૫૮ ટકા) કુટુંબોમાંથી માત્ર ૫ માઈલના અંતરે થયેલા લગ્ન સંબંધો પરથી કહી શકાય. ૬૩ (૨૬.૩૬ ટકા) કુટુંબોમાંથી ૬ થી ૧૦ માઈલના વિસ્તારમાં લગ્ન સંબંધો બંધાયેલા જાણવા મળ્યા હતા. આમ નજીકમાં લગ્ન સંબંધો એટલા માટે કરે છે કે પ્રસંગોપાત નજીકમાંથી સગાવહાલાને બોલાવી શકાય અને જન્મ, લગ્ન, મરણ અને ખેતીવાડીના કે બીજા કામોમાં સહકારથી કામ કરી શકાય એજ હેતુ જાણવા મળ્યો હતો. તપાસના ૨૧ (૮.૭૯ ટકા) કુટુંબોએ ૧૧થી ૧૫ માઈલ, ૧૨ (૫.૦૨ ટકા) કુટુંબોએ ૧૬થી ૨૦ માઈલ અને ૭ (૨.૯૩ ટકા) કુટુંબોએ ૨૦થી વધારે માઈલના અંતરે લગ્ન સંબંધો બાંધેલા જાણવા મળ્યા હતા. તપાસના ૧૪ (૫.૮૬ ટકા) કુટુંબોમાંથી લગ્ન સ્થળનું અંતર જાણવા મળ્યું નહોતું. આમ નજીકમાં લગ્ન કરવાનું કારણ જોયું, ગામમાં લગ્ન મનમેળ થતાં કરે છે. અને આ જે દૂરના અંતરે લગ્ન થયેલા એમાં નજીકના સગાના ઓળખાણથી અને કેટલાક શિક્ષણ વધવાને કારણે થયેલા લગ્નના દાખલા જણાયા હતા. એટલે બહુ મોટું પરિવર્તન નથી પણ બાહ્ય સંપર્ક, શિક્ષણ અને વાહન વ્યવહારથી દૂર સુધી લગ્ન સંબંધો થોડા પણ વધેલા જાણવા મળ્યા હતા.

: લગ્ન સ્થળનું અંતર દર્શાવતો કોઠો : જ.૪

| ક્રમ | ગામ | ગામમાં | ૫ માઈલ સુધી | ૬થી ૧૦ માઈલ | ૧૧થી ૧૫ માઈલ | ૧૬થી ૨૦ માઈલ | ૨૦થી ઉપર | જાણવા મળ્યું નથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | – | ૧૭ | ૨૬ | ૬ | ૬ | ૨ | ૧૨ | ૬૯ |
| ૨ | કાકડવેલ | ૮ | ૩૬ | ૧૧ | – | – | ૧ | ૧ | ૫૭ |
| ૩ | ચણવઈ | ૩ | ૨૨ | ૧૭ | ૭ | ૬ | ૨ | ૧ | ૫૮ |
| ૪ | મેઘવાળ | ૧૪ | ૨૨ | ૯ | ૮ | – | ૨ | – | ૫૫ |
| ૫ | કુલ | ૨૫ | ૯૭ | ૬૩ | ૨૧ | ૧૨ | ૭ | ૧૪ | ૨૩૯ |
| ૬ | ટકા | ૧૦.૪૬ | ૪૦.૫૮ | ૨૬.૩૬ | ૮.૭૯ | ૫.૦૨ | ૨.૯૩ | ૫.૮૬ | ૧૦૦% |

: પેઢીઓ પ્રમાણે વસવાટનો સમય દર્શાવતો કોઠો : જ.૫

| ક્રમ | ગામ | ૫ પેઢી | ૪ પેઢી | ૩ પેઢી | ૨ પેઢી | ૧ પેઢી | વડોથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કરચેલીઆ | – | ૧૪ | ૧૮ | ૧૮ | – | – | ૫૦ |
| ૨ | કાકડવેલ | ૮ | ૨૯ | ૯ | ૪ | – | – | ૫૦ |
| ૩ | ચણવઈ | – | ૩૭ | ૧૧ | ૨ | – | – | ૫૦ |
| ૪ | મેઘવાળ | ૧ | ૩૫ | ૧૨ | – | ૨ | – | ૫૦ |
| ૫ | કુલ | ૯ | ૧૧૫ | ૫૦ | ૨૪ | ૨ | – | ૨૦૦ |
| ૬ | ટકા | ૪.૫૦ | ૫૭.૫૦ | ૨૫.૦૦ | ૧૨.૦૦ | ૧.૦૦ | | ૧૦૦.૦૦ |

તપાસના ૧૪ (૫.૮૬ ટકા) કુટુંબોમાંથી લગ્ન સ્થળનું અંતર જાણવા મળ્યું નહોતું. ગામ નજીકમાં લગ્ન કરવાનું કારણ જોયું, ગામમાં લગ્ન મનમેળ થતાં કરે છે. અને આ જે દૂરના અંતરે લગ્ન થયેલા એમાં નજીકના સગાના ઓળખાણથી અને કેટલાક શિક્ષણ વધવાને કારણે થયેલા લગ્નના દાખલા જણાયા હતા. એટલે બહુ મોટું પરિવર્તન નથી પણ બાહ્ય સંપર્ક, શિક્ષણ અને બાહ્ય વ્યવહારથી દૂર સુધી લગ્ન સંબંધો થોડા પણ વધેલા જાણવા મળ્યા હતા.

તપાસના ગામમાંથી કેટલા સમયથી આવીને અહીં વસ્યા છે જેમાં પેઢીઓ પ્રમાણે વિગતો જાણવા મળી હતી. જેમાં સૌથી વધુ ૧૧૫ (૫૭.૫૦ ટકા) કુટુંબો ૪ પેઢીથી તપાસના ગામમાં આવીને વસેલા જાણવા મળ્યા હતા.

બાકીના ૫૦ (૨૫.૦૦ ટકા) કુટુંબો ૩ પેઢીથી બીજા ક્રમે આવીને વસેલા જણાયા હતા. સૌથી વધુ ૫ પેઢીમાં ૯ (૪.૫૦ ટકા) કુટુંબો જણાયા હતા. ૨ પેઢીથી આવીને વસેલા માત્ર ૨૪ (૧૨.૦૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. એક પેઢી અને વર્ષો પહેલાં આવીને વસેલા કુટુંબોમાં મેઘવાળમાં માત્ર ૨ કુટુંબો એક પેઢીથી આવીને વસેલા જાણવા મળ્યા હતા. ૨ કુટુંબો એક પેઢીથી આવીને વસેલા જાણવા મળ્યા હતા. આમ પેઢી પ્રમાણે આવીને વસેલા કુટુંબોના સંતાનો આજે પેઢીઓ બતાવે છે તેમાં ખૂબ આગળની પેઢીના વડીલોની જાણ નથી અને નજીકમાં આવીને વસેલા તેવા ખૂબ ઓછા કુટુંબો જાણવા મળે છે એટલે સ્થળાંતર કરીને વસેલા કુટુંબો જાણવા મળતા નથી જે કોઠા નંબર ૪-૪ જોતાં વસવાટના પેઢીના આંકડાઓ જોતાં ખ્યાલ આવશે.

<u>જાતિપંચ</u> :-

ગુજરાતના અન્ય આદિવાસી સમુદાયોની જેમ ધોડિયા જાતિમાં પણ સમાજના રીતરિવાજો પ્રમાણે સમાજ સુવ્યવસ્થિત ચાલે માટે જાતિ-મંડળ ચાલે છે. આ જાતિમંડળ પહેલાં જુદા સ્વરૂપે સમાજમાં ચાલતું હતું. ધોડિયાઓમાં જોવા મળતી પરજણ પ્રથા એ તેનું મૂળ સ્વરૂપ હતું. જેમાં એક કુળમાં મૃત્યુ પામેલાઓનું વર્ષ દરમિયાન બારમુ યા શ્રાધ્ધ થતું. આ સમયે કુળના બધા ભેગા મળી શ્રાધ્ધક્રિયા અને કુળને ઉપયોગી થાય એવા જાતિનિયમોની ચર્ચા કરાતી હતી. કુળનો વડો આ પરજણ પ્રથાનું મુખ્ય કાર્ય કરતો જે પટેલ તરીકે ઓળખાતો. જેનું વર્ચસ્વ સમગ્ર કુલ ઉપર રહેતું. જે અંદરોઅંદરના ઝગડા કે પ્રશ્નોના નિકાલ કરતો. ગુનાઓને તપાસી ન્યાય કે દંડ વગેરે થોડા જાતિના સભ્યોને સાથે રાખી કરતો પરંતુ જેમ જેમ સમય ગયો તેમ તેમ લોકોમાં શિક્ષણ અને બાહ્ય સંપર્ક વધતો ચાલ્યો તેમ તેમ આ પટેલનું અને તે સમયે ચાલતી પરજણ પ્રથામાં પરિવર્તન આવ્યું, તેનું વર્ચસ્વ ઘટયું. લોકો ઝગડા કે પ્રશ્નો માટે જુદી રીતે વિચારતા થયા. જેમાંથી ૧૯૪૧માં સમસ્ત ધોડિયા સમાજનું જાતિમંડળ ઊભું થયું જેમાં ધોડિયા સમાજની દરેક વ્યક્તિ પોતાના સમાજની હિતેચ્છું બને એ આશયથી જાતિપંચનું એક નિશ્ચિત સ્વરૂપ બંધારણરૂપે અસ્તિત્વમાં આવ્યું. જેમાં બંધારણ અને ધારાધોરણ મંજૂર કર્યો. 

<u>જેમાં નિયમો ઘડાયા</u> :-

(૧) લગ્ન બાબતના નિયમો :-

- દહેજના
- વિવાહના
- જાતિ બાબતના
- દિયરવટાના
- ઘર જમાઈના
- બીજી પત્નીના

(૨) ફારગતી બાબતના :-

- સરગતી સંજ્ઞાના
- સરગતી સંખ્યાના
- કુદરતી ખોડવાળી ફારગતી
- ફારગતીની રકમ વ્યવસ્થાના

(૩) મરણ અને ઉત્તર ક્રિયાના
(૪) છીંટબાટના નિયમ
(૫) સામાન્ય નિયમો

આ જાતિપંચના કાર્યો માટે તેની વ્યવસ્થા માટે ચોથાપંચો ઉભા કરાયા જેમાં ૧૫ થી ૨૦ ગામો એક ચોરામાં સમાવાયા છે. દરેક ચોરાદીઠ કારોબારી મંડળ ચાલે જે મંડળ જે તે વિભાગના ઝગડા-પ્રશ્નોનો નિકાલ કરે. સમગ્ર ચોરાપંચો ઉપર સમગ્ર ઘોડિયા સમાજનું મોટું કારોબારી મંડળ રચવામાં આવેલું પરંતુ ૧૯૬૪માં નવા સુધારા વધારા સાથે નવું જાતિ બંધારણ રચાયું. આ નવા બંધારણમાં મોટેભાગે જાતિનો સામાજિક- આર્થિક વિકાસ થાય અને કુરિવાજો-વહેમો, નિર્બળતાઓ દૂર થાય એ છે. જેમાં તાલુકાવાર ત્રણ પંચોની રચના કરી છે. આ પંચો ધ્વારા સમાજના બધા જ પ્રશ્નો માટે શ્રી સમસ્ત ઘોડિયા સમાજ કામ કરે છે. જેનું બંધારણ આજે નીચે મુજબ જોવા મળે છે.

(૧) સંસ્થાનું નામ :- "શ્રી સમસ્ત ધોડિયા સમાજ "

(૨) કાર્યાલય અને સરનામું :- " મુ.પો. કરચેલીઆ
તા. મહુવા
વાયા, જિ. સુરત

(૩) સમાજના સંગઠનનું સ્વરૂપ :- સંપૂર્ણ બિન રાજકીય રહેશે.

(૪) કાર્યક્ષેત્ર :- સમાજનું કાર્યક્ષેત્ર જ્યાં જ્યાં ધોડિયા જાતિની વસતિ હશે તે પ્રદેશ અને વિસ્તાર રહેશે.

(૫) ઉદ્દેશ્ય :-

(૧) ધોડિયા સમાજની સામાજિક - આર્થિક શૈક્ષણિક અને સાંસ્કૃતિક ઉત્થાનની કામગીરી.

(૨) સામાજિક સુધારા માટે પ્રચાર સભાઓ, સંલગ્નો, જરૂર પડે મુખપત્ર, પ્રચાર પત્રિકાઓ કાઢીને

(૩) નૈતિક જીવન ધોરણ ઉંચું લાવવા- સામાજિક સુધાર માટે ધારાધોરણ અને રીતરિવાનો નકકી કરી અમલ માટે કામ કરવું.

(૪) સામાજિક કુરિવાજો, બદીઓ, નિર્બળતાઓ, વહેમો, અજ્ઞાનતા દૂર કરવા કેળવણીનો પ્રચાર કરવો અને શૈક્ષણિક સંસ્થાઓ ચલાવવી

(૫) આર્થિક ઉન્નતિ માટે ગ્રામોદ્યોગ અને ટેકનીકલ ઉદ્યોગો સ્થાપવા પ્રબંધ કરવો.

૬) સભ્યપદ :-

(૧) પુખ્તવયની સ્ત્રી-પુરુષ ગમે તે વ્યકિત સભ્ય બની શકે. (સામાન્ય સભ્ય) એક રૂપિયો આપીને.

(૨) ૨૫૧ રૂા. આપીને 'સહાયક સભ્ય' બની શકે.

(૩) ૫૧ રૂા. આપનાર 'આજીવન' સભ્ય ગણાશે.

(૪) ૫૦૧ રૂા. આપનાર 'આશ્રયદાતા' ગણાશે.

(૭) <u>સભ્યપદ નાબુદી</u> :-

(૧) મૃત્યું થતાં

(૨) સભાસદ રાજીનામું આપવાથી

(૩) સંસ્થા વિરુધ્ધ કામ કરે તો

(૪) ગાંડો-અપંગ થાય ત્યારે

(૮) <u>ભંડોળ</u> :-

(૧) લવાજમમાંથી

(૨) દાન- બક્ષિસમાંથી

(૩) કેન્દ્ર-રાજય સરકાર કે સંસ્થાઓ- વ્યકિતઓ પાસેથી સહાય અને લોન મેળવીને

(૪) સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરી.

(૯) <u>સામાન્ય સભાની કાર્યવાહી અને સભા</u> :-

(૧) પ્રમુખની નિમણૂંક

(૨) સમાજનો અહેવાલ રજૂ કરી મંજૂર કરવો.

(૩) કારોબારીની રચના કરવી.

(૪) ૯ થી ૧૦ સભ્યોનું ટ્રસ્ટીમંડળ રચવું.

(૫) ચોરાપંચના કાર્યના વિસ્તાર નકકી કરવા.

(૬) સમાજના ધારાધોરણ-રીતરિવાનો અંગે સુધારા કરવાની કાર્યવાહી કરવી.

(૭) ધ્યેય અને ઉદ્દેશ્ય માટે પગલાં ભરવાં.

(૮) આગામી ખર્ચ માટે આયોજન મૂકવું.

(૯) સમાજના હિસાબ કિતાબ જોવા.

(૧૦) બંધારણમાં જરૂર પડે સુધારા કરવા

(૧૧) સલાહકાર સમિતિ રચવી.

(૧૦) <u>ટ્રસ્ટીમંડળ</u> :-

રચના કરવી જેમાં અગિયાર સભ્યો હશે. પ્રમુખ- મંત્રી હોદ્દાની રૂએ ટ્રસ્ટી ગણાશે. ટ્રસ્ટી મંડળીની મુદત બે વર્ષની રહેશે.

(૧૧) ટ્રસ્ટીમંડળનું કાર્ય :-

(૧) ધોડિયા સમાજને કોઈ સંસ્થા, સરકાર કે વ્યક્તિ લોન કે મદદ આપે તેનો વિચાર ટ્રસ્ટ કરશે.

(૨) ટ્રસ્ટીમંડળની બેઠક જરૂર જણાય ત્યારે મળશે અને કારોબારી-ને સલાહસૂચન આપશે.

(૩) ટ્રસ્ટીમંડળનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ટ્રસ્ટીમંડળનું કોરમ છ હાજર સભ્યોનું રહેશે.

(૧૨) કારોબારી સમિતિની રચના અને કાર્ય :-

(અ) (૧) નકકી કરેલા ચોરાઓ પૈકી વીસ ચોરા પ્રમુખો હોદ્દાની રૂએ સભ્ય ગણાશે.

(૨) ન્યાયપંચના અધ્યક્ષ હોદ્દાની રૂએ સભ્ય ગણાશે.

(૩) દ્વિવાર્ષિક નોંધાયેલ સભ્યોમાંથી ચૂંટાયેલ બાર સભ્યો.

(૪) આજીવન સભ્યો પૈકી પોતાનામાંથી ચૂંટાયેલા ત્રણ સભ્યો.

(૫) સહાયક સભ્યોમાંથી ચૂંટાયેલ બે સભ્યો.

(૬) નોંધાયેલ પ્રાથમિક શિક્ષકો પૈકીના ચાર સભ્યો.

(૭) નોંધાયેલ સ્ત્રીઓ પૈકી બે મહિલા સભ્યો.

(૮) કારોબારીની સભ્ય સંખ્યા ૫૧ સુધીની રહેશે.

(બ) (૧) પ્રમુખ- બે ઉપપ્રમુખો, મહામંત્રી ચાર મંત્રીઓ, ખજાનચી વગેરેની વરણી કે ચૂંટણી કરવી.

(૨) જરૂરિયાત અનુસાર પગારદાર કર્મચારીઓ નિમશે.

(૩) સંસ્થાવતી કરાર, કરજખત, દસ્તાવેજોનો પ્રબંધ કરશે.

(૪) જરૂર પડે વિકાસ પ્રવૃત્તિઓની સમિતિની રચના કરવી.

(૫) ધોડિયા સમાજની કારોબારી ત્રણ મહિને અવશ્ય મળશે.

(૬) બંધારણના અર્થઘટન માટે કારોબારીનો નિર્ણય છેવટનો ગણાશે.

કાર્યસાધક સંખ્યા અને તેના હોદ્દેદારોની યોગ્યતા વગેરે આ સમાજની કારોબારીના સભ્યોમાં પણ જોવામાં આવે છે. તેની સલાહકાર સમિતિ વગેરે જોવા મળે છે.

આ સંસ્થાનું વર્ષ પહેલી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી ગણાશે.

(૧૩) સલાહકાર સમિતિ :-

(૧) સલાહકાર સમિતિની સભ્ય સંખ્યા સાતની રહેશે.

(૨) સમિતિના સભ્યોની નિમણૂંક સામાન્ય સભા કરશે અને તેની મુદત કારોબારી સમિતિ જેટલી રહેશે.

(૩) સમિતિના સૂચનો ભલામણ ગણાશે.

(૪) સમાજની કારોબારી સમિતિની બેઠકમાં તેઓ વિશેષ આમંત્રિત તરીકે હાજરી આપી શકશે.

(૫) કારોબારીની ચર્ચામાં ભાગ લઈ શકશે, મતદાન નહીં.

(૧૪) ચોરાપંચ અને તેનું કાર્ય :-

(૧) સમસ્ત ધોડિયા સમાજની જ્યાં જ્યાં જાતિની વસતિ હશે એવા લગોલગના વીસથી પચ્ચીસ ગામો એકમ બનશે તે ચોરા તરીકે ગણાશે.

(૨) ચોરામાં આવેલા ગામોમાંથી કોઈ વ્યક્તિ ૨૫ સભ્યોની નોંધણી કરશે તે ચોરા સભ્ય ગણાશે.

(૩) ચોરામાં કલમ-૧૪ના પેટા કલમ-૨માં આવેલ ગામોમાંથી સાતથી અગિયાર સભ્યોનું તે ગામોમાં ચોરાપંચ બની શકશે.

(૪) ચોરાપંચની સમિતિમાંથી પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીની વરણી કરવામાં આવશે.

(૫) સમસ્ત ધોડિયા સમાજવતી જે ગામોનું ચોરાપંચ તેમના ક્ષેત્રકાર્યમાં ઝગડા કે બીજા પ્રશ્નોનું નિરાકરણ કરશે. નિકાલમાં અસંતોષ લાગે તો સામાન્ય સભાએ નિમેલ ન્યાયપંચ અપીલ સાંભળી ફેંસલો આપશે જે આખરી બંધનકર્તા હશે.

(૬) સમસ્ત ધોડિયા સમાજવતી ચોરાપંચ ભંડોળ એકત્ર કરી શકશે જે વધારે સિલક થતાં તુરત મુખ્ય કાર્યાલયમાં જમા કરાવશે.

(૧૫) ~~xxxx~~ ન્યાયપંચ : (રચના, કાર્ય અને મુદત ) :-

રચના :-

(૧) ન્યાયપંચની સભ્ય સંખ્યા પાંચની રહેશે.

(૨) મુખ્ય ન્યાયપંચની નિયુક્તિ કારોબારી કરશે.

(૩) બાકીના પંચોની નિયુક્તિ કારોબારી મુખ્ય ન્યાયપંચની સલાહથી કરશે.

કાર્યો :-

(૧) સામાજિક નાના મોટા ઝગડાઓનો નિકાલ કરવો.

(૨) ન્યાયપંચનો ચૂકાદો આખરી અને બંધનકર્તા ગણાશે.

(૩) ન્યાયપંચ પાસે આવેલી ફરિયાદો- પ્રશ્નોના નિકાલ મોડામાં મોડા ચાર મહિનામાં કરવાનો રહેશે.

(૪) ન્યાયપંચે તેની તમામ કાર્યવાહીની નોંધ કરવાની રહેશે. તેની નોંધ કારોબારી મળે ત્યારે રજૂ કરવી.

(૫) ન્યાયપંચની કારોબારી સંપૂર્ણ અલગ અને સ્વતંત્ર રહેશે.

(૬) કાર્ય સાધક સંખ્યા ત્રણની રહેશે.

(૭) મુદત :- કારોબારી સમિતિ જેટલી જ ન્યાયપંચની મુદત ગણાશે.

(૧૬) બંધારણમાં ફેરફાર :-

બંધારણમાં ફેરફાર કરવાનો હકક સામાન્ય સભાનો રહેશે પણ આવા ફેરફાર માટે સમાજની કારોબારીની ભલામણ હોવી જોઈએ.

(૧૭) સામાન્ય નિયમો :-

(૧) સમાજ શબ્દનો અર્થ 'શ્રી સમસ્ત ધોડિયા સમાજ' કરવાનોછે.

(૨) સમાજની કારોબારીની કોઇપણ પ્રકારની કાર્યવાહીની ~~xx~~ નક્લ કોઈપણ વ્યક્તિને રૂપિયા પાંચ ભર્યે મળી શકશે.

(૩) સમાજની કોઇપણ વ્યક્તિએ સમાજ સંગઠન વિરુધ્ધ ખોટી વગોવણી કરી હશે તો તેની પાસે સમાજફાળામાં ૧૦૧ સુધી દંડનીય રકમ સમાજે લેવાની રહેશે.

(૪) કોઈપણ કારોબારી સમિતિની સભ્યની સામાજિક કાર્યમાં ચોરાની કે કારોબારી સમિતિની કાર્યવાહીમાં ગેરરીતિઓ કારોબારી સભામાં પૂરવાર થશે તો સમાજની કારોબારી પગલાં લેશે.

(૫) કારોબારી કે ચોરાપંચનો કોઈ સભ્ય અકસ્માત કે કુદરતી કારણોસર મૃત્યુ પામે કે રાજીનામું આપે તો તે ખાલી જગ્યાએ સામાન્યપર સભ્યથી પૂરી લેવાની રહેશે.

(૬) બંધારણના અર્થઘટન માટે કારોબારીનો નિર્ણય છેવટનો ગણાશે.

આમ ધોડિયા સમાજમાં તેઓનું આગવું ''શ્રી સમસ્ત ધોડિયા સમાજ'' ના નામે બંધારણ સહિત ચાલે છે. જેના હેતુ એ કામગીરી ઉપર બતાવી તે મુજબ આજે સમગ્ર ધોડિયા સમાજમાં ચાલે છે. જે ધોડિયા સમાજના વિકાસ બાબતમાં સતત પ્રયત્નશીલ છે. જેના કેટલાકે લાભ લીધો છે. કેટલાય હજુ તેના સુધી ગયા નથી. તેઓ કોર્ટ કચેરી કે બીજી રીતે પ્રશ્નો સમસ્યાઓનું નિરાકરણ કરતા પણ જાણવા મળે પરંતુ મોટો સમુદાય આ સ્થપાયેલા ધોડિયા સમાજ સાથે કદમ મિલાવી રહેલો જાણવા મળે છે. જેમાં આજે કેટલાય શિક્ષિતો જેમાં ડોકટર, શિક્ષક, રાજકીય આગેવાનો અને બીજી નોકરી કરતા લોકો કામ કરતા હોવાથી તેનો લાભ મળે છે. જેથી સામાજિક રીતરિવાજોમાં, ઝઘડાઓમાં, અંધ માન્યતાઓમાં, રૂપિયાઓમાં, સ્થાનિક નેતાગીરીમાં ઘણું પરિવર્તન જાણવા મળે છે. આમ સમાજનું આ પંચ ધ્વારા તેઓમાં બધી દિશાઓમાં જાગૃતિ જોવા મળે છે.

## સામાજિક રીતરિવાજ

**રજસ્વલા સ્ત્રી :-**

રજસ્વલા સ્ત્રીને ધોડિયા જાતિમાં ''સુંગળુ'' કે 'અડકાયલી' કહે છે. અડકાયલી હોય ત્યારે ચાર દિવસ સુધી ઘરનું કામ રાંધવું, પાણી ભરવું કે ઝાડું વાળવું તેમજ ઘરની અંદરના કામો કરી શકતી નથી. આ સમય દરમિયાન ધાર્મિક વિધિ પણ કરી શકતી નથી. ચાર દિવસ બાદ નાહયા પછી તે ઘરનાં દરેક કામ કરી શકે છે. આજે ધોડિયા લોકોમાં શિક્ષણ વધવા સાથે બાહય સંપર્ક થતાં અને શહેરી કરણની અસરને કારણે સ્ત્રીઓ આવા માસિક ધર્મમાં લગભગ બધા કામો કરતી જાણવા મળે છે, જેઓ શહેરમાં નોકરી કે વ્યવસાય કરે છે.

જયારે ''અડકાયલી'' બંધ થાય છે ત્યારે સ્ત્રીને ગર્ભ રહયો તેવું માને છે. સ્ત્રીને ગર્ભ રહયો હોય તેની ખબર પુરુષને પડતી નથી પરંતુ સ્ત્રીને બીજા માસ દરમિયાન નિશ્ચિત સમયે ''અડકાયેલી''માં ન બેસતાં તે છેવટે આ વાતની (મને ગર્ભ રહયો છે તેમ) જાણ પુરુષને કરેછે.

ગર્ભવતી સ્ત્રીને ધોડિયા જાતિમાં ''ભારીપાગે'' કે ''બોકાવાળી'' કહે છે. ગર્ભ રહે ત્યારથી સુવાવડ સુધીના સમયમાં કોઈ ધાર્મિક સંસ્કાર-વિધિ કરવામાં આવતી નથી છતાં કેટલાક ધોડિયા કુટુંબો જેવો કેટલાક બાહય સંસ્કારી કુટુંબોના સંપર્કમાં છે તેઓ દેખાદેખી સીમંત (ખોળો ભરવાની) વિધિ કરે છે. એજ રીતે સગર્ભા બની છે તેમ શિક્ષિતો બોલે છે. તેની સંભાળ અને ખાનપાનમાં પણ કાળજી રાખે છે. છોકરી કરતાં છોકરાના જન્મે સારો પ્રસંગ માને છે કારણ કે છોકરી લગ્ન કરી બીજે જવાની હોય છે.

**પ્રસુતિ :-**

ધોડિયા સમાજમાં પ્રથમ સુવાવડ પતિના ઘરે જ કરાવે છે. તે પણ પોતાની જાતિની જ ''દાયણ'' બાઈને બોલાવે છે. દાયણ તાલીમ-વાળી- જાણકાર હોય છે. સુવાવડી બાઈનો ખાટલો એક ખંડમાં ખૂણામાં રખાય છે. આ વખતે પુરુષો હાજર રહેતા નથી. પ્રસુતાને વધુ વેદના

થતી હોય અને મુશ્કેલી જેવું લાગે તો નર્સ કો ડોક્ટરને બોલાવવામાં આવે છે. આજે શિક્ષિત કુટુંબોમાં કેટલાક પહેલેથી દવાખાને પ્રસૂતિ કરાવતા જાણવા મળે છે. પ્રસુતિ બાદ બાળકનો જન્મ થયા પછી કોઈ જાતની ધાર્મિક સંસ્કાર વિધિ કરાવતા નથી. પરંતુ બાળકના જન્મ સમયે સ્ત્રીને કષ્ટ પડે તો દેવની બાધા રાખે છે. સુવાવડી સ્ત્રીને ખોરાકમાં ભાત અને નાગલીનો રોટલો તેમજ ભેડકું આપવામાં આવે છે. બાળકના જન્મ બાદ કપટ ઓછું લાગે તે માટે દવા તરીકે સ્ત્રીને દારુ પણ આપવામાં આવે છે. પ્રસુતિ વખતે દાયણ બે દિવસ સુધી આવે છે. છોકરાનો જન્મ થયો હોય તો ૫ રૂા., ૫ શેર ચોખા આપે છે અને બે દિવસ સુધી જમવાનું પણ આપે છે. છોકરી જન્મ દાયણને ૩ રૂા. આપવામાં આવે છે. અહીં સ્પષ્ટ જણાઈ આવે છે કે આ સમાજમાં છોકરાના જન્મને વધુ આવકારે છે. પ્રસુતિના દિવસે સ્ત્રીની વળ અને નાળ દાયણ દાટે છે. જે ઘરની કોઢમાં ખાડો ખાદી દાટવામાં આવે છે. બાળકની નાળ જુવારના સાંઠાની ચીપથી કાપવામાં આવે છે. તેને ઉકરડામાં ખાડો કરી દાટી દેવામાં આવે છે. આજે પ્રસુતિ ડોકટર કે નર્સ ધ્વારા પણ કરાવતા થયા છે. ઝાડ મૂડિયાની દવા પહેલાં થતી હતી, આજે કેટલાક નવીન દવાઓ કરતા થયા છે. દેવદેવીઓમાં આજે એ શિક્ષણને કારણે ઓછું થયું છે. દેવીનો વા અને નાસિકવાળા અખંડાનંદજીના ધર્મ પ્રકારને કારણે દારુ-તાડી-માંસનો ઉપયોગ આવા સમયે થતો ખૂબ જ ઓછો થયો છે.

<u>પાંચુરા વિધિ</u> :-

પાંચ દિવસ પછી દાયણ આવી બાળક અને પ્રસુતાને સ્નાન કરાવે, બાળક જે જગ્યાએ જન્મ્યું હોય ત્યાં કંકુનો સાથિયો પૂરી દીવો કરે છે. હાથ-પગ, કમર અને ગળામાં કાળી દોરી બાંધે છે. આ દિવસે કુટુંબની અને ફળિયાની બધી જ સ્ત્રીઓને ભોજન કરાવે છે જેથી બાળકને ડાકણ ગણાતી સ્ત્રી કંઈ નહિ. પુરુષો આ દિવસે ઘરે ખાતા નથી રસોઈ મેલી ગણાય છે. પ્રસુતા સવા મહિને રસોડે પ્રવેશે ત્યારે આખું ઘર લીંપાઈ છે. કુવે પાણી ભરવા જાય ત્યારે તિલક કરી કામ કરે છે. નામ પાડવાની ચોકકસ વિધિ નથી.

આજે શિક્ષિતોમાં આવી કાળી દોરી કે દાયણની વિધિઓ ભાગ્યે થાય છે કે ભોજન કરાવાય છે. ઘર લીંપવાનું કે નામ અમુક દિવસેજ પાડવાનું ચોકકસ નથી. પહેલાં કરતાં આજે આધુનિક નામો આવતા જાય છે. પહેલાંની જેમ આજે બાળકની નજર લાગવાની બાધા વિધિઓ, દારુ- માંસ કે ભગત ભૂવા શિક્ષિતોમાં કરતા નથી કે તૂર અને ગીતરવાળી વગાડતા નથી. નામકરણ પણ કેટલાક આજે બ્રાહ્મણ પાસે કરાવતા થયા છે. આ સિવાય બાળક મોટું થઈ લગ્નની ઉંમર સુધીમાં બીજી કોઈ વિધિ કરાવવામાં આવતી નથી. તે પહેલાં તેને ઢોર ચરાવવા કે તેને લાયક નાના નાના કામો સોંપાતા હતા. આજે છેલ્લા બે દાયકાઓથી શિક્ષણનું પ્રમાણ વધતાં શિક્ષણની મહત્ત્વા સમજતા થયા છે ત્યારથી આ જાતિના બાળકોને મોટાભાગના કુટુંબો નિશાળે મોકલતા થયા છે અને ભણાવે છે. આજે સરકારશ્રી તરફથી મળતી સવલતોને કારણે પણ બાળકોને નિશાળે મોકલવાનો આગ્રહ રખાય છે.

<u>લગ્ન</u> :-

બાળકની ઉંમર લગભગ ૧૭ વર્ષથી ઉપરની થાય ત્યારે છોકરાના મા-બાપ તેના લગ્નની તૈયારીઓ, લગ્ન માટે કન્યાની ભાળમાં ફરે છે. પહેલાં ૧૫ વર્ષનો છોકરો થાય એટલે લગ્ન થઈ જતાં પરંતુ હાલમાં મેળા, હાટ અથવા શિક્ષિતો વગેરે શાળા, કોલેજ કે નોકરી વગેરે સ્થળોએ સંપર્કમાં આવતા એકબીજાની પસંદગી કરતા જોવા મળે છે.

ધોડિયા સમાજમાં લગ્ન સમયની વયમર્યાદા શિક્ષિત હોય તો ૧૭થી ૨૨ વર્ષ અને અભણ હોય તો ૧૫ વર્ષ પછી લગ્ન કરી નાખે છે. જે તપાસના કુટુંબોમાંથી પણ જાણવા મળ્યા મુજબ લગ્ન સમયની ઉંમરમાં ૧૬ થી ૧૮ વર્ષની ઉંમરમાં માત્ર ૧૫ (૫.૮૪ ટકા) પુરુષોએ લગ્ન કરેલા જણાયા હતા. જેમાં ૯૫ (૩૫.૯૮ ટકા) સ્ત્રીઓએ લગ્ન કરી લીધેલા જાણવા મળ્યા હતા. એટલે કે પુરુષો કરતાં સ્ત્રીઓના લગ્નની ઉંમર નાની હોય છતાં લગ્ન ગોઠવાઈ જાય છે.

## તપાસેલ કુટુંબોમાં લગ્ન સમયની ઉંમર ૪.૬

| ક્રમ | ગામ | ૧૫ વર્ષ સુધીમાં | | ૧૬ થી ૧૮ વર્ષમાં | | ૧૯ થી ૨૧ વર્ષમાં | | ૨૨ થી ૨૪ વર્ષમાં | | ૨૫ થી ૩૦ વર્ષમાં | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧ | કરચેલીઆ | - | ૬ | ૧ | ૧૪ | ૨૧ | ૩૦ | ૨૭ | ૧૬ | ૨૨ | ૭ | ૭૧ | ૭૩ |
| ૨ | કાકડવેલ | - | ૫ | ૧ | ૧૮ | ૨૨ | ૨૫ | ૨૦ | ૫ | ૧૧ | ૫ | ૫૪ | ૫૮ |
| ૩ | ચણવઈ | - | ૩ | ૪ | ૨૮ | ૩૦ | ૨૨ | ૨૦ | ૭ | ૫ | ૧ | ૫૯ | ૬૧ |
| ૪ | મેઘવાળ | - | ૪ | ૯ | ૩૫ | ૩૭ | ૨૨ | ૨૦ | ૯ | ૭ | ૨ | ૭૩ | ૭૨ |
| ૫ | કુલ | - | ૧૮ | ૧૫ | ૯૫ | ૧૧૦ | ૯૯ | ૮૭ | ૩૭ | ૪૫ | ૧૫ | ૨૫૭ | ૨૬૪ |
| ૬ | ટકા | - | ૬.૮૨ | ૫.૮૪ | ૩૫.૯૮ | ૪૨.૮૦ | ૩૭.૫૦ | ૩૩.૮૫ | ૧૪.૦૨ | ૧૭.૫૧ | ૫.૬૮ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

પરંતુ તપાસના કુટુંબોમાંથી ૧૯ થી ૨૧ વર્ષની વયમર્યાદામાં સૌથી વધુ સ્ત્રી-પુરુષોના લગ્ન થયેલા જાણવા મળ્યા હતા. એટલે કે શિક્ષિત પેઢીથી આ ઉંમર થોડી વધવા પામેલા જાણવા મળેલી જેમાં સૌથી વધુ ૧૧૦ (૪૨.૮૦ ટકા) પુરુષો અને ૯૯ (૩૭.૫૦ ટકા) સ્ત્રીઓના લગ્ન થયેલા જણાયા હતા. આ ઉપરાંત ૨૨ થી ૨૪ વર્ષની ઉંમરમાં જ્યારે શિક્ષિતો મહદઅંશે નોકરી કે ધંધા વ્યવસાયમાં જોડાયા હોય છે તેવી ઉંમરમાં પણ ૮૭ (૩૩.૮૫ ટકા) પુરુષો લગ્નથી જોડાયેલા જાણવા મળ્યા હતા. એટલે કે શિક્ષણ વધવાથી લગ્ન ઉંમર પણ વધવા પામેલી જાણવા મળે છે. જે નાની વયે લગ્ન થતા હતા તેમાં પરિવર્તન અવશ્ય આવેલું જણાય છે. પરંતુ તેથી વધુ ઉંમરમાં એટલે કે ૨૫થી ૩૦ વર્ષની વયમાં પુરુષ સ્ત્રીઓના થયેલા લગ્નો ખૂબ ઓછી સંખ્યામાં જાણવા મળ્યા હતા. એટલે કે હજુ વધુ ઉંમર લગ્ન કરનારની સંખ્યા બહુ મોટી નથી.

લગ્ન ખાસ કરીને ''એક સાથી' થાય છે. એટલે એક પુરુષ અને એક સ્ત્રી તે સિવાય ખૂબ જ ઓછા પ્રમાણમાં બહુ પત્નીત્વ જોવા મળે છે. આનું કારણ શિક્ષણનો પ્રચાર અને અન્ય સમાજો સાથે વધુ સંપર્કમાં આવવાથી તેમજ આર્થિક સ્થિતિ સારી હોવાને લીધે એક સાથી લગ્નો વધુ વધુ જોવા મળે છે. પરંતુ કદાચ એક સ્ત્રીને બાળક ન થાય તો બીજી પત્ની લાવે છે.

લગ્ન મોટેભાગે સ્વપસંદગીના થતાં જોવા મળે છે. આ ઉપરાંત માતા પિતા દ્વારા ગોઠવાયેલા લગ્નો કે જેમાં છોકરા પક્ષના છોકરી જોયા પછી પોતાના બાળકને છોકરી બતાવવામાં આવે છે. અને છોકરી-ની ઇચ્છા મુજબ લગ્ન થાય છે. આ ઉપરાંત પ્રેમ લગ્ન પણ થાય છે.પરંતુ હાલની પરિસ્થિતિમાં જોઈએ તો મોટેભાગે સ્વ પસંદગીના જ લગ્ન થતા જોવા મળે છે. તેનું મુખ્ય કારણ શિક્ષણ છે અને શિક્ષણ દ્વારા આ સમાજમાં ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે. આ સિવાય આ જાતિમાં ''ઘર જમાઈ''ની પ્રથા પણ જોવા મળી છે કે જ્યાં ઘરમાં છોકરો ન હોય અને માત્ર છોકરીઓજ હોય તો ઘરજમાઈ તરીકે લાવીને રાખે છે.

## તપાસેલા કુટુંબોમાં વૈવાહિક દરજ્જો ન.૭

| ક્રમ | ગામ | પરણિત | | અપરણિત | | વિધુર કે વિધવા | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | કરચેલીઆ | ૭૦ | ૭૧ | ૬૯ | ૪૫ | ૩ | ૪ | ૧૪૨ | ૧૨૦ |
| ૨ | કાકડવેલ | ૫૬ | ૫૬ | ૭૧ | ૪૩ | ૨ | ૫ | ૧૨૯ | ૧૦૪ |
| ૩ | ચણવઈ | ૬૧ | ૬૧ | ૮૭ | ૪૧ | – | ૫ | ૧૪૮ | ૧૦૭ |
| ૪ | મેઘવાળ | ૭૮ | ૭૮ | ૭૯ | ૬૫ | – | ૪ | ૧૫૭ | ૧૪૭ |
| ૫ | કુલ | ૨૬૫ | ૨૬૬ | ૩૦૬ | ૧૯૪ | ૫ | ૧૮ | ૫૭૬ | ૪૭૮ |
| ૬ | ટકા | ૪૬.૦૧ | ૫૫.૬૫ | ૫૩.૧૩ | ૪૦.૫૯ | ૦.૮૬ | ૩.૭૬ | ૧૦૦.૦૦ | ૧૦૦.૦૦ |

ઉપરાંત ઘરની આર્થિક સ્થિતિ સારી હોય, જમીનનું પ્રમાણ વધુ હોય તો છોકરો હોવા છતાં કેટલીકવાર ઘર વમાઈને લાવીને રાખે છે. આ સિવાય પુનઃલગ્ન પણ થાય છે જેમાં છૂટાછેડા લીધેલ અને વિધુર-વિધવાના થાય છે.

લગ્ન પસંદગીમાં છોકરી માટેની પસંદગીમાં દેખાવ, કામની આવડત અને સ્વભાવ તેમજ શિક્ષિત કુટુંબમાં તેનું શિક્ષણ કેટલું છે જયારે છોકરા માટેની પસંદગીમાં ઘર, જમીન, આર્થિક સ્થિતિ અને છોકરી ભણેલી હોય તો છોકરો ભણેલો શોધે છે. વર્તમાનમાં શિક્ષિત કુટુંબોમાં શિક્ષણ પામેલાની વધુ માંગ કરે છે. તપાસના કુટુંબોમાંથી વૈવાહિક દરજ્જો જાણવા મળ્યો હતો તેમાં પરણિત પુરુષો કરતાં અપરણિત પુરુષોની સભ્ય સંખ્યા વિશેષ જાણવા મળી હતી. તેમાં નાના બાળકો યુવાનોની સભ્ય સંખ્યા વિશેષ હતી જેમાં પરણિતોની ૨૬૫ (૪૬.૦૧ ટકા)ની સંખ્યા અને અપરણિતોની ૩૦૬ (૫૩.૧૩ ટકા)ની પુરુષોની સભ્ય સંખ્યા જાણવા મળી હતી. તેના પ્રમાણમાં સ્ત્રીઓમાં પરિસ્થિતિ જુદી જાણવા મળી હતી. જેમાં ૨૬૬ (૫૫.૬૫ ટકા) પરણિત અને ૧૯૪ (૪૦.૫૦ ટકા) અપરણિત સ્ત્રીઓની સભ્ય સંખ્યા જણાઈ હતી. વિધુર કરતાં વિધવાની સભ્ય સંખ્યા વિશેષ જાણવા મળી હતી જે કોઠા નંબર ૪.૭ જોતાં વિગતે જોવા મળશે.

<u>સગાઈ</u> :-

ધોડિયા સમાજમાં લગ્ન માટે સગાઈ નકકી કરવામાં ''વહટાળિયો'' અગત્યનો ભાગ ભજવે છે. આ વહટાળિયો ઘરની અને બાહ્ય સંબંધો તેમજ વ્યવહારિક વાતચિત કરી લે છે. પ્રથમ છોકરીવાળા ઘર જોવા છોકરાને ત્યાં જાય છે પછી છોકરો છોકરી જોવા જાય છે. એકબીજાની હા હોય તો વાત આગળ ચાલે છે. ચ્હા, પાણી કરે છે. ચાંલ્લો કયારે કરવો, દહેજ લેવાનું હોય તો નકકી કરે છે. હાલમાં દહેજ વગર મોટાભાગના કુટુંબો લગ્ન કરે છે. પહેલાં ચાંલ્લો કરી તરત લગ્ન કરતા અને આજે ચાંલ્લો ગમે તે સમયે કરે છે. લગ્નો હોળી પછી જ કરે છે. છોકરીવાળા પ્રથમ ચાંલ્લો કરવા જાય છે.

ચાંલ્લાના દિવસ નકકી કરી સગા-સંબંધીઓને કહે છે. ચાંલ્લા વિધિ બપોરના સમયે રાખે છે. છોકરીવાળા છોકરાને ત્યાં જઈ વિધિ કરે છે. છોકરાવાળા આવકાર આપી ખાટલા પાથરીને હાથ-પગ ધોવડાવી ચા-પાણી, બીડી વગેરે પીવડાવે છે. ચાંલ્લા વિધિ પોતાની જાતિનો માણસ જ કરાવે છે. ઘરના બારણામાં ઉંબળ પાસે બે પાટલા મૂકી સિંદુર, કંકુ, અબીલ, ગુલાલથી સાથીઓ કાઢી ચોરસ બનાવે છે. દિવો કરી અગરબત્તી કરે છે. સ્ત્રીઓ ગીતો ગાય છે. છોકરાને પાટલે બેસાડી છોકરીનો બાપ નાળિયેર, સવા રૂપિયો અને સાકર આપી ફૂલહાર પહેરાવે છે. છોકરાને ચોખાથી વધાવે છે. પછી ચા-પાણી કરી ઘેર જાય છે. પછી છોકરાશ્રે પક્ષાવાળા છોકરીને ચાંલ્લો કરવા ''દહેજ આપવા'' નકકી કરેલા દિવસે જાય છે. આ વખતે છોકરીની મા કે ભાભી થાળીમાં દીવો, કંકુ, ચોખા લઈ દહેજને ચાંલ્લા કરી વધાવી લે છે. આ વિધિ છોકરાને ત્યાં થાય છે તેવી રીતે જ કરાય છે. દહેજમાં ૬૦ થી ૨૦૦ રૂપિયા સુધી આપવામાં આવે છે. મા કે ભાભીને થાળીમાં દહેજ આપી છોકરાવાળા કહે છે દહેજ તમારું છોકરી (કન્યા) અમારી. આ પછી કન્યા પક્ષાવાળા છોકરીને જિંદગી પોષવાની વાત કહે જે વરપક્ષાવાળા છોકરીને સ્વીકારે છે. અત્યારે ભણેલી છોકરીઓ ૨૦૦ થી ૫૦૦ સુધીનો લે છે. વર્તમાનમાં જૂની પુરાણીXXX રીતરિવાજોમાં શિક્ષણ પામેલ વર્ગ ઉપેક્ષા કરી બ્રાહ્મણ પાસે હિન્દુ વિધિથી લગ્ન કરાવે છે જે બાબત આર્થિક સ્થિતિ ઉપર આધાર રાખે છે. છતાં પરંપરાગત કેટલીક વિધિઓ જાતે કરી લે છે. મુહૂર્ત જોવડાવી શિક્ષિતો લગ્નો નકકી કરે છે.

<u>પીઠી</u> :-

વરપક્ષાવાળા વરને પીઠી ચઢાવ્યા બાદ કંકુને તેલમાં પલાળી એક કોરા કાગળ ઉપર લાઈનમાં ચાર ચાંલ્લા કરે છે. જે ખાંડણીયા-વાળી જગ્યાએ ભીંતે ચોંટાડે છે. તેને ''લગ્ન કાગળ'' કહે છે. ત્યાર-બાદ બીજા કાગળ ઉપર કંકુના બે-ચાર ચાંલ્લા કરી તે કન્યાપક્ષાને પહોંચાડે છે. ત્યાં સ્ત્રીઓ વરપક્ષાવાળા પાસેથી આ પીઠી ચોડાવાનો સવા રૂા. લે છે. કાગળ ઉપર જેટલા ચાંલ્લા તેટલા દિવસ અગાઉ પીઠી ચોળવાની હોય છે.

વરપક્ષના માણસોની હાજરીમાં કન્યાને નવડાવી ધોયેલા કપડાં પહેરાવી પીઠી લગાવે છે. દીવો કરી, ફૂલહાર પહેરાવી કન્યાને પૂર્વ દિશા તરફ લઈ જાય છે. ત્યાં હાથમાં રાખેલા ચોખા-કોપરું થાળીમાં લે છે. દિવસમાં બે વાર પીઠી ચઠાવે છે. વિધવાની હાજરી પીઠી વખતે અપશુકનિયાળ લેખે છે. સગાસંબંધીઓને તેડવા કંકોત્રી મૂકી આવે છે. આમંત્રણ વખતે ચોખા-હળદરવાળા કરી મૂકી આવે છે. આજે કેટલાક માત્ર કંકોત્રીથી આમંત્રણ મોકલે છે.

<u>મંડપ રોપવો</u> :-

પીઠી ચઢાવ્યા બાદ જાનના આગળના દિવસે મંડપ રોપવામાં આવે છે. સગાસંબંધીઓ અને ગામના લોકો આવે છે. પ્રથમ ઘરના મોભની પૂજા રખાય છે. સાંબેલા પર સિંદુર ચોખા-કંકુ, તેલ, તાંબાનો પૈસો ચોંટાડવામાં આવે છે. મંડપ માટે ક્રાક્ડાના ઝાડની થાંભલી લાવે છે. પૂર્વમાં મુહૂર્તની થાંભલી ખાડો ખોદી મૂકે છે. સ્ત્રીઓ થાંભલાની પૂજા કરે છે. થાંભલીને વધાવી ચાંલ્લા કરી આંબાના ચાર પાન અને સમડીના ઝાડની ડાળખી બાંધી, જે ખાડામાં થાંભલી રોપવાની હોય તે ખાડાની પૂજા-વિધિ કરી કંકુના છાંટા નાખી પગે લાગે છે. થાંભલીને બે કુંવારા બે પરણિત પુરુષો ખાડામાં મૂકે છે. બીજી ત્રણ થાંભલી રોપી ઉપર આડી મૂકી કુલ નવ થાંભલી ઉપર મંડપ તૈયાર કરે છે.

તોરણ તૈયાર કરવા ગામના કોલ્યા કે હરિજનને કહેવાતું. તે આંબા કે આસોપાલવનું તોરણ તૈયાર કરે છે. બદલામાં અનાજ અને સવા બે રૂપિયા આપે છે. તોરણ સાંજે મંડપે બંધાય છે.

<u>મોસાળું</u> :-

મોસાળું છોકરા-છોકરીના મામા-ફોઈ લાવે છે. નકકી કર્યા પછી કપડાં, ચંપલ લાવે છે. આર્થિક સધ્ધરતાવાળા લગ્નનો ખર્ચ પણ આપે છે. મોસાળની સ્ત્રીઓ લાવેલી વસ્તુઓ વર-કન્યાને આપી ઘરમાં પ્રવેશે છે.

જાન :-

(પરંપરાગત રીતે લગ્ન કરવાનાં હોય તો જાન છોકરીની છોકરાને ઘેર જાય છે. પરંતુ હાલમાં છોકરાની જાન જાય છે.) પરંપરાગત રીતે જ્યારે કન્યાની જાન નીકળે ત્યારે પૂર્વ દિશા તરફ ઊભી રાખી ચાંલ્લો કરી, કુટુંબીઓ-સગાઓ ભેટતા, કન્યા ત્યારે ખૂબ રડતી. ભેટનારા યથાશક્તિ કન્યાને પૈસા આપતા. કન્યાને ત્યારબાદ ગાલ્લીમાં બેસાડી બીજી ગાલ્લીઓ સાથે વિદાય અપાતી. તુરવાળા અને વાજીંત્રોવાળા સાથે જતા. વચ્ચેના દેવસ્થાનોએ કન્યાને પગે લગાડાતી.

કન્યાની જાન સાસરાના સીમાડે પહોંચે ત્યારે વરપક્ષની સ્ત્રીઓ-પુરુષો મળવા આવતા. સ્ત્રીઓ પાણી ભરેલું વાસણ માથે રાખી નાળિયેર પર કપડાનો કકડો ઢાંકી ગાતી ગાતી સામે આવતી. સાસરામાં કન્યાને વરની સાથે બેસાડવામાં આવતી. પછી મંડપમાં આવી વિધિ કરી- કન્યાને બીજાને ઘેર કે ગામને ઝાંપે ઝાડ નીચે ઉતારો આપતા. પછી વર કન્યાને પીઠી લગાડવામાં આવતી હતી પણ આ રીવાજ હાલમાં કાઢી નાખવામાં આવ્યો છે. ઉતારેથી કન્યાને લાવીને વરકન્યાને ઊભા રાખી ચાંલ્લા કરાતા. વરને ધોતી અપાતી જે કન્યાને થાળી પકડાવી સવા બે રૂપિયા આપવામાં આવતા જેને ''ભાણે વાળેલા'' એમ કહેતા. પછી મંડપ આગળ બેસાડી દૂધ પાણીથી કન્યા પાસે વરના પગ ધોવડાવતા.

આ વિધિ પછી કોઢમાં લઈ જઈ છાણમાં ચોખા, પૈસા, કોપરુ મૂકીને ચાર વાર સાવરણીથી વળાવવામાં આવતું. પછી કન્યા પૈસા લઈ લેતી અને ઘરમાં ચૂલા ફરતે આંટા ફેરવાતા. પછી કન્યાને ઘરની મુખ્ય થાંભલીએ બેસાડાતી. કન્યાનું માથું ઓળવામાં આવતું. વાળ વરપક્ષને ન મળે એટલે કન્યાની બહેન કાળજીથી માથું ઓળતી હોય છે. કન્યાની બહેનને સવા રૂપિયો મળે ત્યારે જ વાળ ગૂંથી દેતી પછી સિંદુર કન્યાના માથામાં ભરવામાં આવતું. પછી વરપક્ષ તરફથી આપેલા કપડાં પહેરવાના અને પૂર્વદિશામાં મોંઢું કરી મંડપમાં બેસવાનું.

આમ જૂના લગ્નની વિધિમાં ખૂબ ઝીણવટ થતી પરંતુ છેલ્લા બે દાયકાથી આ જાતિમાં શિક્ષણનું પ્રમાણ વધતાં અન્ય સંસ્કારી સમાજોના સંપર્કથી તેમજ પરિવર્તનવાળા સમયના વહેણથી તેમનામાં સામાજિક રીતે ઘણું પરિવર્તન આવેલું જોવા મળે છે.

સામાજિક પરિવર્તન થવાથી વર્તમાનમાં શિક્ષણનું સ્તર વધવાથી ધોડિયા જાતિમાં પણ સામાજિક રીતરિવાજોમાં પરિવર્તન જોવા મળે છે. પહેલાં કન્યાની જાન જતી અને વરને ત્યાં બધી વિધિ થતી. આજે વરની જાન જાય છે. કન્યાને ત્યાં વિધિઓ હિન્દુ બ્રાહ્મણ પાસે કરાવતા થયા છે.

<u>આણું</u> :-

લગ્ન બાદ છોકરીને ચાર-પાંચ દિવસે તેનો નાનો ભાઈ આઠ થી દસ બાળકો લઈ આવે છે. ચા-પાણી અને જમણવાર કરે છે. પાંચમા દિવસે કન્યા પોતાને ઘેર જાય છે. ત્યારબાદ દસ બાર દિવસ પછી વરપક્ષવાળા કન્યાને આઠથી દસ જણા લેવા જાય છે. આને વચલું આણું કહે છે.

લગ્ન સમયે પહેલાં પોશાકમાં કેડીયું, માથે પાઘડી અને લંગોટી પહેરતા હતા પરંતુ અત્યારે કફની, ધોતી, ટોપી અથવા પેન્ટ,ખમીશ અને કોટ પણ પહેરે છે. પહેલાં બારસીંગ બાંધતા અને તલવાર રાખતા. અત્યારે આ જોવા મળતું નથી.

કન્યાને આખું લુગડું કચ્છમાં પહેરાવતા, કબજો અને માથે સુધી ઓઢાડતા. હાલમાં સાલ્લો, ચણીયો અને કબજો પહેરે છે. માથુ ખુલ્લું રાખે છે. કેટલાક બ્રાહ્મણ વિધિ કરાવે છે. કેટલાક મિશ્રણ કરી લગ્ન કરાવે છે.

<u>પુનઃલગ્ન</u> :-

વિધવા-વિધુર અને જે સ્ત્રી પુરુષોએ છૂટાછેડા લીધા હોય તેમના પુનઃલગ્ન થાય છે. વિધવા સ્ત્રી કુંવારા પુરુષ સાથે લગ્ન ન કરી શકે પરંતુ વિધુર નાનો હોય તો કુંવારી છોકરી સાથે લગ્ન

વિધિથી જોડાઈ શકે છે. પુનઃલગ્નમાં વિધિઓ લગ્નની થતી નથી. વિધવા લગ્ને ગળાની ગાંઠી સીમળાના ઝાડની સાથે બાંધી થાય છે. પછી પુરુષ સાથે વિધિ કરાવે છે.

દિયરવટું અને સારીવટું :-

આ પ્રથા ધોડિયાઓમાં જોવા મળે છે. પતિ મૃત્યું પામતા સ્ત્રી પતિના નાનાભાઈ સાથે દિયરવટું કરી શકે છે. અને સારીવટુમાં પત્નીની નાની બહેન સાથે સાળીવટું થઈ શકે છે.

છૂટાછેડા :-

ધોડિયા જાતિમાં છૂટાછેડાના પ્રશ્નો ખૂબ ઓછા બને છે. સ્ત્રી પુરુષોનો મનમેળ ન હોય અથવા સ્ત્રીનો પર પુરુષ સાથેનો આંતરિક સંબંધ હોય તેવી જાણ થતાં છૂટાછેડા અપાય છે. બીજું જાતિ-પંચમાં જઈ ફારગતીનામું લખી આપવું પડે છે. જે નકકી થાય તે દંડ ભરવો પડે છે. આજે કોર્ટ ધ્વારા પણ છૂટાછેડા લેતા જોવા મળે છે.

મૃત્યુવિધિ :-

વ્યકિત મરણ પથારીએ હોય અથવા મૃત્યુ પામી હોય તો તેને ખાટલા પરથી નીચે ઉતારતા પહેલાં તેટલી જમીનમાં ગાયના છાણથી લીપી નાખવામાં આવે છે. ગામના નજીકના માણસો નનામી તૈયાર કરે છે. તે ઘરની ઓસરીમાં વાંસમાંથી બનાવવામાં આવે છે. નનામી ઉપર ડાભ ઘાસ બાંધવામાં આવે છે. મૃત્યુદેહને સ્નાન કરાવી નવાં કપડાં પહેરાવે છે. ઘરના આગળના ઓરડે મૂકી ઉત્તરદિશા તરફ મૃતનું માથું રાખી નવું કપડું મૂકી નનામીએ બાંધવામાં આવે છે. નનામીએ એક છેડે નાળિયેર બાંધવામાં આવે છે. જેના ઉપર કંકુ, ચોખા, હળદર નાખી ઘરની ચાર વ્યકિતઓ નનામી ઉપાડે છે. નનામી આગળ પુત્ર કે ભાઈ હાંલ્લી લઈ આગળ ચાલે છે. સ્ત્રીઓ રડે છે અને ગામને પાદરેથી પાછી ફરે છે.

મૃતદેહને લઈ સ્મશાને પહોંચ્યા પછી નીચે મૂકે છે. લાકડા મૂકી ઉપર મૃતદેહને મૂકે છે. મરનારના બે કુટુંબીઓ અને ગામના બે જાંબુડાના પાનથી પાણીનો છંટકાવ કરી આંટા પાંચ મારે છે. પછી આગની સોટી મૃતદેહ પર મૂકે છે અને કહે છે આ તારા ઉપર નહીં તને દુઃખ આપનાર માટે છે. પછી મૃતદેહના મોઢામાં ચાર આના અને હાથમાં સવા રૂપિયો મૂકી પછી ચિતા સળગાવે છે. મૃતદેહ સળગી રહયા બાદ સ્મશાને આવેલ દરેક નદીએ સ્નાન કરી ઘરે જાય છે. મરનાર વ્યક્તિને ત્યાં ઘેર જઈ કાંગળા કરીને પછી જ ઘરે જાય છે અને તે રાત્રે ભેગા મળી બધા બેસે છે.

બારમાના દિવસે સગાસંબંધીઓને બોલાવવામાં આવે છે. આ દિવસે પાંચ કુંવારા છોકરા-છોકરીઓને ઉપવાસ કરાવે છે. ૬ નાગલી-ની અને છ ચોખાની રોટલી બનાવી તેનું મિશ્રણ ચુરમું બનાવી સગાઓ બાદમાં ગાયનું ઝરણ, છાણ, હળદળ, મરચાં, ચોખા, સુરત લઈ જ્યાં મૃતદેહને વિસામો હતાં ત્યાં લીંપણ કરે છે. હળદર પથ્થરને લગાડે છે. બે સળીઓ મૂકી એકમાં ગૌમૂત્ર બીજીમાં દૂર ભરી મૂકે છે. ચિતાની રાખને ભેગી કરી અને જાંબુડાની ડાળીને પડીમાં નાખી નદીમાં નાખી દે છે. વિધિ પૂરી કરી ઘરે ઉપવાસવાળાને જમાડે છે. અત્યારે બ્રાહમણ પાસે ઘણા વિધિ કરાવે છે.

મૃત્યુ બાદ ખતરા મૂકવામાં આવતા અને તેની દર વર્ષે પૂજા વિધિ કરવામાં આવતી પણ હવે ખતરા મૂકતા નથી. અત્યારે શિક્ષણ અને બીજી સમાજોની અસરને લીધે ખતરા મૂકવા એ પોતાને નીચાપણું લાગતું હોય તેવું માને છે. અત્યારે ઝાડ નીચે પહેલાંના મૂકેલા ખતરા જોવા મળે છે. પરંતુ હવે તેની પૂજા વિધિ કરતા નથી.

<u>પરજણ (સમૂહ શ્રાધ્ધ)</u> :-

પરજણ ચારથી પાંચ વર્ષે કરે છે. મહા માસમાંજ પરજણ થાય છે. પરજણમાં ચાર પાંચ વર્ષમાં જેટલા કુટુંબીઓના મૃત્યું થયા હોય તે સર્વેની તર્પણવિધિ કરવામાં આવે છે. આ વિધિ નાયકા ભગત

પાસે કરાવતા. આજે બ્રાહ્મણ પાસે વિધિ કરાવે છે. જે કુટુંબની પરજણ કરવાની હોય તેના નજીકના કુટુંબીને ઘેર જઈને જેટલા દિવસની વિધિ એટલે ગાંઠો બાંધી દેવાથી થાય છે. એટલે આ દિવસે નજીકના કુટુંબીઓ ખાટલે સૂતા નથી તેમજ રોટલો તવી ઉપર ફેરવ્યા વગરનો બનાવીને આપે છે. દરરોજ સવારે એક ગાંઠ છોડવામાં આવે છે. પરજણના દિવસ પહેલાં સ્ત્રીઓ મરનારનું નામ લઈ રડે છે. પરજણની વિધિ કરે ત્યાં સુધી સ્ત્રીઓ યાદ કરીને રડે છે.

-o-o-

## પ્રકરણ - ૫

## ધાર્મિક જીવન

ધોડિયાઓમાં ધાર્મિક પરંપરા એકબાજુ જોવા મળે છે, તો બીજી બાજુ આપણને અન્ય ધર્મોની અને ખાસ તેમાં હિંદુ ધર્મની અસર સ્પષ્ટ દેખાઈ આવે છે. જો કે હિંદુ ધર્મના દેવદેવીઓમાં શ્રધ્ધા ધરાવે છે. તેમજ તેનું પૂજન પણ કરે છે. કારણ કે ધોડિઆઓ પોતે સુધરી ગયેલ છે એમ માનવા લાગ્યા છે. આ ઉપરાંત શિક્ષણ અને બિનઆદિવાસીઓની અસરથી પોતાની મૂળ સંસ્કૃતિ નીચી છે. ખરાબ છે તેમ તેમનામાં દેખાય છે. કારણ કે જ્યારે આપણે તેમની પરંપરાગત રૂઢિઓને પૂછીએ તો તેઓ જાણે તદન પરંપરાગત રીતોથી અજાણ હોય કે પછી અત્યારે એમાંનું કશું જોવા મળતું ન હોય તેમ વાતો કરે છે. પણ આ તો માત્ર પોતાની સંસ્કૃતિ બીજાની સંસ્કૃતિની તુલનામાંયે નીચી છે. એમાં તેઓ માનતા હોવાથી તેઓ બીજા સમાજો જેવી રીતભાત કરે છે. હિંદુઓના દેવ-દેવીઓને પૂજે છે, વગેરે બતાવવા માંડે છે.છતાં તેમની સાથે રહીએ તો ચોકક્સ તારવી શકાય કે હાલમાં પણ પરંપરાગત રૂઢિઓના દર્શન થાય, પછી ભલે તેમાં અન્ય બાહ્ય પરિબળોને લીધે મિશ્રણ થયું હોય. બહારના દેવ-દેવીઓની તેઓ પોતાની રીતે પૂજા વિધિ કરે છે. સાથે સાથે પરંપરાગત દેવ-દેવીઓ તરફનો ભય પ્રેરિત ધર્મ હતો તે પણ એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે. કેટલીય જગ્યાએ આજે બે ભાગ ધાર્મિક રીતે જોવા મળે છે. એક ભાગમાં માત્ર પરંપરાગત દેવ-દેવીઓની પૂજા-વિધિ અને પરંપરાગત સામાજિક રીત-રિવાજો હોય છે જ્યારે બીજીબાજુ 'મોક્ષધર્મ' અને હિંદુ ધર્મના બીજા પંથોની અસરો જોવા મળે છે. સનાતન ધર્મની અસર હોવાથી તેના નિયમો દારુ, માંસનો ઉપયોગ ન કરવો, ઘર સ્વચ્છ રાખવું, ભજન કરવા, માળા ફેરવવી તેમજ જાજરુ ગયા પછી પાણી લેવું વગેરે પાળે છે. એટલે જ હાલમાં પણ સામાજિક સંબંધો બાંધતી વખતે આનો વિચાર કરીને સામેનો દારુ પીએ છે, માંસ વગેરેનો ઉપયોગ કરે છે કે પરંપરાગત રીતોથી મુક્ત થયો છે કે કેમ, તેના જીવન વ્યવહારમાં પરંપરાગતોનો સુર દેખાય છે. દેવ-દેવીઓની પૂજા વિધિ કરે છે વગેરે જુએછે.

ધર્મ પ્રમાણે કુટુંબ સંખ્યા ન. ૨

| ક્રમ | ધર્મ કે પંથ | કરચેલીઆ | કાકડવેલ | ચણવઇ | મેધવાળ | કુલ | ટકા |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | આર્યસમાજ | ૫૦ | - | - | - | ૫૦ | ૨૫.૦૦ |
| ૨ | હિંદુ | - | ૪૨ | ૪૯ | ૪૮ | ૧૩૯ | ૬૯.૫૦ |
| ૩ | મોક્ષામાર્ગી | - | ૮ | - | ૨ | ૧૦ | ૫.૦૦ |
| ૪ | સનાતનપંથી | - | - | ૧ | - | ૧ | ૦.૫૦ |
| ૫ | કુલ | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦૦ | ૧૦૦.૦૦ |

આમ છતાં તેઓ પોતાને ગમે તેટલા સુધરેલા માને કે પોતાના દેવદેવી-ઓની પૂજા ન કરે છતાં પરંપરાગત દેવ-દેવીઓના તેમના વ્યવહારથી છૂટા પડી શકયે તેમ નથી કારણ કે તેમના જીવન-વહેવારના પાસાઓ સાથે દેવ-દેવીઓની મહત્તા રહેલી છે. તેથી તેઓ અનેક દેવ-દેવીઓને માને છે અને પૂજા વિધિ પણ કરે છે. જેમાં વાઘદેવ, ભવાની, સીમળાદેવ, બ્રાહ્મદેવ, માવલી, માલવાડવાળી દેવી, કન્સરી દેવી, દેવલીમાડી, ગામદેવી, ભૂત-પ્રેત વગેરેને માને છે. પહેલાં તો ખતરાની પણ પૂજા વિધિ કરતા પરંતુ હવે ખતરા મૂકવાનું બંધ કર્યું હોવાથી પૂજા કરતા નથી. આ દેવ-દેવીઓમાં બે પ્રકારના દેવ-દેવીઓ જોવા મળે છે. એક મીઠી પૂજા ધ્વારા કરાતી વિધિ જયારે બીજા કેટલાક દેવદેવીઓને મરઘુ, બકરું, દારુ ચઢાવી કરવામાં આવતી પૂજા વિધિ. આ સિવાય તેમનામાં ભૂત, ડાકણની માન્યતા પણ જોવા મળે છે. આ ઉપરાંત પીરની દરગાહ અને હનુમાનની દેરી પણ કેટલીક જગ્યાએ જોવા મળે છે.

ધોડિયાઓમાં મનાતા દેવ-દેવીઓમાં જોઇએ તો બ્રાહ્મદેવ, લગ્નનો દેવ દેવસામટો પાકનો દેવ, કન્સરી દેવી અનાજની દેવી, દેવલી માડી છોકરાના રોગ માટેની દેવી, ભૂત ખેતરમાંથી અનાજ રક્ષાણ માટેનલ દેવ, ગામદેવી રોગચાળો ફાટે ત્યારે પૂજાની દેવી, વાઘદેવ ઢોરના રક્ષાણ માટે પૂજવામાં આવતો દેવ, વગેરે જોવા મળે છે. જેમની પૂજા વિધિ, માનતાઓ તેઓ વારે તહેવારે પ્રસંગોપાત કરે છે.

આ ઉપરાંત ધોડિયાઓ હિંદુઓના હોળી, દિવાળી, દિવાસો વગેરે તહેવારો ઉજવે છે. તેઓ સંપર્કવાળા હિંદુ સમાજની જેમ ઉજવણી કરે છે.

આજે ધાર્મિક ક્ષેત્રે ભગતનું સ્થાન મહત્વનું ગણવામાં આવે છે. ભગતને ડોક્ટરની જેમ માને છે. કોઇ બિમાર પડતાં તે દાણા જુએ છે. જાણતા હોય તો દવા પણ આપે કે માનતા પણ મનાવે છે. આમ છતાં જે ધોડિયા કુટુંબો શિક્ષણ પામેલાં છે અને બાહ્ય સમાજોના સંપર્કમાં આવેલા છે તેઓમાં આ ધાર્મિક પરંપરાગત દેવી-દેવીઓની પૂજા વિધિઓ-માનતાઓ કે ભૂવા ભગતની વિધિઓમાં ઝાઝો રસ જોવા મળતો નથી. તેઓ ડોક્ટરની મદદ ઉપર વધુ ભાર મૂકતા જોવા મળે છે.

-o-o-o-

# પ્રકરણ - ૬

## શિક્ષણ અને આરોગ્ય

### શિક્ષણ :-

ધોડિયાઓમાં શિક્ષણનું પ્રમાણ ગુજરાતની બધી જ આદિવાસી જાતિઓ કરતાં સૌથી વધુ છે. અક્ષરજ્ઞાનની દૃષ્ટિએ સૌથી આગળ ધોડિયાઓ જોવા મળે છે. તેઓ ગુજરાતની એકંદર વસતિ અને આદિવાસી વસતિની સાક્ષરતાની ટકાવારી કરતાં પુરુષ અક્ષરજ્ઞાનમાં આગળ જોવા મળે છે. જે વસતિ ગણતરીની ૧૯૬૧ અને ૧૯૭૧ની સાક્ષરતાની ટકાવારી જોઈએ તો ખ્યાલ આવશે. ૬.૧

| ક્રમ | વિગત | ૧૯૬૧ | | ૧૯૭૧ | દાયકા દરમ્યાનનો વધારો |
|---|---|---|---|---|---|
| ૧ | ગુજરાત | કુલ | ૩૦.૪૫ | ૩૫.૭૯ | ૫.૩૪ |
| | કુલવસતિ | પુરુષ | ૪૧.૧૩ | ૪૬.૧૧ | ૪.૯૮ |
| | | સ્ત્રી | ૧૯.૧૦ | ૨૪.૭૫ | ૫.૬૫ |
| ૨ | આદિવાસી | કુલ | ૧૧.૬૯ | ૧૪.૧૨ | ૨.૪૩ |
| | વસતિ | પુરુષ | ૧૯.૦૯ | ૨૧.૮૩ | ૨.૭૪ |
| | | સ્ત્રી | ૪.૦૯ | ૬.૧૫ | ૨.૦૬ |
| ૩ | ધોડિયા | કુલ | ૨૩.૯૪ | ૩૧.૧૯ | ૭.૨૫ |
| | વસતિ | પુરુષ | ૩૭.૦૨ | ૪૩.૪૫ | |
| | | સ્ત્રી | ૧૦.૮૫ | ૧૮.૯૦ | |

ધોડિયા સ્ત્રીઓ ગુજરાતની સ્ત્રી સાક્ષરતાની ટકાવારી કરતાં હજુ ઓછી જોવા મળે છે. પરંતુ આદિવાસીની કુલ સ્ત્રી સાક્ષરતામાં સૌથી વધુ સાક્ષરતા પામેલી ધોડિયા સ્ત્રીઓ જોવા મળે છે. આમ કુલ ગુજરાતની સાક્ષરતામાં અને આદિવાસીઓની કુલ સાક્ષરતામાં ધોડિયાઓ છેલ્લા દાયકા દરમિયાન એટલે કે ૧૯૬૧થી ૧૯૭૧ દરમિયાન તેમનામાં સાક્ષરતાનો વધારો નોંધાયેલો જાણવા

મળે છે જે આગળ ઉપર જોયું તેમ સાક્ષરતાની ટકાવારીમાં સુરત જિલ્લાનો મહુવા તાલુકો સૌથી મોખરે રહેલો છે. જેમાં ધોડિયા વસતિ સવિશેષ વસવાટ કરે છે.

આમ છેલ્લા બે ત્રણ દાયકા દરમિયાન ધોડિયા જાતિએ તેમની જાગૃતા કેળવીને શિક્ષણની પોતાની જાતિની સાક્ષરતામાં સારો એવો વધારો કરેલો જાણવા મળે છે. તેઓ અનેક સંસ્કારી સમાજોના સંપર્કને કારણે, વાહન વ્યવહારને કારણે અને તેમનામાં રહેલી શિક્ષણ પ્રત્યેની નિષ્ઠાને કારણે સરકારશ્રી ધ્વારા શિક્ષણ માટેની જે અનેકવિધ સહાયો છે તેનો લાભ પણ બધી આદિવાસી વસતિ કરતાં સવિશેષ ઉઠાવેલો જોવા મળે છે. તેઓએ અનેકવિધ શાળાઓ, આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી શાળાઓ જે ઊભી થવા પામી છે તેનો પણ બને તેટલો સારો ફાયદો મેળવ્યો છે. છેલ્લા કેટલાય વખતથી તેમના સમસ્ત ધોડિયા સમાજ નામના મંડળે પણ આ શિક્ષણની પ્રવૃત્તિઓમાં ભારે રસ દાખવીને તેમનામાં નવી ચેતના ઊભી કરી સમગ્ર સમાજના વ્યક્તિઓને દિવાદાંડી સ્વરૂપે સહાય કરી છે. જે કારણે તેમનામાં પણ અનેક વ્યક્તિઓએ શિક્ષણ માટે પહેલ કરીને ઉદાર હાથે તેના માટે ફંડફાળો, સહાયો આપી છે. હાથોહાથની મદદને કારણે શિક્ષણમાં આ ધોડિયા જાતિ આજે ગુજરાતમાં સર્વ પ્રથમ નંબર સાક્ષરતા ધરાવતી જોવા મળે છે. તેમ છતાં હજુ ઉંડાણના જંગલ નજીકના વિસ્તારોમાં ધોડિયા જાતિના કેટલાય કુટુંબોના સભ્યો આ શિક્ષણથી વંચિત રહેલા પણ જોવા જાણવા મળે છે. તેઓ શિક્ષણની સહાયો, સાધનોનો પૂરો ઉપયોગ કરી શકતા નથી. તેમની કેટલીક સમસ્યાઓ પણ જાણવા મળે છે. છતાં તપાસના બારેક જેટલા વિસ્તારના આ ગામોના કુલ ૨૦૦ જેટલા કુટુંબોમાંથી જે શિક્ષણ વિષયક પરિસ્થિતિ જાણવા મળી હતી તે નીચે મુજબ હતી. કુટુંબોમાંથી શિક્ષણ વિષેના કેટલાક પ્રશ્નો હતા જેના જવાબો જાણવા મળ્યા હતા.

તપાસના કુલ કુટુંબોમાંથી અભ્યાસ ઉપયોગી નીવડયો હતો એવા જવાબો ૧૦૧ (૫૦.૫૦ ટકા) કુટુંબો પાસેથી મળ્યો હતો. જ્યારે

## શિક્ષણ વિષયક પરિસ્થિતિ ૬.૨

| ક્રમ | ગામ | | અભ્યાસ ઉપયોગી નીવડ્યો | | શિક્ષણની અસર | | કયા પ્રકારનું શિક્ષણ આપવા માગોછો | | | | | શાળાએ મોકલવાનું પસંદ કરો છો | | કોલેજમાં | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | હા | ના | સારી | કંઈનહીં | આર્ટસ | કોમર્સ | ટેકની | ધંધાકીય | મેડીકલ | હા | ના | હા | ના |
| ૧ | કરચેલીઆ | ૫૦ | ૨૧ | ૨૯ | ૨૪ | ૨૬ | ૨૨ | ૬ | – | ૨૨ | – | ૪૯ | ૧ | ૧ | ૪૯ |
| ૨ | કાકડવેલ | ૫૦ | ૧૮ | ૩૨ | – | ૫૦ | ૩ | ૧ | – | ૪૬ | – | ૫૦ | – | ૨૦ | ૩૦ |
| ૩ | ચણવઈ | ૫૦ | ૩૯ | ૧૧ | ૩૯ | ૧૧ | – | – | – | ૫૦ | – | ૫૦ | – | – | ૫૦ |
| ૪ | મેધવાળ | ૫૦ | ૨૩ | ૨૭ | ૨૪ | ૨૬ | – | – | – | ૫૦ | – | ૫૦ | – | ૧ | ૪૯ |
| ૫ | કુલ | ૨૦૦ | ૧૦૧ | ૯૯ | ૮૭ | ૧૧૩ | ૨૫ | ૭ | – | ૧૬૮ | – | ૧૯૯ | ૧ | ૨૨ | ૧૭૮ |
| ૬ | ટકા | | ૫૦.૫૦ | ૪૯.૫૦ | ૪૩.૫૦ | ૪૬.૫૦ | ૧૨.૫૦ | ૩.૫૦ | – | ૮૪.૦૦ | – | ૯૯.૫૦ | ૦.૫૦ | ૧૧.૦૦ | ૮૯.૦૦ |

## -: તપાસના કુટુંબોમાં શિક્ષણ દર્શાવતો કોઠો :- ૬.૩

| ક્રમ | ગામ | અભણ | | શિક્ષણ પામેલા | | ચાલુ | |
|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧ | કરચેલીઆ | ૪૫ | ૫૧ | ૬૩ | ૪૭ | ૩૪ | ૨૨ |
| ૨ | કાકડવેલ | ૪૪ | ૬૬ | ૫૫ | ૧૪ | ૩૦ | ૨૪ |
| ૩ | ચણવઈ | ૩૭ | ૫૫ | ૭૧ | ૨૩ | ૪૦ | ૨૯ |
| ૪ | મેધવાળ | ૫૯ | ૯૦ | ૬૧ | ૩૪ | ૩૭ | ૨૩ |
| ૫ | કુલ | ૧૮૫ | ૨૬૨ | ૨૫૦ | ૧૧૮ | ૧૪૧ | ૯૮ |
| ૬ | ટકા | ૩૨.૧૨ | ૫૪.૮૧ | ૪૩.૪૦ | ૨૪.૬૯ | ૨૪.૪૮ | ૨૦.૫૦ |

| ક્રમ | ગામ | ધોરણ- ૧ થી ૫ | | ધોરણ ૬ થી ૭ | | ધોરણ ૮ થી ૧૦ | | ધોરણ ૧૧ થી૧૨ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧ | કરચેલીઆ | ૩૭ | ૩૬ | ૧૬ | ૧૨ | ૨૩ | ૧૧ | ૬ | - |
| ૨ | કાકડવેલ | ૨૭ | ૭ | ૧૯ | ૯ | ૧૭ | ૧૭ | ૧૨ | ૪ |
| ૩ | ચણવઈ | ૨૬ | ૧૪ | ૨૫ | ૧૨ | ૪૬ | ૨૩ | ૭ | ૩ |
| ૪ | મેધવાળ | ૩૮ | ૩૨ | ૩૫ | ૧૯ | ૧૬ | ૫ | ૮ | ૧ |
| ૫ | કુલ | ૧૨૯ | ૮૯ | ૯૫ | ૫૨ | ૧૦૨ | ૫૬ | ૩૩ | ૮ |
| ૬ | ટકા | ૩૨.૯૯ | ૪૧.૨૦ | ૨૪.૩૦ | ૨૪.૦૭ | ૨૬.૦૯ | ૮.૪૪ | ૩.૭ | ૧.૫ |

## -: તપાસના કુટુંબોમાં શિક્ષણ દર્શાવતો કોઠો :- ૬૩

| ક્રમ | ગામ | પી.ટી.સી. | | બી. કોમ બી.એ. | | બી.એસ. સી. એમ. એ. | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧ | કરચેલીઆ | ૩ | ૩ | ૮ | ૬ | ૪ | ૧ | ૧૪૨ | ૧૨૦ |
| ૨ | કાકડવેલ | ૩ | - | ૫ | ૧ | ૨ | - | ૧૨૯ | ૧૦૪ |
| ૩ | ચણવઈ | - | - | ૫ | - | ૧ | - | ૧૪૮ | ૧૦૭ |
| ૪ | મેધવાળ | - | - | ૧ | - | - | - | ૧૫૭ | ૧૪૭ |
| ૫ | કુલ | ૬ | ૩ | ૧૯ | ૭ | ૭ | ૧ | ૫૭૬ | ૪૭૮ |
| ૬ | ટકા | ૧.૩૯ | ૪.૮૬ | ૩.૨૪ | ૧.૭૯ | ૦.૪૬ | | ૧૦૦.૦૦ | ૧૦૦% |

નહોતાં ઉપયોગી થયો તેવા ૯૯ (૪૯.૫૦ ટકા) કુટુંબોના જવાબો હતા. શિક્ષણની સારી અસર કહેવાવાળા ૮૭ (૪૩.૫૦ ટકા) કુટુંબો અને કંઈ નહીં કહેવાવાળા ૧૧૩ (૫૬.૫૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. એજ રીતે શિક્ષણ કેવું આપવું જોઈશે એવા પ્રશ્નના જવાબમાં ધંધાકીય શિક્ષણ કહેવાવાળા ૧૬૮ (૮૪.૦૦ ટકા) કુટુંબો, આર્ટસ વિષયનું લગતું કહેવાવાળા ૨૫ (૧૨.૫૦ ટકા) કુટુંબો, કોમર્સ વિષયને લગતું કહેવાવાળા ૨૫ (૧૨.૫૦ ટકા) કુટુંબો જાણવા મળ્યા હતા. શાળાએ મોકલવાનું પસંદ કરતા કુટુંબો લગભગ બધા જ કુટુંબો જણાયા હતા. પરંતુ કોલેજમાં મોકલવામાં માત્ર ૨૨ (૧૧.૦૦ ટકા) કુટુંબો માનતા હતા, બાકીના કુટુંબો એકબીજા કારણોસર કોલેજમાં મોકલવાનું પસંદ કરતા નહોતા.

તપાસના કુલ કુટુંબમાંથી શિક્ષણ પામેલા, શિક્ષણ મેળવી રહેલા અને શિક્ષણથી વંચિત રહેલા કુટુંબના સભ્યોની સંખ્યા દર્શાવી છે. જેમાં શિક્ષણથી વંચિત રહેલાઓમાં ૧૮૫ (૩૨.૧૨ ટકા) પુરુષો અને ૨૬૨ (૫૪.૮૧ ટકા) સ્ત્રીઓ જાણવા મળ્યા હતા. શિક્ષણ પામેલા ૨૫૦ (૪૩.૪૦ ટકા) પુરુષો અને ૧૧૮ (૨૪.૬૯ ટકા) સ્ત્રીઓ જાણવા મળી હતી. શિક્ષણ મેળવી રહેલી સંખ્યામાં ૧૪૧ (૨૪.૪૮ ટકા) પુરુષો અને ૯૮ (૨૦.૫૦ ટકા) સ્ત્રીઓ જાણવા મળી હતી. આમ સ્ત્રીઓ કરતાં પુરુષોની શિક્ષણ પામેલાની સભ્ય સંખ્યા વિશેષ જાણવા મળી હતી. છતાં આજે જે શિક્ષણ મેળવી રહેલા છે તેમાં ધોરણ ૧થી માંડીને ગ્રેજ્યુએશન સુધીની સંખ્યામાં સ્ત્રીઓ શિક્ષણ મેળવી રહેલી જોવા મળે છે. આજે પહેલાં કરતાં શિક્ષણ મેળવી રહેલાઓની સંખ્યા વધુ જોવા મળે છે. છતાં સાધન સંપન્ન અને શહેરથી નજીક હોય તેવા ગામોમાંથી શિક્ષણ આગળ ઉપરના ધોરણમાં જતા છોકરા છોકરીઓની વિશેષ સંખ્યા જોવા મળે છે.

## -: આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધી માહિતી દર્શાવતો કોઠો :- ૬.૪

| ક્રમ | ગામ | તમારા કુટુંબના આરોગ્ય માટે શું પસંદ કરશો. | | | | |
|---|---|---|---|---|---|---|
| | | દવાખાનું | ખાનગી ડોક્ટર | વૈદ્ય | જડીબુટ્ટી | ભુવાભગત |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૪૦ | ૧૧ | ૫ | ૨ | ૨ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૮ | ૪૨ | - | - | ૫૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૫૦ | - | - | - | - |
| ૪ | મેઘવાળ ૫૦ | ૪૬ | ૪ | - | ૩૯ | ૩૭ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૪૪ | ૫૭ | ૫ | ૪૧ | ૮૯ |
| ૬ | ટકા | | | | | |

| ક્રમ | ગામ | પ્રણાલિકાગત પધ્ધતિથી સારા થવાય | | | કુટુંબનિયોજનની | |
|---|---|---|---|---|---|---|
| | | હા | ના | અન્ય | હા | ના |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૨ | ૧૩ | ૩૫ | ૫૦ | - |
| ૨ | કાકડવેલ ૫૦ | ૨ | ૨૮ | ૨૦ | ૪૮ | ૨ |
| ૩ | ચણવઈ ૫૦ | - | ૪૯ | ૧ | ૫૦ | - |
| ૪ | મેઘવાળ ૫૦ | ૧૦ | ૨ | ૩૮ | ૪૯ | ૧ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૪ | ૯૨ | ૯૪ | ૧૯૭ | ૩ |
| ૬ | ટકા | ૭.૦૦ | ૪૬.૦૦ | ૪૭.૦૦ | ૯૮.૫૦ | ૧.૫૦ |

## -: આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધી માહિતી દર્શાવતો કોઠો :- ૬.૭

| ક્રમ | ગામ | કુટુંબનિયોજનની જાણકારી ક્યાંથી મેળવી | | | | કુટુંબનિયોજનનો અભિપ્રાય | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ગામના મિત્રો | સરકારી દવાખાને | નોકરી સ્થળેથી | અન્યસ્થળે | સારો | ખરાબ | કહી શકતો નથી |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૪૦ | ૮ | ૨ | - | ૪૫ | - | ૫ |
| ૨ | કાકડવેલ ૫૦ | ૪૦ | ૮ | - | - | ૩૩ | - | ૧૭ |
| ૩ | ચણવઈ ૫૦ | ૪૯ | - | ૧ | - | ૪૭ | - | ૩ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૪૯ | - | - | - | ૨૭ | - | ૨૩ |
| ૫ | કુલ ૨૦૦ | ૧૭૮ | ૧૬ | ૩ | - | ૧૫૨ | - | ૪૮ |
| ૬ | ટકા | ૮૯.૦૦ | ૮.૦૦ | ૧.૫૦ | - | ૭૬.૦૦ | - | ૨૪.૦૦ |

| ક્રમ | ગામ | સામાન્ય સંજોગોમાં શું પસંદ કરો છો ? | |
|---|---|---|---|
| | | ઇસ્પીતાલ | ઘર |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૬ | ૪૪ |
| ૨ | કાકડવેલ ૫૦ | - | ૫૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૧૯ | ૩૧ |
| ૪ | મેઘવાળ ૫૦ | ૨૧ | ૨૯ |
| ૫ | કુલ ૨૦૦ | ૪૬ | ૧૫૪ |
| ૬ | ટકા | ૨૩.૦૦ | ૭૭.૦૦ |

## -: આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધી માહિતી દર્શાવતો કોઠો :- ૬.૪

| ક્રમ | ગામ | શું તમારી પત્નીને પ્રસુતિ માટે ઇસ્પીતાલ મોકલેલ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | સરળ ૧ | હા ૨ | મુશ્કેલી ૩ | ૪ |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૧૪ | ૩૬ | ૧૩ | - | ૧ | - |
| ૨ | કાકડવેલ ૫૦ | - | ૫૦ | - | - | - | - |
| ૩ | ચણવઈ ૫૦ | ૨૩ | ૨૭ | ૨૦ | - | ૩ | - |
| ૪ | મેધવાળ ૫૦ | ૨૪ | ૨૬ | ૨૦ | - | ૪ | - |
| ૫ | કુલ ૨૦૦ | ૬૧ | ૧૩૯ | ૫૩ | - | ૮ | - |
| ૬ | ટકા | ૩૦.૫૦ | ૬૯.૫૦ | ૨૬.૫૦ | - | ૪.૦૦ | - |

| ક્રમ | ગામ | જો ના તો શા માટે ? | | | |
|---|---|---|---|---|---|
| | | જરૂર ન લાગી | ખર્ચાળ | સહેલાઈથી ન મળે | પ્રમાણભૂત દાયણ હોય |
| ૧ | કરચેલીઆ ૫૦ | ૨૦ | - | - | ૧૬ |
| ૨ | કાકડવેલ ૫૦ | - | - | - | ૫૦ |
| ૩ | ચણવઈ ૫૦ | ૧૦ | - | - | ૧૭ |
| ૪ | મેધવાળ ૫૦ | ૬ | - | - | ૨૦ |
| ૫ | કુલ ૨૦૦ | ૩૬ | - | - | ૧૦૩ |
| ૬ | ટકા | ૧૮.૦૦ | - | - | ૫૧.૫૦ |

તપાસના ચારેય ગામના કુલ કુટુંબોમાંથી આરોગ્ય અને સ્વાસ્થ્ય સંબંધી માહિતી જાણવા મળી હતી. જેમાં જુદા જુદા આરોગ્ય અને કુટુંબ નિયોજનના કાર્યક્રમો વિશે પૂછવામાં આવતાં જવાબ જાણવા મળ્યા હતા. જેમાં કુટુંબના આરોગ્ય માટે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં સૌથી વધુ કુટુંબો દવાખાને બિમાર પડતાં જતા જાણવા મળ્યા હતા. ખાનગી ડોકટર પાસે ૫૭ જેટલા કુટુંબો, વૈદ્ય પાસે ૫ કુટુંબો દવા કરાવવા જતા હતા. એટલે આજે પહેલાંની જેમ પરંપરાગત ખાનગી ઘરગથ્થું દવાઓ કે વ્યક્તિઓ પાસે ન જતાં સરકારી ખાનગી દવાખાને જતા કુટુંબોની સંખ્યા વિશેષ હતી. જો કે દવાખાનાના ઉપયોગ ઉપરાંત તેમાંના કેટલાક કુટુંબો જડીબુટ્ટી અને ભુવા ભગત પાસે પણ દવા કરવા કે દોરાધાગા- માનતા માનવા જતા જણાયા હતા. તેમ છતાં નવા જમાનાને અનુરૂપ થવા આ કુટુંબો હંમેશાં પ્રયત્નીશીલ રહેલા પણ જાણવા મળ્યા હતા. એટલે કે પરંપરાગત માનતાઓ- દવાઓ સાથે સાથે આધુનિક રીતે મળતી દવાખાનાઓની સવલતોનો ઉપયોગ તેમનામાં વધ્યો છે.

કુટુંબ નિયોજનની જાણકારી છે તેવા પ્રશ્નના જવાબમાં ૧૯૭ (૯૮.૫૦ ટકા) કુટુંબો તેનાથી જાણકાર અને ૩ (૧.૫૦ ટકા) કુટુંબો તેનાથી અજાણ જણાયા હતા. તપાસના કરેલીઆ, ચણવઈમાં બધા જ કુટુંબો કુટુંબ નિયોજન કાર્યક્રમને જાણતા હતા અને અપનાવેલું પણ દરેક કુટુંબના સભ્યોએ જણાવ્યું હતું. આ કુટુંબનિયોજન અંગેની જાણકારી તેઓ અંદરોઅંદર પૂછીને મેળવે છે. જેમાં ૧૭૮ (૮૯.૧૦ ટકા) કુટુંબો અંદરોઅંદર મેળવીને આ કાર્યક્રમ જાણતા હતા. ૧૬ (૮.૦૦ ટકા) સરકારી દવાખાનેથી અને ૩ (૧.૫૦ ટકા) નોકરીના સ્થળોએથી જાણકારી મેળવતા જણાયા હતા. તેમનો કુટુંબનિયોજન પ્રત્યેનો અભિપ્રાય સારો હતો. એવા ૧૫૨ (૭૬.૦૦ ટકા) કુટુંબો અને કહી શકતા નથી એવા ૪૮ (૨૪.૦૦ ટકા) કુટુંબો અને ખરાબ અભિપ્રાય કોઈ કુટુંબ પાસેથી જાણવા મળ્યો નહોતો.

તપાસના કુટુંબોમાંથી પ્રસુતિ માટે સામાન્ય સંજોગોમાં ૧૫૪ (૭૭.૦૦ ટકા) કુટુંબો ઘરે અને ૪૬ (૨૩.૦૦ ટકા) કુટુંબો

ઇસ્પિતાલમાં પ્રસુતિ કરાવવાનું પસંદ કરતા જાણવા મળ્યા હતા. એટલે આજે પહેલાંની જેમ પરંપરાગત રીતે ઘરે જ પ્રસુતિ કરાવતા હતા. તેમાં દવાખાને કે બીજે પ્રસુતિ કરાવતા થયેલા પણ કેટલાક કુટુંબના કિસ્સાઓ જાણવા મળ્યા હતા. જેમાં ઇસ્પિતાલમાં પ્રસુતિ માટે મોકલનારની સંખ્યા ૬૧ (૩૦.૫૦ ટકા) કુટુંબોની જાણવા મળી હતી. ઘરે કરાવનારની સંખ્યા ૧૩૯ (૬૯.૫૦ ટકા) કુટુંબોની જોકે જાણવા મળી હતી. તેમ છતાં આજે નોકરીયાતો અને બીજી મુશ્કેલી ઊભી થાય ત્યારે પરંપરાગત દેશી દવાઓથી નહીં પરંતુ દવાખાને લઇ જનારની સંખ્યા પણ જોવા જાણવા મળે છે. જેમાં સરળ પ્રસુતિ માટે ૫૩ (૨૬.૫૦ ટકા) કુટુંબોએ અને મુશ્કેલી આવતાં ૮ (૪.૦૦ ટકા) કુટુંબોએ પોતાની પત્નીને ઇસ્પિતાલ દાખલ કરેલી જાણવા મળી હતી. તેમાંય જો દાખલ પ્રસુતિ માટે નહોતી કરી તેની પાછળ જરૂર ન હતી એવા ૩૬ (૧૮.૦૦ ટકા) કુટુંબોના જવાબો હતા જ્યારે પ્રણાલિકાગત દાયણથી ૧૦૩ (૫૧.૫૦ટકા) કુટુંબો પ્રસુતિ કરાવતા હોવાથી ઇસ્પિતાલને પસંદ કરતા નહોતા.

આમ આજે પરંપરાગત પ્રણાલિઓ ઉપરાંત દવાખાનાની સગવડોનો ઉપયોગ તેમનામાં વધતો જતો જોવા મળે છે.

## તપાસના ગામોની તુલનાત્મક પરિસ્થિતિ ૬.૫

| ક્રમ | વિગત | કરચેલીઆ | કાકડવેલ | ચણવઈ | મેઘવાળ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુલ કુટુંબ સંખ્યા | ૫૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૨૦૦ |
| ૨ | કુલ વસતિ | ૨૬૨ | ૨૩૩ | ૨૫૫ | ૩૦૪ | ૧૦૫૪ |
| ૩ | કુટુંબ કદ | ૫.૨૪ | ૪.૬૬ | ૫.૦૧ | ૬.૦૮ | ૫.૨૭ |
| ૪ | કુલ કામકરનારી | ૫૯ | ૫૨ | ૪૯ | ૫૧ | ૨૧૧ |
| ૫ | કુલ શિક્ષિત ટકા | ૬૩.૩૬ | ૫૨.૭૯ | ૬૩.૯૨ | ૫૦.૯૯ | ૫૭.૫૯ |
| ૬ | કુટુંબનો પ્રકાર | | | | | |
| | કેન્દ્રીય | ૩૧ | ૩૭ | ૩૬ | ૩૧ | ૧૩૫ |
| | સંયુક્ત | ૧૯ | ૧૩ | ૧૪ | ૧૯ | ૬૫ |
| ૭ | ઘરનો પ્રકાર | | | | | |
| | કાચુ | ૩૮ | ૪૮ | ૩૯ | ૩૮ | ૧૬૩ |
| | પાકુ | ૧૨ | ૨ | ૧૧ | ૧૨ | ૩૭ |
| ૮ | કુટુંબદીઠ સરેરાશ જમીન (એકરમાં) | ૩.૦૫ | ૩.૧૦ | ૩.૨૬ | ૪.૧૪ | ૩.૦૬ |
| ૯ | કુટુંબદીઠ ઘરવખરીના સાધન | ૭૦ | ૩૯ | ૩૮ | ૩૫ | ૪૬.૧૯ |
| ૧૦ | કુટુંબદીઠ કુલ પશુધનની સંખ્યા | ૩.૪૯ | ૫.૪૪ | ૬.૧ | ૧૩.૦૨ | ૭.૦૨ |
| ૧૧ | કુટુંબદીઠ મિલકત | ૨૫૫૩૪ | ૨૧૫૩૭ | ૧૫૪૬૬ | ૨૧૨૫૨ | ૨૦૯૪૭ |
| ૧૨ | માથાદીઠસ્કયામત | ૪૮૭૨ | ૪૬૨૨ | ૩૦૩૨ | ૩૪૯૫ | ૩૯૭૫ |
| ૧૩ | કુટુંબદીઠ વાર્ષિક આવક | ૧૧૮૮૭ | ૫૧૬૧ | ૫૮૨૪ | ૪૦૧૮ | ૬૭૨૨ |
| ૧૪ | માથાદીઠ વાર્ષિક આવક | ૨૨૬૮ | ૧૧૦૭ | ૧૧૪૧ | ૬૬૧ | ૧૨૭૫ |
| ૧૫ | કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૬૨૪૧ | ૫૧૭૮ | ૫૭૮૬ | ૩૯૬૧ | ૫૨૯૧ |
| | માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૧૯૧ | ૧૧૧૧ | ૧૧૩૪ | ૬૫૧ | ૧૦૦૩ |
| ૧૬ | દેવાદાર કુટુંબો | ૩૩ | ૩૪ | ૨૭ | ૨૪ | ૧૧૮ |
| ૧૭ | દેવાદાર કુટુંબદીઠ દેવું | | | | | |

## પ્રકરણ - ૭

## સમસ્યાઓ

ધોડિયાઓની આર્થિક સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય (પાંચ પ્રથા) અને શૈક્ષણિક પરિસ્થિતિ જોઇ તેમાં તેઓમાંના ઘણા લોકોની પરિસ્થિતિ આર્થિક, સામાજિક, શૈક્ષણિક ઘણી સારી જોવા જાણવા મળી હતી. જ્યારે કેટલાક કુટુંબોની પરિસ્થિતિ એક યા બીજા કારણોસર આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે સારી જોવા જાણવા મળી નહોતી. કોઇને જમીન ઓછી હતી, કોઇને સામાજિક મોભો કે શૈક્ષણિક પરિસ્થિતિથી પાછળ રહેલા જોવા મળ્યા હતા. કોઇને રહેઠાણ સારું નહોતું છતાં ધોડિયા સમાજના કેટલાક કુટુંબોને વ્યકિતગત રીતે અને સમસ્યાઓ હોવા છતાં તેમના સમાજમાં બીજી પણ અનેકાનેક સમસ્યાઓ જોવા કે જાણવા મળી હતી.

(૧) જમીન અંગેની :-

ધોડિયાઓ જે સપાટ પ્રદેશમાં વસે છે તેમની પાસે જમીન માત્ર થોડા કુટુંબો પાસે જ પૂરતી જોવા મળે છે. મોટાભાગના કુટુંબો પાસે જમીન ખૂબ ઓછી છે. કેટલાક માત્ર ખેતમજૂરી કે છૂટક મજૂરી કરીને જીવન જીવતા જોવા મળે. તેમની પાસે જમીન બિલકુલ નથી. ઉંડાણના જંગલ નજીકના વિસ્તારમાં જ્યાં જમીન ડુંગરાળ વિસ્તારની પથ્થરવાળી પાતળા પળવાળી જોવા મળે છે. તેમાં પણ ઓછી જમીન ધરાવતા અને જમીન વિહોણા કુટુંબો જોવા મળે છે. જેમને જમીન સાચવણી માટે પાળા બાંધવા જરૂરી છે જે તેમની શકિત બહારની વાત છે તેથી પૂરતા પ્રમાણમાં ઉત્પાદન લઇ શકતા નથી અને તેથી પરિસ્થિતિ ખૂબ કઠીન જોવા મળે છે.

(૨) પાણી અંગેની :-

તપાસના ગામોમાં પીવાના પાણીની અને ખેતીમાં સિંચાઇ માટેના કુવાની સગવડ ખૂબ ઓછી જોવા મળે છે. જેનાથી માત્ર થોડા કુટુંબોને તેની સગવડનો લાભ મળે છે એટલે કેટલાક કુટુંબોએ પીવા માટે અને સિંચાઇ માટે નદી કે વહેળાઓથી પાણીનો ઉપયોગ કરવો પડે છે.

તેમાંય સિંચાઈ માટે મશીન કે મોટર મૂકવાની શક્તિ ન ધરાવતા કુટુંબો ખેતીમાં તેનો લાભ મેળવી શકતા નથી. એટલે ખેતીમાં આવા કુટુંબો ચોમાસા ઉપર જ આધાર રાખે છે. જેથી જ્યારે વરસાદ અનિયમિત હોય ત્યારે તેમની પરિસ્થિતિ કઠીન બની જાય છે.

(૩) જંગલ અંગેની :-

ધોડિયાઓની વસતિ જે જંગલ વિસ્તારમાં વસે છે. તેને જંગલનો લાભ આજે જંગલ સાફ થઈ જવાથી અને જંગલના કાયદાઓને કારણે જંગલની ચીજવસ્તુઓ ઉપર જે કુટુંબો આધાર રાખી જીવનનિર્વાહ ગોઠવતા હતા તેમને મુશ્કેલીઓ ઉભી થવા પામી છે. જેમાં ભાજીઓ, ફળો, લાકડા, જંગલ ગૌણ પેદાશો વગેરે મળતું બંધ થયું છે કે ઓછું થયું છે તેથી સ્થળાંતર કરીને કે બીજાના શોષણનો ભોગ બની જીવન વિતાવવું પડે છે.

(૪) રહેઠાણ અંગેની :-

બધા જ ધોડિયા કુટુંબો પાસે રહેઠાણ માટે સારું ઘર નથી. આની કેટલાક કુટુંબો પાસે પૂરતી જમીન નથી કે ઘર બાંધવાની પૂરી આર્થિક પરિસ્થિતિ નથી. એટલે ઘર ઝૂંપડા પ્રકારના નાના ઢાળવાળા ઓછા ખર્ચે બાંધીને રહે છે જેમાં આજે લાકડું મળતું નથી એટલે મુશ્કેલી વધી છે. કેટલાક ઘાસ-નળિયા છાજીને રહેતા જોવા મળે છે. ઘરમાં ખૂબ સંકડાશ અને સગવડોનો અભાવ જોવા મળે છે.

(૫) ખેતી અંગેની :-

ઉંડાણના ધોડિયા લોકો હજુ પરંપરાગત ઢળતી ખેતપધ્ધતિઓ, પાકો પકવતા જોવા મળે છે. તેમાં માત્ર છાણિયું ખાતર નાખીને પાકો લેતા પણ જોવા મળે છે. તેમાંય સિંચાઈની સગવડતાઓનો અભાવ અને અનિયમિત વરસાદને કારણે ખેતી પૂરતી મેળવી શકતા નથી. તેઓ નવા ઓજારો, બિયારણો, ખાતરો, દવાઓ વાપરી પણ શકતા નથી. કેટલાક કુટુંબો પાસે તે માટે પૂરતી આર્થિક સધ્ધરતા નથી. તેઓ જાણતા હોવા છતાં નવી પધ્ધતિઓ, નવા પાકો ઉગાડી શકતા નથી.

(૬) મજૂરી અંગેની :-

આજે પણ કેટલાય ધોડિયા કુટુંબોને માત્ર મજૂરી કરીને જીવન નિર્વાહ ગોઠવવો પડતો હોય છે. તેઓ છૂટક મજૂરી-ખેતમજૂરી કરીને જીવે છે. સ્થાનિક જગ્યાએ આ મજૂરી ન મળે ત્યારે સ્થળાંતરી મજૂરી શોધવી પડે છે. જંગલ સાફ થઈ જવાથી જંગલ મજૂરી મળતી બંધ થઈ ગઈ છે. આજે કેટલીક જગ્યાએ મજૂરી પણ ઓછી મળે છે. કેટલીક જગ્યાએ સ્થળાંતરી મજૂરીએ જાય તો ત્યાં રહેઠાણ, પાણી અને બીજા પ્રશ્નો હોય છે.

(૭) આરોગ્ય અંગેની :-

આખો વિસ્તાર ખૂબ વરસાદવાળો હોવાથી હવામાન સતત ઠંડુ ભેજવાળું રહે છે તેથી પાણીથી થતા રોગો વિશેષ જોવા મળે છે. તેમાંય કેટલાય કુટુંબોને પોષક તત્વોનો અભાવ હોય છે તેથી રોગો થતા હોય છે. કેટલીકવાર જંગલ વિસ્તારને કારણે આરોગ્ય કેન્દ્રો દૂર હોય છે તેથી લાભ લઈ શકતા નથી કે કેટલીકવાર ડોકટર હોતા નથી. ખાનગી ડોકટર તેમની આર્થિક સ્થિતિને કારણે પોષાતા નથી તેથી સમય બગાડીને ખૂબ ખર્ચ કરીને આ આરોગ્ય સેવાઓ કેટલીકવાર મેળવી શકે છે.

(૮) શિક્ષણ અંગેની :-

ધોડિયાઓ સાક્ષરતામાં આગળ હોવા છતાં બધા જ કુટુંબો શિક્ષણનો લાભ મેળવી શકતા નથી. બધા કુટુંબના બાળકો નિશાળે અનેક વિધ કારણોસર જઈ શકતા નથી. તેમાં ઢોર ચરાવવા, બાળકો રાખવા, નિશાળ દૂર હોવી, મા-બાપની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવી વગેરેને કારણે શિક્ષણથી વંચિત રહે છે તેથી બાળક અધવચ્ચેથી નિશાળ જવાનું બંધ કરે છે.

આવી અનેકવિધ સમસ્યાઓથી આદિવાસીઓ વિકસીત પામેલી ધોડિયા જાતિ પણ જકડાયેલી જોવા મળે છે.

# પ્રકરણ - ૮

## વિકાસનાં સૂચનો

(સારાંશ)

ધોડિયા જાતિની તપાસમાં તેમનામાં અનેકવિધ પરિબળોને કારણે પરિવર્તન આવેલું અવશ્ય જોવા મળે છે. પરંતુ સાથે સાથે એક ધોડિયા કુટુંબો જેઓ ઉડાણના વિસ્તારમાં હજુ પણ આવા બાહ્ય પરિબળોના ખૂબ જ ઓછા સંપર્કમાં આવેલા છે. તેમનામાં ખૂબ જ ધીમી ગતિએ કે પરિવર્તનની અસરોથી તેઓ અલિપ્ત છે. તેમનામાં પરિવર્તન પામેલા શહેર કે ઔધોગિક એકમ નજીકના કુટુંબો કરતાં જુદી જાતની સમસ્યાઓ હજુ આજે પણ જોવા મળે છે. આવા પરિવર્તન પામેલા અને અસરોથી મુક્ત એવા બંને જાતના સમાજોના વિભાગો ધોડિયા જેવી વિકસિત જાતિમાં આજે જોવા મળે છે. જ્યાં એવા સમાજની કેટલીક સમસ્યાઓ જોવા જાણવા મળી હતી તે આગળ દર્શાવી છે એ રીતે તેમના વિકાસ અંગેનાં સૂચનો તેમનામાંથી જાણવા મળેલી હકિકતો અને તેમને તેમને દર્શાવેલી વિગતો પરથી આ પ્રમાણે છે.

(૧) ઘર :-

ધોડિઆઓમાં હજુ પણ કેટલાય ઘરો કાચા છે જેમાં ઘણા કુટુંબોના ઘરો સંકડાશવાળા અને આર્થિક પરિસ્થિતિને કારણે નાના અને નીચાણવાળા જોવા મળે છે. એટલે ઘરમાં પેસતાં કે નીકળતાં નીચા નમીને જવું આવવું પડે છે. આ નાના સંકડાશવાળા ઘરોમાં તેના સભ્યો, પશુઓ અને ઘરવખરીઓ સામાન પણ રાખવો મુશ્કેલ પડે છે. આથી તેમને જ્યાં આપી શકાય તેવી જગ્યા હોય તો આપીને આરોગ્યપ્રદ ઘરની વ્યવસ્થા કરવી જોઈએ જેથી ઘર અંગેની મુશ્કેલીઓને કારણે ઊભી થતી સમસ્યાઓ કંઈક અંશે હલ થાય.

(૨) જમીન :-

તપાસ દરમ્યાન કેટલાક ધોડિયા કુટુંબો પાસે જમીન બિલકુલ જોવા મળી નહોતી. કેટલાક પાસે જમીન પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું

હતું. આવા જમીનવિહોણા કુટુંબોને ગૌચર કે બીજી પડતર જંગલની જમીન ફાળવીને ટેકો આપવો જોઈએ. ઓછી જમીનવાળા અને જમીન વિહોણા કેટલાક કુટુંબોને મજૂરી આખા વર્ષ દરમ્યાન મળી રહેતી નથી. તો તેમને માટે પણ આવી જમીન ફાળવી આપવી જોઈએ. વળી ઓછી જમીનને કારણે આર્થિક પરિસ્થિતિ સારી હોતી નથી તેથી જમીનમાં પાળા બાંધવા કે તેની માવજત માટેની પૂરતી સગવડો હોતી નથી તો તે માટે રાહત દરે પાળા બાંધવા મદદ કરવી જોઈએ. જેથી તેમાંથી માટી ધોવાઈને તે બિલકુલ હલકી બની ન જાય.

(૩) <u>સિંચાઈ</u> :-

આ આખા વિસ્તારમાં વરસાદ ખૂબ પડે છે. પરંતુ વરસાદનું પાણી નદી-નાળા વાટે ચોમાસા દરમિયાન નકામું વહી જાય છે. ઉપરાંત આ પાણી વહી જતું રોકી તેમને માટે નાની સિંચાઈ યોજનાઓ કરવામાં આવે તો તે માત્ર વરસાદના પાણીનો આધાર ન રાખતાં આવા પાણીનું સિંચાઈ કરી બીજી સીઝનમાં પાક મેળવી શકે તેથી કેટલાક કુટુંબોને આવા સમયે બહાર ખેતમજૂરીએ જવું પડે છે તેમને સ્થાનિક જગ્યાએ મજૂરી પણ મળી રહે. કેટલેક ઠેકાણે કુવા દ્વારા પાણી આપી સિંચાઈ વ્યવસ્થા કરવી જોઈએ એટલે જયાં વરસાદની સિંચાઈનું પાણી ન પહોંચે ત્યાં ઉપયોગી થઈ શકે. જરૂર પડે સબસીડીના પંપ મશીન કે મોટર આપી મદદ કરવી જોઈએ.

(૪) <u>ખેતી</u> :-

ધોડિયા લોકોમાં પણ હજુ પણ જૂની પરંપરાગત ખેતપધ્ધતિઓ અને ઓજારોથી ખેતી કરાય છે. એટલે તેમને નવી પધ્ધતિઓ માટેનો નિદર્શન પ્લોટ બનાવીને દેખાડવા જેમાં ખાતર, બિયારણ, દવાઓ અને નવીન ઓજારોના ઉપયોગ કરી બતાવવા જેથી તેઓને તે અપનાવવામાં પ્રોત્સાહન મળે. આ માટે તેમને સહકારી મંડળી દ્વારા કે સરકારી મદદ થતી હોય તે રીતે આપવી જોઈએ.

(૫) <u>ધિરાણ</u> :-

આ લોકોને ખેતી માટે વચગાળાની ધિરાણ સગવડ કરી આપવી જોઈએ જેથી તેમને બિયારણ, દવા, ખાતર સમયસર મળી રહે. આથી તેઓ વેપારી અને શાહુકારના શોષણમાંથી પણ બચી શકશે.

(૬) <u>ખેતમજૂરી</u> :-

જમીનવિહોણા અને ઓછી જમીન ધરાવતા કુટુંબો જે ખેતમજૂરી, જંગલમજૂરી કરીને જીવે છે તેમને વર્ષના બધા દિવસો મજૂરી રહેતી નથી. ત્યારે કેટલોક સમય ભૂખ્યા કે અર્ધભૂખ્યા રહેવું પડે છે. ઉપરાંત કેટલીક ઠેકાણે મજૂરીના દર પણ ઓછા મળે છે. એટલે એમને મજૂરી મળી રહે માટે નાના ગૃહઉદ્યોગો અને ખેતીના વ્યવસાયને વધુ પ્રોત્સાહન મળે તેમ કરવું જોઈએ જેથી તેમાંથી મજૂરી મળી રહે.

(૭) <u>શિક્ષણ</u> :-

ધોડિયા લોકોમાં અક્ષરજ્ઞાન સારું જોવા મળે છે. છતાં પણ કેટલાક કુટુંબના બાળકો હજુ પણ શિક્ષણથી વંચિત રહી જાય છે તેથી બાલવાડીઓ, આશ્રમશાળાઓ, છાત્રાલય સાથે જરૂર લાગે ત્યાં ખોલવી જોઈએ જેથી તેમને સ્થાનિક પરિસ્થિતિ અને કૌટુંબિક દબાણથી પર રહીને શિક્ષણ લેવાની તક મળે.

(૮) <u>ધંધાઓ</u> :-

ટેકનીકલ ધંધાઓની ટ્રેનીંગ પણ આપવી જોઈએ જેથી જ્યારે મજૂરી કે શિક્ષણ ન લઈ શકે તેવી સ્થિતિ હોય તો કમાઈ શકવાની તેની આવડતથી જીવનનિર્વાહ કરી શકે.

(૯) <u>આરોગ્ય</u> :-

આરોગ્ય માટેની સગવડો ઉભી કરવી જોઈએ. મહદઅંશે કેટલીક જગ્યાએ ચોમાસાની રુતુ કે ઉનાળાની રુતુમાં પણ આરોગ્યની સેવા લેવા આરોગ્યના મુખ્ય કેન્દ્ર સુધી જવું પડે છે જે તેમને આર્થિક રીતે અને બીજી

રીતે ખૂબ મુશ્કેલ બની રહે છે. તેમના આરોગ્યની તપાસ મેડીકલ કોલેજના સહયોગથી કરવી જોઈએ. નજીકમાં આરોગ્ય કેન્દ્રો પણ જરૂર જણાય ત્યાં ખોલવા જોઈએ. સાથે સાથે કેટલેક ઠેકાણે પોષ્ટક આહાર કેન્દ્રોની સુવિધા ઊભી કરવી જોઈએ.

આઝાદી બાદ ભદ્ર સમાજનો સંપર્ક :-

આઝાદી પહેલાં શાહુકારો તથા હાટના વેપારીઓ, દારુ-તાડી વેચનારાઓ આ અજ્ઞાન પ્રજાનું આર્થિક શોષણ ખૂબ કરતા હતા. પ્રજા મહેનતુ હોવા છતાં તેનો વિકાસ રુંધાતો હતો. વારે તહેવારે કે બીજા પ્રસંગોએ સામાજિક પ્રવૃત્તિઓ, ધાર્મિક પૂજા વિધિઓ કે તહેવારો વખતે બીક બતાવીને ભુવા ભગત, સરકારી માણસો દ્વારા જે શોષણ થતું હતું તે આઝાદી બાદ શાળાઓ, આશ્રમશાળા બસ વ્યવહારોનો સંપર્ક અને સ્થાનિક નેતાગીરી, નવી ગ્રામ્ય પંચાયતી માળખું વગેરે ઉપરાંત હિંદુધર્મની અસરો, કેટલાક ધાર્મિક પંથો કબીરપંથ, સતકેવલ, ખ્રિસ્તી મિશનરીઓ વગેરેને કારણે ઘણું પરિવર્તન જોવા મળે છે. તેમના માટેની વિકાસ યોજનાઓમાંથી ખેતીવાડી માટે મળતી સરકારી મંડળીઓની બિયારણ, ખાતર વગેરેની સુવિધાઓને કારણે તેઓ સારા હાઈબ્રીડ પાકો પકવતા થયા છે. તેમને શૈક્ષણિક, આર્થિક સુવિધાઓ મળવાથી તેઓ આર્થિક સામાજિક રીતે બદલાઈ રહયા છે.

હિંદુ ધર્મની અસર હેઠળ આવવાથી તેમના દેવદેવીઓના ફોટાઓ ઘરની ભીંતે જોવા મળે છે. હિંદુઓના કેટલેક ઠેકાણે મંદિરો છે ત્યાં તેઓ તેમના દેવદેવીઓને પૂજવા કે તેમની વિધિ પ્રમાણે ઘી, દીવો કે અગરબત્તી કરતા થયા છે. મરઘાં, બકરાં કે પાડાનો ભોગ આપવાનું કેટલેક ઠેકાણે ઓછું થયું છે. તે કેટલેક ઠેકાણે બંધ સદંતર થયું છે. ઠેકઠેકાણે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ખાનગી દવાખાના થવાને કારણે ભુવા ભગતોને આશરે જતા ધોડિયા લોકો ડોકટરનો ઉપયોગ કરતા થયાછે.

પહેલાં પરિસ્થિતિવશ ટકે દારુ, તાડી, માંસ, મરઘી કે શિકાર દ્વારા પોતાનું જીવન ચલાવતા હતા. આજે ઘણે ઠેકાણે

પરિસ્થિતિ બદલાતાં હિંદુઓની અસર હેઠળ આવવાથી કે કેટલાક પંથો (કબીરપંથ, સતકેવલ, આર્ય સમાજ, મોક્ષમાર્ગી) ખ્રિસ્તી મિશનરીઓની અસરો વગેરેને કારણે શિક્ષણ વધવાને કારણે આ અજ્ઞાન અબુધ પ્રજાના દિલમાં છેલ્લા બે દાયકાઓથી ભારે પરિવર્તન આવેલું જોવા મળે છે. જેને કારણે સુધરેલા લોકોની સરખામણી કરી રહી છે. આજે તેમનામાં ઘણા કુટુંબો સંતસાધુઓના માર્ગે, પંથોની દોરવણી હેઠળ પ્રભુનો બોધ લઈને સુમાર્ગે જવા પ્રયત્ન કરી રહયા છે. લોકોના કહેવા પ્રમાણે આજુબાજુમાં ભરાતા મેળા, હાટમાં દેવદેવીઓના સ્થાનકોએ ભોગ બલિ આપવાનું ઓછું થયું છે. સ્થાનકોએ કેટલાક કોરી બાધા માને છે. આજે મોટાભાગના કુટુંબો પશુપક્ષીની ભોગની હત્યાથી પૂણ્ય ન થતાં બાધા રાખવી એ સારું છે એમ માનતા થઈને તેનાથી અળગા થયા છે.

એમના રીતરિવાજોમાં પણ કેટલાક ફેરફારો આજે નોંધાતા જોવા મળે છે. કેટલાક કુટુંબો બાહય પરિબળોની અસરોને કારણે બાહય સંસ્કૃતિની ભારે અસર હેઠળ છે. આજે તેઓ ભુવા ભગતને બદલે સુધરેલા સમાજની જેમ બ્રાહ્મણને લગ્ન જેવા પ્રસંગે બોલાવી મોભો લેતા થયા છે. કેટલાક વરનો વરઘોડો હિંદુઓની જેમ કાઢતા થયા છે. લગ્ન વખતે તેમનામાં અપાતા દેવોના નોતરા કે વિધિઓ ઓછા થયા છે. તેમનામાં ખતરાં બેસાડવાનો રિવાજ મરણ પછી જે તે ઘણે બધે ઠેકાણે બંધ થયેલું છે. બારમાનો રિવાજ હજુ તેમનામાં ઘણે ઠેકાણે જોવા મળે છે. પહેલાં ધાર્મિક ઉત્સવોમાં દારુ, માંસાહાર વગેરેના જલસા થતા તેમાં ઝગડા-મારામારી પણ થતા જે આજે ખુબ જ ઓછું જોવા મળે છે. ધોડિયા લોકો હોળી, દિવાળી, દશેરા, દિવાસો, નોરતા ઉજવે છે. જેમાં હિંદુઓની જેમ સારું ભોજન બનાવીને સંપર્કવાળા કુટુંબો કરતા થયા છે.

પહેલાં તેઓ પોતપોતાના ઘરમાં જુદા જુદા દેવને રાખતા અને પોતાના ભગવાન સમક્ષ મહિને કે સારા તહેવારે ઘણા ધામધૂમથી સગાં-વહાલાંને બોલાવી ઉજવતા. જે દેવ પોતાને ખેતરે, શેઢે, ઝાડના થડમાં સ્થાનક હોય છે. તેમના દેવોમાં બ્રહમદેવ, દેવસામરો, કન્સરી દેવી, દેવલી માડી, ગામદેવ, વાઘદેવ વગેરે દેવદેવીઓ જોવા મળે છે. આ

દેવોને ભારે શ્રધ્ધાથી તેઓ માનતા હતા. તેઓ ઉત્સવ પ્રસંગે દેવનો શણગાર કરે, દીવો કરે, ઘરમાં જો કોઇ પશુપક્ષીનું બલિ કે ભોગ આપવો હોય તો દેવની રજા લઈ પહેલાં ચઢાવીને ખોરાક બનાવવો અને કોઇક ઘરમાં દુઃખ આવતું તો તેઓ આફત માટે તાત્કાલિક દેવને અરજ કરતા કે આમ થવું જોઇએ. આજે બાહય પરિવર્તનથી તેમનામાં બીજા સંપ્રદાયોને કારણે પરિવર્તન જોવા મળે છે.

ગરીબાઈ અને પરાવલંબન :-

ધોડિયા જાતિના કેટલાય કુટુંબોમાં આજે ગરીબાઈ અને પરાવલંબન જોવા મળે છે. જેમાં નીચેના પરિબળો મહદઅંશે ભાગ ભજવે છે.

(૧) કુદરતી ભૌગોલિક સંજોગો અને જમીન ખેતી વિષયક શકયતાઓમાં અવરોધક પરિબળ તરીકે મહત્વનો ભાગ ભજવે છે.

(૨) તેમની ખેતી કરવાની પધ્ધતિ પ્રાથમિક કક્ષાની છે. સિંચાઇનો લાભ નથી. પાકોની યોગ્ય માવજત થતી નથી. સુધરેલા અદ્યતન વૈજ્ઞાનિક સાધનો, રાસાયણિક ખાતરો, દવાઓ, બિયારણોનો ઉપયોગ થતો નથી. તેની સૂઝ, સમજ ઓછી છે. જેનું કારણ આર્થિક સ્થિતિ પણ છે.

(૩) જંગલ મજૂરી, ખેતમજૂરી બારેમાસ મળી રહેતી નથી. મજૂરીનો દર પણ ઓછો હોય છે.

(૪) ધંધાકીય માળખામાં કેટલેક ઠેકાણે પરિવર્તન આવ્યું નથી. સરકાર અને લોકો બંને નિષ્ફળ ગયા છે. ગૃહઉધ્યોગોનો વિકાસ થયો નથી.

(૫) આવક કરતાં જાવક વધારે છે. શેઠા નહીંવત છે. એટલું જ નહીં જીવનનિર્વાહનો તમામ ખર્ચ તથા ધાર્મિક કે સામાજિક ખર્ચ ખૂબ વધારે છે. બચત થતી નથી.

(૬) તેઓમાંના ઘણા દારુ, તમાકુ અને ચા જેવા વ્યસનો પાછળ ખૂબ ખર્ચ કરે છે.

(૭) આ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ખૂબ જ નીચું છે જેથી ભાવિ વિશે વિચારી આર્થિક કે અન્ય ખેતી વિષાયક આયોજન તેઓ કરી શકતા નથી. તેમાંના ઘણા જીવન નિર્વાહ કરતાં વધુ પેદા કરી શકતા નથી.

(૮) ઉંડાણના વિસ્તારને સંસ્કૃતિ કે ઔદ્યોગિક બાબતોનો સ્પર્શ થયો નથી તેથી તેઓ ગરીબ રહ્યા છે. દિનપ્રતિદિન ગરીબ બનતા જાય છે. આ ગરીબાઇથી બચવા તેઓ સ્વયં રીતે બહાર આવી શકે તેમ નથી.

આ બધી પરિસ્થિતિ તેમને પરાવલંબી બનાવે છે તેથી તેઓ મજબૂર થઇને શાહુકાર, વેપારી કે દુકાનદારના આશ્રય નીચે જીવે છે. પરિણામે તે દેવાદાર બની વધુ ગરીબ બને છે.

-૦-૦-૦-